તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧૫ મી મે ૧૯૩૩. | અંક ૧ લો.

## વિષય સૂચિ.


| | | | |
|---|---|---|---|
| જીસસ ક્રાઇસ્ટના અવતાર સમો એ સંત જુગ જુગ જીવો | શ્રી. ચંદ્ર. | આધુનિક શિક્ષણ પદ્ધતિ પરિવર્તન માગે છે. | શ્રી. ચંદ્રકાંત સુતરીયા. |
| વડોદરાનો દીક્ષા નિબંધ ... ... | તંત્રી. | દેવસુર ગચ્છની સભા ... ... | શ્રી. જમનાદાસ ગાંધી |
| પ્રાસંગિક નોંધો ... ... ... | તંત્રી | જૈન જગત્... ... ... ... | પ્રકાશક. |
| જૈન યુગ બોર્ડ ... ... ... | પ્રકાશક | કોન્ફરન્સ કાર્યાલય તરફથી ... ... | ઓફિસ. |
| કેસરીઆજીના બનાવો ... ... | શ્રી. રમણીકલાલ | છેલ્લા સમાચાર ... ... ... | પ્રકાશક. |


## જીસસ ક્રાઇસ્ટના અવતાર સમો 'એ' સંત જુગ જુગ જીવો!

આજથી સપ્તાહ પહેલાં એવી કોને ખબર હતી કે 'કો' સંતના હૃદયમાં આજના સામાજીક બંધનો સંબંધી ખૂબ ઉહાપોહ થઇ રહ્યો છે, તવંગર ગરીબ ઉપર, રાજા પ્રજા ઉપર, ઉંચ નીચ ઉપર, પુરૂષ સ્ત્રી ઉપર, અને બળવાન નિર્બળ ઉપર, સામાજીક બંધનોની આડ ધરી જે મૂક અત્યાચારો ગુજરી રહ્યા છે, પાશવલીલાઓ ખેલાઇ રહી છે, વળી તેને ધર્મનું નામ આપીને અધર્મમાં પણ ધર્મ મનાવી રહ્યું છે, અજ્ઞાન, ભોળી અને શ્રદ્ધાળુ જનતામાં ધર્મના નામથી ઉશ્કેરણી ફેલાવી રહ્યું છે, અને તેમ કરી સમાજ, ધર્મ, અને રાષ્ટ્રને જે અનિષ્ટ તત્ત્વ હાનિ પહોંચાડી રહ્યું છે તે તથા હરિજનોધ્ધારની પવિત્ર ક્રિયાના બુરખા નીચે અનેક શયતાનીયત-ભરી ચાલબાજી ચલાવી, હવસની ગુલામી સેવી, એ પવિત્ર ક્રિયાને અપવિત્ર બનાવી રહ્યું છે, ત્હેની સામે 'એ' મહાપુરૂષે આધ્યાત્મિક લોખંડી મૂક્કો ઉગામ્યો છે, ભૌતિક સુખોથી પર આત્મતેજના અંબાર સમો એ સંત આજે નવ નવ ધરતીમાં પ્રકાશી ઉઠયો છે, એ પ્રકાશમાં જુગ જુગની પોષાયેલી રૂઢિની જંઝીરોના અંકોડા એક પછી એક તૂટવા માંડયા છે, ભારતની ધરતીમાં કદિ નહિ જોયેલો, અનુભવેલો અને સાંભળેલો એવો ઉકળાટ થઇ રહ્યો છે. એટલુંજ નહિ પણ તેના પડઘા સાત સાત સમુદ્રને ચોળંગી પહેલે પાર પણ સંભળાયા છે, સમસ્ત વિશ્વની દૃષ્ટિ એ પ્રકાશના મૂળ સ્થાન પૂના તરફ ચોંટી રહી છે, કોઇને ત્હેમાં દુઃખીયાનો આર્તનાદ સંભળાય છે, કોઇને દરિદ્રનારાયણના દર્શન થાય છે, તો કોઇને વળી અધઃપતનની ઉંડી ખાઇમાં ધસ્યા જતા જગતને ચેતવણી આપતા કોઇ ગેબી ફીરસ્તાના દર્શન થાય છે, તે પ્રકાશમાં પ્રત્યેક માનવીઓને કંઇ ને કંઇ નવીનતા સાંપડે છે, એકવિશ એકવિશ દિવસના અનશનની ઉદ્‌ઘોષણા કરી યુગ યુગના જામેલા ધરોને દૂર કરવા એ મહાપુરૂષે એકલે હાથે બાથ ભીડી છે. હજારો વર્ષમાં આવા પુરૂષોત્તમ કવચિતજ જગતને સાંપડે છે.શા માટે તેવા આત્મજ્યોત પ્રગટાવતા પ્રચંડ મહાપુરૂષના આત્મબલિદાનમાંથી આપણે પ્રેરણા ન મેળવીયે? આપણામાં પણ જો તેવું અનિષ્ટ તત્ત્વ હોય, હેવાનત ભરી હોય; કે દંભની પરાકાષ્ટા સેવતા હોઇએ તો એ મહાપુરૂષના આદર્શને દૃષ્ટિ સમિપ રાખી ત્હેને દૂર કર્યેજ છૂટકો છે. અવા અનિષ્ટ તત્ત્વોને દૂર કરીનેજ આપણે એ સંતને જીવાડી શકીશું. પ્રભુ આપણામાં એવી શકિત પ્રેરે! અનિષ્ટ તત્ત્વોનો નાશ થાવ!

મહાત્માજી ઘણું જીવો!

—ચંદ્ર.

उद्धाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

—श्री सिद्धसेन दिवाकर.

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

જૈન યુગ.

તા. ૧૫-૫-૩૩ સોમવાર

# વડોદરાનો દીક્ષા નિબંધ.

## મૂળના અને હાલના મુસદા વચ્ચે ફેરફાર.

### (થોડા મુદ્દા)

૧ મૂળ મુસદામાં નિબંધનું નામ સંન્યાસ દીક્ષા **પ્રતિબંધક** નિબંધ હતું, જ્યારે

હાલનામાં સંન્યાસ દીક્ષા **નિયામક** નિબંધ રાખ્યું છે.

૨ મૂળમાં સજ્ઞાનપણાની ઉમ્મર તથા પાલ્યપાલક સંબંધી નિબંધની કલમ ૪ માં જેને સગીર ગણવામાં આવેલ છે તે સગીરને તેમજ જે સજ્ઞાન થયો નથી એમ ગણવામાં આવ્યો છે તેને દીક્ષા આપી શકાશે નહિ, એમ જણાવ્યું હતું.

જ્યારે હાલમાં 'અજ્ઞાન' એટલે એની ઉમરનાં ૧૬ વર્ષ પૂરાં થયાં ન હોય એવો શખ્સ સમજવો. અને 'સજ્ઞાન' એટલે જે શખ્સ અજ્ઞાન ન હોય તે સમજવો, એમ ફેરફાર કર્યો છે.

૩ મૂળનામાં સગીરને દીક્ષાનો તદ્દન પ્રતિબંધ હતો અને સજ્ઞાનને પ્રતિબંધ હતો નહિ.

ચાલુમાં સગીરની ઉમ્મર ૧૬ ગણીને તેને તદ્દન પ્રતિબંધ મૂકયો, અને તેથી ઉપરની ઉમરનાને સજ્ઞાન ગણી તેની દીક્ષાનો પ્રશ્ન પણ છેડીને તેના પર અમુક મર્યાદાઓ મૂકી જેવી કે (૧) તે જો વિવાહિત હોય તો (૧) તેની પત્નીની સંમતિ સિવાય અને (૨) પત્નીના અને છોકરાંના ભરણપોષણની વ્યવસ્થા કર્યા સિવાય તે દીક્ષા લઇ શકશે નહિ. ને તે માટે લેખ પોતાની સહી સાથેનો હયાત માતાપિતાની અગર તે પૈકી જે હયાત હોય તેની અગર ન્યાતના બે આગેવાનની તેમજ વિવાહિત પોતે હોય તો પત્નીની સાખવાળો કરી આપવો પડશે ને તે નોંધણી કચેરીમાં નોંધાવવો પડશે.

આ રીતે હાલનો નિબંધ સગીર દીક્ષા પ્રતિબંધક અને અને સજ્ઞાન દીક્ષા નિયામક—એમ બંને છે.

હાલના નિબંધમાં ૧૭-૯-૩૧ ને રોજ આપણી જૈન કોન્ફરન્સ ઓફીસે મૂળના નિબંધ પર કરેલી સૂચનાનો અમુક અંશે સ્વીકાર થયો જણાય છે. તે સૂચનાઓ એ છે કે:—

(૧) **સૂચના:**—નામ સગીર સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ આપવું, કારણ કે તે સગીરને માટેજ પ્રતિબંધક હતો-પણ આમાં સગીર અને સજ્ઞાન બંનેને દાખલ કરેલા હોવાથી સંન્યાસ દીક્ષા નિયામક નામ આપ્યું.

(૨) **સૂચના:**-જૈન સગીરને તેના વતનના શ્રાવક સંઘની દીક્ષા સ્થળના શ્રાવક સંઘની તથા તેના માતા પિતા સ્ત્રી આદિ અંગત સગાંઓ તેમજ તેના આશ્રિત કુટુંબી જનોની લિખિત સંમતિ લેવાઇ છે ને યોગ્ય જાહેરાત થઇ છે એવું પ્રમાણપત્ર સ્થાનિક ડિસ્ટ્રિકટ મેજિસ્ટ્રેટ અથવા આ સંબંધે નિમાયેલ ન્યાયાધિકારી તરફથી મળ્યા પછી દીક્ષા અપાઇ હશે તો તેવી દીક્ષાને ગુન્હો ગણવામાં આવશે નહિ.

હાલના મુસદ્દામાં આવાં પ્રમાણપત્રને બદલે નોંધણી કચેરીમાં દીક્ષા લેનારે લેખ કરી આપવો ને તેમાં પોતાના માતાપિતા વા આગેવાનની તથા સ્ત્રીની શાખ કરાવી આપવી એમ ઠરાવેલું છે.

(૩) અસલ ખરડો સગીર સંબંધેજ હોઇ તેમાં પુખ્ત વયવાળાની દીક્ષા સંબંધી સુચના કરવી એ કાર્ય દિશાની બહાર હોવા છતાં ઘણાઓ એમની બાબતમાં **નિયમન** થાય એમ ઇચ્છે છે અને કેટલાક એમ સુચવે છે કે તે સંબંધે રાજ્ય એવો અંકુશ મૂકે કે ચોક્કસ વય સુધી ડિસ્ટ્રકટ મેજિસ્ટ્રેટની પરવાનગી મેળવી દીક્ષા આપવી જરૂરી છે, આમાં હેતુ એ જણાય છે કે હાલમાં જે કલેશ કુસંપ દીક્ષાને નામે ચાલી રહ્યા છે તે આથી નિર્મૂળ થાય અને કોમમાં શાંતિ ફેલાય.

આ સૂચના ધ્યાનમાં રાખીને સજ્ઞાન દીક્ષા નિયામક ઉપરાંત કલમો ચાલુ મુસદ્દામાં ઘડાઈ છે એમ જણાય છે.

(૪) એક બીજી સૂચના એ કરી હતી કે:-વડોદરા રાજ્યનો કોઇ પણ વતની રાજ્યની હદ બહાર આવી દીક્ષા આપે અપાવે અગર મદદ કરે તે રાજ્યના આ કાયદાનું ઉલ્લંઘન કરે છે એમ મનાવું જોઇએ, અને તેને કાયદેસર શિક્ષા થવી જરૂરી છે. જો તેમ ન બને તો રાજ્યનો વતની પરહદમાં આવી દીક્ષાઓ આપી અપાવી શકે અને તેથી ખરડાનો ઉદ્દેશ બર ન આવતાં માર્યો જવા સંભવ છે.

આ સંબંધી ખરડામાં કંઇપણ કલમ નાંખી નથી, પરંતુ સમિતિના નિવેદનમાં એમ છે કે:—

ફોજદારી કામ ચલાવવાની રીતના નિબંધની કલમ ૧૮૯ પ્રમાણે આ રાજ્યની રૈયત પૈકી કોઇ શખ્સે આ રાજ્યની બહાર કરેલું કૃત્ય આ રાજ્યના કાયદા પ્રમાણે ગુન્હો થતું હોય પણ જે ઠેકાણે તે કૃત્ય કરવામાં આવ્યું હોય ત્યાંના કાયદા પ્રમાણે ગુન્હો થતું ન હોય ત્યારે એવા કોઇ પણ ગુન્હા બાબત હજુરના અથવા હજુરે આ બાબત જેને અધિકાર આપ્યો હોય તે અમલદારના હુકમથી એવા કૃત્ય બદલ આ રાજ્યમાં કામ ચલાવી શિક્ષા થઈ શકે છે.

# પ્રાસંગિક નોંધો.

## જૈન શ્વે૦ મૂ૦ ભોજનશાળા-મુંબઇ.

આખા મુંબઇ ઇલાકામાં મુંબઇ એ મહાનગર હોવાથી ત્યાં કાઠિયાવાડ, ગૂજરાત અને અન્ય પ્રાંતોમાંથી અસંખ્ય જૈનો પોતાની આજીવિકા અર્થે આવી વસ્યા છે. આખા દેશની આર્થિક સ્થિતિ ભયંકર રીતે ખરાબ થઇ ગઇ છે અને મુંબઇ કે જે દેશનું કેંદ્રસ્થાન છે તેનો વેપાર જુદી જુદી રીતે હણાઇ ગયો છે. તેથી લોકોને આજીવિકા અર્થે ઉદ્યમ કરવા પોતે તૈયાર અને ખુશી હોવા છતાં આજીવિકાનું સાધન નોકરી મળતી નથી અને બીજો ધંધો તો સાંપડેજ ક્યાંથી? આવી દશામાં મહેનત કરવા તૈયાર છતાં નિરૂદ્યગી જૈનોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે અને તેને સહાય મળતી નથી. આવાને બને તેટલી જુદા જુદા પ્રકારની સહાય કોમના ધનિક આગેવાનો કરી આપે તો તેમના દુઃખો થોડાં ઓછાં થાય. કેટલાકને તો અન્નને ને દાંતને વેર છે, તેના કુટુંબનું ભરણ પોષણ થઇ શકતું નથી, રોટલો મળી શકે તો ઓટલો મળતો નથી અને તેના ઉંડાણમાં ઉતરીએ તો સહૃદયને આંસુ ખેર્યા વગર રહી શકાય તેમ નથી.

પૂર્વે અન્નક્ષેત્ર, સત્રાગાર વગેરે હતાં; હાલ એ સુપ્રથાનું ભાગ્યેજ અનુસરણ જોવામાં આવે છે. પાટણ આદિ કોઈ કોઇ સ્થળે જૈન ભોજનશાળા જોવામાં આવે છે અને ત્યાં મફત ભોજન મળે છે. પરંતુ બીલકુલ ગરીબ એવા અન્ન દાનનો સ્વીકાર કરે, પરંતુ લાજાળા અને આત્મમાનવાલા આવી ભોજનશાળાનો લાભ લેતા અટકે છે. તેથી મુંબઇ જેવા મોટા શહેરોમાં પડત કિંમત લઇ ભોજન પૂરૂં પાડવું અને બને તો સુવાનું સ્થાન પણ આપવું, એ એક મોટી જરૂર છે. આવી જરૂર વિચારી એક ભોજન શાળા ઉઘાડવાનો કેટલાક જૈન ભાઇઓએ તા૦ ૨૩-૪-૩૩ ને દિને એક સભા ભરી ઠરાવ કર્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

અમારી તે માટે થોડી સૂચનાઓ એ છે કે (૧) અત્યાર સુધીમાં જ્યાં જ્યાં ભોજનશાળા નીકળી છે ત્યાં ત્યાં ભોજનશાળા એ નામમાં મફત ખાવા આપવાનો ધ્વનિ ઉઠેછે તો તે નામ બદલી ભોજનગૃહ કે ભોજનાલય નામ આપવું (૨) લાભ લેનારમાં સંપ્રદાય ભેદ ટાળવો. ખબર પ્રમાણે તેવો ભેદ રાખ્યો નથી, છતાં શ્વે૦ મૂ૦ ભોજનશાળા નામ અપાયું છે તેનું કારણ એ કે તે સંપ્રદાયનાં પર્વો પ્રમાણે ખાનપાનાદિ નિયમ સાચવવામાં આવે તો તેમાં વાંધો બીજાથી ન લઇ શકાય; છતાં બીજાના સંપ્રદાય પ્રમાણેના પર્વો પાળવા માગતા ભાઇઓને સગવડ કરી આપવામાં આવનાર છે. (૩) ભોજન ઉપરાંત કોઇ ભાઇને સુવાની ગોઠવણ ન હોય તો તેને કરી આપવી. (૪) મિષ્ટાન્ન આદિ ભારે ખર્ચવાળાં ભોજનને બદલે સાત્વિક અને બળપોષક ખોરાક સરસ રીતે રાંધેલ ને તાજો પૂરો પાડવામાં કસર ન રાખવી. (૫) લાભ લેનારની સંખ્યા વધી પડે તો જુદા જુદા લતામાં એક કરતાં વધારે ભોજનાલયો ખોલવાં. (૬) આ ભોજનાલયોને બહારની મદદની મોટી જરૂર ન પડે તેમ સ્વાવલંબનવાળા કરવાં (૭) આને થોડા સમય માટે નહિ પણ કાયમના નીભાવવાં. આ સર્વ સૂચનાનો અમલ કરવા માટે અહીં વસતા ભાઇઓ પૈકી આમાં રસ લેતા વગદાર અને કાર્યસાધક ભાઇઓની સમિતિ નીમી તે દ્વારા વ્યવસ્થા કરી શકાશે અને લાભ લેનાર ભાઇઓની વ્યાજબી ફર્યાદો દૂર કરી શકાશે. દરેક મોટા શહેરમાં આવાં ભોજનાલયો સ્થાપિત થાય એમ અમે ઇચ્છીએ છીએ. આની જરૂર ઘણા સમયથી હતી, પણ હવે જાગ્યા ત્યાંથી સવાર ગણીને તેને તુરતમાં સ્થાપિત કરવામાં વિલંબ ન થાય એ ખાસ ભલામણ છે.

## 'દીક્ષા શાસ્ત્રનું રહસ્ય'—

આ નામની એક ચોપડી પ્રસિદ્ધ થઇછે. તેના લેખક શ્રીયુત ફત્તેહચંદ બેલાની ન્યાયવ્યાકરણ-તીર્થછે અને તેણે તેમાં દીક્ષા સમિતિના નિવેદનની સમાલોચના ધી યંગમેન્સ સોસાયટી તરફથી પ્રસિદ્ધ થયેલ છે તેની મીમાંસા કરી છે. બાળદીક્ષા, દીક્ષા માટેનાં અપહરણો, નાસભાગ, આશ્રિત જનોના નિર્વાહ કર્યા વગર તેમજ ધર્માભ્યાસ અને ધર્મક્રિયા માટેની સામગ્રી અને સ્થિતિ પ્રાપ્ત કર્યા કરાવ્યા વગર લેવાની ને દેવાની દીક્ષા વગેરે અનેક પ્રકારની અયોગ્ય દીક્ષા નિમિત્તે અને કારણે જનસમાજમાં અનર્થ પરંપરા ઉત્પન્ન થયેલ છે ને કરવામાં આવેલ છે, શાસ્ત્રદૃષ્ટિ વ્યવહારદૃષ્ટિ ને પ્રશ્નની મીમાંસામાં યથાતથ્ય નહિ રહેવાથી કોલાહલ ઉપસ્થિત થયો છે. ઘણા કાળથી બાળદીક્ષા આપવાના પ્રયત્નો સાચા ખોટા થયેલા છે. પહેલાં પણ સાધુઓમાંના કોઇની નાસભાગ થતી તે પગે ચાલીનેજ થતી. વિ૦ સં૦ ૧૬૩૪ ને ૧૬૩૬ માં હીરવિજયસૂરિને ભાગવું પડયું હતું તે પગે ચાલીનેજ, અને અયોગ્ય દીક્ષા પણ અપાતી. પણ તેથી અત્યારના જમાનામાં થતો મોટો કોલાહલ પૂર્વે નહિ થતો હોય, કારણ કે પૂર્વે રેલ કે મોટરો ન હોતી, વર્તમાનપત્રો તાર વગેરેથી હાલ જાહેરાત સર્વવ્યાપી થઇ જાય છે, તેવાં સાધન ન હોતાં અને અત્યારે જે ચારે બાજુ વિશિષ્ટ પ્રયત્નો અને તેને અંગે કોર્ટના મામલાઓ થાય. છે તેવું તેટલા પ્રમાણમાં પૂર્વે નહિ હોય.

જેમ ગૃહસ્થો પોતાના વંશની વૃદ્ધિ કરવા માટે બધી જાતના પ્રયાસો સેવે છે, તેમ સાધુઓ પોતાના વંશની વૃદ્ધિ કરવા કરે છે તે મનુષ્યસ્વભાવનું સ્વાભાવિક અંગ છે. એટલે બંનેમાં ઝાઝો ફરક નથી. એ વસ્તુસ્થિતિ તપાસતાં ત્યાગ વૈરાગ્યના ઉમેદવારો-સાધુઓ સંદિગ્ધ સાધનોનો ઉપયોગ કરે છે તે તેમને માટે ગૌરવનું કાર્ય નથી એ સ્પષ્ટ છે. તે અટકાવવા માટે વડોદરા રાજ્ય દીક્ષા નિયામક કાયદો કરવા ઇચ્છે છે; ને જે સ્થિતિ હાલ છે તે ચાલુ રહી તો બીજાં રાજ્યો અને ખુદ બ્રીટિશ સરકાર પણ તેવા કાયદા કરે તો આશ્ચર્ય પામવા જેવું નથી.

આ સ્થિતિમાં ફેરફાર કરવા માટે મુનિઓએ પોતાનું સંમેલન ભરી કાર્યસાધક નિયમો કરવા જોઇએ તે કર્યા નથી, તેઓની છિન્નભિન્ન દશાને લીધે તેવું સંમેલન ભરી શકાય તેમ નથી, નિર્નાયક અને 'અહમિંદ્ર' જેવી સ્થિતિ ઘણા કાળથી રહી છે. પરિવારનો મોહ વૃદ્ધિમાન થતો જાય છે, અને તેને ઉત્તેજના પ્રેરણા સાધુઓ તરફથી પૂરબહારમાં જૈન સિદ્ધાંતોને કોરે મૂકીને પણ મળ્યે જાય છે, ત્યાં શાસ્ત્રદૃષ્ટિ કે શુદ્ધ વ્યવહાર દૃષ્ટિને સ્થાન ક્યાંથી મળે? શાસ્ત્રદૃષ્ટિ શ્રી હરિભદ્રસૂરિના શબ્દોમાં એ છે કે 'સંસારસ્વરૂપનું યથાસ્થિત જ્ઞાન હોય,

તેના ઉપરથી વાસ્તવિક વૈરાગ્ય થયો હોય અને મોક્ષની સાચી આકાંક્ષા જાગી હોય ત્યારેજ ચારિત્ર-દીક્ષા પ્રાપ્ત થાય છે, અન્યથા નહીં' માટે સંયમની અને જ્ઞાનની તાલીમ આવશ્યક છે. આઠ વર્ષની ઉંમરે દીક્ષા વિરલ અને કાદાચિત્ક છે-જેવી કે મનકમુનિ અને વજ્રસ્વામીની દીક્ષા. ગુરૂજન-વડિલો માતા-પિતાદિ (બ્હેન પત્ની વગેરે) ની સંમતિ મેળવીનેજ દીક્ષા ગ્રહણ કરવાનું જૈન બંધારણ છે. તેનું જ્વલંત દૃષ્ટાંત ખુદ વીરપ્રભુનું છે. તે નિયમથી વિરૂદ્ધ જવું તે શિષ્યચોરી છે. તેનું પહેલું ઉદાહરણ આર્યરક્ષિતને બાવીશ વર્ષની ઉંમરે અપાયેલી દીક્ષા છે, ને ત્યાર પછી તો અનેક શિષ્ય ચોરીઓ થતી આવી છે, તેથી તેને પરવાનો મળી જતો નથી. ઔષધના ઉપચાર માટે ગ્લાનને છોડીને જવું પડે તેમ દીક્ષા ખાતર માતપિતાદિને તજવા એ અંતિમમાં અંતિમ અને આપવાદિક માર્ગ છે. સગીરની હદ પૂર્વે સોળ વર્ષની ગણાતી, એ નિઃસંશય છે. ત્યાર પછી મધ્યમ વય શરૂ થાય છે ને તે દરમ્યાન પરિપક્વ બુદ્ધિ આવે છે ને મોટે ભાગે તે વય ભોગકુતૂહલથી પ્રાયઃ વિરત હોય છે ને તેથી તે વયમાં નિર્વિઘ્ને ધર્માધિકાર સાંપડે છે.

મહાત્મા ગાંધીજીની વાણી યોગ્ય છે કે 'નાની વયે બુદ્ધ કે શંકરાચાર્ય જેવા જ્ઞાની દીક્ષા લે એ શોભી શકે છે, પણ હરેક જુવાનીયા એવા મહાન્ પુરૂષોનું અનુકરણ કરવા બેસે તો એ ધર્મને અને પોતાને શોભાવવાને બદલે લજવે. આજકાલ લેવાતી દીક્ષામાં કાયરતા સિવાય કાંઇ જોવામાં આવતું નથી, અને એથીજ સાધુઓ પણ તેજસ્વી હોવાને બદલે ઘણા ખરા આપણા જેવા દીન અને જ્ઞાનહીન હોય છે. દીક્ષા લેવી એ પરાક્રમનું કામ છે, અને તેની પાછળ પૂર્વ જન્મના મહાસંસ્કાર અથવા તો આ જન્મમાં મેળવેલું અનુભવ-જ્ઞાન હોવું જોઇએ. વૃદ્ધ માતા અને તરૂણ સ્ત્રીનો કાંઈ પણ વિચાર કર્યા વિના દીક્ષા લેનારને એટલો બધો વૈરાગ્ય હોવો જોઇએ કે આસપાસનો સમાજ તે સમજ્યા વગર રહે નહીં.' (નવજીવન ૨૮-૮-૨૭) માટે સાધુઓ પોતાનું સંમેલન ભરી આ દીક્ષા સંબંધી શાસ્ત્ર અને શુદ્ધ વ્યવહારની દૃષ્ટિએ વર્ત્તમાન યુગને અનુરૂપ ધારાધોરણ અતૂટ અને કાર્યસાધક ઘડી અમલમાં મૂકશે તોજ તેમણે કરેલો કોલાહલ શાન્ત થશે અને પોતાનું ગૌરવ પુનઃ પ્રાપ્ત કરશે.

## સ્થા૦ સાધુસંમેલનનો દીક્ષા ઠરાવ.

અજમેર મુકામે લગભગ અઢીસો સ્થાનકવાસી સાધુઓ પોતાનું બંધારણ કરવા એકઠા થયા. તે વખતે એક આચાર્યના શિષ્ય સાધુઓની અંદર અરસપરસ કેટલું વૈમનસ્ય છે, તેનો સાક્ષાત્ પરિચય ત્યાં જનારાઓને થયો છે, તે પૈકી એક સુજ્ઞ ગૃહસ્થના અમને જણાવેલા વૃત્તાંતમાંથી જણાયો. સંસારનો ત્યાગ, કરી પોતે ત્યાગીઓ છે એમ કહેવરાવનારામાં ખરો ત્યાગ, ખરી નિઃસ્પૃહતા, રાગ દ્વેષની ઉપશાન્તિ, ઉંચી સાત્વિકતા અને અતિશય સરલતા જોઇએ, છતાં તે ગુણોની ઉણપ પદે પદે દેખાતી જાણી સ્થા૦ પરિષદમાં ગયેલા ઘણાને આખી સાધુસંસ્થાપર ગ્લાનિ અને ઘૃણા આવી. એ સર્વ વૃત્તાંત બહાર આવ્યો નથી, બહાર પડશે ત્યારે જણાશે, પણ મારવાડી સાધુઓમાં જેટલી કટ્ટરતા, ચુસ્તતા, અને કષાયતા જોવામાં આવી તેટલી ગુજરાતી સાધુઓમાં નહોતી એ ભેદ ચોખ્ખો જણાયો. ગમે તેમ પણ એ વાત બાજુએ મૂકીશું; અત્યારે પ્રસ્તુત દીક્ષાના પ્રશ્ન ઉપર વિચારણા કરી તેઓ જે નિર્ણયપર આવ્યા છે તે જોવાનું છે. તે નિર્ણય એ છે કે 'દીક્ષાના સંબંધમાં આ મુનિસંમેલન ૧૬ વર્ષની ઉંમર યોગ્ય ગણે છે ને તેટલી ઉંમરનાને દીક્ષા આપવી તે ઉત્સર્ગ માર્ગ ગણવામાં આવ્યો છે. આ સિવાય અપવાદ તરીકે ૧૬ વર્ષની અંદરના ને કોઇ પણ સામાન્ય સાધુ દીક્ષા આપી શકશે નહીં અને કોઇ પૂજ્યજીને જણાય કે આ બાળક ભવિષ્યમાં જૈન શાસનની પ્રભાવના વધારનારો થશે તો સ્થાનિક શ્રીસંઘ અને પૂજ્યશ્રી પોતાની જુમેવારી ઉપર દીક્ષા આપી શકશે. આમ બાલદીક્ષા એ અપવાદ-માર્ગ છે એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

## એક બૌદ્ધ મહાભિક્ષુ—

દેવમિત્ત ધમ્મપાલ નામના લંકાના મહાભિક્ષુનો ભગવાન્ બુદ્ધે જ્યાં ભિક્ષુઓને પ્રથમ ઉપદેશ આપ્યો. તે સારનાથમાં ૬૩ વર્ષની વયે પરલોકવાસ થયો. મૂળ જમીનદારનો પુત્ર પછી ભિક્ષુ થઇને મહાબોધી સોસાયટી અને બુદ્ધિસ્ટ મિશન લંડનમાં સ્થાપી બૌદ્ધધર્મનો પ્રચાર ઇગ્લાંડ તેમજ હિંદ અને અન્ય દેશોમાં કર્યો હતો, ઇંગ્લડમાં એક અમેરિકાની બાનુ નામે મેરી ફૅાસ્ટરે બૌદ્ધ ધર્મના પ્રચારના મિશન માટે દશ લાખ આપ્યા હતા. તેનો વિચાર સારનાથમાં આંતરરાષ્ટ્રિય વિદ્યાપીઠ સ્થાપવાનો હતો, કે જ્યાં જગતના દરેક ભાગમાંથી વિદ્યાર્થીઓ આવી બૌદ્ધધર્મનો અભ્યાસ કરે. એ વિચાર અપૂર્ણ રહ્યો. મરતાં પહેલાં તેના ઉદ્‌ગારો નોંધવા જેવા છે 'મને સત્વર મરવા દો, કે જેથી પાછો પુનઃ અવતાર પામું. ભગવાન્ બુદ્ધના ધર્મના પ્રચારાર્થે પચીસ ભવ લેવાની ઇચ્છા છે.'

આવો અભિગ્રહ કરનાર, આવો કાર્યદક્ષ, નિતાંત ધર્મ પ્રચારમાં રત એવો કોઇ સાધુ આપણી આખી જૈનસમાજમાં દેખાય છે ? શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનું દૃષ્ટાંત આપણને યાદ આવે છે કે તેમણે જૈન શાસનના અર્થે લોકના અનુગ્રહ અર્થે સ્વ આત્માની ઉપેક્ષા કરી ઘણા ભવ વ્હોરી લીધા ! 'અમારૂં તો ગમે તેમ થાઓ, ભલે અમે હજી વધારે ભવ ભોગવી લેશું, પણ આ લોકનું આ શાસનનું તો રક્ષણ અત્રે આવશ્યકજ છે–" એમ કહી વિચારી તેઓએ આત્માર્પણ કર્યું, અહો ! તે કલિકાલ સર્વજ્ઞ બિરૂદ ધારી શ્રીમદ્ હેમચંદ્રાચાર્યને નમસ્કાર હો ! એઓનું ચરિત્ર આપણને બોધક કેમ ન થાય ? એમાંથી આપણને પુરૂષાર્થની પ્રેરણા કેમ ન થાય ? આપણા સાધુઓ આ દૃષ્ટાંતોનું અનુકરણ કરે એમ ઇચ્છીશું.

## શ્રી સમેત શિખરની પ્રિવિ કાઉન્સિલની અપીલ—

હાલમાં લંડનની પ્રીવી કાઉન્સિલમાં સમેત શિખર પર્વતના વેચાણના મુકર્દમાની અપીલનો ફેસલો શ્વે. જૈન સમાજના પક્ષમાં આવ્યો છે એવી ખબર વર્તમાનપત્રમાં આવી છે. એનો ચુકાદો શું આવ્યો છે તેની પૂરી વિગત તેમાં અપાઇ નથી, પણ એમ લાગે છે કે તે પર્વતને ખરીદવાનો કરાર દિગંબરો સાથે સરકારે કર્યો હતો ને પચાસ હજાર રૂપીઆ તેમણે જમા કરાવ્યા હતા એમ દિગંબરોનું કહેવું હતું. શ્વેતામ્બરોએ તે પર્વતને જે રાજની હકુમતમાં તે છે તે પાલગંજના રાજા પાસેથી ખરીદ કર્યો હતો. આથી દિગંબરોએ પોતાનો કરાર કાયમ રખાવવા હજારીબાગ કૅાર્ટમાં

દાવો માંડયો હતો તેનો ચુકાદો શ્વેતામ્બરોના લાભમાં આવ્યો, પછી દિગંબરોએ પટણા હાઇકોર્ટમાં અપીલ કરી, તેમાં પણ અસલ કોર્ટનો ચુકાદો કાયમ રહ્યો અને અપીલ કાઢી નાખવામાં આવી, એટલે દિગંબરોએ લંડનની પ્રિવિ કાઉન્સિલમાં અપીલ નોંધાવી અને તેનો ફેસલો પણ શ્વેતાંબરોના લાભમાં આવ્યો ને તે અપીલ કાઢી નાખવામાં આવી. આથી પાલગંજના રાજાની માલેકી કે સત્તા સમેતશિખર પર હતી તે શ્વેતાંબરોના હાથમાં રહી છે, આ અપીલ માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ વિરમગામના વકીલ શા. છોટાલાલ ભાઇને મોકલ્યા હતા.

સંમેતશિખર સંબંધી દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે આ ઉપરાંત બીજા અનેક મુકર્દમાઓ–અપીલો વગેરે થયેલ છે ને લાખો રૂપીઆ ખર્ચાયા છે. એ સીવાય બીજા તીર્થો સંબંધી પણ ઝઘડાઓ થયા છે, તથા ચાલુ છે. આ બધાની અંદર ઉંડા ઉતરતાં એમ ઘણાને લાગે છે કે પ્રાયઃ દિગંબર ભાઇઓમાં સમતોલભાવની ઉણપ હોઇને 'સબમેં હમારા લગતા હય' એવી ભાવનાથી કામ લેવાતુ હોય, ને તેને પરિણામે બીજા પક્ષને સામે થયા વગર કે બચાવ કર્યા વગર છૂટકોજ ન રહે. મુકર્દમા બાજીમાં લાખો રૂપીઆનો વ્યય સમાજને ઉન્નત કરી શકતો નથી અને કડવાશ, વૈમનસ્ય અને દ્વેષ અરસપરસ વધારે છે, એ વાત વીતરાગના અનુયાયીઓ ભૂલી જઇ વીતરાગના સિધ્ધાંતનુ ખુન કરે છે. આ ખર્ચાયેલાં નાણાં જો સમાજના સંગઠન અને શિક્ષાપ્રચારમાં વપરાયાં હોત તો તે સમાજ કેટલી ઉંચી જઇ શકત તેનો ખ્યાલ કોઇએ કર્યો લાગતો નથી એ શોચનીય બીના છે. હજુએ બંને પક્ષો ચેતશે કે?

બંને પક્ષો શ્રી સંમેત શિખરની યાત્રા સુખશાંતિથી કરે, પોતાની શ્રદ્ધાનુસાર ભકિત બતાવે અને એક બીજાને તેમ કરવામાં કઇપણ બાધા ન આવે એ જાતનું પરસ્પર વર્તન ચાલુ રહે તેમાંજ બંનેની શોભા છે, અને તેમાં વીતરાગભાવની વૃધ્ધિ અને કલ્યાણ છે.

—તંત્રી.

# 'જૈન યુગ' બોર્ડ.

શ્રીમતી કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટિના તા. ૨૪-૪-૩૩ ના ઠરાવથી જૈન યુગ પ્રકાશનનું કાર્ય પુનઃ નિયમિત શરૂ કરી, સારા પાયા પર ચલાવવા સારૂ નીચેના સભ્યોની એક બોર્ડ નિયુક્ત કરવામાં આવી છે.

શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેસાઇ.
બી. એ. એલએલ. બી. તંત્રી.
,, જમનાદાસ અમરચંદ ગાંધી સભ્ય
,, રમણીકલાલ ઝવેરી, સોલીસીટર ,,
,, મોહનલાલ દીપચંદ ચોકસી ,,
,, મનસુખલાલ હીરાલાલ લાલન ,,

'જૈન યુગ' પાક્ષિક ચલાવવા સંબંધી સર્વ જવાબદારી ઉપરોક્ત બોર્ડની હોવાથી સર્વ પ્રકારનો પત્ર વ્યવહાર સુચના અથવા તો એને લગતી કોઇપણ જાતની ફરિઆદ ઉક્ત બોર્ડને કરવા વિનતિ છે, લેખકોને તેમજ સભ્યોને યથાશક્તિ તન, મન, ધનથી સ્હાય આપી અમારા કાર્યમાં હાર્દિક સહકાર આપવા આગ્રહભરી નિમંત્રણા છે.

જૈન યુગ પ્રત્યેક અંગ્રેજી માસની તા. ૧ લી તેમજ તા. ૧૫ મી એ શ્રીમતી કોન્ફરન્સ આફિસમાંથી પ્રગટ થશે.

શ્રીમતી કોન્ફરન્સના ઉદ્દેશોને અનુસરી લખાયેલા લેખોને વિના સંકોચે સ્થાન આપવામાં આવશે.

# કેસરીઆજીના બનાવો.

હાલના કેસરીઆજીના બનાવો ઉપરથી એમ લાગે છે કે જૈનોને પાછો મોટો કેસ લડવો પડશે. પહેલાં દિગમ્બર જૈનો તેમજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો વચ્ચે ઝગડાઓ ચાલ્યા કરતા હતા, તે પ્રકરણ પૂરૂં થયા ને હજુ પૂરતો સમય ગયો નથી તેટલામાં મંદિરના પંડયાઓએ માલીકીપણાનો દાવો નોંધાવ્યો છે, એવા સમાચાર ઉદેપુર તરફથી મળે છે. ઉદેપુર સ્ટેટ આ બાબતમાં નિષ્પક્ષપાત વલણ લેતું જણાતું નથી એ દિલગીરી ભર્યું છે; કોર્ટમાં દાખલ કરેલા દસ્તાવેજોની નકલો સુધ્ધાં મેળવવા મુશ્કેલી પડે છે, તેમજ કેટલાક દસ્તાવેજો મુદ્દલ મળતાં નથી. આ બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કંઇક રસ લે છે એટલી હર્ષની વાત છે, પરંતુ તેણે શું ભવિષ્ય માટે કાર્યપદ્ધતિ ગ્રહણ કરેલી છે તે હજુ ચોક્કસ માલુમ પડયું નથી, તીર્થરક્ષણ સંબંધમાં વારંવાર સૂચનાઓ થએલી છે તેમાંની એક એ છે કે સમગ્ર શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ માટે એક તીર્થરક્ષક કમીટી હોવી જોઇએ, જે દરેક તીર્થના વાંધાઓ માટે ઘટતાં પગલાં લે, પરંતુ તે બાબતમાં કશું થયું નથી. આપણી આણંદજી કલ્યાણજીની પેઢી થોડાંક તીર્થોનો વહીવટ કરે છે, પરંતુ તેની કાર્યપદ્ધતિ જુના જમાનાની છે અને તે હાલના સમયને અનુકુળ નથી, માટે કાંતો નવી તીર્થરક્ષક કમીટી નીમાવી જોઇએ અથવા ઉપર્યુક્ત પેઢીની કાર્યવાહીમાં ફેરફાર થવો જોઇએ.

વળી તે પેઢીએ પોતાના કાર્યવૃત્તાંતની ખબર જાહેર સમાજને આપવા માટે પોતાની પત્રિકા નિયમિત બહાર પાડવી જોઇએ. પ્રસ્તુત વિષય ઉપર આવતાં એમ માલુમ પડે છે કે ઉદેપુર સ્ટેટની વલણ અત્યંત ખેદજનક છે. શરૂઆતમાં પંડયાઓને ભંડારના પૈસામાંથી અમૂક ટકા આપવાનું સ્ટેટે જૈનોને પૂછ્યા વગર નક્કી કર્યું, અને હાલમાં પંડયાઓએ આટલાથી ન સંતોષાતાં આ મંદિર વૈષ્ણવોની માલીકીનું છે એવુ જાહેર કરનારો દાવો કર્યો છે. આ બાબતમાં જૈન જનતા હજુ અજ્ઞાન છે. માટે તેની જાણ માટે ઠેકાણે ઠેકાણે સભા બોલાવી કેસરીઆજીની વસ્તુસ્થિતિ શું છે તેની જાણ થવી જોઇએ, તેમજ આ કેસ લડવા રીતસરનો પ્રબંધ થવો જોઇએ. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી આ બાબતમાં ઉદેપુર સ્ટેટના મહારાણા પાસે ડેપ્યુટેશન લઇ જવા પ્રબંધ કરવાની હતી પરંતુ તેમાં કેટલી પ્રગતિ થઇ તે માલુમ નથી. ઉદેપુરના લોકો એટલા ભયભીત થઇ ગયા છે કે ત્યાંની સત્ય હકીકત મેળવવી અતિશય મુશ્કેલ થઇ પડે છે. છેલ્લી ખબર પ્રમાણે વૈશાખ સુદ છઠના દિવસે ધ્વજારોહણની ક્રિયા કરાવવા શ્વેતાંબર જૈનને બદલે વૈદિક સભાને પરવાનગી આપી છે, કોન્ફરન્સે ઘટતો પ્રૉટેસ્ટ ઉદેપુર સ્ટેટ, વગેરેને મોકલાવ્યો છે, પરંતુ તેનું પરિણામ હજુ જણાયું નથી. આ બાબતમાં અમારી નમ્ર સૂચના તો એ છે કે બને ત્યાં સુધી બંધારણ પૂર્વક લડત આપણે લડવી, અને તેમાં સંતોષકારક પરિણામ ન આવે તો એ તીર્થનો આપણે બહિષ્કાર કર્યેજ છૂટકો. શેઠ આણંદજી કલ્યાણજી આ બાબતમાં યોગ્ય પગલાં ભરી પાલીતાણાનો દાખલો અનુસરશે તો ધાર્યું પરિણામ આવશે.

—રમણીકલાલ

# આધુનિક શિક્ષણ પધ્ધતિ પરિવર્તન માંગે છે.

જે ધર્મ, સમાજ યા રાષ્ટ્રમાં પ્રગતિકારક શિક્ષણ નથી, એ ધર્મ, સમાજ યા રાષ્ટ્રનો નાશ નિર્મિત છે. જગતના ઉન્નત ધર્મો, સમાજો કે રાષ્ટ્રો તરફ ધ્યાન આપીશું તો જણાશે કે તેના મૂળમાં શિક્ષણનો ફાળો જેવો તેવો નથી. ખ્રિસ્તિ ધર્મ, બૌદ્ધ ધર્મ, વગેરે ધર્મો, યુરોપીઅન સમાજો અને પારસી કોમ, તેમજ રૂશિયા જેવા રાષ્ટ્રોની આપણે ઉન્નતિ નિહાળતા હોઇએ તો તેમાં તેની સુધરેલી શિક્ષણપદ્ધતિ કારણભૂત મનાય છે. ઉન્નત સમાજો સમજે છે કે આજના બાળકો એ આવતી કાલના નાગરિકો છે. રાષ્ટ્રધર્મ અને સમાજની ઉન્નતિનો આધારજ તેના ઉપર છે. તેમને જે રીતે શિક્ષણ મળશે એજ રીતે એ પોતાનું જીવન ઘડશે.

આપણા સમાજમાં પણ શિક્ષણ તરફ અભિરૂચી ઠીક પ્રમાણમાં નજરે પડે છે. પરંતુ શિક્ષણ પદ્ધતિમાં ખામી હોઇ સમાજને શિક્ષણનું કશું ફળ મળતું નથી. શિક્ષણ સંસ્થાઓ આપણે ત્યાં કમ નથી, સ્થળે સ્થળે આવી સંસ્થાઓ નજરે પડશે. સમાજ તેની પાછળ લાખો રૂપીઆ દર વરસે ખરચ છે. પરંતુ તેના પરિણામમાં શૂન્યતા નજરે પડે છે. કારણ કે આપણી સંસ્થામાં એક વિદ્યાર્થી વિદ્યાભ્યાસ કરે છે. ત્યારે તે સમાજ, ધર્મ અને રાષ્ટ્રોદ્ધારના મોટાં મોટાં સ્વપ્નાંઓ સેવે છે. પરંતુ જ્યારે તે સંસ્થાના કોર્સને પૂરો કરી બહાર નિકળે છે, ત્યારે સ્વપ્નાંઓ બધાં સરી પડે છે. તેને આજીવિકાની મોટી ચિંતા થઇ પડે છે. શિક્ષિત યુવકને આજીવિકા માટે ચિંતા કરવી પડે એ શિક્ષણની મહાન ખામી છે. શિક્ષણ એ કહેવાય કે જેથી માનવ પોતાના પગ ઉપર ઉભો રહી શકે. આજની આપણી શિક્ષણ સસ્થાઓમાં સ્વાશ્રયી જીવન જીવવાની તાલીમજ મળતી નથી, તેમાં શિક્ષણ સંસ્થાના સંચાલકોનો મુખ્યત્વે દોષ હોય છે.

આજકાલ જેટલી સામાજિક શિક્ષણ સંસ્થાઓ છે, તેની પાછળ સાધુઓનો હાથ હોય છે. આ સાધુઓ બાળ શિક્ષણ સંસ્થાઓ કંઇ સમાજ સેવા માટે નથી ઉભી કરતા, પરંતુ તેમનો ઉદ્દેશ પોતાની કીર્તિ જોડે હોય છે. તેમને પોતાના ગુણગાન ગવરાવવાની મહત્ત્વાકાંક્ષા હોય છે, એટલુંજ નહિ પણ સમાજમાં પોતાની સત્તા કઇ રીતે અવિચળ રહે, પોતાનું સ્થાન કઇ રીતે સર્વોપરી રહે એ લક્ષ્ય દૃષ્ટિ સમીપ રાખીનેજ શિક્ષણક્રમ નકકી કરવામાં આવે છે, અને તેમાં પણ તેમની દેખરેખ તો રહે છેજ, કારણ કે એ જાણે છે બાળકોના સંસ્કારો જો મૂળમાંથીજ મજબુત કરવામાં આવશે તો પછી આપણા કિલ્લા મજબુત છે, આમ જ્યાં શિક્ષણ સંસ્થાઓ પાછળ ગંદા મુદ્દા હોય તેમાં ઉન્નતિ કઇ રીતે સંભવે? આવી શિક્ષણ સંસ્થાનું ટાઇમટેબલ વાંચવામાં આવે અને બાળકો એ ટાઇમ ટેબલનો કઇ રીતે અમલ કરે છે એ જોવામાં આવે તો અમેરિકાના યંત્રો જોડે સરખાવી શકાય! યંત્રો જેમ પોતાનું નિયમિત કામ આપ્યે જાય છે, તેમ આ બાળકો પણ યંત્રવત્ એ ટાઇમટેબલનું પાલન કર્યે જાય છે. તેમાં તેના જીવનનો વિકાસ થતો નથી. કેટલેક ઠેકાણે તો બાળકોને સંચાલકોની પ્રાતઃકાળમાં ઉઠીને સ્તુતિ બોલવી પડે છે અને ત્યાર પછીજ દૂધ આપવામાં આવે છે. જે બાળકોને આમ મૂળમાંથી જ ભાટ-ચારણ જેવા બનવાનું શિક્ષણ અપાય છે, ત્યાં નાગરિકની આશા કઇ રીતે રાખી શકાય? તે સમજાતું નથી, બીજી બાબતમાં આપણી સંસ્થાઓમાં સાંપ્રદાયિક તત્વ વિશેષ પ્રમાણમાં નજરે પડે છે, આથી બાળકમાં સંકુચિત વૃત્તિ ઘૂસી જાય છે. આમ તેની વિચારશકિતનો નાશ થાય છે, તેનામાં ઉદારતાને બદલે મમત્વ ને હઠાગ્રહનાં સંસ્કારો કેળવાય છે અને મોટા થતાં તે કાયમ રહે છે. આ વસ્તુ શિક્ષણની ઘાતક છે. શિક્ષણ સ્વતંત્ર રીતે અપાવું જોઇએ કે જેથી કરીને તેની વિચારક શકિત ખીલે. આ બાબતમાં વિચારોની આપલે કરતાં બામણવાડાજીમાં કેટલીક સંસ્થાઓના ગૃહપતિ-ઓએ મને આમંત્રણ કર્યું હતું, ત્યાં જણાયું હતું કે ગૃહપતિઓ બીલકુલ પરાધીન છે. તેમને સંચાલકોની આજ્ઞાને આધીન રહેવું પડે છે. જ્યાં સુધી સંચાલકો પોતાનો હાથ સંસ્થામાંથી ન ઉઠાવી લે, ત્યાં સુધી આ પ્રશ્નનો ઉકેલ અશકય છે. અજમેર મુકામે મળેલી શિક્ષણ પરિષદ્‌ના પ્રમુખ અને શાન્તિનિકેતનમાં જૈન ફિલસુફીના પ્રોફેસર તરીકે કાર્ય કરતા મુનિશ્રી જિનવિજયજી જોડે પણ મારે આ બાબતમાં ચર્ચા થઇ હતી, તેમણે પણ એજ ફરિયાદ કરી હતી શિક્ષણ પરિષદ્‌ના પ્રમુખ તરીકેના મંતવ્યમાં પણ એ બીના તેમણે ખુબ ભાર પૂર્વક રજુ કરી છે અને જ્યાં સુધી આ બાબતનો નિકાલ ન આવે ત્યાં સુધી દરેક સંસ્થાઓને બોર્ડીંગ હાઉસના રૂપમાં ફેરવી નાંખવાની સુચના કરી છે, કારણ કે પ્રાયમરિ સ્કૂલોમાં બાળકોને વ્યવહારિક શિક્ષણ તો મળશેજ. આમ દરેક રીતે આપણો શિક્ષણક્રમ પરિવર્તન માંગે છે. તે માટે નીચેના સૂચનાઓ આવશ્યકીય છે.

૧. દરેક સામાજિક સંસ્થાઓની ડીરેકટરી તૈયારી કરી, તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, તેની તપાસ કરવી.

૨. સંસ્થામાં તૈયાર થયેલ વિદ્યાથીઓ, સંસ્થાઓના ગૃહપતિઓ, અને સંચાલકોની એક શિક્ષણ પરિષદ્ ભરવી, અને તેમાં હાલના શિક્ષણમાં કયાં કયાં ખામીઓ છે તે સંબંધી નકકી કરવું, અને તેમા કઇ રીતે પરિવર્તન શકય છે, તે સંબંધી સૂચના રૂપી ઠરાવો ઘડવા, એ ઠરાવોને અમલમાં મૂકવા લાગવગવાલી એક કમીટી નીમવી. અને કમીટી શિક્ષણ પરિષદ્‌ના ઠરાવો અમ-લમાં મૂકવા દરેક શિક્ષણ સંસ્થાઓ ઉપર ફરજ પાડે.

૩. દરેક સંસ્થાઓ જે જુદી જુદી રીતે ચાલે છે, તેમાં જે જુદા જુદા ફંડો છે, તે એકત્ર કરી એક મધ્યસ્થ સંસ્થા બનાવવી અને તેને સુપ્રત કરવા, તેમજ દરેક સંસ્થાઓ તેના અંગ તરીકે રહેવી જોઇએ. અને તેની ઉપર સ્થાનિક સંઘ તેમજ મધ્યસ્થ સંસ્થાની દેખરેખ જોઇએ. સમસ્ત સંસ્થાઓમાં એકજ શિક્ષણક્રમ રહેવો જોઇએ.

૪. શિક્ષણક્રમ એવા પ્રકારનો ઘડાવો જોઇએ કે જેથી વિદ્યાર્થીને પોતાના જીવનની જરૂરીઆતની દરેક ચીજોનું ઉત્પાદન કઇ રીતે થાય છે તે સંબંધી જ્ઞાન મળે અને પોતાનું જીવન સ્વા-શ્રયી બનાવી શકે. તેમજ સદ્‌વર્તનના સંસ્કારો પણ પડી શકે.

મારી સમજ પ્રમાણે એટલી સૂચનાઓ શિક્ષણના પ્રશ્નના ઉકેલ માટે બસ છે. પરંતુ સવાલ એ છે કે શિક્ષણ સંસ્થા પાછળ લાખો રૂપીઆ ખરચતા સમાજને આ પ્રશ્નના ઉકેલ માટે ફુરસદ છે ખરી?

—ચન્દ્રકાન્ત સુતરીઆ.

# શ્રી દેવસુર ગચ્છની સભા.

મુંબઇના સુપ્રસિદ્ધ શ્રી ગોડીજી મહારાજના દેરાસર તથા તેને લગતાં બીજા ખાતાંઓનો વહીવટ જુની પ્રણાલિકા મુજબ ચાલતો હતો. સમય અનુસાર તે વહીવટ યોગ્ય બંધારણસર ચાલે તે માટે ટ્રસ્ટડીડ થવું જોઇએ. વર્તમાન પત્રોમાં તથા ઘોઘારી સાથ તરફથી સુચનાઓ કરવામાં આવી હતી. હાલના ટ્રસ્ટીઓએ વહીવટ અંગે તેમના ધારાશાસ્ત્રીની સલાહ લઇને એક યોજના તૈયાર કરી હતી. જે યુવાનોએ આ કફીકતને અંગે ખાસ પ્રયાસ કર્યો હતો તેમને આ યોજનામાં અનેક સુધારા આવશ્યક જણાયા. ટ્રસ્ટીઓએ તેનો સ્વીકાર ઉચિત ધાર્યો નહિ, એટલે એડવોકેટ જનરલે તેવી સુચના કરી કે શ્રી દેવસુર-ગચ્છની સભા બોલાવો ને તેની પાસે આ યોજના રજુ કરો. ટ્રસ્ટીઓને તે ઉપરથી દેવસુર ગચ્છની સભા બોલાવવી પડી. ટ્રસ્ટીઓએ પોતે તે યોજના દેવસુર ગચ્છની મીટીંગ પાસે યોજના રજુ કરવાનું ઉચિત ધાર્યું હોત તો તે વધારે શોભાસ્પદ ગણાત. છતાં મુંબઇ શહેરના બીજા ધાર્મિક ખાતાના વહીવટને અંગે બંધારણો ઘડવામાં કોર્ટો તથા વકીલોના અનેક પ્રકારના ખર્ચો થયા છે ને સમયની બરબાદી થઇ છે, તેવું આ વહીવટને અંગે બન્યું નથી, તેવી સમાધાન વૃતિ રાખવા માટે ટ્રસ્ટીઓ તથા શ્રી દેવસુર ગચ્છના સભ્યો ધન્યવાદને પાત્ર છે. વહીવટને અંગે હાલ અગ્યાર ટ્રસ્ટીઓની બોર્ડ કામ કરે છે, તે મુજબ યોજનામાં પણ તે સંખ્યા રાખવામાં આવી હતી. જુદા જુદા સાથના નીચે મુજબ ટ્રસ્ટીઓની સંખ્યા મુકરર કરવામાં આવી હતી.

૪ સુરતી, ૪ ગુજરાતી, ૨ ઘોઘારી, ૧ છાપરીયા દેવસુર ગચ્છના સભ્યોની સંખ્યામાં ઘોઘારી બંધુઓની સંખ્યા ઘણી વધારે હોવા છતાં ટ્રસ્ટીઓમાં તે સાથના ટ્રસ્ટીઓની સંખ્યા બેની મુકરર કરવામાં આવેલી તે દેખીતી રીતેજ અન્યાય યુક્ત હતું. ઘણા વરસથી આ પ્રમાણે ચાલતું આવતું હતું, એટલે વ્યાજબી ઠરાવાતું નથી. તે બાબતમાં ઘોઘારી ભાઇઓની માગણી ઓછામાં ઓછા તે સાથના ૪ ટ્રસ્ટીઓ હોવા જોઇએ તેવી હતી. ઘણી ચર્ચા બાદ સમાધાન ખાતર તે સાથના ૩ ટ્રસ્ટીઓ રાખવાનો ટ્રસ્ટીઓ તરફનો સુધારો સભાએ સર્વાનુમતે સ્વીકાર્યો હતો. તે મુજબ ટ્રસ્ટીઓની સંખ્યા કુલ ૧૨ની નકી થઈ. હાલના ૧૧ ટ્રસ્ટીઓ તેના તેજ રહેશે ને બારમા ટ્રસ્ટીની ચુંટણી ઘોઘારી સાથના સભ્યની દેવસુર ગચ્છની સભામાં કરવામાં આવશે.

યોજનાના બીજા ખાસ મુદ્દાઓ નીચે મુજબના છે.

(૧) ટ્રસ્ટીઓની ચુંટણી દર પાંચ વરસે દેવસુર ગચ્છની સભામાં કરવામાં આવશે.

(૨) ૧૮ વરસની ઉમરનો વિજય દેવસુર ગચ્છનો કોઇ પણ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન જે વાર્ષિક રૂ. ૧) લવાજમ તરીકે ભરે તે ગચ્છની મીટીંગમાં તથા ટ્રસ્ટીઓની ચુંટણીમાં મત આપી શકશે.

(૩) એકી સાથે રૂ. ૧૨૫) રકમ સાધારણ ખાતામાં ભરનાર કોઇપણ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન (જેની ઉપર ૧૮ વરસની હોવી જોઇએ) મતદાર તરીકે ગણાશે. મદદની રકમનો ટ્રસ્ટીઓએ સ્વીકાર કરેલો હોવો જોઇએ.

(૪) ગચ્છના સભ્યોનું લીષ્ટ તૈયાર રાખવામાં આવશે. તેની નકલ વ્યાજબી કિમતે સભ્યોને આપવામાં આવશે.

(૫) ખર્ચ બાદ જતાં દેવદ્રવ્યની ચોખ્ખી આવકમાંથી બીજા દેહાસરોના જીર્ણોદ્ધારમાં ટ્રસ્ટીઓ તે રકમ ખર્ચી શકશે. રૂ. ૧૦૦૦) ઉપરની રકમ માટે વિજય દેવસુર ગચ્છની સભાની સંમતિ લેવી પડશે.

(૬) વિજય દેવસુર ગચ્છની સભા ટ્રસ્ટીઓ તરફથી બોલાવવામાં આવશે જેની ખબર એક વર્તમાન પત્ર દ્વારા તથા નોટીસ બોર્ડ મારફતે આપવામાં આવશે.

(૭) વિજય દેવસુર ગચ્છના ૩૫ સભાસદો તરફથી ગચ્છની ખાસ મીટીંગ બોલાવવા માટે માગણી આવશે તો મેનેજીંગ ટ્રસ્ટીઓ ગચ્છની મીટીંગ બોલાવશે, બે અઠવાડીયાની અંદર મે. ટ્રસ્ટીઓ ગચ્છની મીટીંગ ન બોલાવે તો કોઇપણ બે ટ્રસ્ટીઓ અગર માંગણી કરનાર ભાઇઓમાંના ૨૦ સભ્યો ગચ્છની સભા બોલાવી શકશે.

(૮) **ઓડીટ થયેલા હિસાબની છાપેલી કોપી** સભ્યોની જાણ માટે નોટીસ બોર્ડ ઉપર ચોંટાડવામાં આવશે તથા વ્યાજબી કીંમત લઇને તેની નકલ સભ્યોને આપવામાં આવશે, યોજનામાં ઘણા સુંદર તત્વો છે. જેવી રીતે ટ્રસ્ટીઓએ તથા ગચ્છના સભ્યોએ યોજના તૈયાર કરવામાં તથા પસાર કરવામાં રસ લીધો છે તે પ્રમાણે યોજનાના અમલમાં રસ તથા સદ્ભાવના દાખવશે તો શ્રી ગોડીજીનો વહીવટ બીજા ધાર્મિક ખાતાંઓને અંગે નમુના રૂપ નીવડશે.

—જમનાદાસ અમરચંદ ગાંધી.

# જૈન જગત.

—વડોદરા સ્ટેટની ધારાસભામાં દીક્ષા નિયામક એક્ટ તા. ૧૬-૫-૩૩ ના રોજ દાખલ થવાનો છે.

—દીલ્હી એક્ષપ્રેસ નીચે આવી જવાથી ૧૨ વર્ષની બાળા સાધ્વીજીનું જે અકાળ અવસાન થયું છે તેથી છાણી વડોદરા અને આસપાસના પ્રદેશમાં હાહાકાર થઇ રહ્યો છે.

—પ્રેમવિજય નામના સાધુએ ઘાટકોપરમાંથી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ ઉપરથી રૂા. એક હજારની કિંમતના બે હીરા ચોરી મારવાડીને વેચ્યા, આ વાતની પોલીસમાં જાહેરાત થતાં ચાંપતી તપાસ ચાલે છે.

—મુંબઇમાં ચિંતામણીજી મહારાજના દહેરાસરમાં શ્રી વિજય વલ્લભસૂરિના મોટા ઓઇલપેન્ટ ફોટાની ચ્હડ ઉતર શા કારણે થાય છે તે બીના જાહેરમાં આવવાની જરૂર છે.

—વડોદરામાં રહી શાસ્ત્રાર્થની બાંગ પોકારનારા સાગરજી મહારાજે પાટણથી કેશવલાલ મંગલચંદની માગણીને યોગ્યાયોગ્યની ખાલી વાતોથી ઉડાવી દઇ પોતાની પોકળતા સ્વયં જાહેર કરી છે.

*—વડોદરાની ધારાસભામાં દીક્ષા એક્ટ જે તા. ૧૬ મી એ* ચર્ચા માટે આવવાનો છે, તેમાં બીન સરકારી સભ્યોને દીક્ષા વિરૂદ્ધ મત આપવા સમજાવવા સોસાયટી ભક્તો આકાશ પાતાળ એક કરી રહ્યા છે.

# કોન્ફરન્સ કાર્યાલય તરફથી.

## સ્ટેન્ડીંગ કમીટીઓનાં કામકાજ

સને ૧૯૩૩ના જાનેવારી માસથી સ્ટેન્ડીંગ કમીટીએ કરેલાં કામકાજનો ટુંક સાર નીચે મુજબ છે.

**૧ કેસરીયાજી પ્રકરણઃ**—શ્રી કેસરીયાજી તીર્થમાં ઉભી થયેલી પરિસ્થિતિ માટે વિચાર કરી યોગ્ય કરવા નીચેના સભ્યોની એક કમીટી નિમવામાં આવી હતી.

રા. મકનજી જુઠાભાઇ મહેતા, બાર એટ લો.
રા. ચીનુભાઇ લાલભાઈ શેઠ, સોલીસીટર
રા. હીરાલાલ હાલચંદ દલાલ, બાર એટ લો.
રા. લલ્લુભાઈ કરમચંદ દલાલ.
રા. ડૉ નાનચંદ કે. મોદી.
રા. રમણીકલાલ કે. ઝવેરી. સોલીસીટર
રા. સોભાગચંદ ઉમેદચંદ દોશી „
રા. જમનાદાસ અમરચંદ ગાંધી અને મહામંત્રીઓ.

ઉપરોકત કમીટીની ત્રણ ચાર મીટીંગો થઇ હતી, આગળના હુકમો તથા ઠરાવોની નકલો વિગેરે તપાસવામાં આવ્યું હતું, શેઠ આણંદજી કલ્યાણજી સાથે પત્રવ્યવહાર કરવામાં આવ્યો હતો. ઉદેપુર ડેપ્યુટેશન લઇ જવા માટેની શેઠ આણંદજી કલ્યાણજીએ કરેલી માંગણીના તારનો હજુ સુધી ઉદેપુર સ્ટેટ તરફથી જવાબ મળેલ નથી, એટલે વિશેષ કંઇ બની શક્યું નથી. દરમ્યાન કૉન્ફરન્સ કમીટી ઉપર જુદા જુદા સંઘો તથા વ્યકિતઓ તરફથી કાર્યસાધક પગલાં લેવા કાગળો આવ્યા કરે છે.

**૨ કેસરીયાજી તીર્થ**— ઉપર ધ્વજારોહણની ક્રિયા શ્વેતાંબર જૈનો શિવાય અન્યને હાથે થવાનો સંભવ છે, એવા ખબર મળવાથી ઑફીસ તરફથી પ્રોટેસ્ટના મહારાણાશ્રી ઉદેપુર, દિવાન સાહેબ તથા મેવાડના રેસીડેન્ટ સાહેબ ઉપર નીચે આપેલ કોપી પ્રમાણે તાર કરવામાં આવ્યા હતા. અને તે શિવાય કલકતા, શીરોહી, બાલાપુર, અમદાવાદ, અંબાલા, પોરબંદર, પાલણપુર, માલેગામ, નાગપુર, જંબુસર, વડોદરા આદિ શહેરો તરફથી પણ તારો કરવામાં આવ્યા હતા.

તારની નકલ—

**Copy Telegram despatched on 27th April 1933.**

We are informed that New Dhwaj-Flag is going to be hoisted within two or three days by some party other than Swetamber Jains. Swetamber Jains have exclusive right of hoisting Dhwaja-Flag on Shri Keshrianathji Temple Dhulev Udaipur. We strongly protest against contemplated action and earnestly rəquest to immediately inquire and stop same. Please wire reply.

General Secretaries All-India Jain Swetamber Conference (Bombay).

**બનારસ હિંદુ યુનિવર્સીટી જૈન ચેરઃ**—આ જૈન ચેરને માટે નવી નીમણુંકના સવાલની ચર્ચા, કમીટીની ત્રણ ચાર બેઠકોમાં કરવામાં આવી હતી, છેવટે પંડિત સુખલાલજીની નીમણુંક યુનિવર્સીટી તરફથી થયેલી છે તેને બહાલી આપવામાં આવી હતી.

**૫ સભ્યોની ખાલી જગ્યાઓઃ**—તા, ૧૩-૨-૩૩ ના રોજ મળેલી કમીટીની મીટીંગમાં, પ્રાંતોમાં સભ્યોની ખાલી પડેલી જગ્યાઓએ નીચેના ગૃહસ્થોની પ્રાંતવાર નીમણુંક કરવામાં આવી હતી, અને બાકીની જગ્યાઓ પૂરવા માટે મહામંત્રીઓને સત્તા આપવામાં આવી.

(૧) ઝાલાવાડ-દુર્લભજી ઉમેદચંદ પરીખ (૨) સોરઠ-સુંદરજી દેવચંદ (૩) સિંધ-મોહનલાલ વાઘજી, મણીલાલ લ્હેરાભાઇ (૪) ગોહિલવાડ, શેઠ હીરાલાલ અમૃતલાલ, શેઠ કુંવરજી મુળચંદ, (૫) રાધનપુર- જીવતલાલ ચંદ્રભાણ કોઠારી, (૬) મુબાઇ-શેઠ નવીનચંદ્ર હેમચંદ (૭) વડોદરા ખેડા-અમૃતલાલ જેઠાલાલ શાહ

**લેખકોને સપ્રેમ આમંત્રણ**

શ્રીમતી કોન્ફરન્સના પ્રત્યે સ્હાનુભૂતિ ધરાવનાર, એ મહામાયાને પગભર બનાવી, ભારતવર્ષના પ્રત્યેક ખૂણામાં એનો સંદેશો વિસ્તારવાની અભિલાષા રાખનાર નાના મોટા દરેક લેખકોને, પોતાની મધુરી ભાષામાં, સ્વલેખિનીને નૃત્ય કરાવી. ધાર્મિક સામાજીક આદિ વિષયો પરત્વે નવ નવી રસવતીઓના નૈવેદ્ય એના આ મુખપત્ર નવયુગમાં ધરવા માટે સ્નેહપૂર્ણ પ્રાર્થના છે.

**-સ્નેહભરી માંગણી છે.**

**૫ જૈન યુગ બોર્ડઃ**—તા ૨૪-૪-૩૩ ની મીટીંગમાં સંવત ૧૯૮૮ ની સાલનો ઓડિટ થયેલો રીપોર્ટ મંજુર કરવામાં આવ્યો, તથા જૈનયુગની નવેસરથી રચના કરી પ્રસિદ્ધ કરવા માટે જૈન યુગની બોર્ડની નીમણુંક કરવામાં આવી. (જેની વીગતવાર નોંધ પૃષ્ટ ૫ ઉપર છે.)

## છેલ્લા સમાચાર.

—મહાત્માજીના ઉપવાસને આજ આઠમો દીવસ છે, ડૉ. અનસારી, ડૉ. દેશમુખ વગેરે ૭ નિષ્ણાત ડોકટરો મહાત્માજીની સેવામાં હાજર રહે છે. ડોકટરોના મત મુજબ મહાત્માજી સ્થિતિમાં કંઇક દુર્બળતા માલમ પડે છે છતાં સંતોષજનક છે.

—પૂ. કસ્તુરબા ગાંધી પોતાના પુત્ર હીરાલાલ તથા રામદાસ સાથે પુનામાં પર્ણકુટીમાં મહાત્માજીની સેવામાં આવ્યા છે.

—કોન્ગ્રેસના પ્રમુખ શ્રી અણેએ મહાત્માજીના ઉપવાસ દરમ્યાન પુનામાંજ રહેવાનો નિરધાર કર્યો છે.

—મહાત્માજીનું છેલ્લું વજન ૯૨ રતલ છે.

—તા. ૧૪ મીની રાત્રે ગાજવીજ સાથે તથા પવનના તોફાન સાથે ૧॥ ઇંચ વરસાદ મુંબઇમાં પડયો છે.

—સત્યાગ્રહ મોકુફ રાખવાના ચોપાનીયાં વહેંચતાં ગાંધીજીના પૌત્ર કાંતીલાલની બારડોલી મુકામે ધરપકડ થઇ છે.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhanji Street, Bombay 3 and Published by Mansukhlal Hiralal for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું: 'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનુ મુખ-પત્ર)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનુ ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧ લી જુન ૧૯૩૩. | અંક ૨ જો.

વિષય સૂચિ.


| | | | |
|---|---|---|---|
| આર્યાવર્તનો અજોડ આત્મા. ... | ... શ્રી. લાલન. | મંગલ ... ... ... ... | શ્રી. ચોકસી. |
| કેસરીયાજી તીર્થ. ... ... | ... શ્રી. ચોકસી. | મહા મંત્રીનો પ્રવાસ. ... | શ્રી. હરીલાલ માંકડ. |
| નોંધ ... ... ... | ... શ્રી. ચોકસી. | જૈન જગત. ... ... ... | ... પ્રકાશક. |
| કોન્ફરન્સનું અધિવેશન કેમ ભરી શકાય? મહારાષ્ટ્રીય જૈન | | છેલ્લા સમાચાર. ... ... ... | ... પ્રકાશક. |


# આર્યાવર્તનો અજોડ આત્મા.

અમારી આર્યભૂમિની એ મહાન્ વિભૂતિએ આર્યાવર્તની અપવિત્રતાના મલ શોધનાર્થે જે ભીષણ તપશ્ચર્યા આદરી હતી. જે તપશ્ચર્યાના કિરણોએ સારાયે વિશ્વને ડોલાવી દીધું હતું, જે તપસ્વીના પવિત્ર ચરણરજથી પુનાની પર્ણકુટી પણ પવિત્ર યાત્રાધામ બની રહ્યું હતું, તે મહાન્ તપસ્વીએ અડગ શ્રદ્ધા અને અજોડ આત્મબળના પ્રતાપે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી સમસ્ત વિશ્વને આશ્ચર્ય ચકિત બનાવી દીધું છે, એટલુંજ નહિ, પણ આજે રાય કે રંક, શ્રદ્ધાળુ કે નાસ્તિક, ગરીબ કે તવંગર, સર્વેનાં મસ્તક એ મહાન્ વિભૂતિના ચરણમાં ઝુકી રહ્યાં છે.

એ તપસ્યાના પુનિત પ્રારંભમાંજ વિશ્વના અનેકવિધ માનવીઓ અવનવી કલ્પનાઓ કરી રહ્યાં હતાં. કોઇ એ મહાન્ તપસ્યાને અપવિત્રતાની વેદી પર બલિદાન માની રહ્યા હતા, તો કોઇ એને ઉંડી રાજ રમત તરીકે ઓળખાવી રહ્યા હતા. કોઇ એમાં અંતરની ઉંડી લાગણીઓનાં દર્શન કરતા તો કોઇને એમાં હઠવાદના અને નિર્બળતાના દર્શન થતાં હતાં, કોઈ એ મહાન્ આત્માની અડગ ટેક પ્રત્યે શિર ઝુકાવતાં હતાં, તો કોઈ અર્ધદગ્ધો છુપું હાસ્ય કરી તેની ઉપેક્ષા કરતા હતા.

પરંતુ આજે એકવીસ દિવસની ઉગ્ર તપસ્યા પછી જગત્ એ અજોડ આત્માની નિખાલસતા, વાત્સલ્ય પ્રેમ અને સત્વગુણ માટે મંત્રમુગ્ધ બની એનાં યશોગાન ગાઇ રહ્યું છે, એના ચરણ પર શિર ઝુકાવી રહ્યું છે. અમો પણ અમારી એ મહાન્ વિભૂતિને અનેકશઃ વંદન કરી અમોને કૃતકૃત્ય માનીએ છીએ.

**વંદન હો એ આર્યાવર્તના અજોડ આત્માને!**

—લાલન.

उद्धाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

—श्री सिद्धसेन दिवाकर.

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.


# જૈન યુગ.

તા. ૧-૬-૩૩ ગુરૂવાર


## કેસરીયાજી તીર્થ.

જૈન સમાજ ખરેખર આજે કુંભકાર્ણની ગાઢ નિદ્રામાં ઘોરી રહેલ છે તે વિના ઉપરોક્ત તીર્થ માટે આટલી હદે બેદરકારી દાખવે?

કથા સાહિત્યમાંનો એક દાખલો આ વેળા યાદ આવે છે કે એક શેઠના ઘરમાં ચોર દાખલ થયા. શેઠાણી ચબરાક હોવાથી એ વાત પામી ગયા, શેઠને ધીમેથી જણાવ્યું કે ઘરમાં નીચે ચોર દાખલ થયા છે. શેઠ કહે જાણું છું. શેઠાણી કહે આ પટારાના તાળાં તોડવા માંડયા તોકે જાણું છું. અરે આ પોટલા બાંધ્યા તોકે જાણું છું. અરે આ લઇને ચાલવા માંડયા, તોકે જાણું છું. અરે મહોલ્લા બહાર નિકળી પણ ગયા તોકે જાણું છું.

શેઠાણીને આથી બહુ લાગી આવ્યું. આમ મિલ્કત જાય એ કેમ ખમાય? પણ અબળા જાતિ બીજું કરે પણ શું? એટલે આખરે કંટાળીને બોલ્યા, જાણ્યુ, જાણ્યું, શું કરો છો? તમારા જાણપણામાં પડી ધુળ. કેસરીયાજી પ્રકરણમાં આપણી દશા ઉક્ત કથાના શેઠ જેવી બની છે. સમાચાર આવ્યા કે ભંડારના પૈસા સ્ટેટના કબજે ગયા તોકે ખબર છે. પંડ્યાઓને અમુક જાતની સત્તા દિવાનશ્રી તરફથી અપાણી, તોકે ખબર છે. પંડયાઓની કનડગતના સમાચાર યાત્રાળુ દ્વારા તંત્રીના ટેબલ પરથી પ્રગટ થવા લાગ્યા, ત્યારે માંડ શેઠ આણંદજી કલ્યાણજીની આંખ ઉઘડી. પત્ર વ્યવહાર શરૂ થયો. આપણી કોન્ફરન્સ જેવી અગ્ર સંસ્થા પણ સીધો પત્ર વ્યવહાર ન કરતાં સહકારમાં કામ કરવાની ભાવનાથી ઉક્ત પેઢી સાથેજ પુછપરછ કરવા લાગી. પણ એ મહાન્ પેઢીના કાર્યની ગતિ ગોકળ ગાયથી વધુ ઝડપી નથી એ વાતથી કયો જૈન આજે અજાણ છે? એટલે પત્રનો જવાબ માંડ પખવાડીયે ફરી વળવા લાગ્યો, આમ જ્યાં સમાજની આગેવાન સંસ્થાઓ પત્રવ્યવહાર ને તપાસના કાર્યમાં રોકાઇ ત્યાં તો પંડયાઓને પૂજા પ્રક્ષાલન આદિમાંથી અમુક ટકા રકમ મળવાના વર્ત-માન બહાર આવ્યા. છતાં કથાનકના શેઠની માફક ઉંઘ ન ઉડી તે નજ ઉડી. વિરોધ ઉઠાવી પ્રેસ અને પ્લાટફોર્મ ઉપરથી જોશભેર આંદોલન કરવાને સ્થાને રગશીયુ ગાડુ મંદ ગતિએ ચાલતુંજ રહ્યું. શિરોહી, બામણવાડા આદિથી પોકાર ઉઠયા, યાત્રાળુઓને દ્રવ્ય ખરચતાં અટકવાની સુચનાઓ થઇ, છતાં આપણી ઉભય મહાન્ સંસ્થાઓ તો કોઇ અગમ્ય પ્રદેશમાં તપાસ કરતી રહી. ભાગ્યે કોઇ પત્રમાં એના રીપોર્ટના આછાં પાતળાં દર્શન પણ થયાં. ત્યાં તો અચાનક બોમ્બ છુટે તેમ ધ્વજદંડ ચઢવાના ખબર મળ્યા. તાર તથા પત્રો અદિથી વિરોધો થયા, પણ મળેલી ખબર મુજબ વૈષ્ણવ સંપ્રદાયની વિધિથી ધ્વજા દંડ ચઢાવી દેવામાં આવ્યો છે. યાત્રાળુઓને બીજા પ્રકારની કનડગતો પણ થયાના વૃતાંતો બહાર આવ્યા છે. આમ છતાં આ બધું જાણ-પણમાંજ ગયું છે એ ઓછું આશ્ચર્ય છે? આ તીર્થની જાણે કોઇને પડીજ નથી, એવો દેખાવ ચોતરફ દ્રષ્ટિ કરતાં લાગે છે. કોઇ સુરિ મહારાજ ગુરૂમંદિરના વિચારમાં લીન છે, તો બીજા વળી વડોદરાના કાયદામાં એકતાર બન્યા છે! કેમ જાણે કાયદો થતાં સારાયે જૈન સાશન પર ભસ્મ રાશિ ગ્રહ ન બેઠો હોય! થોડા સાધુજી તો સામુદાયિક કર્મની નિર્જરા અર્થે તપ કરવા બેસી ચુકયા છે. તેમને મન આ તીર્થનો પ્રશ્ન ગૌણ છે શું?

આ પ્રશ્ન નાનો સુનો નથી, પણ જૈન સમાજ માટે આ જીવન મરણનો સવાલ છે. જો હજુ પણ પ્રમાદમાં રહી નજીવા ગૃહ કલેશોમાં અટવાયા કરીશું તો યાદ રાખવું કે આ તીર્થ પંડયાઓની ચળવળને લઇ વૈષ્ણવ સંપ્રદાયનું થઇ જશે માટે જાગ્યા ત્યાંથી સવાર ગણી કમર કસવાની દર્દભરી હાકલ છે. આત્માને અમર માનનારા ને શ્રી મહાવીરના વંશજ તરિકેનો અનુપમ લ્હાવો લેનારા સાવ નિર્બળની માફક લાખોની મિલ્કત અને આ તીર્થ હાથમાંથી સરી જવા દઇ, વિશ્વના ચોકમાં કયા મ્હોડે ઉભવા માંગે છે? યાદ રાખવું ઘટે કે ભૂતકાળની વીરતાના બળે વર્તમાન નહીં જીવી શકાય? ન ભુલવું ઘટે કે વિમલશા ભામાશા કે વસ્તુપાલ–તેજપાલના ચરિત્રો વાંચવામાંજ આપણું ગૌરવ જાળવી શકાય! સાચો ધર્મપ્રેમ દાખવવાનો પ્રસંગ નેત્ર સામે ઉપસ્થિત થવા છતા કુંભકરણની માફક હજી કયાં લગી ઘોર્યા કરવું છે? આ યુગમાં ધર્મ કે તીર્થ સંરક્ષણ કરવું હોય તો મ્હોડાની લુખી ભક્તિ કે ક્રિયાના ઉપરછલા હાવભાવ કામ નહીં આવે. એમાં તો તન મન ધનના ભોગો જોઇશે! એ પ્રશ્ન માટે મરી ફીટ-નાર નવલોહીઆ જોઇશે. રાજસત્તાના સામે તીર્થના હક સારૂ માથું ઉચકનાર વીરોનુંજ સમાજમાં સ્થાન હોવું જોઇએ.

પહેલા તકે કટિબદ્ધ બની, ત્યાંની અથથી ઇતિ સુધીની વિગત મેળવવા સારૂં યોગ્ય ગ્રહસ્થોને મોકલી દેવામાં આવે. દરમીઆન આ અંગે મુંબઇ કે અમદાવાદ જેવા અગ્રગણ્ય શહેરમાં કોન્ફરન્સનું ખાસ અધિવેશન બોલાવવામાં આવે. વિચારપૂર્વક ઠરાવો પાસ કરી સારાયે ભારત વર્ષના સંઘોનું બળ કેંદ્રિત કરવામાં આવે; અને જ્યાં લગી ન્યાય ન મળે ત્યાં લગી સતત એ કાર્ય પાછળ મંડી રહી લડત ચલાવનાર સમિતિ ઉભી કરવામાં આવે. આટલા પ્રારંભિક કાર્ય પછી અન્ય લેવા જોઇતા પગલા રફતે રફતે લેવાતા રહે. સત્ય આપણા પક્ષે હોવાથી સરવાળે જય આપણોજ છે એ ન વિસરાય, તેથીજ આ પ્રશ્નની ચર્ચા ચારે બાજુથી ઉપાડી લઇ અધિવેશન માટેનું વાતાવરણ સર્જવાના પ્રયાસો આદરવાની સમાજના ધુરિણોને આગ્રહભરી વિનંતિ છે.

—ચોકસી

# નોંધ.

## મુનિ સંમેલન—

સ્થાનકવાસી સાધુ સંમેલનથી અને વર્તી રહેલ વિષમ પરિસ્થિતિથી શ્વેતાંબર સંપ્રદાયમાં પણ સાધુ સંમેલન ભરવાની ભાવના ઉદ્દભવી છે જે સકારણ છે. મુનિશ્રી વિદ્યાવિજયજીએ પહેલ કરી દૈનિક પત્રોમાં એ પરત્વે જે વિચારશ્રેણી આલેખી છે તે તરફ અમો સૌ કોઇ સાધુ મહાશયોનું લક્ષ્ય ખેંચીએ છીએ. તેઓ પણ સ્વ હૃદયગત અભિપ્રાય જણાવે, અને જે જે સુચનાઓ કરવી યોગ્ય લાગે તે સુચવે તો અમારૂં મંતવ્ય છે કે મુનિ સંમેલન માટે અલ્પ કાળમાં આવશ્યક ભૂમિકા તૈયાર થઈ શકશે.

દેશ કાળ તરફ દ્રષ્ટિપાત કરતાં સહજ સમજાશે કે જેટલો વિલંબ સાધુઓને એકત્ર થઇ વિચારોની આપ લે કરતાં થશે તેટલો જૈન સમાજ ઇતર સંપ્રદાય કરતાં પાછળ પડશે અને આજે જે દુઃખકર દશા દૃષ્ટિગોચર થાય છે એના થર જાડાં ને ઘટ્ટ બનશે.

બૌદ્ધ ભિક્ષુ લોકનાથનું નિવેદન વાંચતાં હરકોઇ સાધુની તંદ્રા નષ્ટ થાય તેમ છે. હિંદમાં જેનું નામ નિશાન પણ રહ્યું નથી એવા બુદ્ધ ધર્મના પ્રચારાર્થે એંશી સાધુ સાથે સર્વત્ર પાદવિહાર કરી સિદ્ધાન્ત પ્રચારની કેવી સુંદર યોજના એ ભિક્ષુ તરફથી અમલમાં મૂકાયેલી છે. શ્રી મહાવીર દેવના જ્યેષ્ટ પુત્રો, અરે એ મહાપ્રભુની પાછળ જેમના હસ્તમાં સુકાન સોંપાયેલું છે એવા આ યુગના સુકાનીઓ હજુ પણ મૌનાલંબન સેવી, સમયજ્ઞ નથી થવા ઇચ્છતા? મહાત્માઓ! વિચારો, આજે તમો કયાં ઉભા છો? આ તે યુગ છે કે જે વેળા વિવિધ ધર્મી ને વિધવિધ સ્થાનવાસી આત્માઓ પોતિકા મતફેરો, એક પ્લાટફોર્મ બેસી શાંત ચિત્તે રજુ કરી શકે છે, જરાપણ વાણીને કટુ કર્યા સિવાય એનો ઉકેલ આણી શકે છે. આપ તો આત્માર્થી ઉંચી કક્ષાએ પહોંચેલા મહાત્માઓ છો. કષાયના પાશથી આપને લેપાવાપણું નજ હોય, પરમાત્મભાવ પ્રાપ્ત કરવાના મનોરથધારી છો તો વિશ્વની વેદિકા પર પરસ્પર મળવાની વાતથીજ આપના ગાત્ર કેમ ઢીલા થાય છે! જે અભ્યાસ ત્યાં આદરવાનો છે તેના મંગળાચરણ અહીંથી થાય તો શું ખોટું? આશા છે કે શ્રી વિદ્યાવિજયજીની શરૂઆત પછી ચરમ જીનના શાસનનો એક પણ સાધુ સ્વવિચાર નિર્દેશ કરી, ભૂમિકા તૈયાર કરવામાં પોતાનો ફાળો આપ્યા વગર ભાગ્યેજ જંપીને બેસશે.

## સન્યાસ દિક્ષા નિયામક કાયદો.

જૈન સમાજમાં જે માટે ચોકખા બે પક્ષો પડયા છે એવી અયોગ્ય દિક્ષા પ્રવૃત્તિને ડામવા સારૂ આખરે વડોદરા રાજ્યે પહેલ કરી છે. ધર્મ કારણમાં ત્રીજી સત્તા હાથ નાંખે એ જોકે ઇષ્ટ તો નથીજ, છતાં જે સમાજમાં કોઇ ધણી ધોરી ન હોય, જે સમાજમાં પચીસમા તીર્થંકર તુલ્ય ગણાતા સંઘને 'હાડકાનો માલખો' કહેનારા મુનિરાજો પડયા હોય, અને જે સમાજમાં સારાસાર જોયા વગર મુંડન પ્રવૃત્તિ વિના અંકુશે ધમારાબંધ આગળ વધતી હોય, ત્યાં પછી રાજ્ય સત્તાને ફરજીયાત માથું મારવું પડે એમાં નવાઇ પણ શી?

એકાદો પંથ પોતીકા શાસ્ત્રમાંથી શ્લોકોના શ્લોકો ટાંકી યજ્ઞમાં પશુ હોમવાના ફળના કોથળા ભરે, અગર તો બીજો ધર્મના ઓઠા તળે સતી થવાના રિવાજને કિંવા મદિરાપાનના બુરા વ્યસનને ધર્મના આવશ્યક અંગ તરિકે ઓળખાવવા મેદાને પડે તેથી એ બાબતમાં રાજ્ય હસ્તક્ષેપ નજ કરી શકે અથવા તો સમજુ પુરૂષો એ વાતનો તોલ ન કરે એ બનવું શકય છે ખરૂં? એમાં ડહાપણ સમાએલું છે એમ કોણ કહેશે? શાસ્ત્રોના વચનો સાથે દ્રવ્યક્ષેત્ર-કાળાદિનો સમન્વય કરી કામ લેવાનું ખુદ પરમાત્મા મહાવીર દેવ કહે છે, છતાં અફસોસની વાત એટલીજ છે કે એમના નામે નાવ તરાવનારા આજે એ વાત સાંભળે છેજ કયાં? યેન કેન પ્રકારેણ પોતાની પ્રવૃત્તિ દુનિયાની નજરે સાચી દેખાડવાના કોડમાં શાસ્ત્ર વચનોને મારી મચડીને અર્થનો અનર્થ કરી નાંખતાં પણ કેટલાક મહાપુરૂષો (?) અચકાતા નથી! એવાઓના આંધળીયા કાર્યનો નતીજો જે આવવો જોઇએ તે આપણી નજર સામે છે. સંઘની આણ માનવામાં હીણપત જોનારને આજે નીચી મૂંડીએ રાજ્યની આણ માનવીજ પડવાની છે.

આમાંથી હજુ પણ સત્ય ન તારવી શકાય? સુધારક વર્ગના શિરે ધુળ ફેંકવાનું અને જડવાદના નામે ટોપલો ઓરાડવાનું અપવિત્ર કાર્ય ત્યજી દઇ હજુ પણ સાચો રાહ પકડવામાં આવે તો હારી બાજી સુધરવાની તક છે.

હું કહું તે સાચું અગર તો મેં માન્યું તે શાસ્ત્રીય વચન, અથવા તો મેં કર્યો એજ આગમનો અર્થ એવા પ્રકારના 'અહં' અને 'મમ' છોડી દઇ પહેલી તકે સાધુ સંમેલન ભરવાના પ્રયાસો અદરાય એકવાર ભિન્ન માન્યતા ધરાવનાર, અને જુદી જુદી દ્રષ્ટિથી વિચારનાર પ્રત્યેક સાધુઓને આમંત્રણ આપી, બોલાવી, તેમને સમતાથી સાંભળવામાં આવે તો અવશ્ય આ ગુંચવાયલું કોકડું ઉકલી શકે. સમાજના ભાગલા પાડતો કલહાનલ શાંત થઇ શકે અને શ્રી મહાવીર દેવનો સંદેશ પ્રચારવાનો કોઈ દિવ્ય ને અનેરો માર્ગ લાધે.

બાકી યાદ રાખવું કે ધનને ગમે ત્યાં વેડફી નાંખવાથી કે પ્રીવી કાઉન્સીલના બણગા ફુંકવાથી કે બારણા ઠોકવાથી બન્યું તે ફોગટ થનાર નથી. વડોદરા સ્ટેટ તો નિમિત્ત કારણ છે. બાકી ઉંડા ઉતરી તપાસતાં તો દુઃખી અંતરોનો આર્તનાદ આજે કાયદા તરિકે ખડો થયો છે. ભલે એમ કહેવાય કે ધારાસભામાં કોઇ જૈન સભ્ય નથી, કિંવા કાયદો ઘડનાર સભ્યોને જૈન ધર્મના સિદ્ધાન્તોનું ભાન નથી; છતાં જેઓ જૈન ધર્મના અનુયાયીઓ છે અને જેમને જૈન ધર્મ રગેરગ પરિણમ્યો છે એવાઓ પણ છેલ્લા ત્રણે વર્ષોના બનાવોથી, નાસભાગ ને રોકકળના બનતા બનાવોથી, અને એમાં લાઇલાજે મહા વ્રતધારીઓને કરવા પડતાં પ્રપંચ ને વ્રત અતિચારોથી થાકી ગયા હતા, ને આવા અંકુશની હિમાયત કરતા હતા એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ જેવું નથી.

માટેજ કહેવું પડે છે કે આ કાયદો એ સ્ટેટનો લાદેલ બોજો નથી પણ આપણામાંના કેટલાકે મર્યાદા ઉલંઘન કરી જે સતામણી આરંભી હતી તેને બેઠેલ કડવું ફળ છે.

## ઉપવાસ મિમાંસા.—

જૈન ધર્મમાં તપના યશોગાન અને એમાં રહેલી અચિંત્ય શક્તિ માટે ઘણું ઘણું કહેવાયું છે. ઉપવાસ એ તો ઘણા પ્રકારના તપમાં પાયા રૂપ છે. એ સિવાય દુનિયા પણ જેને તપ તરિકે પિછાની શકે તેવા બાહ્ય તપના અન્ય પાંચ પ્રકાર છે, તેમજ બીજા છ પ્રકાર છે કે જે અભ્યંતર તપ તરિકે પ્રસિદ્ધ છે. એના સેવનમાં બાહ્યના દેખાવ કરતાં અંતરગત શુદ્ધિપર વધુ વજન મુકાયેલું છે. આમ તપ જેવી ક્રિયા, જરૂર બહાર તેમજ અંદર અથવા તો દેહ તથા આત્માની શુદ્ધિમાં આત અગત્યનો ભાગ ભજવે છે.

મહાત્માજીએ તપને અગ્રસ્થાન આપી શિક્ષિત સમાજમાં એનું સારૂં ગૌરવ વધાર્યું છે. જૈનો એમના કરતાં કપરી રીતે ઉપવાસ કરવામાં ટેવાયલા છે, છતાં ચારિત્રની જે છાપ આજે

તેઓશ્રીએ પ્રાપ્ત કરી છે અને આ ક્રિયાવેળા તેઓશ્રી જેટલા આત્મ શોધનમાં ઉંડા ઉતરે છે, તેવો દાવો જૈન આલમમાંથી કરનાર ભાગ્યેજ કોઇ જડી આવે. એક રીતે કહીએ તો ઇચ્છાનિરોધ તપ માત્ર આજે આહાર નિરોધમાં ફેરવાઇ ગયેલ છે. એ ક્રિયાવેળા આત્મશોધન કેટલે અંશે થાય છે, અથવા તો ઉપવાસના અર્થ પ્રમાણે આત્મા પ્રભુ સમિપ કેટલો પહોંચે છે, અથવા તો જ્ઞાનાબ્ધિમાં કેટલા પ્રમાણમાં ઉંડુ અવગાહન કરે છે, એનો તાગ કહાડતાં પરિણામ જવલેજ સંતોષકારક આવે તેમ છે. એટલેજ કહેવું પડે છે કે આપણે ઉપવાસને પકડ્યો છે ખરો, પણ માત્ર તેના આકારને, ભાવને તો નહિંજ. શું આ વાતને સાબિત કરવાની જરૂર છે? ક્યાં નથી સાંભળ્યું કે ત્રણ ઉપવાસે દેવો ચક્રિના પાદમાં આવીને મસ્તક નમાવતા? અરે બાળક એવા નાગકેતુનો અઠ્ઠમ તો આપણે પ્રતિવર્ષ યાદ કરીએ છીએ. આમ જેના ચમત્કાર સુવિખ્યાત છે તેના સેવનમાં આપણી કથા કયા પ્રકારની!

ગાંધીજીના ઉપવાસ માત્ર હિંદને નહિં પણ સારી આલમને હલાવી શકે. જ્યારે મુનીશ્રી ભારત વિજયજી આદિના ઉપવાસ કેટલી કિંમતના?

જરૂર ક્રિયાની દૃષ્ટિયે ચઢે, પણ પાછળના ભાવ કેવા! ગાંધીજીની માફક જાહેરાત કરવાનો હેતુ શો? વળી મનમાં તેમના જોડે સરસાઇ કરવાની મહત્વાકાંક્ષા કે બીજું કાંઇ? કેમકે તે વિના પાણી પીવાનું પણ દિવસનાજ! રાતના પાણી નહિં પીવાનું લખીને સમજુ સમાજમાં પ્રશ્ન ઉભો કરે કે જૈન સાધુઓ રાત્રિના પાણી પીએ છે ખરા કે! આત્મશુદ્ધિના ઉપવાસની જાહેરાત શા સારૂ? જાહેરાત કરનાર સાધુ જો સાચુંજ આત્મશોધન કરવા ઇચ્છતા હોય તો સાણંદથી રાત્રિયે વિહાર કરવા બદલ અને અમદાવાદની કોર્ટમાં નિગ્રંથ જીવન ભૂલી પુત્રના વાલીપણાનો હક કરવા બદલ પ્રથમ પ્રાયશ્ચિત લેવું ઘટે, અંતરના અવાજને વાણીના અલંકારની શી જરૂર? સામુદાયિક પાપની નિર્જરાના નામે, કેટલાક સાધુ અને સુધારકોના માથે ટોપલો ઓરાઢવા કરતાં પોતે જેમને દેવો માની રહ્યા છે એમની આખી છેલ્લા પાંચ વર્ષોની કાર્યવાહી નિહાળે તોજ સત્ય જડશે, ઉપવાસથી આત્મ શુદ્ધિ કરવીજ હોય તો—સામુદાયિક કર્મની નિર્જરા ઇષ્ટ હોય તો—પ્રથમ ભૂમિકા શુદ્ધ કર્યેજ છુટકો, પોતાની ભુલો ગાંધીજી માફક નિહાળીનેજ આગળ વધી શકાય. કુલીમાં ગોળ ભાંગવાથી દંભ સેવનનો દોષ લાગે છે એ વિસરી જવાનું નથી. ઉપવાસ કર્યો નિષ્ફળ તો નથીજ જતા, પણ તે હૃદય શુદ્ધિ વિનાના હોય તો સાચું તેજ પ્રસરાવી શકતા નથીજ.

## પદવી પ્રદાન યુગ આથમ્યો છે—

જૈન સમાજના સંતો-પૂજ્ય પુરૂષો શું એમ ધારે છે કે જેમ અલંકારોની હારમાળા વધુ તેમ તેમની ખ્યાતિ વધારે! તેઓ હવે જરૂર સમજી રાખે કે પદવીઓ આ યુગમાં કીર્તિવર્ધક નથી પણ કીર્તિભક્ષક બની ગઈ છે. 'ભગત' શબ્દની પ્રચલિત વ્યાખ્યા પરથીજ એનો ખ્યાલ આવી જાય તેમ છે. કદાચ ઇંદ્રભૂતિના જમાનામાં બિરૂદાવલિથી આત્મા મહાન્ દેખાતો હશે. પણ આજે તો જેમ વિશેષણોની હારમાળા વધારે, તેમ વાંચનારનું કાર્ય હળવું. ભલા કોઇ કહેશે કે કંકોત્રીઓમાંની શરૂની લીંટીઓ કેટલાએ કાળજીપૂર્વક વાંચવા તસ્દી લીધી છે? નજર સામે જૈન સમાજની જે સ્થિતિ દેખાય છે એ જોતાં એને આંગણે સુરિસમ્રાટ—સકળ આગમ રહસ્યવેદી, આગમોદ્ધારક, કવિ કુળ કિરિટ કિંવા તિમિર તરણિ હોવાનો શો અર્થ?

સમ્રાટ છતાં સૂરિઓની દશા પાંચસો સુભટ જેવી હોય, સર્વ આગમના રહસ્યને જાણવાની વાતો કરનાર કે આગમોના ઉદ્ધારની બાંગો પોકારનાર છતાં મતફેરોનો પાર ન હોય! અને આગમ ગ્રંથો ભંડારોમાં સડતા હોય! કિરિટ છતાં એકાદા નવા કાવ્યના સર્જનજ ન હોય અને તરણિ છતાં અંધારૂં વધતું જતું હોય તો પછી એ પદવીઓને સંઘરવાથી શો લાભ? કદાચ શ્રી હેમચંદ્રસુરિ કે શ્રી હરિભદ્રસુરિને એ હારમાળા શોભાસ્પદ બને, બાકી—આજના સૂરિઓ સારૂ જરૂર વધુ પડતી છે. કોઇના પ્રત્યે અંગુલિ નિર્દેશ કર્યા વગર આ સાચી વાત કહેવી પડે છે. સમજુ વર્ગમાં એથી આપણા સમાજની કિંમત અંકાય છે.

કીર્તિની પાછળ દોડનારને તે હરગીજ મળતી નથી, પણ એની અભિલાષા ખંખરી, કાર્યસાધનામાં રક્ત રહેનારની પાછળ તે ચાલીજ આવે છે. ચક્ષુ સામે ઉદાહરણ ખડાં છે. કામ કરી બતાવનાર પાછળ જનતા મરી ફીટે છે, અરે હૃદયના ઉમળકાથી એના સન્માન કરે છે, વણમાગ્યા વિશેષણો અર્પે છે. આ યુગબળ કાં નથી પરખાતું? આશા છે કે આ વિનંતિ બ્હેરા કાનો પર નહિં અથડાય. આ તકે એટલું ઉમેરીએ કે વીરશાસનમાં ભાઈ જીનદાસે જે ખોટી ટેકડી બામણવાડાના પ્રસંગ પરત્વે કરી છે ને તિરસ્કરણીય છે. એ પોતે જેને ગુરૂઓ માની બેઠેલ છે તેનો બચાવ કરે છે અને એમની પદ્વીઓમાં લાયકાત નિહાળે છે. આ રાગદશાના ચસ્મા જ્યાંલગી આંખે હશે, ત્યાંલગી એ ભાઇશ્રીને સત્યના દર્શન દુર્લભજ છે. જેનું કલેજું ઠેકાણે છે તે તો તરતજ સમજી શકે છે કે બામણવાડાનો પ્રસંગ એ તો હજારોની મેદની વચ્ચે ઉજવાયેલ છે, જ્યારે આજે જે ઉપમાઓ માની લીધેલા ગુરૂદેવો માટે આલેખાય છે એમાંની કેટલી સંઘની આપેલી છે? વળી કયા પ્રસંગે આપવામાં આવી છે એનો પ્રત્યુત્તર આપી શકાય તેમ છે? સ્પષ્ટ કહીએ તો એટલુંજ કે એ પદ્વીઓના શોધક ને ધારક આપના ગુરૂદેવો સ્વયમેવજ છે.

ગૃહસ્થોએ પણ ધ્યાનમાં રાખવાનું છે કે પદ્વી પ્રદાન પ્રસંગ કે માનચાંદના મેળાવડા ઉભા કરીને આપણે આપણા સંતોની કીર્તિગાથાને વધારતા નથી. પણ વિદ્વદગણમાં ઝાંખી પાડીએ છીએ. વિશેષણોના અર્થમાં ઉંડા ઉતર્યા વગર ગમે તેવા અલંકારોથી ગુરૂઓને નવાજવા એ બુદ્ધિમત્તાનું લક્ષણ નથી. સાચા ત્યાગીઓને એ અવશ્ય ઉપાધિરૂપ છે. અને એ સિવાયના બીજામાં એથી લાલચ—હરિફાઇ ને ખોટી સ્પૃહાના બીજારોપણ થાય છે. કેટલીકવાર એથી તો સાધુ ધર્મના ધ્યેયથી તેમને ચુકી જવું પડે છે. ઉપાસક તરિકે આમ થાય તે આપણને શોભાસ્પદ નથી.

કાગદ પરના સુંદર આલેખનો કિંવા ભારોભાર સ્તુતિવાક્યો એ નિષ્પક્ષ ભાવથી વિચારવામાં આવે તો ફુટી બદામની કિંમતના પણ નથી. બાળ માનસ ભલે એથી રાજી થાય પણ પંડિત માનસ તો એને ઉપેક્ષાની દ્રષ્ટિએ જોશે.

જનતા આજે આડંબરના દર્શનની ભૂખી નથી, પણ સાચાને નૈસર્ગિક દ્રષ્ય માટે તલપે છે. સત્યના દર્શનથીજ એની ભૂખ ભાંગવા એજ સુતરો માર્ગ છે.

# કોન્ફરન્સનું અધિવેશન કેમ ભરી શકાય?

જુન્નર કોન્ફરન્સના અધિવેશનથી આપણા સમાજમાં નવચૈતન્યનો સંચાર થએલો જણાયો અને હવેથી કોન્ફરન્સનું અધિવેશન નિયમિત રીતે ભરાતું રહેશે એવી આશા પ્રગટ થઈ. ત્યારબાદ સ્ટેંડીંગ કમીટીની બેઠક પણ મળી અને સુરત જિલ્લાનું આમંત્રણ પણ સ્વીકારવામાં આવ્યું. પણ વારંવાર અનેક જાતની અડચણો ઉપસ્થિત થઇ અને અધિવેશનની આશા આમ ઠેલાતાં અત્યાર સુધી તે માટે કાંઈ પણ ચિન્હો દેખાતાં નથી એ ખરેખર ખેદજનક છે.

કોન્ફરન્સનું અધિવેશન નહી ભરાવાના જે અનેક કારણો છે તેમાં મુખ્યત્વે કરીને પોતાને ત્યાં કોન્ફરન્સ ભાંગી પડશે કે શું? દિક્ષા પ્રકરણને અંગે જે કોલાહલ કેટલાક રૂઢીચુસ્તો તરફથી મચાવવામાં આવે છે તેને લીધે ધમાલ થઇ પોતાને માથે અપયશનો ટોપલો આવી પડશે કે શું એવા વિચારમાં ને વાસ્તીમાંજ કેટલાએક બંધુઓ કોન્ફરન્સનું અધિવેશન પોતાને ત્યાં ભરવા દેવા માટે વિરોધ કરે છે, એમાં શંકા નથી. જુન્નાર કોન્ફરન્સ વખતે એવોજ સુર કેટલાએક બંધુઓ તરફથી કાઢવામાં આવતો હતો. પણ જુન્નર કોન્ફરન્સનાં કાર્યવાહકો તે માટે બીલકુલ તૈયાર હતા. કોન્ફરન્સ નહી ભરતા શૂન્યવત્ નિર્માલ્ય થઇ પડી રહેવા કરતાં તો કોન્ફરન્સમાં કાંઇ વિદ્યુત્‌ના ચમકારા થાય અને મત મતાંતરોનો વિરોધ જન્મે તો પણ તેથી એકંદરે સમાજની પ્રગતીજ થશે એવી માન્યતાને લીધેજ જુન્નર કોન્ફરન્સ ભરવામાં બીલકુલ ગભરામણ નડી નથી. કોન્ફરન્સમાં ભાગલા પડી જાય તો આપણે ત્યાં કદાચ ધમાધમી થાય તો પણ તેનો દોષ આપણા માથે નથી. એવું જુન્નરના કાર્યકર્તાઓ સારી પેઠે જાણતા હતા. અને તેને લીધેજ તેઓ કોન્ફરન્સ ભરવામાં સફળ નિવડયા હતા. રૂઢીચુસ્તોની ધમાલ કરવાની રીતી નીતિ અત્યંત દુષિત અને લજ્જામણી તેમજ આવડત વગરની હતી એ હવે સહુ કોઇ જાણી ગયા છે. માટે કોઇ જો કોન્ફરન્સ ભરવા ધારે તો તેઓએ આ વાત ધ્યાનમાં રાખવાની છે કે, યશાપયશનો હીસ્સો મુખ્યત્વે કરી ખુદ કોન્ફરન્સને માથે છે. તેમાં અધિવેશન બોલાવનારને શરમાવા જેવું કાંઇ છેજ નહી. કોન્ફરન્સ ભરનારા ગામે તો ફક્ત આવેલા પ્રતિનિધિઓ માટે જમવા માટે રોટલો અને બેસવા માટે ઓટલો આપવાનો છે. એટલોજ મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે. આવો સીધો વિચાર કરવાનુંજ જુન્નર કોન્ફરન્સના કાર્યવાહકોએ ધ્યાનમાં રાખવાને લીધેજ તેઓ નિર્વિકાર રહી કોન્ફરન્સનું અધિવેશન ભરી શકયા એ વાત વિશેષ ધ્યાનમાં રાખી કાર્ય કરવાથી કોઇ પણ ગામને અધિવેશન ભરવામાં હરકત નડવાની નથી.

બીજી વસ્તુ ખરચની છે જુન્નર કોન્ફરન્સમાંથી ખુરસીઓની ભાંજગડ જો કે કાઢી નાંખવામાં આવી, એ સુધારો થયો ખરો, પણ મંડપ સુશોભિત કરવા પાછળ તેમણે વધુ ધ્યાન આપ્યું હતું અને હજારો રૂપીઆનું પાણી કરી નાખ્યું હતું તેમાં સુધારો થવાની જરૂર છે. જુના વિચારવાળાઓના ધમાલ વખતે જે ઉદ્‌ગારો નીકળતા હતા તે ઉપરથી તેઓના વિચાર ખુદ મંડપ ભાંગી નાખવાનો અગર બાળી નાખવાનો હતો એમાં શંકા નથી અને કોન્ફરન્સના મંડપના આસપાસ ઉંચી ભીતનો કોટ નહી હોત તો તેઓ કાંઇક નુકસાન કરવામાં યશસ્વી પણ થયા હોત એમાં શંકા નથી. ત્યાં સ્વયંસેવકો જો કે સારી સંખ્યામાં હતા અને આવા પ્રસંગ માટે બીલકુલ તૈયાર હતા, તેથી તેઓ કદાચિત્ નુકશાન થતું અટકાવી શકત અને હુલ્લડખોરોને મહારાષ્ટ્રનું પાણી ચખાડત, પણ એકંદરે નુકશાનનો પ્રસંગ હતો એમાં શંકા નથી, તે માટે જો બીલકુલ ખુલ્લા મેદાનમાં રાતના ખુલી હવામાં સારી રૂતુમાં કોન્ફરન્સનું અધિવેશન ભરવામાં આવે અને તદ્દન સાદી બેઠક રાખવામાં આવે તો ધમાલના પ્રસંગે નુકશાન થવાનો ભય નષ્ટ થઇ જાય અને કદાચ નુકશાન થાય તો પણ તે નજીવુંજ હોઇ શકે. જુન્નર કોન્ફરન્સનાં મંડપના પ્રવેશ દ્વારના નજીકમાં એક કુવો હતો. તેમાં પંપ ગોઠવેલો હતો અને બીજો ભાગ તદ્દન ઢાંકી દેવામાં આવ્યો હતો, હેતુ એવો કે કદાચ ધાંધલમાં કોઇનો પગ ખસી કુવામાં પડી જાય તેને બચાવી લેવાય, તેમજ જરૂર પડે પાણીનો જથો પુરો પાડવામાં આવે. માટે મંડપની ભાંજગડ કાઢી ખુલા મેદાનમાં અથવા જ્યાં થીએટર કે એવી બીજી જગ્યાની ગોઠવણ હોય ત્યાં તેનો ઉપયોગ કરવાનું બની શકે તો ઘટતી કાળજી રાખવામાં આવતાં મોટા ખરચનો ભાગ કાઢી નાખવામાં આવે અને તેટલા પ્રમાણમાં કોન્ફરન્સ ભરનાર ગામને સુલભતા થઇ શકે. બીજો ખરચનો પ્રશ્ન કુંકુમ પત્રિકાનો છે. આપણે હમણા દરેક ગામોમાં પત્રિકાઓ મોકલીએ છીએ, તેમાં છપામણી અને પોસ્ટેજનું ઘણું મોટું ખરચ કરવું પડે છે. તેને બદલે જો કોન્ફરન્સનું પ્રસિદ્ધી કરણ દરેક પેપરદ્વારા કરવામાં આવે તો તે આવકારદાયકજ લેખાશે. દરેક વિભાગમાં સ્થાનિક વર્તમાનપત્રો પ્રગટ થાય છે તે મારફતે જો પ્રાંતિક સેક્રેટરીઓ મારફતે પ્રસિદ્ધી કરવામાં આવે તો અત્યંત થોડા ખરચે પ્રસિદ્ધી થઇ શકશે. હાલમાં બધા ભાગોમાં છાપાઓ વંચાય છે અને નાંના ગામડાઓમાં પણ છાપાઓ પોચી ગયા છે તો તે દ્વારા પ્રગટીકરણ પુરતું થઇ શકશે. એમાં શંકા નથી. ગુજરાતી, ઈંગ્લીશ, હીંદી અને મરાઠી એવા દરેક છાપામાં જો કોન્ફરન્સની પ્રસિદ્ધી થાય તો ચાલે તેમ છે, માટે આ બાબત જરૂર વિચાર કરવા લાયક છે. કારણ કે તેથી આપણે એકાદ હજાર રૂપીઆનો બચાવ કરી શકીશું. જુન્નર કોન્ફરન્સના કાર્યવાહકોમાં આ બાબત વિચાર થયો હતો. પણ જુની પરંપરા તોડતા કેટલી અગવડો આવે છે તે જોતાં અને કોન્ફરન્સ હેડ ઓફીસનું વલણ જોતાં તેમ કરવાનું માંડી વાળવામાં આવ્યું હતું. માટે આ બાબત હવે નકી કરી નાખવાનો વખત આવી લાગ્યો છે.

કોન્ફરન્સનું અધિવેશન થાય ત્યાંના કાર્યવાહકો ઉપર ત્યાંના જમણનો અને સ્થાનિક જગ્યા વિગેરે વ્યવસ્થાનો બોજો રાખવો ઘટે છે. તેથી તે લોકો થોડા વખતમાં બધો બંદોબસ્ત કરી શકે. પત્રવ્યવહાર, પ્રગટીકરણ અને ઠરાવો કે બીજી અંતર્ગત વ્યવસ્થા કે ખાસ લોકોને બોલાવવું વિગેરે બધી બાબતોની જવાબદારી ખુદ કોન્ફરન્સ ઓફીસેજ રાખવી જોઇએ. તેથી કોઇ પણ જાતનો મતભેદ કે અગવડતા ઉત્પન્ન થવાનો સંભવજ ન રહે, અને કોન્ફરન્સ બોલાવનાર

# — સંગઠન. —

આપણી ચોતરફ દ્રષ્ટિ ફેરવતાં ઉડીને આંખે વળગે તેવી વસ્તુ એ જણાશે કે આજે સર્વત્ર સંગઠનની વાત ચાલી રહેલી છે અને એની સાધના માટે તડાગાર તૈયારીઓ થઇ રહી છે.

દૂર જવાની જરૂર છેજ નહિ, આપણાજ સ્થાનકવાસી બંધુઓએ અજમેર મુકામે એકઠા થઇ કેવા પ્રકારે કાર્ય સિધ્ધિ સાધવાના શ્રીગણેશાયનમઃ કર્યાં તે આપણે સહુ કોઇ જાણીએ છીએ. શ્વેતાંબર જૈન સમાજને એ કરતાં પણ વધુ પ્રયાસ સેવવાની આવશ્યકતા છે. આપણા ઘરમાં જે કલહ પ્રવર્તી રહેલાં છે અને એનાથી દિન ઉગે જે નવી હોળીઓ સળગતી જાય એનો સત્વર ઉપાય કરવામાં નહિ આવે તો આપણા અધઃપતનની હદ રહેવાનીજ નથી. આપણું બળ ઐશ્વર્ય એટલી હદે નષ્ટ ને ક્ષીણ થઇ જશે કે એમાંથી ઉભા થવા સારૂ કંઇ માર્ગ જડશે નહિ. તેથી હજુ સત્વેળા ચેતી જઇ જાગૃત થવાની ને ગુંચવાતા પ્રશ્નોનો ઉકેલ આણવાની જરૂર છે.

શ્રી શત્રુંજય યાત્રા ત્યાગ વેળા આપણું સંગઠન કેવું પ્રબળ હતું તે સૌ કોઇના અનુભવનો વિષય છે. આજે એવા પ્રકારના સંગઠિત બળની ખાસ અગત્ય ઉભી થઇ છે. દેશ સમક્ષ જે નવી પરિસ્થિતિના મંડાણ થયા છે એ વેળા આપણો એકત્રિત અવાજ હોય તોજ આપણા હકનુ સંરક્ષણ થવાનું માટેજ શ્વેતાંબર સમાજે પહેલી તકે પોતાના વિખરાયલા બળોને–માળાના છુટા પડેલા મણકાઓને–એકઠા કરી એક અતૂટ જુથ યાને મજબૂત માળાના સર્જન કરવાના છે.

પ્રમાદ દશામાં ઘણું ઘણું ગુમાવ્યું, આજે પણ શત્રુંજયના પ્રશ્નનો સાવ નિકાલ નથી આવ્યો. ઘડી પછી એમાં કેવી વલણ અખત્યાર કરવી પડે તે કહી શકાય નહિં. એવીજ રીતે કેશરીયાજી તીર્થ હાથમાંથી સરી ગયા જેવું છે. એ સારૂ જો સંગીન કાર્યક્રમ ન યોજવામાં આવે તો સમજી રાખવું કે આપણા પૂર્વજોનો એ અણમૂલો વારસો આપણે ગુમાવી બેસવાના.

દિક્ષાના પ્રશ્ને પણ આપણા સમાજમાં તડા પાડવામાં જે ઘેરે ઘેર કલેશની હુતાશનીઓ પ્રજ્વલિત કરવામાં કચાશ રાખી નથી, એ સંબંધમાં વડોદરા રાજ્યે પગલાં લઇ જે દીક્ષા નિયામક એકટ પસાર કર્યો એનું અનુકરણ બીજા સ્ટેટો કરવાના.

આ રીતે આપણી સ્વતંત્રતા ઉપર આપણા કેટલાક સાધુઓની શિષ્ય ઘેલછાથી અને એને પુષ્ટિ આપનાર આંધળીયા વૃત્તિના અનુયાયીઓથી નિશંક કાપ પડવાનો. આપણામાંના થોડાકની સ્વાર્થ લોલુપતાથી સારાયે સમાજને શોષવું પડવાનું.

હજુ પણ ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણી એ સ્થિતિ અટકાવવાનો માર્ગ કહાડવાની અગત્ય છે. આજે પણ હૃદયમાં જો જૈનધર્મની સાચી દાઝ હોય તો દિક્ષા પ્રશ્ન માટે જૈન સંઘોની સત્તા સર્વોપરી જાહેર કરી એ સારૂ ઘટતા કાનુન ઘડી શકાય તેમ છે. એક વાર જુન્નર કોન્ફરન્સના દિક્ષા સંબંધી ઠરાવની ઠેકડી કરનાર અને એ સામે મનગમતી ધુળ ઉરાડનાર વર્ગ આજે જોઇ શકે છે કે ઠરાવ કરવામાં અને એ પ્રકારે અમલ કરવામાં અવસ્ય ડહાપણ સમાયેલું હતું. એ ઠરાવનો અમલ સદ્દબુદ્ધિથી કરાયો હતે તો આજે વડોદરા સ્ટેટને કાયદો કરવાનો વખત ન આવતે.

હજી પણ આંખ ઉઘડતી હોય તો કમિટિઓના નામે કે પૈસાના જોરે મનગમતા રીપોર્ટો કરવાના ત્યજી દઇ સકળ સંઘની સર્વોપરિતા સ્વીકારવાના એકરાર કરવામાં ક્ષણ માત્રનો વિલંબ ન ઘટે. સંઘ સત્તાની છિન્ન ભિન્નતા દૂર કરી પુનઃ તેની રચના કરવાના ઉપાયો આદરવા જોઇએ.

અણીની પળ ઉપસ્થિત થઇ ચુકી છે. એમાં જેટલે અંશે વિલંબ થાય છે તેટલે અંશે આપણે પાછળ પડતા જઇએ છીએ. એ ચોકખુંજ છે હજુ પણ સંગઠન માટે આપણામાં ઉત્કટ તાલાવેલી જન્મે અને સ્થાનકવાસી સાધુ સંમેલન જેવી તીવ્ર જિજ્ઞાસા આપણા સાધુ વર્ગમાં ઉદ્ભવે તો હારની બાજી જીતમાં ફેરવી શકાય તેમ છે! સમાજના સૂત્રધારો અને હિતચિંતકો વિચારશે કે?

આશા રાખવી વધારે પડતી તો નજ ગણાય, આમ છતાં જો ધર્મપ્રેમી તરિકે સ્વજાતને ઓળખનાર વર્ગ તૈયારી ન દાખવે તોપણ કોન્ફરન્સના અનુયાયીઓએ આ પ્રશ્ન ઉપાડી લેવાની ખાસ અગત્ય છે.

—**ચોકસી.**

---

ગામ। લોકોના મનને પૂર્ણ શાંતિ રહી હેડ ઓફીસનું દબાણ કે એમની અગવડોની કે ખરચની બીલકુલ કાળજી ન રહે. બધી જવાબદારીજ હેડ ઓફીસને માથે રહે, એમ કરવાથી મોટો બોજો માથેથી ઉતરી જાય અને કોન્ફરન્સનું અધિવેશન સુલભ થઇ જાય.

હાલની પ્રથા મુજબ બધી જવાબદારી કોન્ફરન્સ બોલાવનારને માથેજ હોવાને લીધે તેઓ ખરચમાં તો ઉતરે છેજ પણ તે સાથેજ બબ્બે મહીનાઓ સુધી ઘરનો ધંધો છોડી કેવળ કોન્ફરન્સના કામમાં લાગી જવું પડે છે અને તેથી ઘણીજ અગવડ વેઠવી પડે છે, અને આટલો બધો ભોગ આપવો ઘણાઓ માટે વિશેષ થઇ પડે તે સ્વાભાવિક જ છે. જુન્નર કોન્ફરન્સ વખતે અન્ય ગામોથી કાર્યકર્તાઓ બબ્બે મહિનાઓથી ઘર માંડી આવી રહેલા હતા એમ કરવું દરેક ઠેકાણે પાલવે તેમ નથી એ બાબત વિચાર કરવાની જરૂર છે. કામની વેહેંચણી કરી હદકાર્ય મેળવી યુકિત પુર્વક જો કામ લેવામાં આવે તો કોઇપણ ગામવાળાને કોન્ફરન્સ બોલાવવામાં બીલકુલ અડચણ જેવું જણાય નહી હવેથી જુની પરંપરા છોડવાની ખાસ જરૂર છે.

કોઇ તીર્થભુમીમાં કોન્ફરન્સ બોલાવવાનો પ્રશ્ન ઘણા દિવસથી કોન્ફરન્સ આગળ છે. અને આપણા દીગંબરી બંધુઓ તે મુજબ કોન્ફરન્સ ભરે છે પણ ખરા. તો આપણે તે પ્રયોગ શામાટે કરી ન જોવો એ સમજાતું નથી. બધી કાર્યવાહી મુંબઇથી થાય અને એકાદ અઠવાડીયુ જવાબદાર મંત્રીઓ ભોગ આપે તો આવા અધિવેશનો યશસ્વી થાય એમાં શંકા નથી. રૂઢીચુસ્તોથી ડરી જવાની હવે બીલકુલ જરૂર રહી નથી. દરેક કોમમાં સુધારાના વિરોધીઓ રહેવાનાજ. તેઓ હમેશ કનડગત તો કરવાનાજ. પણ તેમના કાર્ય પાછળ કેવળ અસહિષ્ણુતા અને અજ્ઞાન હોવાને લીધે તેમનાથી ડરવાનો વખત રહ્યોજ નથી.

આ બધી વાતોનો વિચાર કરી કોન્ફરન્સ ઓફીસ યોગ્ય ઠરાવો કરી પ્રગટ કરે તો તેનું પરિણામ આવશે એવી અમોને ખાત્રી છે.

**–મહારાષ્ટ્રીય જૈન.**

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

## ના

# એક સ્થાનિક મહામંત્રી શેઠ રણછોડભાઇ રાયચંદનો પ્રવાસ

### ઠેર ઠેર જાહેર સભાઓ–અને–પ્રચાર કાર્ય.

**આ** સંસ્થાના એક મહામંત્રી શેઠ **રણછોડભાઇ રાયચંદ** એક ખાસ ટ્રેન મારફતે આશરે ૩૦૦ યાત્રાળુઓને લઇ સમેત શિખર આદિ અનેક મહાન્ તીર્થોની યાત્રાર્થે તા૦ ૩૦–૧–૩૩ ના રોજે સમસ્ત હિંદના પ્રવાસે નિકળ્યા હતા તે વખતે કોન્ફરન્સનાં પ્રચાર અર્થે જૈનોની જાહેર સભા મેળવવા માટે અગાઉથી ગોઠવણો કરવામાં આવી હતી. અને દરેક સ્થળે તેવી સભા મેળવવા માટેની તારીખો વગેરે સબંધે અગાઉથી ખબર આપવામાં આવતી હતી. દરેક જગાએ પહોંચતાં યાત્રાળુઓ અને આગેવાનોનું ઠેકઠેકાણે ભવ્ય સ્વાગત થયું હતું, સ્વામી વાત્સલ્ય થયાં હતાં, ભવ્ય સંમેલનો થયાં હતાં અને અનેક સ્થળેથી શેઠ રણછોડભાઇને માનપત્રો એનાયત થયાં હતાં. કોન્ફરન્સના પ્રચારાર્થે પહેલી સભા અકોલામાં મલી હતી.

**અકોલામાં જાહેર સભા:** સ્પેશીયલ ટ્રેન સુરતથી રવાના થઈ બારડોલી, વ્યારા, નંદરબારમાં જમણ અને ચા વગેરે માટે જરૂરી રોકાણ પછી અકોલા તા૦ ૩૧–૧–૩૩ ના રોજ સવારમાં પહોંચી હતી. અત્રે શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથની યાત્રા કરતાં પાછા ફર્યા બાદ બીજે દિવસે અગાઉથી થયેલ ગોઠવણ મુજબ એક જાહેર સભા મલી હતી સભામાં હાજરી ઘણી સારી હતી. અને શ્રોતાઓમાં ઉત્સાહ સારો જણાતો હતો. સભાનું પ્રમુખ સ્થાન **શેઠ રણછોડભાઈ** ને અપાયા બાદ શેઠ **લલુભાઇ કરમચંદ દલાલ, શ્રી સાકરચંદ એમ. ઘડીયાલી,** તથા **શ્રી હરિલાલ એન. માંકડ** વગેરેએ પ્રાસંગિક વિવેચનો કર્યાં બાદ ત્યાંના સ્થાનિક બંધુઓ તરફથી ઘટતાં વિવેચન થયાં હતાં અને સભા મોડેથી વિખરાઇ હતી. આ સ્થળે નોંધ કરવા લાયક બિના એ બની હતી કે અકોલામાં વસતા જૈનો જુદા જુદા તડોમાં વહેંચાયલા હતા અને તેઓ બધા એક સાથે બેસી કદી જમતા નહોતા. શેઠ રણછોડભાઇ તથા લલુભાઇના ભારે પ્રયાસથી તા. ૧–૨–૩૩ ના રોજ સૌએ સાથે બેસી યાત્રાળુઓ તરફથી અપાયેલ જમણ લીધું હતું. અને આ રીતે કોન્ફરન્સના એક સંગઠ્ઠનના પ્રયાસનું સારૂં પરિણામ આવ્યું હતું.

**નાગપુરમાં જાહેર સભા:** અકોલાથી રવાના થઈ વર્ધા, ભાંડુકજીની યાત્રા કરી નાગપુર આવી પહોંચ્યા હતા. શહેરમાં દર્શન પૂજન વગેરે થયા પછી રાતના એક જાહેર સભા મલી હતી. તે વખતે કોન્ફરન્સની ઉપયોગિતા, જરૂરીયાત અને તેના ઠરાવો તથા અત્યાર સુધીની કાર્યવાહી અંગે શ્રી ઘડીયાલી, તથા મી. માંકડે વિવેચનો કર્યાં હતાં અને સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવી હતી. તથા પ્રતિવર્ષ સંઘ તરફનો ફાળો મળતો રહે એવી સૂચના કરી હતી. અત્રે સ્ટેન્ડીંગ કમિટીના મધ્ય પ્રાન્તના સભ્યોની ખાલી રહેલી જગાઓ પુરવા માટે જણાવવામાં આવતાં (૧) શ્રી પાનમલ કેશરીમલ ઝવેરી અને (૨) શ્રી પ્રેમચંદજી ચોરડીઆ. ને ચુંટી કાઢવામાં આવ્યાં હતાં. સુકૃત ભંડાર ફંડમાં જૂજ રકમો એ વખતે ભરવામાં આવ્યા બાદ ત્યાંના સ્થાનિક ગૃહસ્થો તથા શેઠ રણછોડભાઇએ પ્રાસંગિક વિવેચનો કર્યાં બાદ ફુલ હાર અપાયા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

**કલકત્તામાં પ્રચારકાર્ય:** નાગપુરથી રવાના થયા બાદ **રાયપુર** ઉતરતાં ત્યાં દિવસના થોડા કલાકો જેટલીજ રોકાણ હોવાથી સુકૃત ભંડાર ફંડના હેંડબિલો વહેંચાવા સિવાય અન્ય કાર્ય થઇ શકયું નહોતું. ત્યાંથી રવાના થઇ ગિરડી ઉતરી શ્રી સમેત શિખરજીની યાત્રાર્થે **મધુવન** ગયા હતા. જ્યાં ત્યાંની પેઢીના વહીવટ સંબંધે પૂછપરછ કરવામાં આવી હતી, અને કેટલીક સુચનાઓ કરવામાં આવી હતી. અત્રેથી ઉપડી તા. ૧૧–૨–૩૩ ના રોજ **કલકત્તા** આવી પહોંચ્યા હતા. અત્રે કોન્ફરન્સના ખાસ અધિવેશનના પ્રમુખ મહાશય **શ્રીમાન્** બહાદૂરસિંહજી સિંધી કોન્ફરન્સના પ્રાંતિક મંત્રી શ્રી ગણેશલાલ નાહટા, ગુજરાતી સંઘના આગેવાનો શેઠ પ્રાણજીવનભાઇ તથા મહારાજ બહાદૂરસિંહજી, શ્રીમાન્ તાજબહાદૂરસિંહ વગેરે સાથે કોન્ફરન્સ અંગે ઘણી ઉપયોગી ચર્ચાઓ થઇ હતી. અને આ કેટલાક આગેવાનોની એક ખાનગી મીટીંગ મુકામ ઉપર મલી હતી, જે વખતે પણ યોગ્ય ચર્ચાઓ થઇ હતી. તે ઉપરાંત કોન્ફરન્સની અત્યાર સુધીની કાર્યવાહીનો સંક્ષિપ્ત વૃત્તાંતરૂપે પ્રકટ કરવામાં આવેલ પેમ્ફલેટ ઘેર ઘેર પહોંચાડવામાં આવ્યું હતું.

**અજીમગંજમાં જાહેર સભા:** કલકતેથી રવાના થયા અજીમગંજમાં એક સભા તા. ૧૮–૨–૩૩ના રોજ ગોઠવવામાં આવી હતી. જેનું પ્રમુખસ્થાન શ્રીમાન્ **બહાદુરસિંહજી સીંધીએ** ખાસ પધારીને લીધું હતું. અજીમગંજના બાબુ સાહેબો સમક્ષ કોન્ફરન્સના એક જનરલ સેક્રેટરી **શ્રી. નિર્મલકુમાર નવલખા** તથા સંસ્થાના એસીસ્ટંટ સેક્રેટરી **શ્રી. હરિલાલ માંકડે** કોન્ફરન્સ સંબંધે જરૂરી માહિતી પૂરી પાડતાં તેણે કોમની બજાવેલ સેવાનું વર્ણન આપ્યું હતું. એજ્યુકેશન બોર્ડ, બનારસ હિંદુ યુનિવર્સીટી જૈન ચેર તથા તીર્થ રક્ષા અંગે કરેલ કાર્યની ટુંકમાં માહીતિ આપ્યા પછી કોન્ફરન્સની એક શાખા ઓફીસ ખોલવા અરજ કરી હતી. બાદ બાબુ સાહેબ બહાદુરસિંહજી સીંગીએ પ્રમુખસ્થાનેથી ઘણી પ્રશંસનીય સૂચનાઓ કરી હતી અને તે બાદ એક સ્થાનિક સમિતિ નિમવામાં આવ્યા પછી તેના સભાસદો નોંધાયા હતા અને સભા મોડેથી વિસર્જન થઇ હતી. (ચાલુ)

---

**સુધારો:**—ગયા અંકમાં એટલે તા. ૧૫–૫–૩૩ ના અંકમાં પ્રેમવિજયજી સાધુએ ઘાટકોપરમાં હીરા ચોર્યાના જે સમાચાર "જૈન જગત્" ના હેડીંગ નીચે છપાયા છે, તેમાં ભૂલ છે, તે હીરા ચોરનાર પ્રેમવિજયજી સાધુ નહિ પણ મંદિરનો પૂજારી છે, અને પ્રેમવિજયજી નામના સાધુએ તો ઘાણેરાવ–મારવાડમાંથી મૂર્તિઓ ચોરી છે, માટે વાચક ગણે તે સુધારી વાંચવા વિનંતિ છે.

## જૈન જગત્.

**જૈન ભોજનશાળાઃ**—ગયા વૈશાખ વદ ૧૩ ના દિવસથી ભોજનશાળા અબદુલ રહેમાન સ્ટ્રીટમાં ફોલાચંદ બીલ્ડીંગમાં ચાલુ થઇ ગઇ છે, સાંભળવા મુજબ ૩૨૭ ભાઇઓએ આ ભોજનશાળાનો લાભ લેવાનું શરૂ કરી દીધું છે. એટલે હાલ તો જેટલી સંખ્યા માટે સગવડ હતી તે સઘળી પૂરાઇ ગઇ છે. આ ભોજનશાળા સામાન્ય સ્થિતિના જૈન ભાઇઓને આવકારદાયક નીવડવા સંભવ છે.

**ઉપવાસ પરંપરાઃ**—સામુદાયિક કર્મની નિર્જરાના કાલ્પનિક કારણ નીચે તા. ૧૮-૫-૩૩ થી મુનિશ્રી ભરતવિજયજીએ જે ઉપવાસ ચાલુ કર્યા છે, તેનું અનુકરણ બીજા બે મુનિઓ ચંદ્રવિજય અને ધર્મસાગરે પણ કર્યાના સમાચાર મળ્યા છે.

**મુનિઓનું આગમનઃ**—પન્યાસજી શ્રી ભક્તિવિજયજી (વિજયધર્મસૂરિના શિષ્ય) પોતાના શિષ્ય સમુદાય સહિત મુંબઇ તરફ આવી રહ્યા છે, અને તેઓ મુંબઇમાં લાલબાગમાં ઉતરશે એમ સંભળાય છે.

**અખિલ ભારત વર્ષીય જૈન વનિતાશ્રમ-આગરાઃ**—શ્રીમતી વીમલાદેવી જૈન લખી જણાવે છે કે-આગરામાં સ્થાપન થયેલા આ આશ્રમમાં કોઇપણ વિધવા બ્હેન પોતાની કમજોરીથી વ્યભિચારમાં ફસી ગઇ હોય, અને ગર્ભવતી થઇ હોય, તો તેને ગુપ્તપણે રાખવામાં આવે છે, અને બાળકનું પણ એ આશ્રમમાં પોષણ કરવામાં આવે છે, તેમજ અન્ય સ્થળેથી પણ પ્રાપ્ત થયેલાં આવાં નિરાધાર બાળકોને રાખવાની જરૂરીયાત જણાય તો તેઓને પણ ત્યાં રાખવાની સગવડ કરવામાં આવે છે. ઠે. વીમલાદેવી જૈન-મોતીકટરા, આગરા (યુ. પી.)

**સ્વ. શ્રી. વિજયસિંહજી દુધેડીયાઃ**—દુધેડીયા કુટુંબ જૈન કોમમાં અગ્રગણ્ય કુટુંબ ગણાય છે, મરહુમ વિજયસિંહજી એ પ્રખ્યાત કુટુંબના વૈભવશાળી સજ્જન હતા, તેઓનું આખું કુટુંબ જૈન ધર્મ પર અપૂર્વ લાગણી ધરાવે છે, તેઓના વડિલ શ્રી. બુદ્ધિસિંહજી દુધેડીયાએ ત્રીજી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું, મરહુમ પણ કોમની ઉન્નતિમાં સારો રસ લેતા હતા. પરમાત્મા તેના આત્માને શાન્તિ આપે.

**મુંબઇમાં પ્રેત ભોજનઃ**—હજુ તો બાબણવાડજીમાં ભરાએલી પોરવાલ પરિષદના સંસ્મરણો પણ ભુલાયાં નથી, ત્યાં તો એજ પોરવાલ કોમમાં ગઇ તા. ૨૩-૫-૩૩ ના રોજ મુંબઇમાં પ્રેત ભોજન થયાના સમાચાર મળ્યા છે. આવા પ્રસંગોએ આગેવાનોએ પરિષદના ઠરાવોનું પાલન કરાવવા ખુબ પ્રયાસો કરવા જોઇએ.

**કેસરીયાજીમાં ધ્વજારોપણઃ**—ગયા વૈશાખ વદિ ૬ ને દિવસે કેસરીયાજીમાં આપણા અનેકવિધ પ્રોટેસ્ટો અને વિરોધના તારો છતાં બ્રાહ્મણોદ્વારા વૈદિક વિધિથી ધ્વજા ચડી છે, તેવા સમાચારો ત્યાંથી આવેલા યાત્રિકો દ્વારા મળ્યા છે. આટલું બન્યા છતાં જૈન કોમ શું હજુ નહિ જાગશે?

**શિષ્યવૃત્તિઃ**—શેઠ સારાભાઇ મગનભાઇ મોદી તરફથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને કોલેજ યા વિદ્યાલયમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે લોન રૂપે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વધુ વિગત માટે મહાવીર જૈન વિદ્યાલયના સેક્રેટરીઓને લખવું.

**પાલનપુર**—આચાર્યશ્રી વલ્લભસૂરિનું ચાતુર્માસ અત્રે નક્કી થયાનું જણાવવામાં આવેલ છે. છતાં સૂરિજી પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજને મળવા માટે પાટણ પધારશે લગભગ એકાદ મહિનો ત્યાં સ્થિરતા કરી પુનઃ પાલનપુર આવશે. જો કે સૂરિજી પહેલાં પાટણ ચાતુર્માસ કરવાના હતા. પરંતુ એમ સંભળાય છે કે કોઇ માણસે એવો નિશ્ચય કર્યો છે કે દશવીશ હજારનો ખર્ચ થાય તો ભલે થાય પણ સૂરિજીને ચાતુર્માસ રહેવા દેવા નહિ. એટલે ધમધલાઓ નકામું ધાંધલ ન મચાવે અને સંઘમાં અશાંતિ ન થાય તે માટે તેઓશ્રીએ પાટણમાં ચાતુર્માસ કરવાનું માંડી વાળ્યું છે.

**મૂર્તિઓ ખંડિત કરીઃ**—સાદડીના એક બંધુ જણાવે છે કે ગત વૈશાખ વદ ૮ ના રોજ શ્રી રાણકપૂરજીના એક મંદિરમાં છ મુસલમાનોએ જઇ રંગમંડપમાંની ત્રણ મૂર્તિઓના નાક ખંડિત કર્યા છે. આ બાબતની ખબર સાદડી સંઘને મળતાં તેઓએ કોર્ટમાં ફર્યાદ નોંધાવી હતી તે પરથી મુસલમાનોને પકડવામાં આવ્યા હતા. આ મુસલમાનોને ૭૫-૭૫ ના જામીન પર છોડી મૂકવામાં આવ્યાના સમાચાર મળ્યા છે.

**ઉપવાસઃ**—વડોદરાવાળા શ્રીયુત્ લાલભાઇ કલ્યાણભાઇ ઝવેરીએ પણ મહાત્મા ગાંધીજીની સાથેજ એકવીસ દિવસના તદ્દન મૌન ઉપવાસ કર્યા હતા, ડોકટરોએ તેની તબીયત તપાસી હતી, સંતોષકારક માલમ પડી છે.

## છેલ્લા સમાચાર.

—ઉડતું પંખી ખબર લાવ્યું છે કે યંગમેન્સ જૈન સોસાયટીવાળા જેઓ અત્યાર સુધી વિજયનેમિસૂરિથી વિરૂદ્ધ ચાલતા હતા, તેઓએ હવે વિજયનેમિસૂરિ ચાલુ વિગ્રહમાં વચ્ચે પડી કંઇ સમાધાન કરાવે એવી ઇચ્છાથી ડેપ્યુટેશન મોકલવા ઠરાવ્યું છે.

—કેસરીયાજીના ધ્વજદંડ સંબંધી શ્રી. ચંદનમલ નાગોરી ખુલાસો કરતાં જણાવે છે કે નવી ધ્વજા ચડાવવા હજી સુધી મહારાજા સાહેબે કોઇને રજા આપી નથી, તેમજ ધ્વજની કુંભી જરા નરમ પડવાથી ધ્વજા ઉપરથી જરા નમી ગઇ છે.

—બૌદ્ધ-મતના સંગઠન અર્થે બૌદ્ધ ભિક્ષુ-સંઘે એકનાથ નામના ઇટાલીયન બૌદ્ધ ભિક્ષુને પોતાના આગેવાન તરીકે જાહેર કર્યા છે, અને તેઓ પોતાના ૮૦ ભિક્ષુઓના સમુદાય સહિત હિંદને ગામડે ગામડે બૌદ્ધ ધર્મના પુનઃ પ્રચારાર્થે ભમવાના છે.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhanji Street, Bombay 3 and Published by Mansukhlal Hiralal for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧૫ મી જુન ૧૯૩૩. | અંક ૩ જો.

વિષય સૂચિ.


| | | | |
|---|---|---|---|
| ૧ ખરો સુધારો... | ... મહાત્મા ગાંધીજી. | ૫ કોન્ફરન્સ બોલાવવાની હીલચાલ ... | ... ઓફિસ. |
| ૨ દીક્ષા નિયામક કાયદો ... | ... તંત્રી. | ૬ શેઠ રણછોડભાઇનું ભાષણ... | ...શ્રી રણછોડભાઇ. |
| ૩ નોંધ ... | ... તંત્રી. | ૭ કાર્યવાહી સમિતિની સભા... | ...પ્રકાશક. |
| ૪ કેસરીયાજી અને જૈનો... | ... શ્રી. ચોકસી. | ૮ જૈન જગત્ ... | ...પ્રકાશક. |


## ખરો સુધારો.

૧ સુધારો એ વર્ત્તન છે કે જેથી માણસ પોતાની ફરજ બતાવે છે, ફરજ બજાવવી તે નીતિ પાળવી એ છે. નીતિ પાળવી એ આપણા મનને તથા ઇંદ્રિયોને વશ રાખવી એ છે. એમ કરતાં આપણે આપણને ઓળખીએ છીએ. આ જ 'સુ' એટલે સારો ધારો છે. તેથી જે વિરૂદ્ધ તે કુધારો છે.

૨ માણસની વૃત્તિઓ ચંચળ છે. તેનું મન ફાંફાં માર્યા કરે છે. તેના શરીરને જેમ વધારે આપીએ તેમ વધારે માગે છે; વધારે લઇને પણ સુખી નથી થતું. ભોગ ભોગવતાં ભોગની ઇચ્છા વધતી જાય છે. તેથી પૂર્વજોએ હદ બાંધી ઘણા વિચારો કરી જોયું કે સુખ દુઃખ મનનાં કારણ છે. તવંગર તે તવંગરીના કારણથી સુખી નથી. ગરીબ તે ગરીબાઇના કારણથી દુઃખી નથી. ગરીબ સુખી જોવામાં આવે છે. કરોડો તો ગરીબજ રહેશે. અને આમ જોઇ તેઓએ ભોગની વાસના છોડવી.

૩ કોઇપણ દેશમાં કોઇપણ સુધારા નીચે માણસો સંપૂર્ણતાને નથી પામ્યા, યુરોપમાં ચાલી રહેલાં અમન-ચમન ઉપરથી દેખાય છે કે, અર્વાચીન સંસ્કૃતિમાં રાજસી અને તામસી સત્તા પ્રબળ છે, જ્યારે પ્રાચીન આર્ય સંસ્કૃતિમાં સાત્વિક સત્તા પ્રબળ છે. અર્વાચીન સંસ્કૃતિ મુખ્યતઃ ભોગપ્રધાન છે, આપણી મુખ્યતઃ ધર્મપ્રધાન છે. અર્વાચીન સંસ્કૃતિમાં જડ પ્રકૃતિના નિયમોનું સંશોધન કરાય છે, અને મનુષ્યની બુદ્ધિ શકિતનો ઉપયોગ, વસ્તુ ઉત્પન્ન કરવાનાં સાધનો, અને વિનાશ કરવાનાં ઉપકરણો શોધવામાં અને રચવામાં કરાય છે; જ્યારે આપણી સંસ્કૃતિની પ્રવૃત્તિ મુખ્યતઃ આધ્યાત્મિક નિયમો શોધવાની છે. હિંદી સુધારાનું વલણ નીતિ દઢ કરવા તરફ છે, પશ્ચિમના સુધારાનું વલણ અનીતિ દઢ કરવા તરફ છે, તેથી તેને કુધારો કહ્યો.

૪ જે સુધારાની જરૂર છે તે સુધારો ઉપરચોટિયો હશે તો વ્યર્થ જવાનો. તે ઉંડે જવો જોઇએ. લોકોનાં હૃદયો પલટાવાં જોઇએ. બીક જવાનો ડોળ નહિ પણ તેનો સાચો નાશ થવો જોઇએ. શાંતિનો ડોળ નહિ પણ તેનું જ્ઞાનપૂર્વક પાલન થવું જોઇએ.

૫ અર્વાચીન સંસ્કૃતિને નહિ, પરંતુ પ્રાચીન કાળના ઋષિમુનિઓના આધ્યાત્મિક બળને પામેલા ઋષિ લોકોએ કરેલી તપશ્ચર્યાનો આપણને વારસો આપી જનાર, અંગ્રેજી ભાષા તથા તેના સાહિત્યનો એક શબ્દ પણ ન જાણનારા, અર્વાચીન સંસ્કારોના ભાર નીચે ન દબાયેલા આપણા વડવાઓ પોતાનો સંપૂર્ણ વિકાસ કરીને સર્વત્ર પૂર્ણ સ્વતંત્રતા મેળવવા શક્તિમાન્ નિવડયા હતા.

—મહાત્મા ગાંધીજી.

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥
—श्री सिद्धसेन दिवाकर.

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

જૈન યુગ.
તા. ૧૫-૬-૩૩ ગુરૂવાર

# દીક્ષા નિયામક કાયદો.

વડોદરાનો દીક્ષા નિયામક નિબંધ વડોદરાની ધારાસભામાંથી પસાર થયો છે, અને તેમાં કેટલાક ફેરફાર થયા છે તેમાં અજ્ઞાનની ઉમર ૧૬ વર્ષ સુધીને બદલે ૧૮ વર્ષની ફેરવી છે અને સ્ત્રીની સંમતિને બદલે તેના ભરણ પોષણની વ્યવસ્થા કરી પછી દીક્ષા લઇ શકાય એમ નક્કી થયેલ છે. હવે તે કાયદો નામદાર ગાયકવાડ સરકાર કેવા ફેરફાર સાથે મંજૂર રાખી ક્યારે તે અમલમાં મૂકવાને હુકમ કરશે તે જોવાનું રહે છે.

આ નિબંધમાં અનેક જાતની વિચારણાઓ, પ્રચાર કાર્ય અને ચળવળો થયા પછી તે નિબંધ રદ ન થઈ શકયો અને કાયદાનું સ્વરૂપ લેશે એ નક્કી થઇ ગયું. હરિજન બંધુ તા૦ ૧૦-૫-૩૩ ના વધારામાં કાકા કાલેલકરના શબ્દો મગજમાં આવે છે કે 'અત્યાર સુધી સ્વાર્થની કેટલીયે બાજીઓ આપણે રચી, પણ અંતે કશું કમાયા નહિ. જાત જાતના ઝગડાઓ અને વિગ્રહો લડી જોયા, પણ પલ્લામાં કશું આવ્યું નહિ. અનેક જાતના મતો અને અભિપ્રાયોનો પ્રચાર કરી જોયો, પણ કોલાહલ શમ્યો નહિ. હવે આપણે બધી રીતે થાકયા પછી શુદ્ધિને પંથે-આત્મ શુદ્ધિને પંથે જવા માગીએ છીએ.' આત્મશુદ્ધિની બહુ જરૂર છે, તે સ્વીકારી મનનાં સડા, અયોગ્ય આચરણ, કાવા દાવા, અને અસંયમી લખાણો ને ભાષણોને દૂર કરી પોતાના લીધેલા મહાવ્રતની શુદ્ધિને હૃદયમાં રાખી વિવેકમય પ્રવૃત્તિ કરવામાં બધો પુરૂષાર્થ સેવવામાં આવે તો શ્રી મહાવીર પ્રભુનો નિવૃત્તિ માર્ગ-શ્રમણપંથ વધારે ઉજ્વલ અને ગૌરવશાલી બનાવી અને બતાવી શકાય એમ હતું અને છે.

દીક્ષા પોતે અયોગ્ય નથી પણ તે અયોગ્ય રીતિથી અપાય ત્યારે તે દીક્ષા અયોગ્ય ઠરે છે. તે અયોગ્ય રીતિ અટકાવી ન શકાય તો તેવી રીતિ સામે વિરોધ જામે એ આ યુગનું લક્ષણ છે. એવો વિરોધ કરનારો પક્ષ નમૂદીઓ અને કાવાદાવા વગરનો મોટે ભાગે છે, છતાં કુદરતી રીતે તેના પક્ષને ટેકો અણધારી રીતે મળી ગયો. વડોદરાની સરકારને કાયદો ઘડવા તે કહેવા ન્હોતો ગયો, છતાં દીક્ષા આપવામાં વપરાતી અયોગ્ય રીતિઓથી દેશમાં થયેલ કોલાહલથી તેવી રીતિઓ વડોદરા રાજ્યમાં થતી અટકે તે માટે પ્રથમ વડોદરા ધારાસભાના એક જૈનેતરને એવો કાયદો ઘડાવો જોઇએ એમ સૂજ્યું, ને તેનો ખરડો ધારાસભામાં મૂકયો. પણ તે પડતો મૂકાયો અને પછી તેને યોગ્ય આકારમાં મૂકી બીજા સ્વરૂપમાં ખરડો રાજ્ય તરફથી પ્રકટ થયો. આ ખરડા સામે ખાલી પોકારો અને ભડાકા ખૂબ કરવામાં આવ્યા, ત્યારે તે માટે રાજ્ય તરફથી સમિતિ નીમાઈ અને જુદા જુદા સાક્ષીઓની જુબાની લેવાઇ અને તે પર સમિતિએ અહેવાલ ઘડી બહાર પાડયો. આ અહેવાલ સામે વજૂદ વગરના બખાળા બહુ થયા, અને સમિતિના સભ્યો અને પ્રમુખ સામે અનેક જાતના અઘટિત આક્ષેપો લાવવામાં આવ્યા. તપાગચ્છના કેટલાક મુનિએ પોતાના શિષ્ય મંડળ સહિત વડોદરામાં વાસ કરી મોરચા માંડયા, છતાં ધારાસભામાં ખરડો મૂકાયો તે થોડા ફેરફાર સહિત પાસ થયો. ખરડા સામે બધું પ્રચાર કાર્ય મૂળથી તે અંત લગી શ્રમણ માર્ગની શુદ્ધિને અનુરૂપ ન હતું, વિવેક વિનયની મર્યાદા જાળવીને થયેલું નહોતું, થઇ ગયેલા અને થતા દોષોને દૂર કરવાની જરાપણ વૃત્તિ વગરનું એટલે આત્મશુદ્ધિ વગરનું હતું, અને કુદરતે તેમાં વિજય ન આપ્યો.

બધા મુનિઓને એકત્ર કરી મુનિ સંમેલન મારફતે દીક્ષા આપવા લેવામાં પ્રયોજિત કરવામાં આવતી અયોગ્ય રીતિઓ દૂર કરવાના સખ્ત નિયમો ઘડી તેને અમલમાં મૂકવાનો પાકો નિર્ધાર કરવામાં આવ્યો હત, શ્રાવકોના સંઘોનો તેમાં સહકાર રાખ્યો હત, દોષિત મુનિઓ પાસે પ્રાયશ્ચિત કરાવ્યાં હત યા તેમને યોગ્ય શિક્ષા અપાઇ હત, અને એ રીતે પાકું બંધારણ ઘડી બતાવ્યું હત, તો આવો કાયદો ઘડવાની વડોદરા રાજ્યને ફરજ ન પડત. જ્યાંસુધી પોતાની સંસ્થા, પોતાનું ઘર સુધારવાના પાકા પ્રયત્ન ન થાય ત્યાંસુધી બીજાઓ તેમાં હસ્તનિક્ષેપ ન કરે એવો દાવો કરી ન શકાય. હવે જ્યારે રાજ્ય તરફથી કાયદો થવાનું નિર્માણ થયું છે ત્યારે તે કાયદાની ચુંગલમાં ન આવી શકાય એવું સ્વચ્છ અને નિષ્કલંક પ્રવર્તન દીક્ષા આપવા લેવામાં રાખવું એ આત્મશુદ્ધિનો માર્ગ છે. તે કાયદો એ એક રીતે સમય ધર્મને અનુરૂપ છે, છતાં તે સામે અપવાસાદિ દ્વારા વિરોધ બતાવવો એ યોગ્ય નથી. શત્રુંજય તીર્થ પર થઇ ગયેલા આક્રમણ કાળમાં અપવાસ આદરવાનો એક માર્ગ ખુલ્લો અને યોગ્ય હતો છતાં તે વખતે તે માર્ગ લેવાનું કોઇને સૂજ્યું નહોતું, એમ જો થયું હત તો સાઠ હજારનો વાર્ષિક કર લદાત નહિ. આપણી જૈન સમાજમાં ખરે વખતે ખરૂં કાર્ય કરવાનું સુજતું નથી અને તેથી અનેક અનર્થપરંપરા જન્મે છે. મુનિસંસ્થા અને શ્રાવક સંસ્થાના આગેવાનો તે પરથી ધડો લઇ ખરે વખતે ખરૂં કાર્ય કરવાની ધગશવાળા થાય તો વિશેષ સંકડામણમાંથી સમાજ ઉગરી જશે.

## બગવાડામાં જૈન વિદ્યાર્થી આશ્રમની સ્થાપના.

સુરત જીલ્લામાં બગવાડા પરગણામાં કેળવણીની જરૂરીયાત હોવાથી આસપાસના નવ ગામોનાં જૈનોએ મળી એક એંગ્લો વર્નાકયુલર સ્કુલ અને જૈન વિદ્યાર્થી આશ્રમ ખોલવાનું નકી કરી તે માટે રૂ. બાવીસ હજારની રકમ એકઠી કરી બગવાડા મુકામે શેઠ રણછોડભાઇ રાયચંદને હાથે સ્કુલ ખુલ્લી મુકવામાં આવી હતી. જે વખતે જુદા જુદા ગૃહસ્થો તરફથી મદદમાં કુલ રૂ. ૨૭૦૦ ની રકમ ભેટ મળી હતી.

# નોંધ.

## અમારો તીર્થ અને જ્ઞાન પ્રવાસ—

અમો મુખ્યપણે શ્રી શત્રુંજય તીર્થની યાત્રાનો ઉદ્દેશ રાખી તા. ૬ ઠી મે ને દિવસે મુંબઇથી નીકળી સ્ટીમરમાં ભાવનગર ૮ મીએ પહોંચ્યા.

ભાવનગરમાં આત્માનંદ સભા હસ્તકના સ્વ. મુનિશ્રી ભકિતવિજયજીની બારસો ચૌદસો હસ્તલિખિત પુસ્તકો જોવાની ઘણી હોંશ હતી અને ૧૯૩૧ ના અકટોબરમાં ત્યાં જઇ જોવા રાખેલો વિચાર પાર પડયો નહિ એટલે આ વખતે તે વિચાર પાર પાડવા માટેનો પ્રયત્ન કર્યો. સભાના મંત્રી શ્રી વલ્લભદાસ પાલીતાણે હોવાથી પ્રમુખ શેઠ ગુલાબચંદ આણંદજી પાસે તે વિચાર વ્યકત કરતાં તેમણે સંભળાવ્યું કે ઉક્ત મુનિશ્રીના શિષ્ય જશવિજયજીની લિખિત રજા વગર કંઇ પણ બની શકે તેમ નથી અને તે પુસ્તકોની ટીપ પણ સભા પાસે રાખવામાં આવી નથી. એટલે મુનિશ્રી જશવિજયજીને પાટણ એક પત્ર તેજ વખતે લખી તારથી રજા આપવા વિનતિ કરી; ને તેજ દિને સભા પાસેના પોતાનાં હસ્તલિખિત પુસ્તકો જોવાય તેટલાં જોઇને તેમાંથી ઉપયોગી પ્રશસ્તિઓ કર્તા તેમજ લેખકની સાંપડી તેટલી ઉતારી લીધી. તેમાં ખાસ જાણવા જોગ વસ્તુ એ લાગી કે શ્રી વાદિદેવ સૂરિના પ્રશિષ્ય પરમાનંદસૂરિએ શ્રી હર્ષના ખંડન ખાદ્ય પર ટીકા નામે ખંડન મંડન ટિપ્પનકની ૪૧ પત્રની ઘણી જુની હાથપ્રત ત્યાં છે. સાંજે ઘોઘાના નવલખા પાર્શ્વનાથની યાત્રા માટે ભાડાની મોટરમાં રવાના થયા. નવમી અને દશમી તારીખ ત્યાં ગાળી, મુખ્ય મંદિરમાં જિનપૂજા કરી ત્યાંની તેમજ ભોંયરામાંની પ્રતિમાઓ પરના લેખો અને બીજા મંદિરમાંની પ્રતિમાઓ પરના લેખો ઉતારી લીધા; આમાં ખાસ લક્ષ ખેંચે એવી પાષાણ પ્રતિમા મુખ્ય મંદિરના જુદા એક ભાગમાં વાયટીય (વાયડા) ગચ્છના રાસિલસૂરિની સંવત ૧૩૩૫ ની પ્રતિષ્ઠિત કરેલી શ્રી આદિનાથની પ્રતિમા છે. સાથે સાથે ત્યાંના ઉપાશ્રયમાં રાખેલ સંઘની માલેકીનાં હસ્તલિખિત પુસ્તકોની કર્તા અને લેખકોની અપ્રકટ પ્રશસ્તિઓ ઉતારી લીધી, આ કાર્યમાં ઘોઘાના રા. કાન્તિલાલભાઇ તથા રા. ત્રિભોવનદાસે જે સહાય આપી છે તે માટે અમો તેમના ઋણી છીએ.

દશમીની રાત્રે ભાવનગર આવ્યા અને અગ્યારમીએ આત્માનંદ સભામાં પૃછા કરતાં મંત્રી શ્રી વલ્લભદાસે મુનિશ્રીનો તાર બતાવ્યો કે સભા હસ્તકનાં પુસ્તકો ન જોઇ શકાય અને વડવામાં રાખેલ પુસ્તકો જોઇ શકાશે, આમ એક માટે નિષેધ અને બીજા માટે ખુલ્લાં દ્વાર કરે એ વાતનો ભેદ મને સમજાયો નહિ, અને તે ઉકેલવા પુનઃ પત્ર લખી જવાબ મેળવવા જેટલી રાહ જોઇ શકાય તેમ નહોતું. એટલે વડવામાં જઈ જેટલાં બની શકે તેટલાં પુસ્તકો જોયાં-ઘણાં જોવાનાં બાકી રહ્યાં. પછી સાથીઓનાં પ્રવાસક્રમને માન આપી તેજ દિને સાંજની ગાડીમાં નીકળી પાલીતાણા પહોંચ્યા અને કલ્યાણ ભુવન નામની ધર્મશાળામાં ઉતર્યા.

શુક્ર તા. ૧૨ મી એ શત્રુંજય ગિરિ પર વહેલા મળસ્કે ચડયા અને વેળાસર સર્વ ટુંકોમાં જઇ સર્વ દેવોને નમસ્કાર કરી મુખ્ય મંદિરમાં આદીશ્વર પ્રભુની પૂજા કરવામાં ઉત્સુક થયા; પણ પખાલ થઇ નહોતી અને તે સર્વ વિધિ થયા પછી પૂજાનો સમય ૧૧ વાગ્યા પછીનો હમેશના રવૈયા મુજબ રખાયો હતો. અન્યત્ર પૂજા કરી રાહ જોઇ પુષ્પો આદિ વડે આદીશ્વર પ્રભુની પૂજા કરતાં લગભગ બારનો મધ્યાન્હ થયો. તાપ સખત પડતો હતો ને ઉતરતાં દોઢ વાગ્યો ને પગમાં ગોટલા ચડયા. ગ્રીષ્મ ઋતુમાં પૂજાનો સમય વહેલો રાખવો જોઇએ, પણ તેમ થાય તો બધા જાત્રાળુઓ આવી ન રહે, ને તેથી ઘીની બોલીમાં ઘસારો પડે એ કારણ ઘણાએ જણાવ્યું. વણિકવૃત્તિ સર્વત્ર કાર્ય કરે છે, પણ તે સાચવવા સાથે જાત્રાળુઓની સગવડ પણ સાચવવી જોઇએ એ લક્ષ બહાર રહે છે. તેજ સાંજે બીકાનેરના એક શ્રીમંત મહાશયે સર્વ યાત્રાળુઓને જમણનું આમંત્રણ આપેલું ત્યાં જતાં તે મહાશયની સાદાઇ, સુહૃદયતા અને હૃદયવિશાલતા જોઇ તેના પ્રત્યે માનની લાગણી થઇ. પછી યશોવિજય જૈનગુરૂકુળની મુલાકાત લઇ તેનો કાર્યપ્રબંધ જોયો કે જેનું બ્યાન જુદું આપવામાં આવેલ છે. કલ્યાણ ભુવનમાં તેના મુનિમ ઝવેરચંદ યાત્રાળુઓને સારી સગવડ આપે છે. તેમાં આવશ્યક સુધારા વગેરેની સૂચના તે સંબંધીની નોંધપોથીમાં લિખિત જણાવવામાં આવી.

શનિ તા. ૧૩ મીએ સવારમાં ટપામાં તળાજા ગયા ને ધર્મશાળામાં ઉતર્યા. તેનો, અને પછી મહુવાનો એ બંનેના પ્રવાસોનું ટુંક વર્ણન હવે પછી આપીશું.

<u>યશોવિજય જૈન ગુરૂકુળ</u>—પાલીતાણામાં આ એક ઉપયોગી શિક્ષણ સંસ્થા છે. પાલીતાણે જઇએ અને આ સંસ્થાની મુલાકાત ન લઇએ એ બનેજ કેમ? હાથમાં વખત ટુંકો હતો એટલે સાંજે ત્યાં ગયા. નિશાળની ગ્રીષ્મકાળની છૂટીનો વખત હોવાથી કેટલાક વિદ્યાર્થીઓ પોતાને વતન ગયા હતા. આ સંસ્થાનું નામ તો તેના કાર્ય સાથે મેળવતાં અનુરૂપ લાગતું નથી. પ્રાચીન ગુરૂકુળ અને હાલના આર્યસમાજના ગુરૂકુળો સાથે સરખાવતાં આ ગુરૂકુળ છે નહિ એમ જણાય છે. જે મહાપુરૂષનું નામ જોડેલ છે તે ન્યાયવિશારદ હતા અને તેમણે ન્યાય, અધ્યાત્મ યોગ આદિ પર અનેક ગ્રંથો રચી જૈન સાહિત્યની અદ્દભુત સેવા બજાવી છે. તેવા મહાપુરૂષના નામને સાર્થક કરે તેવું તેમાં કંઇ નથી. તે એક અર્વાચીન શિક્ષણ આપનારી અપાવનારી અને સાથે ધાર્મિક જ્ઞાન, સંગીત, વ્યાયામ આદિમાં ઠીક પ્રવેશ કરાવી જૈન વિદ્યાર્થીઓને પોષનારી સંસ્થા છે. તેને અતિ સુંદર અને સગવડતાવાળાં બેઠા ઘાટનાં અને ઉંચી પગથીવાળાં મકાન છે, વચમાં વિશાળ ફળીયું છે. આના મકાન વિદ્યાર્થી ગૃહો માટે ખાસ અનુકરણીય છે. તેનો દાખલો મહુવાના બાલાશ્રમ માટે બંધાવવા ધારેલા મકાનને માટે શેઠ કશળચંદ લે તેમજ હવે પછી થનાર વિદ્યાર્થી ગૃહોના સંચાલકો લે એવી અમારી ભલામણ છે.

સંગીતનું શિક્ષણ અપાતું હતું ત્યાં જતાં 'સાંવલિયાને જોગ લીયો' એ ઢબનું વાઘેશ્વરી રાગનું પૂજાનું ગીત હારમોન્યમ સહિત સાંભળ્યું, એક વિદ્યાર્થીએ સુંદર કંઠે 'દુનિયાના ઉંધા ચશ્મા' એ ગઝલ ગાઇ સંભળાવી. આ સર્વમાં આલાપ પદ્ધતિ બિલકુલ જોવામાં ન આવી. ગૂજરાતમાં સંગીત જ્ઞાનનો પ્રચાર થતો જાય છે, પણ મરાઠા બંધુમાં જે આલાપ સહિત ગાવાની પદ્ધતિ છે તેનો સ્વીકાર ગુજરાતે ઘટતો કર્યો નથી એ એક દોષ છે. તે પર ખાસ લક્ષ શિક્ષક આપી વિદ્યાર્થી

પાસે કાર્ય લેશે. શેઠ કશળચંદની મદદથી મળેલાં બેંડના વાદ્યોનો સુંદર ઉપયોગ કરતા અન્ય વિદ્યાર્થીઓને જોયા તેથી આનંદ થયો. જૈનોના વરઘોડા આદિમાં જૈન યુવાનોનાં બેંડ વપરાય તો તે ખાસ ઇચ્છવા યોગ્ય છે. બેંડ વગાડવાનો ધંધો હલકો નથી, ને હલકી જાતિવાળા માટે અનામત રાખ્યો નથી. બેંડ પોતે પરદેશી ચીજ છે, અને દેશી સંગીતના નાજુક પાત્રોને ગુંગળાવી નાંખે છે, છતાં તેના વાપર વગર જૈન સમાજ ચલાવી શકતો નથી, તેથી હલકી જાતિવાળા તેના પર જૈનો પાસેથી કમાઇ કરે તેના કરતાં જૈનો કરે એમાં હીણપત નથી. વળી બેન્ડ લડાયક જુસ્સો ઉત્પન્ન કરે છે ને લડાયક તાલીમ આપવામાં મદદ કરે છે એ પણ તેનો લાભ છે. દરેક વિદ્યાર્થી-ગૃહમાં આનો આ તરીકે લાભ લેવાય તો વધારે સારૂં.

શયનગૃહની વ્યવસ્થા ઘણી સારી ગણાય. એક મોટા ઓરડામાં સર્વને પોતપોતાનાં બીછાનાં પાથરી અમુક નિયત વખતે સુઇ જવાની અને વહેલા ઉઠવાની સોઇ છે—સંસ્થાનો એક અધિકારી તેમની સાથે રહે છે, અને સર્વ વિદ્યાર્થી સવારમાં પોતાની મેળે બિછાનાં સંકેલી લે છે. આ પ્રબંધ ગુરૂકુળના નામને યોગ્ય છે. ગૃહપતિ રા. શંકરલાલ અનુભવી અને કાર્ય-દક્ષ છે. બીજા શિક્ષકો અને અધિકારીઓની નિમણુંક પણ તેટલી યોગ્ય થઇ છે. સંસ્થાની પ્રગતિનો મુખ્ય આધાર અધિકારીઓ પર છે તે વાત પર બીજી સંસ્થાઓ ખાસ ધ્યાન આપે એમ ઇચ્છીશું.

આમાં એક ભૂમિગૃહ કરવામાં આવ્યું છે કે જે સામાયિક, આદિ ધ્યાનક્રિયા માટે વાપરી શકે.

પાલીતાણામાં સંસ્થા રાખવાનું કારણ જાત્રાળુઓ પાસેથી તેને મદદ મળી શકે. નાનપણથી કેળવણી આપવામાં આવવાથી કુમળા મગજપર જે સંસ્કાર પાડી શકાય છે તે કાયમ ટકી રહે છે, તો નાની વયના વિદ્યાર્થીઓ માટેની સંસ્થાઓ વધુ સંખ્યામાં દરેક પ્રાંતમાં ઓછામાં ઓછી એક એમ હોય તો જૈન સમાજમાં જ્ઞાનનો પ્રચાર વધુ થઇ શકે. આ સંસ્થાનો અભ્યુદય ઉત્તરોત્તર ઇચ્છી દરેક શ્રાવક શ્રાવિકા પોતાથી બને તેટલી મદદ આપે એમ ભલામણ કરીએ છીએ.

<u>મહાત્મજીના ઉપવાસ</u>—૨૧ દિનના પૂરા થવા અને તે દ્વારા પોતાની આત્મશક્તિનો ખ્યાલ આપ્યો અને આત્મ-શુદ્ધિ કરી બીજાઓને આત્મશુદ્ધિ કરવાનો ધડો આપ્યો. તેની સાથે શ્રેષ્ઠી શ્રી લાલભાઈ કલ્યાણભાઈ, લાલા કરમચંદ આદિ અનેકે ઉપવાસ કર્યા, જૈન ધર્મમાં ઉપવાસનું માહાત્મ્ય ઘણું જોવાય છે. છઠ, અઠ્ઠમ, વરસીતપ, અનશન એ સર્વ ઉપવાસના પ્રકાર છે અનેક જૈનો ઘણા લાંબા કાળના ઉપવાસ લે છે, અને તે ઉપવાસની વિધિ અન્ય ધર્મીઓના ઉપવાસની વિધિ કરતાં અતિશય કડક અને કોઇપણ જાતના આહારના નિતાંત ત્યાગવાળી છે. મહાત્માજીએ અનેક વખત લાંબા ઉપવાસ આદર્યા છે, અને તે આંતરિક પ્રેરણામય હતા. આ વખતે તેમણે અનેક ઉદ્‌ગારો જણાવ્યા છે. 'ઉપવાસ હિંદુધર્મના જડમાં રહેલો છે; હું મરૂં તો ખેદ નથી પામવાનો. 'હું' તે નહિ મરે, શરીર પડશે તેમાં શું? ઉપવાસ સત્રનો પૂર્ણ લાભ હૃદયંથીઓ કાઢવામાં લેજો. ઉપવાસ દરમ્યાન જે જે દોષો તારામાં હોય તે કાઢી નાંખજે. સૌને પોતાના દોષો કાઢવામાં ટેકો દેવાને સારૂ ઉપવાસ થવાનો છે. હૃદયમાં ખુણે ખાંચરે પણ કાંઇ મેલ ભર્યો હોય તો તે કાઢી નાંખવાને સારૂ આ અવસર વાપરજે. ઉપવાસ વિના પણ કોઇ દિવસ તો દેહ પડશેજના? ઉપવાસમાં

# કેશરીઆજી અને જૈનો.

જૈન યુગના ગયા અંકમાં એ તીર્થ સંબંધી જે કહેવામાં આવ્યું તે પછી શેઠ આણંદજી કલ્યાણજીના એક પ્રતિનિધિ દ્વારા જે હકીકત જાણવામાં આવી છે એ આધારે હાલ એટલું કહી શકાય કે ઉકત તીર્થનો ગુંચવાયેલો પ્રશ્ન ઉકેલવામાં શેઠ આણંદજી કલ્યાણજી આવશ્યક પ્રયાસો કરી રહેલ છે તેમજ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ એ પરત્વે અવારનવાર સુચનાઓ આપી પેઢી સાથે સહકાર કરી રહેલ છે.

આમ જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી ઉભય આગેવાન સંસ્થાઓ અત્યારના તબક્કે બીજું કંઇ પગલું લેવાની ભલામણ કરતી નથી. પણ તેથી જૈનોએ ચુપ બેસવાનું નથી. પ્રત્યેક જૈન નીચેનું કાર્ય જે પોતાની સત્તામાં રહેલું છે, તેટલું અવશ્ય કરે અને અન્ય જૈન બંધુઓને તેમ કરવામાં પ્રેરણા કરી, સમષ્ટિ માટેનો આદેશ ભલે કારણસર દુર ઠેલાય છતાં વ્યકિતગત પગલાં ભરવાના દ્વારો કોઇ પણ રીતે બંધ છેજ નહિં, એમ જગતને જાહેર કરે.

જ્યાં લગી શ્રી કેશરીયાજી તીર્થના સવાલનો સંતોષકારક ઉકેલ ન આવે ત્યાં લગી. **"પૂજા-પ્રક્ષાલનની બોલી કોઇ બોલે નહિં, ભંડારમાં કંઇ મૂકે નહિં અને પંડયા મારફત કંઇ પણ કામ લે નહિં.** એ નિમિત્તે ખર્ચવાનું દ્રવ્ય સિદ્ધાચળ કિંવા હસ્તિનાપુર તીર્થમાં આપે, કેમકે જેમ કેશરીઆજીમાં શ્રી રૂષભદેવ પ્રભુ છે તેમ ઉકત તીર્થો પણ એ તીર્થપતિના સ્મારક ચિન્હ છે.

**—ચોકસી**

પડશે એમ કેમ ધાર્યું? વિશ્વાસ રાખો કે રહે કે પડે, બંને સ્થિતિએ સારૂંજ છે. રોગથી મરવા કરતાં યજ્ઞ કરતાં મરવું શું ખોટું? વગેરે વગેરે' જે ઉદ્દેશથી અને હેતુથી ઉપવાસ કરવામાં આવ્યા તેનું સદોદિત લક્ષ ભારતના દરેક સંતાનની ખાસ કરી દરેક જૈનની દ્રષ્ટિ સમીપ રહી તે બરાબર પાર પડે તે માટે તન મન ધનથી સહાય આપવા દરેક પોતાથી બનતું કરશે તો તે ઉપવાસની સફલતા થશે. ભારતના ઉદ્ધાર માટે મહાત્માજી દીર્ઘ આયુષ્ય ભોગવે એમ સર્વની પ્રાર્થના છે તેમાં આપણે આપણો સુર ભેળવીએ.

**શ્રી જૈન શ્વેતાંબર કાન્ફરન્સ તરફથી**

**શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ (પ્રાઇઝ)**

**દરેક રૂપીઆ ૬૦ નુ.**

છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફતેહમંદ નિવડેલા જૈન વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કૉન્ફરન્સ ઑફીસ તરફથી એક સ્કૉલરશિપ છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં—**સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને**, તેમજ બીજી સ્કૉલરશિપ **સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને** આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કૉલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ—માર્કસ વગેરે સર્વ વિગત સાથે —નીચેના સ્થળે તા. ૨૦-૭-૩૩ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ,
૨૦, પાયધુની, મુંબઇ ૩,
તા. ૧૧-૬-૧૯૩૩.

**શા. રણછોડભાઇ રાયચંદ ઝવેરી**
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી** સોલિસિટર.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

# બગવાડામાં જૈન કોન્ફરન્સ બોલાવવાની હીલચાલ

ઉદવાડા સ્ટેશનથી દોઢ બે માઇલ ઉપર આવેલા બગવાડા ગામમાં એક મોટું ભવ્ય શિખરબંધી દેરાસર આવેલું છે અને તે બગવાડા પરગણાના જૈનોને માટે મધ્ય સ્થળ હોવાથી આસપાસના જૈનોને તે તીર્થસ્થળ જેવું છે, બગવાડા પરગણામાં મધ્યસ્થ કેળવણી આપનારી શાળાઓ નહિ હોવાથી ઘણા ગામોના વતનીઓના બાળકોને કેળવણી લેવામાં મોટી મુશ્કેલી નડે છે. અને તે કારણથી ઘણાં ગામોના બાળકોને અને વિદ્યાર્થીઓને માઇલો સુધી ટ્રેનમાં યા પગે ચાલીને, જે ગામમાં શાળાઓ હોય ત્યાં શીખવા જવું પડે છે. એ મુશ્કેલી ટાળવાને બગવાડાના અને આસપાસના નવ ગામના જૈનોએ પાંચ વર્ષ માટે લગભગ બાવીસ હજાર રૂપીઆની રકમ મેળવવાના વચન આપ્યાં છે. એ વચનોની રૂએ બગવાડામાં એક એંગ્લો વર્નાક્યુલર સ્કુલ સ્થાપવા માટે અને જૈન વિદ્યાર્થી આશ્રમ સ્થાપવા માટે ગયા ગુરૂવાર તા૦ ૮ મી મેના દિવસે એક મોટો મેળાવડો કરવામાં આવ્યો હતો અને એ પ્રસંગને સાધીને મુંબઇથી ગએલ જૈન કોન્ફરન્સના આગેવાનોએ બપોરે બે કલાકે એક મેળાવડો મેળવી કોન્ફરન્સનું પ્રચાર કામ કર્યું હતું જે વખતે નીચલા પણ હતા. શેઠો રણછોડભાઇ રાયચંદ મોતીચંદ, વીરચંદ પાનાચંદ, મગનલાલ મુળચંદ ફકીરચંદ કેશરીચંદ, નગીનભાઇ વીરચંદ ઝવેરી, સાકેરચંદ માણેકચંદ ધડીઆળી વગેરે.

## શ્રી વીરચંદ પાનાચંદનું ભાષણ—

સભાનું પ્રમુખસ્થાન પરીઆવાળા શેઠ છગનલાલ રાયચંદ શાહ કે જેઓ બગવાડા જૈન એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ છે, તેમને આપવામાં આવ્યું હતું.

બાદ સુરતવાળા વકીલ શેઠ ખીમચંદ ઝવેરચંદે મુંબઇવાળા શ્રી વીરચંદ પાનાચંદની ઓળખાણ કરાવ્યા બાદ શ્રી વીરચંદભાઇએ જણાવ્યું હતું કે હિંદુસ્થાનમાં ૭૫ કરોડની વસ્તી છે અને તેમાં ત્રણે ફીરકાના જૈનોની વસ્તી ૧૧-૧૨ લાખની છે, એટલી સંખ્યા જો ઐકયતાથી કામ કરે તો તેને મોટી ફતેહ મળવા વગર નહિ રહે તેમ નથી. જૈન શ્વેતાંબર ફિરકાના કોન્ફરન્સે ઐકયતા વધારવા સારો પ્રયાસ કર્યો છે અને કેળવણીના પ્રસાર અર્થે પણ તેણે બહુ સારૂં કામ જૈન એજ્યુકેશન બોર્ડ મારફતે બજાવ્યું છે. છેલ્લા પાંચ સાત વર્ષોથી આપણામાં કેટલો કુસંપ જણાય છે પણ તેવો કુસંપ દરેક ફીરકામાં છે. અને સરખામણીમાં આપણામાં કુસંપ ઓછો છે. બત્રીસ વર્ષ પર કોન્ફરન્સની સ્થાપના બાદ તેનું અનુકરણ કરી બીજી ન્યાતો અને કોમોની કોન્ફરન્સે પણ ઘણું કામ કર્યું છે અને આપણામાં તેથી કેળવણીનો પ્રસાર બીજી કોમોના સરખામણીમાં વધુ છે. પાટણ, જેસલમીર વગેરેના ભંડારો એજ કોન્ફરન્સના પ્રતાપે ખુલ્યાં છે. વળી દીગંબરો અને શ્વેતાંબરોના ઝગડાઓનો ઉકેલ કરવામાં કોન્ફરન્સે મોટો ફાળો આપ્યો છે. બગવાડાના જૈનોએ કોન્ફરન્સના કાર્યમાં વધુ ભાગ લેવો જોઇએ અને જ્યાં આટલા બધા જૈનો ઉત્સાહથી ભાગ લઇ રહ્યા છે, તે **બગવાડા** તમારે જૈન કોન્ફરન્સની બેઠક મેળવવાની પણ જરૂર છે, અને તમો તે બોલાવશો એવી આશા છે.

## મી સાકરચંદ ઘડીઆળીનું ભાષણ—

બાદ શ્રી સાકરચંદ ઘડીઆળીએ ભાષણ કરતાં જણાવ્યું કે કોન્ફરન્સની સ્થાપના આશરે બત્રીસ વર્ષો ઉપર થઇ હતી. અને તે પછી તેની કારકીર્દી દરમ્યાન તેણે ઘણાં સારા કામો કર્યા છે. પાલીતાણાનો સવાલ જે વખતે જન્મ પામ્યો તે વખતે ખાસ બેઠક બોલાવીને કોન્ફરન્સે ઘણી સારી સેવા બજાવી હતી, કોન્ફરન્સે બનારસ હિંદુ યુનીવર્સીટીને રૂા. ૪૦૦૦૦ ) આપીને એક જૈન ચેર બનારસ યુનીવર્સીટીમાં સ્થાપી છે. અને તે મારફતે જૈન ધર્મનું શિક્ષણ જૈનોને અને જૈનતરોને મળવાની મોટી આશા રહે છે જૈન કોન્ફરન્સે કેળવણીના પ્રચાર માટે ઘણું કર્યું છે તે તો શ્રી વીરચંદભાઇએ આપને જણાવ્યું છેજ.

## પ્રમુખનું ભાષણ—

બાદ પ્રમુખપદેથી શેઠ છગનલાલ રાયચંદ પરીઆવાળાએ જણાવ્યુ કે—

આજના આ મેળાવડા સમક્ષ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અંગે જે જે હકીકતો રજુ કરવા આવી છે. તેથી મને પોતાને ઘણું જાણવાનું મળ્યું છે. કોન્ફરન્સની જુદી જુદી બેઠકો જુદા જુદા સમયે મળી ચુકેલી છે. અને તેમાં આ જીલ્લાના ભાઇઓમાંથી કેટલાકોએ અવારનવાર હાજરી આપેલી છે, તે છતાં આપણા જીલ્લાના ઘણા ભાઇઓ કોન્ફરન્સ શું છે અને તેનું કાર્ય શું છે તેનાથી પૂરતા વાકેફ નથી. આજે આપણે સર્વે ઘણું જાણી શકયા છીએ. સમુદાય રૂપે ભેગા થઇ સમાજના ઉદ્ધાર માટે જુદા જુદા વિચારની આપ લે કરવી અને તેના આંદોલનોથી સમાજને જાગ્રત કરવો એ કોઇ રીતે નાનું કાર્ય નથી. કોન્ફરન્સની શરૂઆત થઇને પછી આપણી કોમમાં કેળવણીના પ્રચાર માટે ઘણા ઉપાયો યોજાયા છે, નવી નવી સંસ્થાઓ સ્થપાઇ છે. બોર્ડિંગો વિદ્યાલયોની પણ સ્થાપના થઇ છે. ધાર્મિક કેળવણીના પ્રચાર માટે પણ ઘણા પ્રયાસો થયા છે. સાંસારિક અને વ્યવહારિક રીત રીવાજોમાં ઘણા હાનિકારક રિવાજો ઓછા થવા પામ્યા છે. આપણા હકકો માટે આપણો અવાજ સબળ રીતે આપણે સરકાર પાસે કોન્ફરન્સ મારફતે રજુ કરી શકીએ છીએ. આવી ઉપયોગી સંસ્થાનું કાર્ય દિવસે દિવસે વધુ જોરદાર અને ઉપયોગી બનો એવું આપણે સૌ કોઇ ઇચ્છીશું.

કોન્ફરન્સના અધિવેશનો જુદા જુદા પ્રાંતમાં નાનાં મોટાં સ્થળોએ થયેલાં છે. આપણું ખરેખર હતભાગ્ય છે કે આપણા સુરત જીલ્લામાં કોઇ પણ અધિવેશન થયું નથી. કોન્ફરન્સની છેલ્લી સ્ટેન્ડીંગ કમીટી મળી તે વખતે સુરત જીલ્લાના શખ્શોએ તેનું અધિવેશન એ જીલ્લામાં ભરવા આમંત્રણ આપેલું છે. હજુ તે સંબંધી ખાસ સ્થળ મુકરર થયું જાણવામાં આવ્યું નથી. આપણા જીલ્લાના બંધુઓ જો હિંમત ધરી સહકાર આપે તો હું માનું છું કે આપણે જરૂર એ મહાસભાને આપણે આંગણે નોતરી શકીએ. કાર્ય મોટું છે, ઘણો વિચાર કરવાની જરૂર છે. આપણા ધ્યાન ઉપર વિચારણા માટે આ સવાલ રજુ કરૂં છું. આપ સર્વે

# શ્રી બગવાડામાં જૈન વિ. આશ્રમ અને એ.વી. સ્કુલના ઉદ્દઘાટનપ્રસંગે, શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરીનું અધ્યક્ષસ્થાનેથી ભાષણ.

બંધુઓ અને બ્હેનો,

શ્રી બગવાડા પરગણા માટે સ્થાપવામાં આવેલી ધી જૈન એજ્યુકેશન સોસાયટીના આશ્રય હેઠળ જૈન બાળકો માટે એક વિદ્યાર્થી આશ્રમ અને એંગ્લો વર્નાક્યુલર શાળાને ખુલ્લી મુકવાની ક્રિયાના શુભ પ્રસંગ માટે યોજવામાં આવેલા આ સભારંભનું પ્રમુખસ્થાન મ્હને આપી આપે મ્હારા પ્રત્યે જે પ્રેમ અને લાગણી દર્શાવ્યાં છે તે બદલ હું આપ સર્વેનો અત્રે આભાર માનું છું. મ્હારે કહેવું જોઇએ કે આજનો પ્રસંગ જૈન કોમની કેળવણીને લગતો હોઇ મ્હારા જેવા વેપરી કરતાં આપણી કોમના કોઇ વિદ્વાનની પસંદગી કરી હોત તો જરૂર વધારે યોગ્ય થાત, પરંતુ આપે એ ફરજ મ્હારા પર નાંખવાનું ઠીક ધાર્યું છે, એટલે તે સ્વીકારવી એ મ્હારી ફરજ છે એમ હું માનું છું. કેળવણીના પ્રશ્ન અંગે મ્હારા વિચારો દર્શાવતાં પહેલાં શરૂઆતમાં આ સોસાયટીએ થોડા સમયમાં પાર પાડેલા કાર્ય બદલ તેના ઉત્સાહી કાર્યકર્તાઓને ધન્યવાદ આપું છું અને તેમના દરેક પ્રયાસોમાં સફળતા ઇચ્છું છું.

બંધુઓ આજે કેળવણીનો પ્રશ્ન એટલો બધો ગુંચવાડાભર્યો થઇ પડયો છે કે તેની કાર્યદિશા, પદ્ધતિ અને વિસ્તાર અંગે ઘણું વિચારવાનું રહે છે. આપ જાણો છો કે આજે આપણે વિસમી સદીની નવીન ભાવનાઓ વચ્ચે જીવવાનું છે. જાપાન, અમેરિકા અને યુરોપ જેવા સુધારા અને કેળવણીની ટોચે પહોંચેલા દેશોની હરિફાઈ સામે ટક્કર ઝીલવાની છે, અને એ સ્થિતિ હિંદીઓ અને ખાસ કરી જૈનો માટે દિવસેદિવસ વધુ અને વધુ વિચારણીય થઇ પડે છે. તેનો વિચાર આપણે વખતો વખત જરૂર કરવો પડે તેમ છે, અને તેમાંથી ભાવિ પ્રજા માટે શકય માર્ગ જરૂર કાઢવો રહે છે. આપણે આવા બારીક સંજોગો વચ્ચે આપણા બાળકોની કેળવણી વિષે પુરતી કાળજી રાખી શિક્ષણના સાધનો યોજવાં જોઇએ, એમાં સંદેહ નથી. જેમ આધ્યાત્મિક દૃષ્ટિએ જ્ઞાન વિના મોક્ષ નથી, તેમ જ્યાં સુધી સંસારમાં રહેવું છે, ત્યાં સુધી વ્યવહારિક દૃષ્ટિએ પણ તે જ્ઞાન મેળવ્યા વિના આપણો ઉદય નથી.

આપણે સામાન્ય રીતે વેપારી કોમ તરીકે જીવન ગુજારી રહ્યા છીએ અને આજના ધંધા-રોજગારની દૃષ્ટિએ પણ આપણાં બાળકોને કેળવણી આપ્યા વિના લેશ પણ ચાલે તેવું નથી. આજે વ્યાપારનું કેન્દ્ર હિંદ મટી ઇંગ્લંડ અને અમેરિકા બન્યાં છે અને તેથી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો પર રચાયેલી વ્યાપારી પદ્ધતિઓનો પુરો અભ્યાસ કરવો ઘટે; નહિંતો આજે આપણે જે દશા ભોગવીએ છીએ તેના કરતાં આપણાં બાળકોનો માર્ગ વિશેષ મુશ્કેલ બનશે. આવા સંજોગોમાં દેશની પ્રચલિત કેળવણીની પદ્ધતિનો લાભ બને તેટલો લેવો જરૂરી છે.

બંધુઓ, આજે જે જાતની કેળવણી આપણાં બાળકોને મળે છે તે પદ્ધતિ સદંતર પ્રશંસનીય તો નથી બલ્કે તેમાં અનેક ખામીઓ છે, પરંતુ તેનો વિચાર કરવાનું આ સ્થાન નથી, તેમ હાલ તે સમય નથી. એટલે જ્યાં સુધી હિંદને અનુકુળ ફેરફાર કરી યોગ્ય તત્વો દાખલ ન કરી શકીએ ત્યાં સુધી તેનો ત્યાગ કરવાની ઘાતક નીતિ અખત્યાર ન કરતાં, તેનો જરૂરી લાભ ઉઠાવવો એ આવશ્યક છે.

હાલની કેળવણીની પદ્ધતિના યોજકોએ મ્હોટે ભાગે જડવાદી દેશોનું આંધળું અનુકરણ કરેલું હોવાથી તેનાથી ધાર્મિક ભાવના અને આધ્યાત્મિક સંસ્કૃતિ પરત્વે અભિરૂચિ ધરાવનાર આપણા દેશની શિક્ષણ પિપાસા તૃપ્ત થતી નથી. પરંતુ જૈન સમાજ આ બાબતમાં અન્ય કોમોની તુલનાએ, વધારે સાધનો અને સગવડો ધાર્મિક અભ્યાસ માટે ધરાવતી હોઇ તેને આધુનિક કેળવણીનાં ખરાબ પરિણામોની ઓછી ધાસ્તી રાખવાની રહે છે. દરેક સ્થળે ધાર્મિક અભ્યાસ માટે યુનિવર્સીટીથી અલગ સગવડો આપણે રાખીએ છીએ અને તે રીતે આ સોસાયટીએ પણ પોતાની શાળા માટે ધાર્મિક અભ્યાસની ગોઠવણ રાખી છે, એ ખુશી થવા જેવું છે. આથી વિદ્યાર્થીઓ યુનીવર્સીટીના શિક્ષણ પદ્ધતિ સાથે સાથેજ આપણી ધાર્મિક શ્રેણીમાં પણ તેટલાજ પાર ઉતરશે એવી મ્હારી ભાવના છે.

યુનીવર્સીટીની આધુનિક કેળવણીમાં જેમ ધાર્મિક અભ્યાસને અવકાશ નથી એ તેની એક મ્હોટી ત્રુટિ છે, તેમ વધુમાં એક એવો પણ આક્ષેપ છે કે યુનીવર્સીટીમાં શિક્ષણ પામેલાઓમાં મ્હોટે ભાગે ખોટી મ્હોટાઇ-અમુક થાય અને અમુક ન થાય, એવા ખોટા ખ્યાલો બંધાય છે અને પરિણામો કેટલીવાર માઠાં પણ આવે છે. આમાંથી બચવા માટે આપણી સોસાયટી ખુબ કાળજી રાખે અને વિદ્યાર્થીઓ નમ્ર સ્વભાવી, સાદા જીવનને ચાહનારા અને પોતાના ઉપર આધાર રાખનારા બને એવી તજવીજ રાખે-એ મારી ખાસ ભલામણ છે. ખરી વિદ્યા એજ છે કે જેના વડે વિનય અને પાત્રતા પ્રાપ્ત થાય.

આપણા ઉછરતાં બાળકોને સારી કેળવણી મળી શકે તો તે પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન સારી રીતે કરી શકશે, એટલુંજ નહિ, પણ પોતાની અક્કલ હુશિયારીથી આગળ વધી, પોતાની જ્ઞાતિનું, સમાજનું અને દેશનું હિત કરી શકશે. આજે તમો જોશો તો એવાજ કેળવાયલા અને વિદ્વાન નરરત્નો દેશના હિતની લડત ચલાવી રહ્યા છે. આખા દેશનું સુકાન એમના હાથમાં છે અને તેઓજ પોતાના ડહાપણ અને ચાતુર્યથી દેશનો ઉદ્ધાર કરશે.

હિંમત બીડી તૈયાર થશો તો હું પોતે મારી યથાશક્તિ સેવા આપવા તૈયાર થઇશ. આજે નહિ પણ થોડા સમય પછી ફરીથી આપણે ભેગા મળી આ વાતનો વિચાર કરીએ એમ હું ઇચ્છીશ. છેવટે કોન્ફરન્સના કાર્ય તરફ આપ સર્વ તેમાં સંમત થશો.

કોન્ફરન્સના મહામંત્રી શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી તથા તેની કાર્યવાહી સમિતિના સભ્યોએ આજે અત્રે આવવાને કૃપા કરી છે, તે માટે તેમનો આભાર માનું છું, છેવટે આપે આપેલા માન માટે હું આપનો આભાર માની બેસી જવા રજા લઇશ.

બાદ પ્રમુખ સાહેબનો આભાર માની સભા બરખાસ્ત થઇ હતી.

—કોન્ફરન્સ ઑફીસ.

આ પ્રસંગે સર્વે ગૃહસ્થોને મારી વીનંતી છે કે તેઓ પોતાના પૈસાના વ્યય, જમણવારો, ન્યાતિનાં ખોટા રિવાજો વિગેરેમાં નહિ કરતાં, આવી કેળવણીની સંસ્થાઓને પોષવામાં કરશે કે જેમાંથી સારા કેળવાયલા કાર્યકર્તાઓ પેદા થાય અને જૈન સમાજનો તેમજ દેશનો ઉદ્ધાર કરી શકે.

વ્યવહારિક કેળવણી ઉપરાંત બીજી અગત્યની જે બાબત છે તે શારીરિક કેળવણીને અંગેની છે. "પહેલું સુખ તે જાતે નર્યા" એ સુત્રને અવશ્ય ધ્યાનમાં રાખવું જોઇએ. જ્યાંસુધી આપણા બાળકોની શારિરીક તંદુરસ્તી સારી ન હોય ત્યાંસુધી આપણે સારા નાગરીકોની આશા ઓછી રાખી શકીએ. તંદુરસ્તી જો સારી હોય તો મગજશકિત પણ સારી હોઈ શકે. અભ્યાસ પણ ખંતથી કરી શકે અને શહેરી તરીકે સ્વરક્ષણ માટે પોતાના શારિરીક બળનો ઉપયોગ કરી પોતાનું અને અન્યનું પણ રક્ષણ કરી શકે. આ સંસ્થામાં શારિરીક કસરત અંગે સંચાલકોએ જરૂર પ્રબંધ કર્યો હશે એમ હું માનું છું. અને જો તેમ ન કરવામાં આવ્યું હોય તો જરૂર તાકીદે તે માટે ગોઠવણ કરવામાં આવે એમ હું ઇચ્છીશ.

કેળવણીની જરૂરીઆત સ્વીકાર્યા પછી આ સંસ્થાની ઉત્પત્તિનો એક પ્રસંગ મ્હને યાદ આવે છે તે રજુ કરતાં ઘણો હર્ષ થાય છે. આપણા સમાજ ઉપર પરમ ઉપકાર કરનાર પ્રાતઃસ્મરણીય **આચાર્ય દેવ શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજે** સમાજમાં કેળવણીના પ્રચાર માટે જે અથાગ પ્રયાસ સેવ્યો છે તેના ફળો આજે મુંબઇ, ગુજરાત, મારવાડ, પંજાબ, મહારાષ્ટ્ર આદિ ભોગવે છે, તે આપણી જાણમાં છે. એ પરમ ગુરૂદેવ આ પરગણામાં જ્યારે જ્યારે વિચર્યા ત્યારે તેમને આવું કેંદ્રિત સ્થળ જોઇ ત્યાં જૈન બાળકોની કેળવણી માટે વ્યવસ્થા થાય એ ઉચિત જણાતાં, તેમણે આ પરગણાના આપણા ઉત્સાહી બંધુઓને આજથી છ સાત વર્ષ ઉપર બગવાડા મુકામે ઉપદેશ આપ્યો. શા૦ છગનલાલ રાયચંદ પરીઆવાળા, ભાઇ હીરાચંદ તથા શા૦ મગનલાલ ગોવિંદજી આદિ અન્ય ઉત્સાહી બંધુઓએ આ ઉપદેશ ધ્યાનમાં રાખી તે વાતને સિંચન કરી, આજે આ આશ્રમ અને શાળા રૂપી સુંદર ફળો નિપજાવ્યાં છે તે બદલ આ પરગણું પૂજ્યશ્રી મહારાજશ્રીનું જેટલું ઋણી છે તેટલુંજ આ બંધુઓનું પણ આભારી છે. એમ કહ્યા વિના ચાલે તેમ નથી.

આ ફળ જોવા આજે આપણને એકત્રિત કરવામાં બીજો વિશેષ ફાળો આપનાર તરીકે ભાઇ મગનલાલ ગોવિંદજીની સખાવતને આપણે ગણવી જોઇએ. કેમકે જૈન ધર્મશાળા આજે હસ્તિમાં આવી હોય તો તેમણે જે સારી રકમ આપી ઉદારતા દર્શાવી શરૂઆત કરી છે તેને આભારી છે. આમ ઉત્સાહથી એક પછી એક ઉત્તરોત્તર કાર્ય ચાલુ થતાં આજે આપણે સૌને તે ઉત્સાહનું પ્રબળ પુર જોવા અનુભવવા એકઠા થવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે. હું આ સર્વ બંધુઓને અને સોસાયટીના ઉત્સાહી સંચાલકોને મ્હારા વતી અને આપની સૌના વતી અભિનંદન આપું છું.

આવા કેળવણી મંડળો અને સંસ્થાઓ ઠેર ઠેર ચાલુ થાય એ હવે આપણે માટે અનિવાર્ય થઇ પડયું છે. કેમકે સરકાર તરફથી નાણાની તંગીને લીધે કેળવણીની સંસ્થાઓને ઉત્તેજન ઘણું ઓછું મળે છે. જે નાણાંની મદદ મળવી ચાલુ છે તેમાં પણ ઘણી કાપકુપ થવા માંડી છે. કેળવણીની જરૂરીઆત વધારે પ્રમાણમાં પ્રજા સમજવા માંડી છે. તેવા સમયે આવી નાણાની તંગીના કારણે અગવડો ભોગવવી પડે છે તે ખેદજનક વિષય છે. નિરાશ થવાનું કારણ નથી, બનતા પ્રયાસ કરતા રહેવું. જૈન બંધુઓએ આ કાર્ય પોતના બાળકો માટે ઉપાડી લીધું છે અને તે પ્રગતિમાન બનો એમ હું ઇચ્છું છું.

છેવટે, હું એટલુંજ ઇચ્છીશ કે આ સંસ્થામાં કેળવણી પામી બહાર પડતા વિદ્યાર્થીઓ જૈન ધર્મ અને કોમની ઉન્નતિ અને સેવાના કાર્યોમાં પોતાનો પુરતો ફાળો આપશે અને સમાજના પૈસાનો સદ્વ્યય થયો છે એમ સાબીત કરી આપી સંતોષ આપશે.

એક વખત ફરીથી આપના સુપ્રયાસોને ફતેહ ઇચ્છું છું અને સમાજની વધુ અને વધુ સેવા બજાવવા ભાગ્યશાળી બનો તથા આ શાળા અને આશ્રમનો દિવસાનુદિવસ વધુ વિકાસ થાઓ, એવી શુભેચ્છા સાથે શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ અને એંગ્લો વર્નાક્યુલર સ્કુલ ખુલ્લી મુકાએલ જાહેર કરૂં છું.

# કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની મળેલી સભા.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક બેઠક તા૦ ૧૧-૬-૩૩ ના દિને બપોરના સ્ટાં. ટા. ૩-૩૦ વાગે શ્રી ચિનુભાઇ લાલભાઇ શેઠ, સોલીસીટર, ના પ્રમુખસ્થાને મલી હતી. જે વખતે નીચે જણાવ્યા મુજબ કામ કાજ થયું હતું.

૧. આ સંસ્થાના મહામંત્રી શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી તથા સ્ટે૦ કમિટીના સભ્યો શ્રી. માકરચંદ એમ. વડીવાલી, સુરત જીલ્લાના પ્રાંતિક મંત્રી શ્રી. જીવણલાલ કપુરજી, તથા શેઠ ગુલાબચંદ વનાજી વગેરેએ સમેતશિખર આદિ પવિત્ર તીર્થ સ્થળોની યાત્રા પ્રસંગે પોતાના પ્રવાસ દરમ્યાન આપણી કોન્ફરન્સનું સ્થળે સ્થળે જે પ્રચાર કાર્ય કર્યું છે, તેની આજની સભા આભાર સાથે નોંધ લે છે.

૨. શ્રી કેસરીયાજી પ્રકરણ અંગે અત્યાર સુધી થયેલ પત્રવ્યવહાર રજુ થતાં કેટલીક ચર્ચા થઇ હતી. અને જરૂરી વિગતો સંબંધી શેઠ આણંદજી કલ્યાણજીને લખવું અને તેમના પ્રતિનિધિ અત્રે આવે ત્યારે ફરીથી મળવું.

૩-૪. બનારસ હિંદુ યુનિવર્સીટી અંગેની કાર્યક્રમની વિગતો નં. ૩-૪ મુલતવી રાખવામાં આવી.

૫. શ્રી જૈન શ્વે. તીર્થ મેનેજીંગ કમિટી બનારસનો વચ્છરાજ ઘાટના જીર્ણોદ્ધાર સંબંધે આવેલ પત્ર રજુ થતાં કેટલીક સુચનાઓ કરવામાં આવી હતી અને તેમને તે લખી જણાવવા ઠરાવવામાં આવ્યું.

૬. ચીકાગોમાં મળનાર સર્વ 'ધર્મ પરિષદ્' અંગે કેટલીક ચર્ચા થઇ હતી અને તે સબંધે મુનિશ્રી વિદ્યાવિજયજીને પત્ર લખી જરૂરી હકીકતો મંગાવવા ઠર્યું.

બાદ પ્રમુખનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

# જૈન જગત્.

## સુરતના લાડુઆ શ્રીમાળી.

### તેમને સંઘમાં લેવાની ચળવળ.

### શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો સંદેશો.

શ્રી લાડુઆ શ્રીમાલી જ્ઞાતિને શ્રી સંઘમાં સામેલ કરવા સુરતના નગરશેઠ તરફથી તા૦ ૮-૬-૩૩ ના રોજ જે સકળ સંઘની સભા બોલાવવામાં આવી હતી. તે સંબંધે નીચેના મતલબનો તાર કોન્ફરન્સના મહામંત્રીઓ તરફથી નગરશેઠ બાબુભાઇ ગુલાબચંદ પર મોકલવામાં આવેલ હતો.

"લાડુઆ શ્રીમાલીઓને શ્રી સંઘમાં અંતરગત સાથે લેવા મજબુત ભલામણ કરીએ છીએ. આશા છે કે શ્રી સંઘની સભા તેઓની વ્યાજબી ફરીયાદ દુર કરશે."

### જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયાના સેક્રેટરીનો સંદેશો.

શ્રી સુરતનો જૈન સંઘ શ્રી લાડુઆ શ્રીમાળી ભાઇઓને સંઘમાં એકત્ર કરવાજ તા૦ ૮-૬-૧૯૩૩ ના રોજ મળવાનો છે તે તરફ સહાનુભુતી દર્શાવતા એક તાર જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયાના સેક્રેટરી તરફથી સુરતના નગરશેઠ બાબુભાઇ ગુલાબચંદ ઉપર મોકલવામાં આવ્યો છે કે,

"જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા એવી આશા રાખે છે કે લાડુઆ શ્રીમાળીઓને સંઘમાં લેવામાં આવે અને હાલના પૂર્ણ સંપ અને એકતાના યુગમાં કોઇપણ જાતનો ભેદ ભાવ રાખવામાં ન આવે.

**રતનચંદ તલકચંદ માસ્તર ઓનરરી સેક્રેટરી.**

### શ્રી ઝવેરી સોલીસીટરનો સંદેશો.

મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલીસીટર તરફથી પણ નીચેનો તાર કરવામાં આવેલ છે.

બાબુભાઇ ગુલાબચંદ નગરશેઠ-વડાચૌટા-સુરત, "ઇચ્છું છું કે શ્રી સંઘની સભા લાડુઆ શ્રીમાલીઓને સામેલ કરી ઐક્યતા અને સંપને પુનઃ સ્થાપિત કરશે."

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**

**આગમન:**—તા૦ ૧૨-૬-૩૩ ના રોજ પન્યાસજી શ્રી ભક્તિવિજયજી આદિ ૨૦ ઠાણાનું મુંબઇમાં આગમન થયું છે અને તેઓ લાલબાગમાં ચાતુર્માસ કરશે.

**શ્રી સુકૃત ભંડાર ફંડ**—આ ફંડમાં **શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન દેરાવાસી જ્ઞાતિના ટ્રસ્ટીઓ** મુંબઇ તરફથી ૧૦૧) એકસો એક મળ્યા છે જે સાભાર સ્વીકારીએ છીએ. **શ્રી જમનાદાસ ગાંધી** મારફતે **ભાવનગર**ના બંધુઓના ફાળાના રૂ. ૭।।। મળ્યા છે

**મોમીનાબાદ મહાવીર બાલાશ્રમ:**—નિઝામ સ્ટેટમાં આવેલી આ સંસ્થાની વાર્ષિક મીટીંગમાં કેટલાક ઠરાવોની સાથે નીચેના ઉપયોગી ઠરાવો પણ થયા હતા.

૧ મહાવીર બાલાશ્રમને રજીસ્ટર કરાવવું.

૨ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ થાય તો હાઇસ્કુલ ખોલવી.

૩ એક સલાહકારક મંડળ નીમવું.

૪ સંસ્થાના વિશાળ ધ્યેયને અનુલક્ષી સ્થાનકવાસી, મૂર્તિપૂજક દિગંબર વિગેરે દરેક સંપ્રદાયના બાળકોને કોઇ પણ ભેદભાવ વિના દાખલ કરવા.

૫ ખર્ચ કમી કરવા માટે કરમાલાની અને અદિની સંસ્થાઓને જોડી નાંખવી.

ઉપર પ્રમાણે ઠરાવો કરી મીટીંગ વિસર્જન થઇ હતી.

**ડેપ્યુટેશન ગયું:**—યંગમેન્સ જૈન સોસાયટીના ૧૦-૧૨ આગેવાન કાર્યકર્તાઓનું એક ડેપ્યુટેશન ભાવનગર મુકામે કોઇ સમાધાનીનો માર્ગ કાઢવાની ઇચ્છાથી શ્રી વિજયનેમિ સૂરિજીને મળવા ગયાનું સંભળાય છે.

**લાભ લીધો:**—પાયધુની ઉપરના **જૈન** દવાખાનામાં મે માસમાં સ્ત્રી પુરૂષ બાળકો મળીને કુલ બાળકો ૧૫૧૨ દરદીઓએ લાભ લીધો છે.

**છાત્રાલય:**—અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયને વિશાળ પાયા પર મૂકવા માટે ગુજરાત કોલેજ પાછળ ૭૦ એકર જેટલી વિશાળ જમીન ખરીદ કરવામાં આવી છે અને તે ઉપર લગભગ બે લાખ રૂપીઆના ખરચે વિશાળ મકાન બંધાતાં વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં લાભ લઇ શકે એવું વિદ્યાલય ખોલવામાં આવશે.

**પાટીદારો જૈન બન્યા:**—નવસારીથી થોડા માઇલ દૂર ધામણ ગામમાં શ્રીમદ્ રાજચંદ્રના પરમ ભક્ત શ્રીયુત્ ચુનીભાઈ સોમાભાઈ તલાટી તરીકે આવતાં તેમના સત્સંગથી લગભગ ૫૦૦ પાટીદાર ભાઇઓએ જૈનધર્મ અંગીકાર કર્યો છે.

**મેળાવડો:**—ડૉ પ્રાણજીવનદાસ એમ. મહેતાની જામનગર સ્ટેટના ચીફ મેડીકલ ઓફિસર તરીકે નિમણુંક થતાં તેને અભિનંદન આપવાનો એક મેળાવડો તા૦ ૧૧-૬-૩૩ રવીવારે શ્રી કાઠીયાવાડ દશા શ્રીમાળી વણિક મિત્ર મંડળ તરફથી હીરાબાગમાં ડૉ. ટી. એ. શાહના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો.

**જયંતિ:**—પાટણમાં શ્રીમદાત્મારામજી મહારાજની જયંતિ શ્રી વિજયવલ્લભસૂરિજી તથા પ્રવર્તક શ્રી કાંતિવિજયજી આદિની હાજરીમાં ઘણીજ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવી હતી.

**દેહગામ**—મુનિમહારાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ ચાતુર્માસ નિવાસ માટે અત્રે પધારતાં તેમનું સ્વાગત ઘણાજ ઠાઠમાઠથી કરવામાં આવ્યું હતું. અને દેહગામ તેમની જન્મભૂમિ હોવાથી ઘણા વર્ષે તેમના દર્શનનો લાભ ગામને મળવાથી જૈન તેમજ જૈનેતરોએ સ્વાગતમાં ભાગ લઇ પોતાનો અપૂર્વ આનંદ જાહેર કર્યો હતો.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhanji Street, Bombay 3 and Published by Mansukhlal Hiralal for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA'

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. — છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૮ મું. નવું ૩ જું. — તારીખ ૧ લી જુલાઇ ૧૯૩૩. — અંક ૪ થો.

વિષય સૂચિ.


| | |
|---|---|
| ૧ ધર્મ અને ગૂજરાત... ... શ્રી રત્નમણીરાવ બી. એ. | ૫ એક સ્પષ્ટ ખુલાસો ... ... ... શ્રી હર્ષચંદ્ર |
| ૨ જ્ઞાતિ, ધર્મ સંગઠન (અગ્રલેખ)... ... તંત્રી | ૬ પુસ્તકોની માલિકી તથા ઉપયોગ... શ્રી જગનાદાસ ગાંધી |
| ૩ નોંધ:—૧ રૂડા ઉપદેશનું રૂડું ફળ<br>૨ શાસ્ત્રસંશોધન<br>૩ શિલા લેખો... ... ... તંત્રી | ૭ ધર્માદા ખાતાના નાણાં... ... ... શ્રી ચોકસી<br>૮ જૈન જગત્... ... ... ... પ્રકાશક. |
| ૪ મહામંત્રીનો પ્રવાસ ... ... શ્રી હરિલાલ માંકડ | ૯ કેસરીયાજી તીર્થ છીનનેકા પ્રયત્ન ... જાણકાર. |


# ધર્મ અને ગૂજરાત.

સમસ્ત ભારતવર્ષની સંસ્કૃતિનું થડ ને મૂળ ધર્મ હશે. ભરતખંડ એક મોટો ખંડ છે. જૂદા જૂદા દેશો-પ્રાંતોની સંસ્કૃતિમાં ધર્મનું સ્થાન નક્કી કરવાનું કામ કઠણ છે. ગુજરાતમાં પણ ધર્મનું સ્થાન નાનું નથી; પણ કેવળ થડ કે મુળના સ્થૂલ સ્વરૂપમાંજ આપણે ત્યાં ધર્મ બહુ ન ખીલ્યો; ગુજરાતમાં તો એ વૃક્ષના મૂળથી ટોચ સુધી, પાંદડે પાંદડે, ને ડાળે ડાળે, વહી રહેલો જીવનરસ તે ધર્મ છે. વ્યવહારિક બુદ્ધિ તે મુળ-થડ છે, મૂળ અને થડ વગર એ રસ ન હોય, અને એ રસ વગરનું થડ નકામું અને વૃક્ષ સુકું છે, એમ ધર્મ અને ગુજરાતનો સંસ્કાર વિશેષ-વ્યાવહારિક બુદ્ધિ-એ બે અન્યોન્યાશ્રય છે. બંને એક બીજાથી દીપે છે. બીજા પ્રાંતોની વિશેષતાઓનો વિચાર કરતાં અને સરખાવતાં ગુજરાતે આવો જૂદો ધર્મ અને વ્યવહારનો સુંદર યોગ સાધ્યો છે. એ વ્યવહારબુદ્ધિનું સ્થૂલ સ્વરૂપ તે આપણો વેપાર. આ અપૂર્વ યોગ-મિશ્રણથીજ સંસ્કૃતિનાં અંગ લીલાં રહ્યાં; ધર્મનો રસ અને બીજી શાખાઓ સચવાઇ રહી; અને એના પર કજીયા કંકાસની ઉધાઇ ન ચઢી, કે ન એડાં પડતીનાં કડવાં ફળ. એનાં ફુલોની સુવાસ સર્વથા મીઠીજ રહી.

ધર્મ ઉર્મિ-લાગણી પ્રધાન છે. ગુજરાતમાં ઉર્મિ-લાગણીનું તત્ત્વ કાંઇક ઓછું છે. વ્યવહારકુશલતામાં ગણત્રીને પહેલું સ્થાન છે, પણ આપણે લાગણીને તેની સાથેજ એક આસને-ઓંકાર અને શ્રી સાથે આવે તેમ સ્થાન આપ્યું છે. ગુજરાત ગણત્રી પ્રધાન (Calculative) દેશ છે. છતાં પાશ્ચાત્ય દેશોની પેઠે તેણે લાગણી ત્યજી નથી. લાગણીનું અને ધર્મનું સ્થાન સાથેજ આવવાથી લાગણી મિશ્રિત થયેલી વ્યવહાર બુદ્ધિ અધિક શોભે છે. એથી ધર્મ કોમલ બન્યો છે અને વ્યવહાર બુદ્ધિ પણ કોમળ બની છે. ગાંડું ધર્મઝનુન દેખાતું નથી. દયા અને ઉદારતા એ આ સંસ્કૃતિનાં ધર્મ અને વ્યવહાર બુદ્ધિ એ બે મુખ્ય અંગોમાંથી ઉત્પન્ન થયેલું અનુપમ યુગલ છે. ગુજરાતી સંસ્કૃતિની આ બે આંખો છે. આ અપૂર્વ મિશ્રણ શૈવીનાગરોએ કુશલતા અને મુત્સદ્દીપણાથી રચ્યું, જૈન ધર્મની તો તે પ્રકૃતિજ હતી, એટલે એણે તો તેને સંસ્કૃતિનું ખાસ અંગ ગણીને પોષ્યું. એ બધાનો મેળ એવો બેઠો કે ગુજરાતનું ધાર્મિક વાતાવરણ કોમલ બની ગયું. ઇશ્વરનું ને મૂર્ત્તિપુજાનું ભયાનક સ્વરૂપ ગુજરાતમાં પ્રવેશ ન કરી શક્યું. શિવ તે શંકર રૂપેજ રહ્યા, રૂદ્ર કે કાલ ભૈરવ ન થયા. કાલી-ચામુંડા ગુજરાતમાં જગજ્જનની અંબા, ભદ્રકાલી એવાં સૌમ્ય નામોથી પ્રતિષ્ઠા પામી. **જૈનોનો દયા ધર્મ આખા ગુજરાતનો ધર્મ બન્યો,** જીવ દયા માટે આખા જગતમાં ગુજરાત દૃષ્ટાંત યોગ્ય બન્યું. ધર્મની આ અસર અન્ય પ્રાંતોમાં આવા સ્વરૂપે ન થઈ; અને તેમની દાનશીલતા અને દયા ગુજરાત જેવાં ન ખીલ્યાં, સંકટ વખતે આખા ભારતવર્ષને ગુજરાત આગળ હાથ ધરવો પડે છે; અને ગુજરાત ગર્વનો ખ્યાલ લાવ્યા વગર પોતાનું કર્ત્તવ્ય બજાવે છે.

**—રત્નમણીરાવ ભીમરાવ બી. એ.**

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥
—श्री सिद्धसेन दिवाकर.

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

જૈન યુગ.
તા. ૧-૭-૩૩ શનીવાર

# જ્ઞાતિ, ધર્મ, સંગઠન.

જૈન ધર્મ પાળતી આલમમાં વણિક, ભાવસાર, પાટીદાર આદિ જ્ઞાતિઓ છે, જૈન ધર્મ પાળતી વણિક કોમમાં શ્રીમાલી ઓશવાલ, પોરવાડ આદિ જાતિઓ છે અને તે દરેક જાતિમાં દશા અને વીસા ભેદ છે. આમ અનેક જ્ઞાતિઓ જૈન ધર્મ પાળી જૈન સંઘના અંગભૂત છે, ધર્મકાર્યમાં સર્વે તે સ્વધર્મી હોઇ તે પ્રત્યે વાત્સલ્ય દાખવવાનું શાસ્ત્રકારે કહેલું છે. સંઘે ધર્મના કાર્યમાં પ્રવૃત્ત રહેવું ઘટે, જ્ઞાતિએ પોતાના સાંસારિક વ્યવહારમાં પ્રવૃત્ત રહેવું જોઇએ અને એક બીજાએ એક બીજાની પ્રવૃત્તિમાં માથું મારવું ન જોઇએ. એ રીતે વ્યવહાર બંનેનો સુખરૂપ ચાલ્યા જાય એ વસ્તુ ઇષ્ટ છે. હવે જૈન ધર્મમાં પણ મુખ્ય ત્રણ ફાંટા છે. દિગંબર, શ્વેતાંબર મૂર્તિપૂજક અને શ્વેતાંબર અમૂર્તિપૂજક એટલે સ્થાનકવાસી; વળી એક તેરાપંથી પણ અમૂર્તિપૂજક ફાંટો છે. આ ફાંટાઓમાં વિધિ-વિધાન સંબંધી ફેરફાર હોવા છતાં તે બધા વીતરાગ જિનેશ્વરના અનુયાયી છે અને જૈનધર્મના ધ્વજ નીચે એક છે, એ ભાવના લોપાવાથી અનેક જાતનાં જ્ઞાતિઓ દ્વારા તડાં ઉભાં કરવામાં સાધુઓ-ત્યાગીઓ ભાગ લે છે એવું જ્યારે જણાય ત્યારે દુઃખ થાય છે.

એક સ્થળે એવું વાંચવામાં આવ્યું કે "વાવમાં સં. ૧૯૮૬ ની સાલમાં પૂ. મતિસાગરજી મહારાજના ઉપદેશથી મૂર્તિપુજક સંઘે ઠરાવ કરેલો કે-તેરાપંથી (ઢુંઢીઆ) લોકોને આપણી કન્યાઓ આપવી નહિ××" આ પરથી એ વિચાર આવ્યો કે સંઘ પણ લગ્ન જેવા માત્ર સાંસારિક વિષયમા માથું મારે છે અને તેમાં મુખ્ય પ્રેરણા સાધુના ઉપદેશની છે એ સ્થિતિ વીતરાગ ધર્મને ન સમજવાના પરિણામે ઉત્પન્ન થયેલી છે અને તે જેમ વહેલી દૂર થાય તેમ સંઘનું અને જ્ઞાતિનું વધારે કલ્યાણ થાય તેમ છે. લગ્નાદિ કેવલ સાંસારિક બાબતોમાં અમુકને કન્યા ન આપવી એવા ઉપદેશો સાધુઓએ આપવા ન જોઇએ. એવા ઉપદેશોને પરિણામે કાઠિયાવાડમાં ઝાલાવાડી દશાશ્રીમાળી દેરાવાસી ઘોળ અને સ્થાનકવાસી ઘોળ, તેમજ બીજા ઘોળ ઉત્પન્ન થયા છે અને તેથી કરી પૂર્વે જે મેળ અને કૌટુંબિક ભાવ દેરાવાસી અને સ્થાનકવાસી વચ્ચે હતો તે રહ્યો નથી અને અનેક ઝઘડા ઉત્પન્ન થયા છે, આવા 'ઘોળ' જવા જોઇએ.

રજપૂતાના અને બીજા પ્રાંતોમાં ઓસવાળ મહાજન, પોરવાડ મહાજન વગેરેમાં જૈન ધર્મના દેરાવાસીને સ્થાનકવાસી ભેદ વગર કન્યાની લેવડદેવડ થાય છે, એટલુંજ નહિ પરંતુ દેરાવાસીઓ સ્થાનકમાં અને સ્થાનકવાસીઓ દેરાસરમાં જાય આવે છે અને એક બીજાના ધાર્મિક ઉત્સવોમાં ભાગ લે છે. આવી સ્થિતિ ખુદ મુંબઇમાં દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે હતી અને દિગંબરી શેઠ માણેકચંદ શ્વેતાંબરી દેરાસરમાં આવી ઘીની બોલી વગેરેમાં ભાગ લેતા હતા. આપણી કોન્ફરન્સમાં મેવાડ મારવાડ આદિના અનેક ભાઇઓ કુલ ધર્મ સ્થાનકવાસી કહેવાતો હોય છતાં પ્રતિનિધિ તરીકે ભાગ લીધો છે અને જિનમંદિરોદ્ધાર આદિ મૂર્તિપૂજકને લગતા ઠરાવો પ્રત્યે સંમતિ અને સહાનુભૂતિ બતાવી છે, કારણ કે તેઓમાં દેરાવાસી સ્થાનકવાસીનો મહત્વનો ફેરફાર વ્યવહારમાં છે નહિ, અને એકજ મહાજન તરીકે બંને સંપ્રદાયના સાથે રહી કન્યાની આપ લે કરે છે અને ઉત્સવોમાં સામેલ થાય છે. આવો કૌટુંબિક ભાવ દૂર ન થાય અને જેને ભાવ હોય તે મૂર્તિપૂજક કોન્ફરન્સના પ્રતિનિધિ તરીકે ભાગ લઇ શકે તે માટે જૈન શ્વે. કોન્ફરન્સ એ નામમાં મૂર્તિપૂજક શબ્દ ઉમેરવામાં ઉચિતતા નથી એમ તેના સ્થાપક ઢઢ્ઢા સાહેબે ઘણી વખત પોકારી જણાવ્યું છે.

જ્ઞાતિના ઘોળ-મહાજનમાં ઘણી વખત આપસઆપસના વ્યક્તિગત કલેશ તેના શેઠીઆઓમાં જોવામાં આવે છે તેથી સાંસારિક વ્યવહારમાં મોટી ગડમથલ થાય છે અને અન્યાયનું સામ્રાજ્ય પ્રવર્તે છે. એજ રીતે સંઘમાં પણ એવું બને છે અને તેથી ધર્મના કાર્યોમાં મોટી ક્ષતિ થાય છે. ભાવનગરમાં એવું બન્યુ કે ત્યાંના ઘણાં વર્ષોથી વસતા એક પોરવાડ કુટુંબને વીસાશ્રીમાળી ન્યાતમાં લીધા એટલે તે ન્યાતની એક મોટી સભા મેળવીને કેટલાએ આગેવાન થઇ આ સંગઠનના એક શુભ કાર્યને વખોડી તે પગલું ભરવામાં જેણે આગેવાનીભર્યો ભાગ લીધો હતો તેને ન્યાત બહાર મુકી દેવાને ન્યાત પાસે ઠરાવ કરાવ્યા. ભાવનગરની ન્યાતે ભેગા મળી ખાસ ઠરાવ કરી ભણે ખપતા એવા એક પોરવાડ કુટુંબને પોતાની ન્યાતમાં લીધું, તો તેમાં જો કસુર હોય તો તે આખી ભાવનગરની ન્યાતની ગણાય, છતાં એક આખા સમુદાયને ન્યાત બહાર કરવું ભારે પડી જાય તેમ હોવાથી થોડા કાનમાં લીધેલાને ન્યાત બહાર મુકી દેવા એ અન્યાય ગણાય. આથી અનેક ઝગડા, તડા, વૈમનસ્યનાં કારણો અરસપરસ થયા. વિશ્વબંધુ ભાવનો જાહેર રીતે પોકાર કરનારા જૈન ભાઇઓ આવો સંકુચિત ભાવ રાખે એ આ જમાનાની બલિહારી છે!! હમણાં રંઘોળા મુકામે આખી ન્યાત મળી આખરે ઠરાવ કર્યો કે જે ભાવનગરની ન્યાત તે પોરવાડ કુટુંબને ન્યાતમાં લીધું તે ન્યાત તેની સાથે તે પ્રમાણે વ્યવહાર રાખે પણ ભાવનગર બહારની ગોહિલવાડની ન્યાત તેવો વ્યવહાર ન રાખવો (!! કેવો ન્યાયી ઠરાવ!!) અને ન્યાત બહાર કરેલાને ન્યાતમાં લીધા. એક વાત સારી એ કરી કે તે ગોહિલવાડ વીસાશ્રીમાળી ન્યાતે જે સોરઠની વીસાશ્રીમાળી ન્યાત સાથે કન્યાની લેવડદેવડ પહેલાં ન અટકાવી શકાય તેવી રીતે પણ ડરતાં ડરતાં થતી હતી તેની સાથે તેમ છૂટથી હવે થઇ શકે એવો ઠરાવ કરી તે બાબતની બીક ટાળી નાંખી અને એ રીતે પોતાના ક્ષેત્રને વધુ વિશાલ બનાવ્યું.

ઐતિહાસિક નજરે નિહાળતાં શ્રીમાલી, ઓસવાલ, આદિ રજપૂતાના શ્રીમાલ ને ઓસીઆ નગરમાંથી આવેલ તે પરથી પડ્યા છે અને તેમાં દશા વીસા ભેદ મંત્રીશ્રી વસ્તુપાલના સમયથી પ્રારંભ થઇ પછી પડ્યા છે. વાણિજ્ય જે કરે તે વાણીઆ; અને સ્થલો પરથી તેના જુદા જુદા ભેદ પડ્યા, પણ સર્વ વચ્ચે ભાણા વ્યવહાર તો ખરોજ. આવા ભેદ જોતાં તે સર્વનું એકત્ર થવું જોઇએ અને રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર હોય એ હવે આ જમાનામાં ઇષ્ટ છે. જેમ વિશાળ ક્ષેત્ર તેમ પસંદગી વધારે સારી અને યોગ્ય થઇ શકે. આ એક સાંસારિક બાબત છે, અને તે કારણે સર્વ વણિક જ્ઞાતિઓનું સંગઠન થવું શક્ય છે અને તેથી કરવું ઇષ્ટ છે અને સુખરૂપ છે.

બીજી બાજુ સંઘનું જોઇએ, સુરતમાં લાડુવા શ્રીમાળી જૈન છે તેઓને હજુ કાયમનું નિર્ણિત સ્થાન ત્યાંના સંઘમાં આપવામાં આવ્યું નથી એ એક જમાનાનો અન્યાય છે; આ અન્યાય દૂર થાય ને તેમને સંઘમાં લેવામાં આવે એ બાબતના સંદેશા શ્રી કોન્ફરન્સ આદિ તરફથી ત્યાંના સંઘપતિ પર ગયા છે, જેનો યોગ્ય નિકાલ સંઘના વિશાળ ક્ષેત્રમાં તેમનો સમાવેશ કાયમનો થાય એ રીતે આવશે એમ ઇચ્છીશું.

**જૈન** ધર્મના સંપ્રદાયો વચ્ચે પણ સંગઠન થવું જોઇએ. દરેક સંપ્રદાય પોતપોતાના સંપ્રદાય-ગચ્છની સામાચારી, વિધિ ક્રિયા પાળતો જાય, છતાં બીજા સંપ્રદાય સાથે હૃદય ભેદ ન રાખી જે કાર્યમાં બંને વચ્ચે મતભેદ ન હોય ત્યાં, જ્યાં શ્રી મહાવીર પ્રભુના એક છત્ર શાસનની વાત હોય ત્યાં બધા સંપ્રદાયો એક અને અખંડ-અવિભાજિત ધર્મસંઘ તરીકે કાર્ય કરી શકે. દા. ત. શ્રી મહાવીર પ્રભુની જન્મતિથિ ચૈત્ર શુદ ૧૩ ની સર્વને માન્ય છે, તેને એક જાહેર તહેવાર તરીકે પળાવવા માટે ત્રણે સંપ્રદાયોએ ભેગા મળી સચોટ કાર્ય કર્યું નથી. સંપના અભાવે તે તહેવાર પળાવવાનું જોર સરકાર પર વાપરી શકાયું નથી. હમણાં સુરતમાં મહાવીર જયંતી ઉજવાઇ હતી. ને તેના સભાપતિ રા. નંદનાથ દીક્ષિતની સહીથી મુંબઇ સરકારને શ્રી મહાવીર જન્મદિનને જાહેર તહેવાર તરીકે પાળવા ઠરાવ કરવા વિનંતિ કરી હતી; તેનો ઉત્તર મળ્યો કે 'સરકાર દિલગીર છે કે કરેલી વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.'

અરસપરસ ઝઘડા થાય ત્યાં એવું બને છે કે તે ઝઘડા કરનારાઓની સામે કોઇ અન્યાયી વિરોધી આવે છે ત્યારે તે ઝઘડા કરનારા એકત્ર થઇ તે વિરોધી સામે પડકાર કરતા નથી. દા. ત. કેશરીયાજી તીર્થના સંબંધમાં ત્યાં થોડા દિગંબર અને શ્વેતાંબર વચ્ચે મારામારી થઇ એ વાત પર મોટી ચર્ચા પત્રોમાં ચાલી હતી અને બંને સંપ્રદાયવાળા વચ્ચે વૈમનસ્યનાં બીજ વાવવામાં કેટલાક વિઘ્નસંતોષીઓ સફળ થયા. હવે જ્યારે ત્યાંના જૈનેતર પંડ્યાઓ તે તીર્થ તેમનું પોતાનું છે એમ માલિક તરીકે દાવો કરે છે, ત્યારે દિગંબર અને શ્વેતાંબર એકઠા થઇ તેમની સામે સામનો કરતા નથી.

ખરી રીતે ત્રણે મુખ્ય સંપ્રદાયોમાં એક બીજા વચ્ચે જેટલી ભિન્નતા છે તેના કરતાં અસંખ્ય ગણી સમાનતા છે. ભિન્નતા તે માત્ર વિધિ વિધાનમાં પ્રાધાન્ય પદે છે, સૈદ્ધાન્તિક ભિન્નતા પ્રાયઃ નથી. આવી સ્થિતિમાં ત્રણે સંપ્રદાયોની એક જૈન કોંગ્રેસ ભરવી યોગ્ય છે. ચિકાગોમાં દુનિયાના બધા ધર્મોની પરિષદ્ એક વખત ભરાઇ ગઇ કે જે વખતે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે પૂજ્ય આત્મારામજી આચાર્યની અનુજ્ઞા અને પ્રેરણાથી સ્વ. વીરચંદ રાઘવજી ગયા હતા ને જૈન ધર્મનો પ્રભાવ તેમણે સચોટ સમજાવ્યો હતો અને હમણાં ત્યાંજ બીજી તેવી પરિષદ્ ભરાનાર છે. નાસિકમાં હિંદના ધર્મોની પરિષદ્ હમણાં ભરાઈ ગઇ, તો જૈન ધર્મના ત્રણ સંપ્રદાયોની એકત્ર પરિષદ્ ન ભરી શકાય? જરૂર ભરી શકાય, પણ તે માટે હૃદયની વિશાલતા, મતસહિષ્ણુતા, પ્રેમાદર ભાવ જોઇએ અને કાળલબ્ધિ જોઇએ, તે હવે પ્રાયઃ મોજુદ છે, હમણાં અજમેર ભરાયેલી સ્થાનકવાસી ભાઇઓની પરિષદે પણ એ તો પાંચમા પ્રસ્તાવથી સ્વીકાર્યું છે કે "જૈનોના સર્વ ફિરકામાં પરસ્પર પ્રેમ વધવાથી જૈન ધર્મ પ્રગતિ પામી આગળ વધી શકે છે એવું આ કોન્ફરન્સ માને છે અને તેને માટે ઠરાવ કરે છે કે તેમની કોન્ફરન્સ દ્વારા પ્રેમ વધારવા તથા મતભેદ ભૂલી ઐક્ય સાધવાની જે જે કાર્ય સંયુક્ત બલથી થઇ શકે તે તે સર્વ કાર્ય કરવાની વિનંતિ કરે. આ પ્રવૃત્તિ કોન્ફરન્સ ઓફિસ કરશે.' આ ઠરાવ સ્તુત્ય છે અને તે અમલમાં મુકવા માટે દરેક સંપ્રદાયની કોન્ફરન્સની ઓફિસો હૃદય પૂર્વક સહકાર કરશે, તો જૈન ધર્મની પ્રગતિ જરૂર થશે.'

# નોંધ.

## રૂડા ઉપદેશનું રૂડું ફળ.

આપણા ધર્મોપદેશક તે સાધુ મુનિ મહારાજો છે. તેઓ સંસારના વિવિધ તાપમાં મુંઝાતા જનોને યોગ્ય માર્ગે દોરી શકે છે અને તેમના તારણહાર બની શકે તેમ છે. વિશેષમાં તેમનો ઉપદેશ પ્રદેશ અમુક ગામના ઉપાશ્રયના ચાર ખુણામાંજ પરિસમાપ્ત થતો નથી; પરંતુ ગામે ગામ ફરી જ્યાં જ્યાં ધર્મવિમુખતા જોવામાં આવે ત્યાં ત્યાં તેને દૂર કરી ધર્મનો પ્રચાર અને વિસ્તાર કરવાનો છે, હમણાંજ એકે જણાવ્યું કે નડીયાદમાં અનેક જૈન પાટીદારો હતા તે સાધુના વાસ વગર તેમનો અખૂટ અને અખંડ ઉપદેશ પ્રવાહ ન રહેવાથી ધર્મથી સુકર થતા જાય છે અને જૈનોમાંથી જૈનેતરો થતા જાય છે. એજ પ્રમાણે પુષ્કળ ગામો અને શહેરોમાં એ સ્થિતિ છે. આ સ્થિતિપર ખાસ લક્ષ મુનિઓએ પોતાનું સંમેલન ભરી દેવું ઘટે છે અને તેના ઉપાય શોધવા ઘટે છે.

આબુના યોગાભ્યાસી શાંતિવિજયજી મૂળ સંસારાવસ્થામાં રબારી, છતાં ધ્યાનાદિના પ્રયોગથી રાજા રજવાડામાં પણ ભારે પ્રખ્યાત થયા છે. નામ પ્રમાણે શાંતિ સાચવી પોતાનું આત્મકલ્યાણ કરવા પ્રત્યેક કાળજી રાખનારા હતા તે હવે ધીમે ધીમે સંસારીઓનું કલ્યાણ સાધવા પ્રત્યે આગળ પ્રયાણ કરતા જાય છે. બામણવાડમાં પોરવાડ સંમેલન થયું ત્યાં પોતે આગ્રહ થતાં જઇ આવ્યા, કે જે વખતે તેમને પદવી શ્રાવકોએ આપી તે તેમણે દાક્ષિણ્યભાવે સ્વીકારી હશે (બાકી અન્યથા સ્વીકારી હોય તો ઇષ્ટ નથી.) જે પોતામાં મસ્ત છે. 'અવધુ સદા મગનમેં રહના' એ પ્રમાણે આત્મમગ્નતામાં જે વિલસે છે તેને પદવીના મોહ શા?—હવે પ્રસ્તુત વિષય પર આવતાં જણાવવાનું કે ત્યાં વૈશાખ શુદ ૧૧ ને દિને મારવાડ, મેવાડ,

ગોડવાડ આદિ સમસ્ત રબારી જાતિના પંચ પ્રતિનિધિ આશરે ૨૫૦ ની સંખ્યામાં હાજર હતા, તેમને મુનિશ્રીએ જીવદયા માંસમદિરા ત્યાગનો ઉપદેશ આપતાં તેમણે માંસમદિરાના ત્યાગનો ઠરાવ કર્યો અને અફીણનો ખર્ચ જેમ બને તેમ કમી કરવાની પ્રતિજ્ઞા લીધી. દેવદેવીઓને બકરા, પાડા, વગેરે કદી ચડાવશું નહિં ને તેને બદલે મિષ્ટાન્નાદિનું ભોજન કરીશું, મરણ બાદ પીટવાનો રીવાજ બને તેટલો ઓછો કરીશું. વગેરે અનેક ઠરાવ કર્યા.

શ્રીમદ્ રાજચંદ્રજીના અનુયાયી લઘુજી સ્વામીએ અનેક પાટીદારોના વચમાં રહી તેમને જૈન ધર્મના ત્યાગના સિદ્ધાંતો સમજાવી જૈન ધર્મી બનાવ્યા અને આણંદ સ્ટેશન પછી ખંભાત રેલ્વે લાઇનમાં અત્રાસ પાસે એક આશ્રમ સ્થાપ્યો છે કે જેમાં અનેક પાટીદારો તેમજ બીજી કોમના જૈન વર્ગના રાગી બની લાભ લે છે. વળી નવસારી પાસે ધામણગામમાં તેમના અનુયાયી પટેલ ચુનીભાઇ સોમાભાઇના પ્રયાસથી લગભગ પાંચસો પાટીદાર જૈન બન્યા છે.

જૈન ધર્મમાં હોય તેને તેમાંથી સંઘ બહારની શિક્ષા કરી બહાર કાઢવામાં આવે. તેને કન્યા વ્યવહારની પડતી મુશ્કેલીઓ અને મુંઝવણોનો તોડ ન કરાય ને તેથી તેઓ જૈનેતર બને, મુનિ સર્વ ક્ષેત્રો ન સંભાળે અને અમુક પસંદ ક્ષેત્રોમાં વિહાર કરવાના કારણે મુનિસમાગમના અભાવે બીજાં ક્ષેત્રોના જૈનો ધર્માંતર કરે એ સ્થિતિ જૈન સમાજની સંખ્યામાં ઘટાડો કરે છે અને તેથી તેની પડતી થાય છે એ પર લક્ષ મુનિઓનું ક્યારે જશે? મુનિસંમેલન કરી તે વાતનો કાયમી નિકાલ અને પ્રબંધ થાય તે ઇષ્ટ છે.

## શાસ્ત્રસંશોધન—

અજમેરમાં સ્થાનકવાસી સાધુઓનું સંમેલન થયું તે વખતે શતાવધાની મુનિશ્રી રત્નચંદ્રજીએ પ્રવચન કરેલું; અને તેમાં પોતે રચેલી પ્રાકૃત ગાથાઓ રજુ કરેલી, તેમાંની કેટલીક ગાથાનો ભાવાર્થ એ છે કે:—

વલભીપુર (વળા) માં દેવર્દ્ધિ ક્ષમાશ્રમણના વડપણ નીચે મળેલ સાધુ સંમેલન લાંબા સમય સુધી ચાલ્યું અને એમાં કોઇ પણ પ્રકારનો મતભેદ થયો નહતો એકમતે મળીને જિનપ્રભુએ ફરમાવેલ સર્વ શાસ્ત્રો તેમણે તાડપત્ર પર લખ્યા. બાદ દુકાળ પડવાથી સારા સાધુઓનું સ્વર્ગગમન થતાં વિપુલ અને વિશિષ્ટ શાસ્ત્રો નાશ પામ્યાં. તેથી સમય જતાં લેખકોની ગફલતીથી ઘણાં પાઠાંતર થયાં. પછીની ગાથા એ છે કે:—

संसोहणिज्जं सुहुमं विउहिं साहूहिमेयं मितिउण एत्थ ।
संजुं जणिज्जं विसयाणु पुव्वि अम्हाणमेयं पढमं खु कज्जं।

આનું સંસ્કૃત ભાષાંતર એ છે કે:—

संशोधनीयं सूक्ष्मं विद्वद्भिः साधुभिरेतन् मिलित्वाऽत्र ।
संयोजनीयं विषयानुपूर्वं अस्माकमेतत्प्रथमं खु कार्यम् ॥

એટલે આ સંમેલનમાં આવેલા વિદ્વાન્ સાધુઓએ મળીને સૂક્ષ્મ રીતે શાસ્ત્રોનું સંશોધન કરવું જોઇએ, અને વિષયોને અનુક્રમે ગોઠવવા જોઇએ—આ આપણું પ્રથમ કર્ત્તવ્ય છે.

પાઠાંતરોનું સંશોધન તો ઠીક, પણ વિષયોના અનુક્રમે ગોઠવણી કરવાની વાત કોઇ ભાઇને ભડકાવનારી લાગે અને તે કહી ઉઠે કે શું હાલની ગોઠવણી ખરાબ છે? આવી વાત કરવી એ તો શાસ્ત્રોને છિન્નભિન્ન કરવા જેવી વાત છે. આવો આશય કે હેતુ ઉક્ત મુનિશ્રીનો નજ હોય. વિષયવાર ગોઠવણીથી વસ્તુનું સમગ્ર સ્વરૂપ એકી વખતે થઇ જાય છે અને એક વસ્તુને પૂરી સમજવા માટે જુદાં જુદાં શાસ્ત્રોને જોવાં પડતાં નથી. પાઠાંતરો સંબંધી કહેવાનું કે શ્રી દેવર્દ્ધિગણિના સમયમાં પણ તે મોજૂદ હતાં અને નાગાર્જુનની વાચનામાં ભેદ હોય તો તે વાચનાનો પાઠ 'इति नागार्जुनः' કે એવા મતલબનું આગમોમાં મુકલું છે. આ ઉપરાંત જૂદા જૂદા ગચ્છવાળાએ પોતાની માન્યતાઓનું પોષણ કરવા માટે દિગંબરોએ તો અવશિષ્ટ આગમોને આગમો તરીકે માન્યાજ નહિ, જ્યારે બીજાએ તે આગમોમાંથી કેટલાક ભાગો ઉડાડી દીધા અને કેટલાક માનવાની ના પાડી અને કેટલાક શબ્દોના અર્થો જુદા કરી નાંખ્યા. લેખકોએ પણ એકને બદલે બીજું લખી નાખ્યું. આ વાત ઉક્ત મુનિશ્રીના ધ્યાનમાં પુરી હોવી જોઇએ. તેથી તે પાઠાંતરોનું શોધન પૂરી કાળજીથી કરવું ઘટે.

બીજું જે જે આગમ તેની ટીકા સહિત પ્રગટ કરવામાં આવે તેમાં વિસ્તાર પૂર્વક અનુક્રમણિકા પ્રકટ કરવી જોઇએ, પણ તે અત્યાર સુધી આપણી તરફથી પ્રકટ થયેલા આગમોમાં જોવામાં નથી આવતી, તેથી ઘણી મુશ્કેલીઓ અમુક વિષયને શોધવામાં પડે છે. બાર્નેટ નામના અંગ્રેજ પંડિતનું કથન છે કે જે સમયે સમસ્ત જૈનાગમો ટીકા ટિપ્પણીઓ સાથ પ્રકાશિત થશે અને તેના વિષયોની અનુક્રમણિકા જૂની ટીકાઓની સાથે અક્ષરવાર તૈયાર કરવામાં આવશે, તે સમયે પ્રાચીન અને હાલની ભારતવર્ષીય ભાષાઓ અને સાહિત્યનાં ઘણાં સ્થાનો પર પ્રકાશ પડશે કે જે સંબંધે આપણે હાલ અંધકારમાં છીએ, પ્રાચીન જિનવાણી પ્રત્યે એક અંગ્રેજનું આ કથન આપણે તેનું સંરક્ષણ અને સંશોધન કરવાની આવશ્યકતા બતાવે છે, આ સંબંધમાં આપણા મુનિઓ પોતાનું સંમેલન કરી તે દ્વારા ઘણું કરી કરાવી શકે.

## શિલાલેખો—

આખા હિંદુસ્થાનમાં અનેક પુરાણાં અને નવાં જૈન મંદિરો છે અને કેટલેક સ્થળે તેના અવશેષો છે, તેમાં મંદિરો કરતાં પણ જૂની પ્રતિમાઓ શિલાલેખવાળી જોવામાં આવે છે. ક્યાંક તો ભોંયરામાં ભંડારી દેવામાં આવી હોય છે, દા. ત. વીકાનેરમાં મુખ્ય મંદિરના ભોંયરામાં કર્મચંદ્ર મંત્રીએ શિરોહી પર સવારી કરી ત્યાંથી સેંકડો પ્રતિમાઓ લઇ આવેલ તે રાખેલી છે અને જ્યારે કોઇ શ્રીમંત મોટો ખર્ચ કરી ભારે ઉત્સવ કરે ત્યારે તે પ્રતિમાઓ બહાર કાઢવામાં આવે છે. બીજી બાજુ એવી પ્રથા છે કે જો કોઈ મૂર્તિ ખંડિત થઇ જાય તો તેને ભૂમિમાં દાટી દેવામાં આવે છે, યા ભોંયરામાં રાખવામાં આવે છે. આવી મૂર્તિઓ પરના શિલાલેખો આ રીતે અપ્રકાશિત રહે છે. આયુષ્યમાં પાષાણપ્રતિમા કરતાં ધાતુપ્રતિમાની લાંબી હયાતી પ્રાયઃ હોય છે, અને ધાતુપ્રતિમાની પાછળ પ્રાયઃ પ્રતિષ્ઠા લેખ કોતરવામાં આવેલ હોય છેજ, અને પાષાણ પ્રતિમા પર એવા લેખો હોય છેજ એવું સામાન્ય રીતે જોવામાં આવતું નથી, અને ઘણી વખત જે શિલાપટ્ટ પર પ્રતિમાઓ બેસાડવામાં આવે છે, તેની સાથે ચુના આદિથી સંધાન કરતાં ચુનાથી તેના પરના લેખો પણ ભુંસી નાંખે છે ને તે રીતે અદૃષ્ટ થાય

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

## ના

# એક સ્થાનિક મહામંત્રી શેઠ રણછોડભાઇ રાયચંદનો પ્રવાસ.

### ઠેર ઠેર જાહેર સભાઓ-અને-પ્રચાર કાર્ય.

( ગયા અંકથી ચાલુ )

**અજીમગંજથી ભાગલપુર** આવતાં ત્યાં દર્શન પૂજા સૌ યાત્રીઓએ કર્યાં પછી નાથનગર અને ચંપાપુરી ગયા હતા. આ ત્રણે સ્થળે જૈન બંધુઓની વસ્તી ઘણીજ જુજ છે. અત્રે દરેક સ્થળે કોન્ફરન્સની અત્યારસુધીની કાર્યવાહીનાં પેંફલેટો સર્વે બંધુઓને આપ્યાં હતાં.

**ભાગલપુરથી લખીસરાઇ** ગયા હતાં, જ્યાં લછવાડ અને ક્ષત્રીયકુંડની યાત્રા સૌએ કર્યાબાદ પાછા ફરતાં નજીકમાં આવેલ **ગિધૌર** રાજ્યના ના. રાજાસાહેબની મુલાકાતે શેઠ રણછોડભાઇ રાયચંદ, શ્રી સાકરચંદ ઘડીવાલી શ્રી. હરિલાલ માંન્ડ ગયા હતા અને મુંબઇની શ્રી જીવદયા મંડલી તરફથી એક માનપત્ર તેમને આપતાં એમના રાજ્યમાં આપણા પવિત્ર તીર્થસ્થાન પાસે ધર્મને નામે હિંસા થતી અટકાવવા માટે તેમને અરજ કરી હતી.

**બિહાર-પાવાપુરી-ગુણાયાજી**-રાજગૃહી લખીસરાઇથી રવાના થયા બાદ બખ્ત્યારપુર થઈ શ્રી બીહાર શરીફ, શ્રીપાવાપુરી, ગુણાયાજી અને રાજગૃહીનાં પવિત્રધામોની યાત્રા કરી હતી. અત્રે શ્રી પાવાપુરીના વહીવટ કર્તા શેઠ ધનુલાલજી સુચંતી તથા તેમના પુત્ર શ્રી જવાહરલાલજી લગભગ બધો વખત સાથે રહ્યા હતા. તેઓએ તીર્થ સંબંધી કેટલીક હકીકતો રજુ કરી હતી અને ચાલુ ઝઘડાઓ સબંધે કેટલીક ચર્ચા થઇ હતી. આ પ્રવાસ દરમ્યાન એ બન્ને પિતા પુત્ર તથા શ્રી મોતીચંદજી નખત અને શ્રી પુરણચંદજી નહાર વગેરેએ ઘણી સગવડ કરી હતી.

**બખ્ત્યારપુરથી પટણા** આવતાં શહેરના જૈન આગેવાન બંધુઓ શેઠ બુદ્ધિસિંહજી તથા દીપચંદજી મલ્યા હતા. જૈનોની વસ્તી ઘણીજ થોડી છે અત્રે દેવદર્શન કર્યાબાદ કોન્ફરન્સ સંબંધે કેટલીક હકીકતો આગેવાન બંધુઓને સમજાવી હતી અને કાર્યવાહીના પેંફલેટ તથા રિપોર્ટ અને બંધારણની નકલો તેમને પુરી પાડવામાં આવી હતી.

**બનારસમાં જાહેર સભા:** તા. ૨૮-૨-૩૩ ના રોજ સવારમાં અત્રે આવી પહોંચ્યા હતા. જે વખતે બનારસની શ્રી શ્વે. મૂ. તીર્થ કમિટીના સભ્યો શ્રી નાનકચંદજી વગેરે મલ્યા હતા અને તેમણે ઉતારા વગેરેની દરેક ગોઠવણનો લાભ લીધો હતો. બાદ ચંદ્રપુરી, સિંહપુરી, ભદૈની વગેરે આસપાસનાં તીર્થસ્થાનોએ ગયા હતા. બીજે દિવસે બપોર પછી શ્રી બનારસ હિંદુ યુનિવર્સીટીની મુલાકાતે શ્રી રણછોડભાઇ રાયચંદ, શ્રી સાકરચંદ મા. ઘડીયાલી, શ્રી જીવણલાલ કપુરાજી, શેઠ રતનચંદ રાયચંદ તથા શ્રી હરીલાલ માંકડ ગયા હતા જ્યાં યુનિ૦ ના રજીસ્ટ્રારે તેમને આવકાર આપ્યો હતો. બાદ કોન્ફરન્સ તરફથી સ્થાપવામાં આવેલા ' જૈન ચેર ' અંગે કેટલીક પૂછપરછ કરી હતી. પંડિત માલવીયાજીની તબીયત નાદુરસ્તી હોવાથી તેમની મુલાકાત થઈ શકી નહિં તેમજ આચાર્ય ધ્રુવ સાહેબ બહારગામ ગયેલા હોવાથી તેમની પણ મુલાકાત લેવા બન્યું નહોતું. બાદ જરૂરી હકીકતો જાણ્યા પછી પાછા ફરતાં રાતના જૈનોની એક જાહેર સભા મળી હતી. જે વખતે કોન્ફરન્સની કાર્યવાહી, જૈનચેર તથા તે પરત્વે સ્થાનિક જૈનોની ફરજ વગેરે બાબતોપર શ્રી. હરિલાલ માંકડે ઘટતું વિવેચન કર્યાં પછી શ્રી સાકરચંદ ઘડીયાલીએ જૈનચેર, સ્થાનિક જૈનોની તીર્થ અને ' ચેર ' પ્રત્યેની સામાન્ય ફરજો વછરાજઘાટ વગેરે બાબતોપર વિવેચન કર્યું હતું. ત્યાર પછી શ્રી નાનકચંદજી તથા શ્રી મોતીલાલ કોઠારીએ પ્રસંગોચિત વિવેચન કર્યું હતું.

**લખનૌમાં જાહેર સભા:** બનારસથી રવાના થયા બાદ અલાહબાદ, અયોધ્યા, સોહવાલ ( રત્નપુરી ) થઇ લખના તા. ૫-૩-૩૩ ના દિને સાંજના (૬-૦ વાગે) આવી પહોંચતાં, ત્યાંનાં સ્થાનિક આગેવાનો શ્રી લાલા દયાલચંદજી જૌહરી આગ્રાવાલા સાથે સ્ટેશને મલ્યા હતા. બાદ બીજે દિવસે સવારના શહેરમાં આવેલાં જુદાં જુદાં જૈન મંદિરોમાં દર્શન પૂજા માટે સૌ ગયા હતા. તેજ દિને એટલે તા૦ ૬-૩-૩૩ ના રોજ રાતના કોન્ફરન્સની પ્રવૃત્તિઓ અને પ્રચાર કાર્ય અંગે સ્થાનિક જૈનોની એક જાહેર સભા મલી હતી જેનું પ્રમુખ સ્થાન ત્યાંના શ્રી પદ્મચંદ જૈન એમ. એ. એલ એલ. બી એમણે સ્વીકાર્યું હતું. સભાગૃહ ચીકાર ભરાઈ ગયું હતું. વૃદ્ધ અને યુવાન બંધુઓ સૌએ આતુરતાથી કોન્ફરન્સની પ્રવૃત્તિઓની માહીતિ મેલવી હતી. આ પ્રસંગે શેઠ રણછોડભાઇ

---

છે, આ પરથી સિદ્ધ થાય છે કે શિલાલેખોની કિંમત કે મહત્તા આપણા લોકો સમજતા નથી અને તે પરથી મળી આવતી ઐતિહાસિક બાબતોનો નાશ થાય છે. આવી આશાતના બિલકુલ અક્ષંતવ્ય છે.

આવા અદૃષ્ટ લેખોને બાજુ મુકતાં હજુ પણ આપણે ચેતીએ તો હજારો પ્રતિમાઓ મોજૂદ છે કે જે પરના લેખોનો ઉતારો કરી તેનો સંવત્ વાર સંગ્રહ કરી શકાય ને તે પરથી પ્રતિષ્ઠા કરાવનાર આચાર્યોની હયાતીનો કાલ સ્પષ્ટપણે નિર્ણીત કરી શકાય તેમ છે, કેટલીક વખત લેખો પુરાતન લિપિમાં હોય છે તેથી તે તુરત સમજી શકાતા નથી, તે માટેના "રબિંગ" (પ્રતિલેખો) લેવા માટેની ખાસ વિધિ છે તે દરેક ઇતિહાસપ્રેમી-સંશોધક મહાશયે શીખી લેવાની છે ને તેનાં ઉપકરણો પાસે રાખી લેવાનાં છે, પણ તે વિધિ કરતાં બીજી સહેલી અને કામચલાઉ વિધિ એ છે કે એવા શિલાલેખની પ્રતિલિપિ-નકલ માટે લેખ પર કોરો કાગળ રાખી તેના પર નરમ કાળી સીસાપેન અથવા કોયલો ખુબ ઘસવો એટલે લેખ જેવો હોય તેવો તેના પર આવી જશે. આવી રીતે લીધેલી નકલો અમારા પર મોકલી આપવામાં આવશે તો અમારી પાસેના સંગ્રહમાં તેનો વધારો કરી એક પુસ્તકાકારે વા કોઇ માસિક પત્રોમાં તેને પ્રકટ કરવામાં આવશે.

# સ્થા. મુનિશ્રી જવાહિરલાલજી વિ. સગીર દીક્ષાને સંમત નથીજ.

## એક સ્પષ્ટ ખુલાસો.

હમણાં હમણાં અજમેરમાં પંદરસો વર્ષ બાદ થએલ શ્રી. શ્વે. સ્થાનકવાસી સાધુ સંમેલન તેમજ કોન્ફરન્સ અધીવેશન બાબતમાં અમુક વીઘ્નસંતોષીઓ વિરૂદ્ધ પ્રચાર કાર્ય કરી રહ્યા છે અને તેમાં ખાસ કરીને દીક્ષાના ઠરાવની વિરૂદ્ધમાં એ બાળદીક્ષાના હીમાવતી શ્રી. પ્રાણલાલ કાળીદાસ, શ્રી. પુષ્પરાજજી નાહર વગેરે હસ્તપત્ર તેમજ વર્તમાન પત્રો દ્વારા જાહેર જનતાને ભરમમાં નાખવા પ્રયત્ન કરી રહેલ છે. અને પૂજ્યશ્રી જવાહીરલાલજી મહારાજ તથા તેમના સંપ્રદાયન સાધુઓને સંમેલનના ઠરાવો માન્ય નથી, વળી માળવા, મેવાડ, મારવાડના મુનિરાજો પણ સંમેલનના ઠરાવોની વિરૂદ્ધમાં છે, એવી એવી જુઠી અફવાઓ ફેલાવીને જાહેર જનતાને ઉંધે રસ્તે દોરે છે. તેથી અમે જાહેર જનતાને વિનંતિ કરીને ચેતવણી આપીએ છીએ કે એવી બીન જવાબદાર વ્યક્તિઓ-દ્વારા ફેલાવવામાં આવતી જુઠી ખબરો પર વિશ્વાસ ન રાખે, પરંતુ સાધુ સંમેલન યા કોન્ફરન્સના અધિકારીઓએ છપાવેલ ખબરો પરજ વિશ્વાસ કરે.

પૂજ્યશ્રી જવાહીરલાલજી મહારાજ તથા બીજા બધા મુનિવરોને સંમેલનમાં પસાર થયેલા પ્રસ્તાવો બંધનકર્તા છેજ. કારણ કે તેઓ તેમના સંપ્રદાયના સમસ્ત સાધુઓ તરફથી સંમેલનમાં હાજર રહ્યા હતા. માત્ર દર્શક તરીકે નહિં. તેથી જ્યાંસુધી તેમના પોતાના તરફથી અથવા તો મંડળ તરફતી સત્તાવાર ખબર બહાર ન આવે ત્યાં સુધી વિરોધીઓ તરફથી ફેલવવામાં આવતી જુઠી ખબરો પર વિશ્વાસ કરવામાં આવે તો તેઓ તરફ અન્યાય કર્યો ગણાશે. માટે ફરી ફરી વિનંતિ છે કે જાહેર જનતા સત્તાવાર ખબરો પરજ વિશ્વાસ રાખે.

**જૈન વિશારદ હર્ષચંદ્ર કપુરચંદ દોશી ન્યાયતીર્થ.**
મેનેજર. શ્રી. શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ.

---

રાયચંદ, શ્રી જીવણલાલ કપુરજી, શ્રી હરિલાલ માંકડ, શ્રી સાકરચંદ ઘડીયાલી લાલા દયાલચંદજી જૌહરી શ્રી. કપૂરચંદ જૈન વગેરેએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં બાદ પ્રમુખશ્રીએ કોન્ફરન્સ અંગે જે હકીકતો જાણવામાં આવી છે તે શેઠ રણછોડભાઇ વગેરે અત્રે આવ્યા નહોત તો જાણવા મળત નહિં એમ જણાવી કોન્ફરન્સની પ્રવૃતિઓ પોતાના પ્રદેશમાં જાહેર કરવા અને લોકોમાં જાગૃતિ આણવા સ્થાનિક બંધુઓ પ્રયાસ કરશે એમ જાહેર કર્યું હતું. પોતાના વ્યાખ્યાન દરમ્યાન શ્રી હરિલાલ માંકડે સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવતાં ફંડ ચલુ કરવા તથા કોન્ફરન્સની સ્ટે. કમિટીમાં યુ પી. ની ખાલી પડેલ જગાઓ પુરવા સભાજનોને અપીલ કરેલી હતી તેથી તે વખતે પ્રમુખશ્રીએ સુકૃત ભંડાર ફંડમાં ફાળો ભરનારાનાં નામો નોંધ્યા હતા અને ટીપ ચાલુ કરી હતી. બાદ સ્ટે. કમિટીની યુ. પી. ની ખુટતી જગાએ શ્રી. પદ્મચંદ જૈન એમ. એ. એલ એલ. બી ની નિમણુંક સભાએ કર્યા પછી પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

અપૂર્ણ.

# પુસ્તકોની માલિકી તથા ઉપયોગ.

ગયા વખતની 'અમારો તીર્થ અને જ્ઞાનપ્રવાસ' એ નામની તંત્રીની નોંધમાંથી ઉપરના મુદ્દા ઉપર જૈન સમાજે ખાસ વિચાર કરવાની જરૂર છે. પુસ્તકો મુનિરાજ એકઠા કરે છે. જાહેર સંસ્થામાં તે રાખવામાં આવે છે છતાં જૈનને તે વાંચવા મળતાં નથી. આગળના વખતથી કોઇ ચાલી આવતી માલિકીને અંગે જેસલમીર કે એવા ભંડારોમાં જૈન અભ્યાસીઓને એવો અનુભવ થયેલો, ને થતો હશે, તો તે સહેજે સમજી સકાય તેમ છે. આ તો ભાવનગરની જાહેર સંસ્થા નામે જૈન આત્માનંદ સભાના મકાનમાં મુનિરાજશ્રી પુસ્તકો રાખે છે. તે સંસ્થા જાહેર છે એટલે જાહેરના પૈસાથી ઉત્પન્ન અને સમૃદ્ધ થયેલ છે, જ્ઞાનનો પ્રચાર કરવાનું કાર્ય તે કરે છે. મુનિરાજનાં પુસ્તકો પોતાના મકાનમાં રાખે છે તે પુસ્તકોનો જૈન સમાજને ઉપયોગ કરવાનો હક નથી. આત્માનંદ સભાના કાર્યવાહકોએ સમાજ પાસેથી પૈસા મેળવ્યા છે અને સમાજે તે આપ્યા છે તે એમ ધારીને કે જૈન વ્યકિતઓ તથા સંસ્થાઓ આ સંસ્થામાં રહેલાં પુસ્તકોનો લાભ મેળવશે. કોઇનાં સ્વતંત્ર માલિકીનાં પુસ્તકો જેનો ઉપયોગ કરવાની રજા જૈન ભાઇઓને મળતી નથી તેવાં પુસ્તકો આત્માનંદ સભાના કાર્યવાહકો તે મકાનમાં રાખી શકેજ નહિ. આ સવાલ આત્માનંદ સભા કે ઉક્ત મુનિરાજનેજ લાગુ પડે છે તેમ નથી. પણ ઘણે ઠેકાણે મુનિરાજો આવાં જ્ઞાનમંદિરો ઉભાં કરે છે. લોકો છુટા હાથે પૈસા આપે છે, સ્ત્રીઓ પોતાના દાગીના ઉતારી આપે છે, તેવા પૈસામાંથી આવાં જ્ઞાનમંદિરો બનાવાય છે. આવાં જ્ઞાનમંદિરો આવી રીતે સમાજના પૈસે ઉભા થાય છે, તે જ્ઞાનમંદિરો અથવા તેમાં રાખવામાં આવતાં પુસ્તકો ખાનગી માલીકીના કેમ બને? તેવા જ્ઞાન મંદિરો માટે પહેલેથી એવો નિયમ થવો જોઇએ કે યોગ્ય નિયમાનુસાર દરેક જૈન, લાયકાત મુજબ આ પુસ્તકોનો ઉપયોગ કરવા હકદાર રહેશે. મુનિરાજ દેશાવર વિચરતા હોય તેવે પ્રસંગે તેમની રજા માગવી પડે તે સ્થિતિ પણ જ્ઞાન પ્રચારને અવરોધરૂપ છે. સ્થાનિક વ્યવસ્થા જેને સોંપવામાં આવી હોય તેજ વાંચવા આપી શકે તેમ ઠરાવવું જોઇએ. પુસ્તકો જ્યારે બહાર લઈ જવાનાં નથી તો પછી વાંચવા આપવાથી શું નુકશાન થાય તે અમો સમજી શકતા નથી. કરોડો રૂપીયાનાં પુસ્તકો ધરાવતી અમેરીકન લાયબ્રેરીઓમાં કોઇને પુસ્તક, લાયબ્રેરીના મકાનમાં પણ ન વાંચવા અપાય તેવો નિયમ હોતો નથી. અત્યાર સુધી જે બની ગયું, તે ભલે બની ગયું, પણ હવે આ બાબતને અંગે સ્થાનિક સંઘોએ અગર મધ્યસ્થ સંસ્થાએ ચોક્કસ ધોરણો બાંધવાની જરૂર છે. શ્રદ્ધાળુ ભાઇ બ્હેનો પોતાના પૈસા કાંઇ ચોક્કસ માણસજ પુસ્તકોનો ઉપયોગ કરે અને અન્ય ન કરી શકે એવી ભાવનાથી ખર્ચતા નથી. આત્માનંદ સભાના કાર્યવાહકો પોતાની સ્પષ્ટ નીતિ આ બાબતમાં શું છે તે જનતા પાસે મુકશે એવી આશા રાખીએ છીએ.

વળી હાલમાં જે જે સ્થળોએ જ્ઞાન મંદિરો નવા થવાની શરૂઆત થતી હોય ત્યાં પણ પહેલેથી આ હકીકતની ચોખવટ થવાની જરૂર છે. તે પછીજ ફંડમાં નાણાં ભરનારાએ નાણાં ભરવાં જોઇએ ને શ્રી સંઘે જ્ઞાન મંદિરને લગતા નિયમો નકી કર્યા પછી કામ આગળ ચલાવવું જોઇએ. **—જમનાદાસ ગાંધી.**

# ધાર્મિક ખાતાઓનાં નાણાં.

વર્ષો પૂર્વે જ્યારે શ્રીમતી કોન્ફરન્સ તરફથી ધર્માદા ખાતાના હિસાબો તપાસનારૂં એક મંડળ નિયત કરાયેલું ત્યારે કેટલાકનો એ સામે અણગમો ઉભો થયેલો. તેથીજ પાછળથી એ મંદતર બંધ કરવામાં આવેલ, પણ આજે ઉક્ત નાણાંની જે સ્થિતિ દ્રષ્ટિગોચર થાય છે. એ જોતાં એવા મંડળની કેટલી આવશ્યકતા હતી અને છે તે આજે સ્પષ્ટ સમજાય છે.

આજે અણવિશ્વાસ એટલો બધો વધી પડયો છે કે નાણા કયાં મુકવાથી સલામતી જળવાઇ રહેશે તે કળી શકાતું નથી. કઇ જામીનગીરીઓ સદ્ધર ગણાય તે પણ એક પ્રશ્ન છે. વળી દેશની આર્થિક દશા તદ્દન બગડી ગયેલી હોવાથી સારી ગણાતી પાર્ટીઓ પણ કઇ ઘડીએ જોખમમાં આવી જશે એ અનુમાનવું પણ મુસ્કેલ છે. દિન ઉગ્યે આવા ખાતાના પૈસા ડુબવાના સમાચાર સંભળાયાજ કરે છે. આવા સંયોગોમાં પ્રત્યેક સાચા જૈનની ફરજ છે કે પોતાના સ્થાનના ધાર્મિક ખાતાઓની વ્યવસ્થા કેવા પ્રકારની છે! વહીવટી તંત્ર કેવા પ્રકારનું છે ઇત્યાદિ બાબતોની તપાસ કરે. એ વિષયમાં જનતાનું લક્ષ્ય ખેંચે.

જે જુસ્સો જૈન સમાજમાં દેવદ્રવ્યના વપરાશ પરત્વે છે તે જુસ્સો જો આવા ધાર્મિક ખાતાના નાણાનું રક્ષણ કરવા સંબંધમાં આવે તો આજે સઘળા હિસાબો ચોકખા થાય એટલુંજ નહિ પણ જે પોલંપોલો શ્રવણ થાય છે એમાંની એક પણ રહેવા ન પામે! પણ અફસોસની વાતજ એ છે કે ગજ ભરનારા તસુ ફાડી શકતા નથી. અર્થાત્ ધર્મઝનુનનો નિશો ચીરઃકાળ ટકી શકતો નથી. દેવદ્રવ્યનું અને તેવીજ રીતે અન્ય પ્રકારના ધાર્મિક દ્રવ્યનું કેમ સારી રીતે રક્ષણ થઇ શકે, એના હિસાબો ચોકખા રહે, અને જનતાને એ પ્રત્યે આંગળી નિર્દિષ્ટ કરવાનું પ્રયોજન સરખું પણ ન આવે, એ પ્રકારે તંત્ર ગોઠવવાની જરા પણ ઇચ્છાજ નથી ઉદ્ભવતી એ ઓછું આશ્ચર્ય છે!

આજે નથી તો નાણાની સલામતી માત્ર શ્રીમંતોને ઘેર જમે રાખવામાં કે શ્રીમંતોના હાથમાં કેવળ વહીવટી લગામો સોંપવામાં! આજે નથી તો સલામતી માત્ર લોનોમાં રકમ રોકવામાં કે જુદી જુદી કંપનીઓના શેરોના ખડકલા કરવામાં! તેવીજ રીતે નથી સલામતી માત્ર પેઢીઓની વંશાવલી વાંચી ધીરધાર કરવામાં! પીળું તેટલું સોનું કિંવા ઉજળું એટલું દુધ માનવાનો યુગ આથમ્યો છે! ચિરઃકાળ સંચીત આબરૂવાળી પેઢીઓને મહાના વમળમાં પડતાં વિલંબ નથી થતો. લીમીટેડ ગણાતી સંસ્થાઓમાં પણ કંઇ કંઇ તરેહના ખેલો પડદા પાછળ ખેલાય છે. તેથીજ ધર્માદાના નાણાની સલામતી ખાતર જૈન સમાજે સાવચેત રહેવાની જરૂર છે. એ જાતના પૈસાના સંરક્ષણ અર્થે એકહથ્થુ કારભારને તિલાંજલી આપી સમિતિની દેખરેખ ચાલુ કરવાની પહેલી અગત્ય છે. સોનાં ચાંદી કે સ્થાવર મિલ્કતની જામીનગીરી વગર નાણા ધીરવાજ નહિં.

એવો નિયમ કરવોજ જોઇએ. વળી એ ફંડોના પૈસા જે કારણસર જમા કરાયેલા હોય તેમાં જલ્દી તેનો વ્યય થવો ઘટે.

—ચોકસી.

# જૈન જગત્.

**ફરીયાદ નોંધાવી:**—અમદાવાદમાં ગોસાઇની પોળમાં રહેતા શા. ગીરધરલાલ ડુંગરસીને તા૦ ૧૯-૬-૩૩ ના રોજ તેઓ રતનપોળમાં આવેલી ખાડાં ઢોરની પાંજરાપોળમાં કંઇક તપાસ કરવા જતા હતા, ત્યાં કેટલાક યંગમેન્સ સોસાયટીના સભ્યોએ માર માર્યાથી એ ભાઇએ અમદાવાદની કોર્ટમાં શા. બાપાલાલ ચુનીલાલ સાથે ફરીયાદ નોંધાવી છે.

## દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વે. બોર્ડિંગ-સાંગલી.

તેના મંત્રી રા. ચતુરભાઇ પીતાંબર શાહ લખી જણાવે છે કે આ સંસ્થામાંથી ૧૬ વિદ્યાર્થી વાર્ષિક પરિક્ષામાં બેઠા, તેમાંથી ૭ પાસ થયા ને ૭ ઉપલા વર્ગમાં ચડાવ્યા ને ૨ નાપાસ થયા. એકંદરે પરિણામ સારૂં ગણાય. ધાર્મિક પરિક્ષા કે જે જૈન એજ્યુ. બોર્ડ મુંબઇ તરફથી લેવાઇ, તેમાં ત્રણ બેઠા ને ત્રણે પાસ થયેલ ને એકને તો ઇનામ મળેલ છે. હવે નવું વર્ષ બેઠું ને નવા વિદ્યાર્થીઓ આવી ગયા છે. ગૃહપતિની જગ્યાએ રા. નાયચંદ ખંડુચંદ શાહની નીમણુક થઇ છે.

સાંગલી શહેર હવાપાણીનું સારૂં સ્થાન શિક્ષણનું એક ઉત્તમ કેંદ્ર, ત્યાં જૈન શ્વે. વિદ્યાર્થીઓ માટે હવા ઉજાસવાળા મકાન, આરોગ્યપ્રદ વાતાવરણ, સાત્વિક આહાર, ધાર્મિક શિક્ષણ, વકતૃ-લેખન કળાનું જ્ઞાન, વ્યાયામ, લાઠી વગેરેનું શિક્ષણ પુરી પાડનારી આ ઉપયોગી સંસ્થા છે તેને સમાજ ઉદાર હૃદયથી બનતી સહાય આપશે એવી અમો આશા રાખીએ છીએ અને આ કેળવણીની સંસ્થાનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

## શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા.

### સ્વ. ભગુભાઈ ફત્તેહચંદ કારભારી સ્કોલરશિપ.

આ સભા તરફથી જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ જેઓએ પ્રિવિયસના પરીક્ષા પાસ કરી હોય અને કમર્શિયલ કોલેજમાં અભ્યાસ કરવા માંગતા હોય તેઓમાં સર્વથી ઉંચે નંબરે પાસ થનાર વિદ્યાર્થીને સ્વ. ભગુભાઇ ફત્તેહચંદ કારભારી સ્કોલરશિપ રૂા. એંસીની આપવાની છે. સ્કોલરશિપ લેવા ઇચ્છનાર ઉમેદવાર વિદ્યાર્થીઓએ પોતાની પ્રિવિયસની પરીક્ષાના માર્કસ સાથેની અરજીઓ સભાના સેક્રેટરી ઉપર (ઠે. ૫૬૬, પાયધુની મુંબઇ, ૩.) તા૦ ૩૧-૭-૩૩ સુધીમાં મોકલી આપવા.

લી૦

**મકનજી જે. મહેતા,**
**રમણિકલાલ કે. ઝવેરી,**
માનદ મંત્રીઓ.

## પાઠશાળાઓને મદદ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી પાઠશાળાઓને મદદ આપવાની છે તે માટે છાપેલાં ફાર્મ મંગાવી તા. ૨૫ જુલાઈ ૧૯૩૩ સુધીમાં ઓનરરી સેક્રેટરીઓને (ઠે. ૨૦, પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ ૩) અરજી મોકલી આપવી.

**વીરચંદ પાનાચંદ શાહ,**
**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.**
ઓનરરી સેક્રેટરીઓ.

# श्री केसरियाजीतीर्थ श्वेताम्बर समाज से छीनने का प्रयत्न.

आजकल केसरियाजी पर नित्य नवीन घटना घट रही है. एक वात पुरानी पडती नही फोरन दूसरी नवीन रचना हो जाती हैं जिसका लीष्ट इस प्रकार है।

१ संवत १९८९ वैशाख वद १४ को स्टेटद्वारा प्राचीन भंडार खोला गया. उसका लीष्ट पबलिश नही करा गया. पता नही कितना जवाहरात दागीना नकर रूपा पैसे मोहोर सोना चांदी निकला।

२ श्रावण सुदी १२ संवत ८९ को पूजन प्रक्षाल की समस्त बोली की आमदनी पन्डो को दिला गई. पहेले पन्डो को रू. १) रोज मिलता था, जिस्से एक वर्ष में रू. ३६०) उनको दिया जाता जिसके बदले दस हजार प्रतिवर्ष उन्हें दिला दिया।

३ श्री आत्मानन्द जैन महासभा पंजाब और यंगमेन जैन सुसायटी अमदावाद के पूछने पर साफ कह दिया गया सिवाय चढावा चढाने के किसी समाजकी ताल्लुक नही है जैसे और लोग करते हैं. गोया श्वेताम्बर समाजकी सत्ताही उठादी।

४ जो स्टेटने कुमेटी धुलेव जैन श्वेताम्बर ओसवालों की बना रखी थी उसके विना पूछै वडी वडी रकमें खर्च की जाने लगी. पचास हजार का पुल बनाया गया. चालीस हजार एक जागीरदारको माफ करा गया. चार लाख खुद स्टेटने ले लिया।

५ पन्डोने वैष्णवतीर्थ बनानेका प्रयत्न जारी कर दिया. मुकदमा एकतर्फा चलाया गया और भोग भगवानको लाना जारी हो गया।

६ वैशाख वदी २ संवत ९० को आंधीके झोंके से धजा दंड झुक गया जाहीर कीया गया. हालां कि इसमें भी एक छुपी घटना थी।

७ वैशाख सुदी ६ संवत १९९० को वैष्णवविधीसे धजा दंड जो श्री सागरानन्दसूरिने चढवाया था उतार दिया गया, उतारते समय स्टेट पुलिस हथयार बन्द गई थी. चारो तर्फ पुलिस का पहारा था. किसी यात्री को जाने नही दिया गया. भगवान को सूतकी जनेउ पहराई गई सिरपर शिवलिंग की भान्ति धडे में छिद्र करके पानी टपकाया गया हवन करा गया और धजादंड उतार कर वासे में धजा लगाही हैं।

८ पन्डो को २२०००) और भंडार से दिला दिया गया संवत ८७ में जो वर्तमान नरेशनें पूजन प्रक्षाल की बोलीमें १) पन्डोको दिलाने और बाकी भंडार जमा करने वास्ते हुकम दिया था. उसके अनुसार सरकारी आदमी नित्य कहता कि यह रूपीया भंडारमें जमा होगा पन्डोको नही दिया जावेगा. लोगोने विश्वास करके धन दिया, बोली बोली, आज उनके साथ विश्वासघात करके द्रव्य पन्डोको दीया गया।

९ अंतमें जैनोकी कुमेटी भी तोड दी गई और वैष्णव और दिगाखोरोंको मिला कर नवीन कुमेटी वना दी गई।

इस प्रकार हमारा सर्व धन लुटता जा रहा है और इस समय जो रूपया है खतरें में सब भाईओंको चाहिये इस प्रकार तीर्थ की रक्षा करें।

—'जानकार'

---

**પાટણ**—(૧) આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની વીસ દિવસની અહિંની સ્થિરતા દરમ્યાન જુદા જુદા વ્યાખ્યાનો આપ્યાં હતા. **"પાટણના જ્ઞાનભંડારોની વર્તમાન સ્થિતિ અને આપણું કર્તવ્ય"** એ વિષય ઉપર અસર-કારક વિવેચન કરવાથી જયેષ્ઠ વદ ત્રીજના દિવસે કનાસાના પાડામાં એક બાઇએ સોનાની કંઠી ઉતારી આપવાથી ત્યાંજ ફાળાની શરૂઆત થઈ હતી. સોના રૂપાના દાગીના, રોકડ ગીનીઓ, અને વચનો મળી અત્યાર સુધી બારથી તેર હજાર રૂપીઆનો સરવાળો થયો છે.

---


**શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી**
**શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ (પ્રાઇઝ)**
**દરેક રૂપીઆ ૬૦ નુ.**
**છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફતેહમંદ નિવડેલા**
**જૈન વિદ્યાર્થીઓ માટે**

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કૉન્ફરન્સ ઑફીસ તરફથી એક સ્કૉલરશિપ છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં-**સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને**, તેમજ બીજી સ્કૉલરશિપ **સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને** આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કૉલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ-માર્કસ વગેરે સર્વ વિગત સાથે -નીચેના સ્થળે તા. ૨૦-૭-૩૩ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ,
૨૦, પાયધુની, મુંબઇ ૩,
તા. ૧૧-૬-૧૯૩૩.

**શા. રણછોડભાઇ રાયચંદ ઝવેરી**
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી** સોલિસિટર.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.


Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhanji Street, Bombay 3 and Published by Mansukhlal Hiralal for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૮ મું. નવું ૩ જું. — તારીખ ૧૬ મી જુલાઇ ૧૯૩૩. — અંક ૫ મો.

વિષય સૂચિ.


| | | |
|---|---|---|
| ૧ | ધાર્મિક કેળવણી... ... ... | 'ગાંધીવિચારદોહન' |
| ૨ | સુલેહની વાતો (અગ્રલેખ)... ... ... | શ્રી. ચોકસી. |
| ૩ | નોંધ:—અમારો તીર્થ અને જ્ઞાનપ્રવાસ<br>ગૂજરાતની સંસ્કૃતિ<br>કાશી હિંદુવિદ્યાપીઠમાં જૈન અધ્યાપક | તંત્રી |
| ૪ | શ્રી. રણછોડભાઇનો પ્રવાસ... ... | શ્રી. હરીલાલ માકડ. |
| ૫ | અધિવેશનની-આવશ્યકતા... | શ્રી. મનસુખલાલ લાલન |
| ૬ | સમયના વહેણમાં ... ... | શ્રી ચોકસી. |
| ૭ | જૈન જગત્... ... ... ... ... | પ્રકાશક. |
| ૮ | પુસ્તક પરિચય ... ... | તંત્રી |


# ધાર્મિક કેળવણી

૧ ધાર્મિક કેળવણી વિનાની કેળવણી કેળવણીના નામને લાયકજ ગણી શકાય નહિ.

૨ દરેક બાળકને પોતે જે ધર્મમાં જન્મ્યો હોય તે ધર્મના મુખ્ય ગ્રંથો, મહાપુરૂષો અને સંતો તથા તે ધર્મના માન્યતાઓનું શ્રદ્ધાપુર:સર જ્ઞાન આપવું જોઇએ.

૩ અહીં ધર્મનો અર્થ વૈદિક, મુસલમાન, ખ્રિસ્તી, યાહુદી, પારસી, શીખ, જૈન, બુદ્ધ, વગેરે મુખ્ય ધર્મો જ સમજવો; તેના સંપ્રદાયો કે પેટા શાખાઓનો સમાવેશ થતો નથી. સંપ્રદાયો કે પેટા શાખાઓના સંસ્કાર તેની ખાસ સંસ્થાઓ જ આપી શકે.

૪ બાળકના ધર્મ ઉપરાંત બીજા મહાન ધર્મોનું પણ સમભાવ પૂર્વક સામાન્ય જ્ઞાન આપવાનો પ્રયત્ન કરવો જોઇએ.

૫ માણસને જેમ શરીર માટે ખોરાક, શ્રમ અને આરામની જરૂર છે. તેમ એના ચિત્તની ઉન્નતિ માટે ધર્મના આલંબનની જરૂર છે. દરેક ધર્મ એવું આલંબન પૂરૂં પાડવા સમર્થ છે, અને તેથી કોઇને ધર્માન્તર કરવાની જરૂર પડતી નથી. દરેક ધર્મ મનુષ્ય પ્રચારિત હોવાથી એમાં દોષો છે, એને નિર્માણ થાય છે, અને તેને વારંવાર શુદ્ધ કરવાની જરૂર પડે છે; છતાં કોઇ ધર્મ સર્વથા ત્યાજ્ય થતો નથી. ધાર્મિક કેળવણીને પરિણામે આ સંસ્કાર નિર્માણ થાય એવી દૃષ્ટિ રાખવી જોઇએ.

૬ જુદા જુદા માનવસમાજોમાં જુદા જુદા ધર્મોની ઉત્પત્તિ થયેલી હોવાથી તેમાં સમાજરચનાના, વિધિઓના અને રૂઢીઓના પરસ્પર વિરોધી લાગે એવા ભેદો હોવા છતાં, દરેક ધર્મમાં સત્યરૂપી પરમેશ્વરની શોધ અને તેનું આલંબન, નીતિપરાયણ તથા સંયમી જીવન અને બીજા માટે ઘસાવાની તથા સ્વાર્થ કરતાં બીજાનું હિત તપાસવાની વૃત્તિ એ ધાર્મિક જીવનનાં સામાન્ય અંગો છે. એ સંસ્કારોનો નિરંતર મોટા ક્ષેત્રમાં વિકાસ એ ધાર્મિક જીવનનો વિકાસ છે. આથી ધાર્મિક કેળવણીમાં આ અંગોનું મહત્વ સમજાવી, બાહ્ય ભેદોને ગૌણ સમજતાં શીખવવું જોઇએ.

'ગાંધી વિચારદોહનમાંથી'

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥
—श्री सिद्धसेन दिवाकर.

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.


# જૈન યુગ.

તા. ૧૬-૭-૩૩ રવિવાર


## સુલેહની વાતો.

છાપાના કોલમો પરથી જૈન સમાજમાં પડેલ મતભેદનું ટુંક સમયમાં સમાધાન થશે એવી આગાહી થઇ રહી છે. સમાધાન થવા જેવો હર્ષનો પ્રસંગ બીજો નજ હોઇ શકે. આમ છતાં જે હેવાલો બહાર આવે છે એ પરત્વે દ્રષ્ટિ દોડાવતાં સમાધાન ધાર્યા જેટલું સમિપ નથી એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ જેવું નથીજ. જુદા જુદા હેવાલનો સાર કહાડીએ તો એટલોજ નિકળે છે કે અમુક અમુક સાધુઓ તરફથી આચાર્ય શ્રી નેમીસુરિજી જે નિર્ણય સંભળાવે તે માન્ય રાખવો એ પ્રકારની હા ભણાઇ છે.

સમાધાની માટે આટલી વાત પરિસમાપ્ત ન ગણાય. માત્ર મુનિઓ એકત્ર મળે અને વિચાર વિનિમય કરે એ જરૂર અભિનંદનીય છે, પણ એટલા માત્રથી શ્રાવક સમાજના ભાગલા સંધાઇ જાય, કિંવા સંપની ગાંઠ સુદ્રઢ બંધાઇ જાય એમ માનનાર Fool's Paradise માં વિહરે છે એમજ કહેવું જોઇએ.

એટલી વાત તો સૌ કોઇ સમજી શકે તેમ છે કે અયોગ્ય દિક્ષા પ્રવૃત્તિએ શહેરોમાં અને ગામડામાં જે કલહાનળ પ્રગટાવ્યો છે તે જ્યાં લગી સમાઇ જાય નહિં ત્યાં લગી સંપની આશા આકાશ કુસુમવત્ અશક્ય છે. એ દાવાનળ બુઝાવવાની સાચી વચના ઉદ્‌ભવી હોય તો સાચો રાહ એકલા મુનિ સંમેલનનો નહિં, તેમજ અમુક નિયત કરેલા મોટેરાઓની પરિષદનો નહિં, પણ સારાયે હિંદનું પ્રતિનિધિત્વ ધરાવનાર મહાસભાનું અધિવેશન ભરવાનોજ છે.

આજે જૈન સમાજનો મોટો ભાગ ઉપરછલ્લા ઐકયમાં માનતો નથી. પ્રભુશ્રી મહાવીર દેવના વચનો-આગમો જરૂર એને શિરસાવંદ્ય છે, છતાં એ નામે થતી પ્રતારણા એના ઓઠા તળે ચલાવી લેવામાં આવતી છુપી અને અયોગ્ય દિક્ષાઓ ઘડીભર પણ ચલાવી લેવા તેઓ તૈયાર નથીજ. ત્યાગ-વૈરાગ્યમાં પૂર્ણશ્રદ્ધા છતાં એ માટેના આક્રંદ કે રૂદન ઉપાશ્રયના શાંત વાતાવરણમાં થાય તે ક્ષણભર સહન કરી શકે તેમ નથીજ. એ માટે સંઘ કે જેને ખુદ તીર્થપતિ પણ માન આપે છે તેનો અંકુશ સાધુ-સાધ્વી-શ્રાવક કે શ્રાવિકા ગણ પર અવશ્ય હોવોજ જોઇએ એવું મંતવ્ય ધરાવે છે. જ્યાં લગી સંમેલનની અભિલાષ ધરાવતી પ્રત્યેક વ્યક્તિ તરફથી આ મૂળભૂત સિદ્ધાંતને સ્વીકૃત કરવામાં ન આવે ત્યાં લગી સંમેલનનો પ્રશ્ન હવામાં અદ્ધર લાકવાનો એવું અમારૂં મંતવ્ય છે. કદાચ કેટલાક લાગના વળગતાઓ એકઠા થઇને કોઇ નિયમન કરે તો પણ એથી સાચી શાંતી પથરાય એ વાત અમારી કલ્પનામાં પણ આવી શકતી નથી. જો આટલા સારૂજ સંમેલનનો સવાલ ઉચકાતો હોય તો એની પાછળનો પરિશ્રમ ઉપર ભૂમિમાં બીજારોપણ કરવા સરખો નિષ્ફળ છે, હેતુ વગર કાળક્ષેપ કરવા જેવું છે, પણ સંમેલન પાછળ જે મહાત્માઓના નામો સંકળાએલાં છે, અને જેમાં એકપક્ષ ઉપરાંત અમદાવાદ-ભાવનગરના બીજા ગ્રહસ્થોનો સહકાર હોવાનું મનાય છે ત્યાં ઉપર વર્ણવ્યા દેખાવ જેવું કાર્ય થાય એમ અમારૂં હૃદય માનતું નથીજ.

તેથીજ પુનઃ એકવાર કહેવું ઉચિત સમજીએ છે કે જૈન સમાજમાં ખરેખર શાન્તરસ પાથરવાના કોડ હોય તો પ્રથમ હૃદય સાફ કરવાની આવશ્યકતા છે. છાપાઓમાં ચાલતી સાઠમારી બંધ થાય એ જેટલું જરૂરનું છે એથી વિશેષ જરૂરનું જે પ્રવૃત્તિઓથી આ કલહના આંધણ મેલાયાં છે, તે સદંતર અટકાવવાનું છે. એક તરફથી કરતા હોય તે કર્યા જવું ને બીજી બાજુથી સંમેલનની વાતો કરવી એ શું બાલિશતાભર્યું નથી? હજુ પણ આ વાતપર લક્ષ્ય દઇ, ભુલ્યા ત્યાંથી ફરીથી ગણાય. 'ગતં ન શોચામિ' કરી નવી વિનાશક પ્રવૃત્તિ આદરતાં અવશ્ય હાથ થોભાવાય, અને વર્ષાકાળના સમયમાં બચતી પ્રત્યેક ક્ષણ સંમેલનને સફળ બનાવવાના ઉપાયો શોધવામાં ખરચાય તો વિના સંકોચે કહી શકાય કે 'વિજયશ્રી સામેજ છે.'

'દ્રવ્ય-ક્ષેત્ર કાળ-ભાવ' રૂપ ગંભીર વચન પર સંપૂર્ણ નજર નાંખી દૂર દૂર દ્રષ્ટિ દોડાવી, જૈન સમાજમાં શાંતિના પૂર પથરાતાં કેમ તે સત્વર પ્રગતિના પંથે પ્રયાણ કરે અને શ્રી વીરનો સંદેશ સારા વિશ્વભરમાં કેવી રીતે પ્રચારવા શક્તિમાન થાય, એવા માર્ગો શોધી કહાડવામાં આવે. યાદ કરાવવાની જરૂર તો નથી છતાં કહી દઇએ કે જે દર્શન અનેકાંત જેવા પ્રબળ પાયા પર ચણાયેલું છે તે કદીપણ એકાંતને પકડી રાખી-વર્તમાન સંયોગો પ્રતિ દુર્લક્ષ દાખવી અવનતિની ઉંડી ગર્તામાં અટવાવાનું કબુલ નજ કરે. ધ્યેય-દ્રષ્ટિબિન્દુ વા સાધ્ય ધ્યાનમાં રાખી, સાધનાનાં પ્રકારમાં અવશ્ય સુધારણા આણે. જીર્ણતાને ખંખેરી નાંખી નવિનતાના સંભાર ભરે. તાજગીના અમૃત છાંટણા છાંટે; યુગને અનુકુળ રસજ્ઞતાના પ્રવાહ પૂરે. એમાંજ શાસનની સેવા છે. એજ જ્ઞાનીઓ પ્રત્યેની વફાદારી છે. 'શાસનરસી સવિ જીવ કરૂં' એ ભાવના તોજ સફળ નિવડી શકે.

જે અંતરોમાં આ જાતના ઉભરા આવી રહ્યા છે, તેને સંમેલન ભરવું, ને કાર્ય સાધના કરવી જરા માત્ર મુસ્કેલ નથી. જેમ શ્વેતભૂમિકા પર દોરેલ ચિત્રને ઝળકી ઉઠતાં વિલંબ નથી થતો, તેમ સાફ હૃદય પટપર થતાં પ્રત્યેક આલેખનમાં કોઇ અનેરી તેજસ્વિતા પ્રકાશી ઉઠે છે. એની રોશની દૂર દૂરના પ્રદેશોમાં પથરાય છે. અજ્ઞાન-ઇર્ષા-કુસંપ-કષાય આદિ મલિનના રૂપ અંધકાર એ વેળા નષ્ટ થઇ જાય છે! કોઇ અનેરૂં તેજ ઝળહળી રહે છે. આમ હૃદય શુદ્ધિ થાય તો

# નોંધ.

## અમારો તીર્થ અને જ્ઞાન પ્રવાસ—

આનો પહેલો ભાગ અગાઉ આપી ગયા છીએ. તા. ૧૩ મીએ પાલીતાણાથી તળાજા આવી ત્યાં ધર્મશાળામાં ઉતારો કર્યો, ત્યાં બાજુની ધર્મશાળા પાસે નવી ઓરડીઓવાળી નવી ધર્મશાળા કરવામાં આવી છે ને તેમાં દરેક ઓરડી માટે પાંચસો રૂપીઆ લઈ તે દેનારનું નામ તે ઓરડીને મથાળે લખવામાં આવે છે. તે રૂપીઆમાંથી કરાવવામાં આવેલી ઓરડી નાની છે અને પાકા ચણતર વગરની છે, એટલે પાંચસોમાંથી એવી ઓરડી જોઇએ તેવી લાગતી નથી. ચારે બાજુ બાંધણીઉં અને તેપર એક માળ છે. વચમાં ચોક છે, સ્વચ્છતા જોઇએ તેવી નથી. શહેર ગંદુ રહે છે ને તેમાં આવેલ આ ધર્મશાળા સ્વચ્છ અને સુંદર હોય તો નવાઈ ગણાય! આ ધર્મશાળા યાત્રાળુઓ માટે સામાન્ય રીતે છે, પણ ત્યાં તો આસપાસનાં સ્થળોમાંથી માંદાઓના ખાટલાઓ જોવામાં આવ્યા—જાણે તે આરોગ્યભવન (સેનેટોરિયમ) હોય નહિ!—અલબત આરોગ્યભવનની જરૂર છે. તળાજા સારી આબોહવાવાળું ગણાય છે અને તેથી ત્યાં ગરીબ વર્ગ બીમારી કારણે આવી ધર્મશાળાનું શરણું શોધે એ સ્વાભાવિક છે, પણ આરોગ્યભવન ધર્મશાળાથી અલગ અને જુદું જોઇએ અને તેથી જૈન શ્રીમંતોના દાનથી એવું ભવન તૈયાર કરાવવા માટે ત્યાંના વિશ્વસનીય સજ્જને બીડું ઝડપવું જોઇએ. તેમ ન બની શકે અને ધર્મશાળાને તે અર્થે વાપરવા સિવાય છૂટકો ન હોય તો તે ધર્મશાળાનો એક સળંગ ભાગ આરોગ્યભવન માટે જુદો—અલાયદો રાખવો જોઇએ કે જેથી ચેપી રોગોનું જોખમ યાત્રાળુઓને સહન કરવું ન પડે. વળી બીમારની ઓરડીઓ વખતો વખત જંતુનાશક પદાર્થોથી ધોવાવી જોઇએ, ત્યાં હમેશાં ધૂપ થવો જોઇએ અને તે ઓરડી ખાલી થતાં તેને બરાબર સાફસુફ કરાવ્યા પછીજ બીજાના વપરાશમાં આવવા દેવી જોઇએ. આ બાબતપર યોગ્ય લક્ષ રાખી તેના સંચાલક શેઠ કેશવજી ઝુંઝાભાઇ કાર્ય લેશે એમ ઇચ્છીશું.

અમે બધા તલાજાના ડુંગર ઉપર ચડી ત્યાં ન્હાઇ મંદિરોમાં જઇ પૂજા કરી. ત્યાં જૂની ગુફાઓ આવેલી છે તે જોઇ, તો તેપરથી લાગ્યું કે મૂળ તે બૌદ્ધ ગુફાઓ હતી અને ત્યાં બૌદ્ધ શ્રમણોએ નિવાસ સ્થાન રાખેલું, એટલે તે બૌદ્ધ તીર્થ ખરૂં, (આ સંબંધમાં શ્રીમંત વિદ્વાન રા. હીરાલાલ અમૃતલાલ શાહનો પુરાતત્વમાં તળાજાપર લેખ પ્રગટ થયો છે તે જોવા વાંચકને ભલામણ છે) સત્રુંજય તીર્થ સંબંધી પાલીતાણાના રાજ્ય સાથે અનેક ઝગડા થયા—દરમ્યાન આચાર્યશ્રી વિજયનેમિસૂરિએ તળાજાની ટેકરીપર પગથી, મંદિરો વગેરે કરાવવામાં મહાન્ ફાળો આપ્યો જણાય છે. જોવા જઇએ તો તેમની એકજ પ્રકારની મહાન્ સેવા એ લાગે છે કે પાનસરનાં મંદિરો, માતરનાં અને સેરીસાનાં તીર્થોનો ઉદ્ધાર, કદંબગિરિ (બોદાનો નેસ)પરનાં તાજાં મંદિરો અને આ તળાજાના ડુંગરપરનાં મંદિરો—ના નિર્માણમાં મહાન્ પ્રેરણા કરનાર ઉત્પાદક તેઓ છે. અનેક પૂર્વાચાર્યો અનેક મહામંદિરોના નિર્માણ અને ઉદ્ધારમાં નિમિતભૂત બની પોતાનાં નામના શિલાલેખો—પ્રતિષ્ઠા લેખો મૂકી ગયા છે, તેમાં હાલના વિદ્યમાન વિજયનેમિસૂરિજીએ પણ એક મોટો ઉમેરો કરવાનું આત્મગૌરવ પ્રાપ્ત કરવાની તીવ્ર અભિલાષા પૂરી કરી છે, એમ નિઃસંદેહ કહી શકાશે. તળાજાની ટેકરીપર એક ભાગમાં હમણાં થયેલ કેટલાક આચાર્યોની મૂર્તિઓ પણ જોઇ, એટલે કે ત્યાં એક પ્રકારનું ગુરૂમંદિર—ગુરૂભવન અત્ર કરવામાં આવેલ છે. આ એક તેની વિશેષતા છે. ગુરૂમંદિરની ઉપયોગિતા—વિશેષતા મહુવા જઇ ત્યાં બીરાજતા વિજયનેમિસૂરિજીને પૂછીશું એમ ત્યાં વિચાર કર્યો. દર્શન—પૂજા શ્રદ્ધાપૂર્વક કરી ટેકરીપરથી ઉતરી ગામમાં જમી ધર્મશાળાએ આવ્યા. ત્યાં હવાફેર નિમિત્તે રહેલા ભાવનગરના રા. મોતીચંદ માસ્તર મળ્યા અને તેમની સાથે રંગોલા ખાતે ભરાનાર વીસાશ્રીમાલીની નાત સંબંધી તેમજ બીજી કેટલીક વાત સંબંધી ચર્ચા થઇ હતી, પછી સાંજે ભાડાની મોટરમાં નીકળી મહુવા રાત્રે પહોંચ્યા. મહુવાની વાત હવે પછી કરીશું.

## ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિ—

આ વિષય પર એક "વ્યાખ્યાનમાળા શ્રી જિનવિજયે મુંબઇ યુનિવર્સિટીના ઠ૦ વસનજી વ્યાખ્યાનમાળામાં પાંચ વ્યાખ્યાનમાં તા૦ ૨૮ મી જુનથી ત્રીજી જુલાઇ ૧૯૩૩ સુધીમાં આપેલ હતી. એક જૈન વિદ્વાન્ આવી રીતે મુંબઇ વિદ્યાપીઠમાં વ્યાખ્યાનકાર તરીકે પ્રસિદ્ધિમાં આવે તે જૈન સમાજ માટે ગૌરવનો વિષય છે, આ પાંચ વ્યાખ્યાનમાં પહેલું પ્રાચીન ગુજરાતની ભૌગોલિક પરિસિમા સંબધે ઉહાપોહ, બીજુ પ્રાચીન ગુજરાતના (રાજકીય) ઇતિહાસનું સિંહાવલોકન, ત્રીજું પ્રાચીન ગુજરાતનું ધાર્મિક અને સાંપ્રદાયિક જીવન, ચોથું ગુજરાતનું સામાજીક અને પ્રજાકીય જીવન અને પાંચમું પ્રાચીન ગુજરાતની સાર્વજનિક સંસ્કૃતિ—નીતિ, રીતિ. કળા, વિજ્ઞાન આદિ.

ગુજરાતની સંસ્કૃતિના ત્રણ યુગો તેમણે પાડયા છે. ગુજરાતના રાજનગરના શાહી કિલ્લાના બુરજ ઉપર અંગ્રેજી સલતનતનો ઝુંડો ફરકવા લાગ્યો અને ખ્રીસ્ત ધર્માનુયાયી રાજદંડનું સર્વોપરી શાસન ગુજરાતની પ્રજા ઉપર પ્રવર્ત્તવા લાગ્યું ત્યારથી ગુજરાતની સંસ્કૃતિનો અર્વાચીનયુગ શરૂ થયો. તે પૂર્વનો ઇસલામી સત્તાનો સર્વ રાજ્યકાળ તે ગુજરાતની સંસ્કૃતિનો મધ્યયુગ; તેનો પ્રારંભ જે દિવસે અણહિલ્લપુરની ક્ષત્રિય રાજસત્તાનો છત્રભંગ થયો ત્યારથી મધ્યયુગ અને તે પહેલાંનો તે પ્રાચીન યુગ. પ્રાચીન યુગની પૂર્વ મર્યાદા સ્થૂલ રૂપે ગુપ્ત સામ્રાજ્યનો અંતકાળ કહી શકાય, એથી વિક્રમનો

---

પછી દરશીજ મુંઝવણ રહેતી નથી. ભલે ને કોઇ બાળદિક્ષા સામે માથું ઉંચકે, વા કોઇ દેવદ્રવ્યનો પ્રશ્ન ઉપસ્થિત કરે, કોઇ પટ્ટધરની ચર્ચા આગળ આણે, તો કોઇ વળી વ્યવહારિક કેળવણી પોષવામાં અધર્મ થવાના મંતવ્ય રજુ કરે; અને વંદના વ્યવહાર પદવીદાન આદિ સંખ્યાબંધ પ્રશ્નોની હારમાળા રચાય, એ બધાનો તોડ આણવામાં ઝાઝી મુશ્કેલી નહિંજ નડવાની.

કારણ? ભૂમિકા શુદ્ધ છે.

જ્યાં અંતરના મેલ નિકળી ગયા છે. આત્મા શલ્ય રહિત બન્યો છે ત્યાં મુક્તિ જેવી અપૂર્વ વસ્તુ આઘી નથી ત્યાં પછી આ નજીવા પ્રશ્નો તે કેટલી ઘડી ટકી રહેવાના!

એવો સોનેરી સમય સત્વર આવો એજ આશા!

છઠો સૈકો એ ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિનો પ્રારંભકાળ સામાન્યરૂપે વિ. સં. ૫૫૦ થી ૧૩૫૦ સુધીનો આઠસો વર્ષનો એ શ્રી જિનવિજયજીનો કલ્પેલો પ્રાચીન યુગ છે.

આ ગુજરાતના પ્રાચીન યુગને ઇતિહાસકારો હિંદનો મધ્ય યુગ કહે છે, પણ ગુજરાતની દૃષ્ટિએ એને મધ્ય યુગ કહેવો બરાબર નથી, કારણ કે એ યુગ પહેલાં ગુજરાતનુંજ ગુજરાત તરીકે અસ્તિત્વજ ન હતું, તેનો જન્મ એ યુગમાં થયો તેથી તેના રાષ્ટ્રજીવન માટે એ યુગ પ્રાચીન યુગ કહી શકાય. એ યુગની ગુજરાતની સંસ્કૃતિ એટલેકે એ કાળમાં ગુજરાતની ભૌગોલિક, ઐતિહાસિક, રાજકીય, સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય જે પરિસ્થિતિ હતી તેનું કેટલુંક દિગ્દર્શન કરવા કરાવવાનો ઉદ્દેશ વ્યાખ્યાનકારે રાખ્યો હતો તે ઉદ્દેશ સફલ થયો છે.

દરેક વ્યાખ્યાન માટે માત્ર એક કલાક રાખેલ હતો, તેથી વ્યાખ્યાતાને પોતાના વિષયને પૂરો વાંચી સંભળાવવા જેટલો પણ અવકાશ રહેતો નથી, તેથી ઘણું તો વાંચ્યા વગર મૂકી દેવું પડયું હતું. કેટલાક વિષય માટે માત્ર નોંધો કરેલી હતી, તે સંબંધી પણ પૂરૂં કહી જવા જેટલો વખત રહેતો નહિ. આ સર્વેમાં નાના વિધ વસ્તુઓનો ભારે સંગ્રહ અને સંભાર હોવાથી તે જ્યારે સંપૂર્ણ સળંગાકારે પ્રસિદ્ધ થશે ત્યારે ગુજરાતના ઇતિહાસ પર જબરો ક્રમબદ્ધ પ્રકાશ પડશે એમાં શક નથી. આ બધા વ્યાખ્યાનો ગુજરાતી ભાષામાં આપવામાં આવેલ હતાં, છતાં તેવી જાહેર ખબર ગુજરાતી છાપામાં સ્પષ્ટ રીતે આવેલી ન હોવાથી શ્રોતાઓની સંખ્યા ભાગ્યેજ પચાસ કરતાં વધુ થતી હતી. વનરાજના અણહિલપુર પાટણના સ્થાપવા પછીનો ને મુસલીમો ગુજરાત પર રાજ્ય કરતા થયા ત્યાં સુધીનો ઇતિહાસ તે મુખ્યત્વે જૈનોનોજ ઇતિહાસ છે, તે કાળમાં મુસદ્દી મંત્રીઓ, દંડનાયકો વગેરે જૈનો પ્રધાન ભાગે હતા. વળી આ સમયના ઇતિહાસને પૂરો પાડનાર જૈનોના પ્રબંધો આદિ છે, એટલે આ વ્યાખ્યાનમાળાથી જૈનોના પરાક્રમ, જૈન ધર્મ સમાજ કળા વગેરે પર ઘણું અજવાળું પડનાર છે. આ વ્યાખ્યાનમાળા કરવા માટે ઓનરેરિયમ એક હજાર રૂપીઆનું વ્યાખ્યાતાને મળેલ છે, તે ઉપરાંત તે પ્રકટ કરવા માટે પણ યુનિવર્સિટી પાસે ફંડ છે ને તેના વ્યયથી તે વહેલી મોડી પ્રસિદ્ધ થશે એ આનંદનો વિષય છે. આ વ્યાખ્યાતાને ચુંટી કાઢવામાં શ્રીયુત કનૈયાલાલ મુનશીનો અગ્ર ભાગ છે એ ભૂલવું ન જોઇએ.

આપણાં વિદ્યાલયો કે શ્રીમંતો જૈન વિદ્વાનોને સારૂં ઓનરેરિયમ આપી આવી વ્યાખ્યાનમાળા સર્જાવવા ને પ્રગટ કરાવવા ક્યારે કટિબદ્ધ થશે?

## કાશી હિંદુ વિદ્યાપીઠમાં જૈન અધ્યાપક—

તરીકે પંડિત સુખલાલજીની નિમણુક કરવામાં આવી હતી અને તેમને માટે બીજી સગવડો શ્રી કોન્ફરન્સ ઓફીસદ્વારા પૂરી પાડવામાં આવી છે. તે અનુસાર તેમને ત્યાં જવાનું અને અધ્યાપક તરીકે હોદ્દો સંભાળી લેવાનું જણાવવામાં આવ્યું હતું, પણ પૂર્વના અધ્યાપકે રાજીનામું આપ્યું ને તેથી સરત પ્રમાણે ત્યાર બાદ ત્રણ માસ તેઓ ચાલુ રહ્યા અને નવીન કામ આ માસની ૧૦ મી તારીખથી ચાલું થયું, તેથી પં. સુખલાલજીએ મુંબઈ આવી ત્રીજી જુલાઇએ કાશી પ્રત્યે પ્રયાણ કર્યું છે. સાથે હિંદુ વિદ્યાપીઠમાં જૈન અભ્યાસ કરી એમ. એ.ની પદ્વી લેનાર લાલા હંસરાજજી પણ સાથે છે, વિદ્યાપીઠના વાઇસ ચાન્સેલર શ્રીમાન્ આનંદશંકર ધ્રૂવે (કે જેમણે ઘણાં વર્ષના પ્રયાસે સ્યાદ્વાદ મંજરી સંશોધન, અંગ્રેજી ટિપ્પણી-વિશાલ પ્રસ્તાવના સાથે તૈયાર કરેલી અને હમણાં મુંબઇ સરકાર તરફથી પ્રકાશિત થઇ છે) પં૦ સુખલાલજીની નિમણુક યથાયોગ્ય કરી છે; અને તે પંડિતજીએ તે પદ સ્વીકાર્યું છે એ એક આનંદદાયક બીના છે. પહેલાં પણ તે પદ તેમને અર્પવા ઇચ્છા હતી, પણ તે વખતે તે સ્વીકારવા જેવી પોતાની સ્થિતિ નહોતી. આ પદે રહી અનેક વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા અને વિદ્વત્તાથી આકર્ષી જૈન વાઙ્મયનો અભ્યાસ પંડિતજી કરાવશે અને તેથી તેનો પ્રચાર અને વિસ્તાર કરશે એવો આપણને વિશ્વાસ છે.

ગમે તેવું વિદ્યાલય કે વિદ્યાપીઠ હોય પણ ત્યાં સમર્થ નિષ્ણાત વિશારદ અધ્યાપકો ન હોય તો તે દેવ વગરના મંદિર જેવું રહે છે. અગાઉના સુપ્રસિદ્ધ મગધના નાલંદા, વિક્રમશિલા-કાઠિયાવાડના વલભીનગરમાં બૌદ્ધ વિદ્યાપીઠો-મઠ-વિહારો હતા, તેની પ્રતિષ્ઠા તેમાં કાર્ય કરતા મહાન્ અધ્યાપકોથી થઇ હતી અને તે કારણે ભારતવર્ષની બહારથી-ચિન આદિ દેશમાંથી અનેક વિદ્યાર્થીઓ ત્યાં આવી અધ્યયન કરતા હતા. એવા અધ્યાપકો-શિક્ષકોના અભાવે અને મુસલમાનોના આક્રમણે તે વિહારોનો નાશ થયો. હિંદુ વિદ્યાપીઠની ખ્યાતિ પણ કેટલાક મહાન્ પ્રોફેસરોથી થઇ, પણ દુર્ભાગ્યે તેમને મોટા પગાર બીજે સ્થળે મળતાં તેને છોડી ચાલી ગયા અને હવે નવા પ્રોફેસરો શોધી કાર્ય ચલાવવું પડે છે.

જૈન 'ચેઅર' સ્થાપવા માટે લગભગ ચાલીસ હજાર રૂપીઆ કલકત્તાની જૈન શ્વે૦ કોન્ફરન્સની બેઠક વખતે થયેલ, ઉઘરાણામાંથી વ્યાજ ઉમેરાતાં થયેલ રકમમાંથી હિંદુ વિદ્યાપીઠને અમુક સરતોએ આપવામાં આવેલા, અને તેમાંથી જૈન પ્રોફેસર તરીકે એક ત્રિલોકચંદજી નામના સ્થાનકવાસી જૈન પંડિતની સવાસો રૂ. ના પગારથી નિમણુક થયેલી. તેમણે પોતાની યથાશક્તિ કામ કર્યું, પણ વિદ્યાર્થીઓને સંપૂર્ણ સંતોષ ન થયો અને તેની સંખ્યા પણ ઘણી ઓછી થઇ. આ બાબતનો કંઇક પોકાર વિદ્યાર્થીઓ તરફથી આવતાં એ સ્થિતિ ફેરફાર માગે છે એ જણાયું, પણ જ્યાં સુધી વધારે સારા પંડિત મળી ન શકે ત્યાં સુધી હોય તેનાથી નભાવવાનું રહે-એ કારણે અત્યાર સુધી નભાવવામાં આવ્યું. સુભાગ્યે પં. સુખલાલજીએ એ પદ સ્વીકારવા સંમતિ બતાવી ને તેમની નિમણુંક થઈ, તેથી વસ્તુસ્થિતિમાં વિશેષ પ્રગતિકારક સુધારો વધારો થવાનો દરેક સંભવ રહે છે.

તેઓ ત્યાં જઇ આખી સ્થિતિનો અભ્યાસ કરી રહેલી ત્રુટિઓનું નિવારણ કરશે, જૈન સાહિત્યનો અભ્યાસ કેમ વધુ પ્રમાણમાં વિદ્યાર્થીઓ લે તે માટે પ્રયાસ કરશે અને તેના વિકાસ અને પ્રચાર માટે જે સાધનો જોઇએ તે પૂરાં પાડવાની યોગ્ય સૂચનાઓ કરશે. વિસ્તાર થાય તેને અર્થે શ્વે. મૂ. વિદ્યાર્થીઓમાં શિષ્યવૃત્તિઓની યોજના લાભદાયક નિવડે તેમ હોય તો યોગ્ય વખતે પંડિતજી જરૂર ભલામણ કરશે.

અધ્યાપક તરીકે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવા ઉપરાંત અભ્યાસાર્થે ઉપયોગી ઉભય પુસ્તકોનું સંશોધન અને સંસ્કરણ

( અનુસંધાન પૃ. ૩૯ ઉપર )

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

ના

## એક સ્થાનિક મહામંત્રી શેઠ રણછોડભાઇ રાયચંદનો પ્રવાસ.

### ઠેર ઠેર જાહેર સભાઓ-અને-પ્રચાર કાર્ય.

( ગયા અંકથી પુરૂં. )

**કાનપુરથી શ્રી હસ્તિનાપુરઃ**—લખનૌથી રવાના થઇ કાનપુર જતાં સંસ્થાના કામકાજનાં છપાયેલ પેંફ્લેટો બધા ભાઇઓને ઘેર ઘેર પહોંચાડવા વ્યવસ્થા કરવામાં આવી. રોકાણ વધારે ન હોવાથી સભા મેળવવા બન્યું નહિં. તેજ રોજ સાંજના રવાના થઇ બીજી સવારે ફરૂકાબાદ ઉતરી કાયમગંજ થઇ **શ્રી કંપીલાપુરીનાં** પવિત્ર ધામના દર્શન પુજા માટે ગયા હતા. બાદ ત્યાંથી રવાના થઇ ફરૂકાબાદ થઇ **મીરતસીટી** જવા ઉપડી ગયા હતા. અને ત્યાંથી શ્રી હસ્તિનાપુર તીર્થની યાત્રા કરી હતી. અત્રે સદરહુ તીર્થ અને તેના વહીવટ અંગે જરૂરી પૂછપરછ કરી હતી. આ તીર્થનો વહીવટ અંબાલાની શ્રી આત્માનંદ જૈન સભા પોતાની એક ખાસ કમિટી મારફતે કરે છે.

**અંબાલામાં જાહેર સભાઃ**—અંબાલા તા૦ ૧૦ મી માર્ચ ૧૯૩૩ ના દિને સવારમાં આવી પહોંચ્યા બાદ યાત્રાળુઓ માટે એક મ્હોટો પ્રોગ્રામ ગોઠવાયો હતો. સવારના નિત્ય ક્રમમાંથી ૨-૦ (બપોરના) ફારેગ થયા બાદ શ્રી આત્માનંદ સભા તથા તેના હસ્તક ચાલતી સંસ્થાઓની મુલાકાત લેવામાં આવી હતી. કન્યાશાળા તથા હાઇસ્કુલ એ બન્ને સંસ્થાઓ બહુ ઉત્સાહ પૂર્વક ચલાવવામાં આવે છે એમ જણાયું. બપોરના આત્માનંદ હાઇસ્કુલના સભાગૃહમાં આશરે ૧૫૦૦ માણસોની એક જંગી સભા સમક્ષ શેઠ રણછોડભાઇ રાયચંદને માનપત્ર આપવામાં આવ્યું હતું. સંગીત-સંવાદો અને રમત ગમત વગેરે સંપૂર્ણ થયા પછી અંબાલામાં વસતા જૈન બંધુઓની એક જાહેર સભા તા. ૧૦-૩-૧૯૩૩ જૈન સ્કુલના મકાનમાં રાતના સ્ટા. ટા. આઠ વાગે મળી હતી. સુરત સ્પેશીઅલ ટ્રેનના સંઘના સત્કારાર્થે પંજાબના ઘણા ભાઇઓ જૂદે જૂદે સ્થળેથી આવી પહોંચ્યા હતા, તેમણે તથા અંબાલાના જૈન ભાઇઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સભાનું પ્રમુખસ્થાન ઝીરાવાલા લાલા બાબુરામ જૈન એમ. એ. એલ, એલ. બી. એમણે સ્વીકાર્યું હતું, બાદ બાબુ કીર્તિપ્રસાદ જૈન જેઓ પંજાબ વિગેરે વિભાગના એક જનરલ સેક્રેટરી છે તેમણે શેઠ રણછોડભાઇ રાયચંદ વગેરેની ઓળખ આપી સભાનો હેતુ સમજાવ્યો હતો. ત્યાર બાદ શ્રી. સાકરચંદ એમ. ધડીયાલીએ કોન્ફરન્સની ઉત્પત્તિ અને તેની ઉપયોગિતા તથા જરૂરીઆત વિષે એક લંબાણ વિવેચન કરતાં કોમની ધાર્મિક અને વ્યાવહારિક દૃષ્ટિએ ઉન્નતિ સાધવા જરૂરીયાત દેખાડી હતી અને તે માટે કોન્ફરન્સ એક ઉપયોગી સંસ્થા હોવાનું જણાવ્યું હતું. બાદ સંપ અને સંગઠન કરવા ભલામણ કરી હતી. ત્યાર બાદ કોન્ફરન્સનું અધિવેશન પંજાબમાં કરવા સુચના કરી હતી. એ પછી કોન્ફરન્સના મદદનીશ મંત્રી શ્રી. હરિલાલ માંકડે કોન્ફરન્સની પ્રવૃત્તિઓ અને તેણે બજાવેલ સેવાઓનું અવલોકન કરતાં કેળવણી આદિ કાર્યોની ટુંક માહીતી આપી હતી તથા સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવી હતી. કોન્ફરન્સનું બંધારણ, કમિટી વગેરે સંબંધે માહીતી આપ્યા પછી બનારસ હિંદુ યુનિવર્સીટીમાં સ્થાપેલ જૈનચેરનો લાભ ઉઠાવવા ભલામણ કરી હતી અને કોન્ફરન્સનું હવે પછીનું અધિવેશન પંજાબ થાય એમ ઇચ્છા દર્શાવી હતી. ત્યાર બાદ લાલા ગોપીચંદ જૈન એડવોકેટ તથા લાલા કીર્તિપ્રસાદજીએ ઘટતાં પ્રાસંગિક વિવેચનો કર્યા બાદ કોન્ફરન્સના મહા મંત્રી શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરીએ સૌનો આભાર માન્યો હતો. અને કોન્ફરન્સ સંબંધે વખતો વખત માહિતી મેળવવા અને સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવવા તેમજ તેની પ્રવૃત્તિઓમાં રસ લેઇ યોગ્ય સલાહ સુચના વખતો વખત આપતા રહેવા ભલામણ કરી હતી. બાદ પ્રમુખશ્રી લાલા બાબુરામજી જૈને ઉપસંહાર કરતાં સર્વેએ શ્રમ લઇ કોન્ફરન્સ સબંધે જે હકીકતો જણાવી છે તે બદલ આભાર માન્યો હતો અને કોન્ફરન્સને અપનાવવા સૌને ભલામણ કરી હતી. તેમજ પહેલી તકે અધિવેશન પંજાબમાં કરવા ટેકો આપ્યો હતો. આગળ ચાલતી કોન્ફરન્સનું કામકાજ હિંદીમાં ચલાવવા ભલામણ કરી હતી. છેવટે પ્રમુખનો તથા શેઠ રણછોડભાઇ રાયચંદ વગેરેનો આભાર માન્યા બાદ સભા મહાવીર સ્વામીની જયના પોકારો વચ્ચે બરખાસ્ત કરવામાં આવી હતી.

**લુધીઆનામાં પ્રચારકાર્યઃ** અત્રે તા. ૧૧ મીએ સવારમાં આવ્યા બાદ ચા નાસ્તો દર્શન-પૂજા વિગેરે થયા બાદ કેટલીક સ્થાનિક માહિતી મેળવી હતી અને કોન્ફરન્સની પ્રવૃત્તિ સંબંધી છપાયેલ પેંફ્લેટો સ્વયંસેવકો મારફતે દરેક સ્થળે પહોંચાડવા ગોઠવણ કરવામાં આવી હતી. તથા કેટલાક બંધુઓ સાથે કો. ની પ્રવૃત્તિઓ સંબંધે ચર્ચા કરવામાં આવી હતી.

**અમૃતસરમાં પ્રચારકાર્યઃ** અત્રે ખાસ કરી જૈનેતર ગુજરાતી બંધુઓએ પોતાના સ્થાપેલ 'સમાજ' મારફતે શેઠ રણછોડભાઇને પોતાના ધંધા અંગે મ્હોટું માન આપ્યું હતું. તેઓએ યોજેલ સભામાં હાજર રહેલ જૈન બંધુઓને સંસ્થાનું સાહિત્ય પૂરૂં પાડવામાં આવ્યું હતું.

**લાહોરમાં સભાઃ** અત્રે તા. ૧૨-૩-૩૩ બે વાગતે આવ્યા બાદ પંજાબના ધોરણ મુજબ સ્વાગત સરઘસ દેવદર્શન વિગેરે થયા બાદ ત્યાંના જૈનોની એક જાહેર સભા મલી હતી જેમાં શ્વેતાંબર મૂ. જૈનોની મ્હોટી સંખ્યામાં હાજરી હોવા ઉપરાંત ઘણાં દિગંબર અને સ્થાનકવાસી બંધુઓ સામેલ રહ્યા હતા. બધા ભાઇઓ વચ્ચે ઐક્ય જોવામાં આવ્યું. આ સભાનું કામ શરૂ થતાં સંઘ તરફથી એક માનપત્ર શેઠ રણછોડભાઇને અર્પણ થયા પછી તેઓશ્રીએ તેનો ઘટતો જવાબ વાળ્યા પછી **શ્રી હરિલાલ માંકડે** કોન્ફરન્સની ઉપયોગિતા, તેની પ્રવૃત્તિઓ તેમજ પંજાબ અને લાહોરના

# કોન્ફરન્સના અધિવેશનની સંપૂર્ણ આવશ્યકતા.

ઘણા લાંબા કાળની સુષુપ્તિ પછી એક આશ્ચર્યકારક ઘટનાની માફક ગત સંવત ૧૯૮૬ માં મહારાષ્ટ્રના આગેવાન કાર્યકર્તાઓને કોન્ફરન્સ દેવીની મહાપૂજા પોતાને આંગણે રચવાની અભિલાષા ઉદ્દભવી, અને એ અભિલાષાના મૂર્ત-સ્વરૂપ રૂપે જુન્નેરની વીરભૂમિમાં કોન્ફરન્સનું ૧૩ મું અધિવેશન ભરાયું, ઘણાક વિઘ્નો અને ઘણી અમંગલ આશંકાઓને પાર કરી ત્યાંના આગેવાનોએ કાર્યદક્ષતાથી આ સુતેલી સંસ્થાને એક વખત જાગૃત કરી, અને સાથે સાથે જૈન જનતાને અને કોન્ફરન્સના અગ્રગણ્ય કાર્યકર્તાઓ ઉપર તેને સદાકાળ જાગૃત રાખવાની ફરજ પણ સોંપી દીધી. પરંતુ ત્યાર પછી તુરતમાંજ હિંદની સ્વતંત્રતાની લડતના મોરચા મહાસભાએ માંડયા, અને હજારો યુવાન યુવતીઓની સાથે કેટલાયે જૈન આગેવાનો પણ કારાગારના સળીયાઓ પાછળ અદશ્ય થયા. અને રાજકીય પરિસ્થિતિને અંગે સમય બહુ બારીક આવી લાગ્યો, અને કોન્ફરન્સની બીજી બેઠક ભરવાનું અશકય લાગ્યું.

આમ આ રીતે આ લડત લગભગ બે વર્ષ સુધી લંબાઇ, અને જ્યારે કોઇપણ પ્રકારે અધિવેશનની અશકયતા લાગી ત્યારે કોન્ફરન્સના સુકાનીઓએ 'ઓલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમીટીની બેઠક મુંબઇમાં ૧૯૮૭ ના ડીસેમ્બર માસમાં બોલાવી.

આ સ્ટેન્ડીંગ કમીટીની મીટીંગમાં લગભગ ૨૫ થી ૩૦ સુરત જીલ્લાના આગેવાનોની સહીથી કોન્ફરન્સને આમંત્રણ મળ્યું, કોન્ફરન્સે તે સહર્ષ સ્વીકાર્યું, અને સર્વેએ લગભગ ૬–૮ માસમાં સુરતમાં એ મહાદેવીના અધિવેશનની આશામાં રમ્યા કર્યું.

આજે અફશોષ સાથે જણાવવું પડે છે કે એ આમંત્રણને પણ આજ બબ્બે વર્ષના વહાણા વાવાં આવ્યાં છે, રાજકીય સંયોગો પણ કોઇ રીતે વિઘ્નકારી બને એવું દેખાતું નથી, છતાં પણ જ્યારે આમંત્રણ આપનાર ગૃહસ્થો જાગતા હોય એમ દેખાતું નથી, ત્યારે આમંત્રણ સ્વીકારનાર સંસ્થાના સંચાલકોએ આમંત્રણનું શું થયું તે માટે પુછપરછ કરી ખુલાસો મેળવવો જોઇએ.

આ સ્થળે સુરત જીલ્લાના આમંત્રણ આપનારા ભાઇઓએ પોતાની સ્થિતિ ચોક્કસ કરવાની જરૂર જણાય છે, તેઓને શું હરકત આવે છે, તે તેઓએ સ્પષ્ટ કહેવું જોઇએ, સાંભળવા મુજબ તેઓ પૈસા ખરચવા તૈયાર છે, પણ તેમની પાસે કાર્ય કરનારાઓ નથી, એમ તેઓ જણાવે છે, પણ જણાવવાની જરૂર લાગે છે કે જો તેઓ ખરેજ પોતાના મનપર અધિવેશન ભરવાનું એક વખત લીએ, તો કાર્ય કરનારાઓની આજના સમયમાં ખામી આવે એમ દેખાતું નથી. કોન્ફરન્સમાં આમેજ થએલું નવું લોહી સર્વ પ્રકારે સહાય આપવા તૈયાર છે, માટે એ ભાઇઓની જો ઇચ્છાજ હોય તો પોતાની અડચણો વર્કીંગ કમીટી પાસે ખુલ્લી મુકે અથવા તો પોતે ન ભરી શકે તેમ હોય તો પોતાની સ્થિતિ સ્પષ્ટતાથી રજુ કરે. કારણ કે આજે કોન્ફરન્સના અધિવેશનની એટલી અગત્ય ઉભી થઇ છે કે કોઇપણ પ્રકારે તુરતમાંજ તેનું અધિવેશન ભરવામાં ન આવે અને પોતાનો અવાજ બહાર ન પાડે તો સમાજમાં કેટલાક પ્રશ્નો એવી કટોકટ સ્થીતિએ આવી પહોંચ્યા છે કે ગાડું અવળી દિશામાં વળી ગયા શિવાય રહે નહિ.

હાલમાં જ્યારે સમાધાનીની વાતો ચાલી રહી છે, ત્યારે કોન્ફરન્સ જેવી આગેવાન સંસ્થાએ પોતાનો સ્પષ્ટ અવાજ બહાર લાવવાની જરૂર છે, અને અધિવેશનદ્વારા જૈન સમાજને જાગૃત કરી, પોતાનું ગૌરવ અને મોભો જાળવી રાખી હજી પણ કોન્ફરન્સ જૈન સમાજમાં પોતાનું અગ્રસ્થાન સાચવી શકે તેમ છે.

**—મનસુખલાલ લાલન.**

---

જૈનોનું કર્તવ્ય એ વિષય ઉપર લંબાણ વ્યાખ્યાન આપ્યું હતું. ત્યાર બાદ **શ્રી સાકરચંદ મા. ઘડીયાલીએ** કોન્ફરન્સને લગતી હકીકતો રજુ કર્યા પછી સુરત સ્પેશીયલ ટ્રેનના જૈન સંઘવતી સૌનો આભાર માન્યો હતો. કોન્ફરન્સનાં કામકાજનાં એહેવાલવાળાં પેંફલેટો વહેંચવામાં આવ્યાં. બાદ સભા મોડી રાત્રે વિસર્જન થઇ હતી.

**ગુજરાનવાલામાં સભા:** તા. ૧૩-૩-૩૩ ના રોજ અત્રે આવી પહોંચ્યા પછી સ્વાગત આદિમાં સ્થાનિક જૈનો તેમજ જૈનેતરોનો ઉત્સાહ અને પ્રેમ અપુર્વ જોવામાં આવ્યા. શ્રી આત્મારામજી મહારાજનાં સમાધિ મંદિરમાં સૌ જઇ પહોંચ્યા પછી સભાના માટે ખાસ શણગારાયેલા મંડપમાં સૌ બેઠા હતા. આશરે બે હજાર માણસની હાજરી વચ્ચે સભાનું કામકાજ શરૂ થતાં મંગળાચરણ બાદ શ્રી સંઘ તથા ગુરૂકુળ તરફના માનપત્રો શેઠ રણછોડભાઇને અપાયા પછી વળતો જવાબ આપતાં ટુંકમાં કોન્ફરન્સ સબંધે તેમણે ઘટતું વિવેચન કર્યા પછી બાદ **શ્રી ઘડીયાલીએ** સ્પેશીયલ ટ્રેનના જૈન સંઘ તરફથી બોલતા કેટલુંક વિવેચન કર્યા પછી કોન્ફરન્સ અંગે જરૂરી હકીકતો રજુ કરી હતી ત્યાર બાદ **મી૦ હરિલાલ માંકડે** કોન્ફરન્સની સંપૂર્ણ કાર્યવાહી, તેની પ્રવૃત્તિ, વગેરે માટે લંબાણથી વિવેચન કર્યા પછી અધિવેશન પંજાબમાં મેળવવા સૂચના કરી હતી, અને ગુજરાતવાલા સંઘ દર વર્ષે સુકૃત ભંડાર ફંડનો પોતાનો ફાળો મોકલે એવી ભલામણ કરી હતી. ત્યારબાદ **બાબુ કીર્તિ પ્રસાદજી, લાલા માણેકચંદજી** વગેરેએ પ્રાસંગિક વિવેચનનો કર્યો હતા. સભાના લંબાણ કાર્યક્રમ દરમ્યાન પંજાબી–હિંદી સંગીત, અને સંવાદોની ગોઠવણ પણ રાખવામાં આવી હતી. બાદ ગુરૂકુળ માટે ફંડની અપીલ થતાં જૈન યાત્રાળુઓએ તે ફંડમાં તથા અન્ય સંસ્થાઓમાં મલી આશરે સાત હજાર જેટલી રકમ આપી હતી. તથા ગુરૂકુળના એક વિદ્યાર્થીને પાંચ વર્ષ સુધી દર વર્ષે રૂા. ૩૦૦ આપવા જાહેર કરવામાં આવ્યું હતું. બાદ સભા સાંજના ૫–૩૦ વાગતે વિસર્જન થઇ હતી. બીજે દિવસે શ્રી આત્માનંદ ગુરૂકુળની મુલાકાત લીધી હતી અને સર્વે યાત્રાળુઓએ સંતોષ પ્રદર્શિત કર્યો હતો.

# સમયના વહેણમાં.

લે૦—મોહનલાલ ચોકસી.

## સંમેલન!

'આચાર્ય શ્રી નેમીસૂરિને સંમેલન ભરવામાં સર્વ સાધુઓએ સંમતિ આપી છે' એમ તો ચોતરફથી સંભળાય છે પણ પ્રશ્ન એ ઉઠે છે કે સંમેલન માત્ર સાધુઓનું ભરાશે કે સાથે શ્રાવકોની બેઠક મળશે? વળી સંમેલન એકલા તપાગચ્છના સાધુઓનું થશે કે ખરતર આદિ ગચ્છોના મુનિઓને પણ નોતરવામાં આવશે! વાત તો એટલે સુધી પ્રસરી છે કે, ચોમાસુ ઉતરે અમદાવાદના આંગણેજ સંમેલન ભરાવાનું! કોઇક તો અનુમાનની ગોફણો ફેંકવા લાગી ગયા છે કે જ્યાં એમ બન્યું કે વડોદરાનો કાયદો પાછો ખેંચાયો. એ કાયદો પોથીએ ચઢતો અટકે એટલા સારૂ તો સોસાયટીના સુત્રધારો દોડાદોડ કરી રહ્યા છે.

આમાં ક્યાં સુધી સત્ય છે એ કહેવા કરતાં એટલુંજ જણાવીયે કે સંમેલન ભરાય એ તો સારાને માટે. પણ સાધુ તથા શ્રાવક ઉભયના સહકારવાળુંજ શોભે. સાધુ મહાત્માઓ ભલે અંદર અંદર ચર્ચા કરે, અને આગમ-નિગમના પાઠ નિહાળી કિંવા ઉત્સર્ગ અપવાદના કાંટે તોળી, અથવા તો વ્યવહાર નિશ્ચયના માપે માપી અમુક મુસદ્દો તૈયાર કરે. પણ એનાપર છેવટના સહી સીક્કા તો કોન્ફરન્સની બેઠકમાંજ થાય. સાધુ જીવનના નિયમો માટે સમજુતી ભલે પરસ્પર કરી લેવાય, પણ જે પ્રશ્નોને શ્રાવક સંસ્થા સાથે લોહી ને નખ જેવો સંબંધ છે એના નિર્ણયમાં તો એ સંસ્થાનો ધ્વનિ સંભળાવોજ જોઇએ. એની સંમતિ વગરના ઠરાવની કિંમત પણ નથીજ,

સિદ્ધાંતના જ્ઞાનમાં સાધુઓની બરાબરી શ્રાવકોથી નહિં કરી શકાય. આખરી નિર્ણયમાં મુનિરાજના વચનમાં શ્રદ્ધા રાખવીજ પડશે, છતાં એ પણ દિવસ જેટલું સ્પષ્ટ છે કે માત્ર પાઠો રજુ કરવાથી કાર્ય નહીં થાય. વળી ભૂતકાળના ગૌરવ સંભારી વર્તમાનની હદ નહિં દોરી શકાય–દેશકાળને અનુરૂપ, દ્રવ્ય–ભાવના ઉંડા અવલોકનથીજ રેખાઓ આંકવાના યત્ન આરંભાય. વર્તમાનપર નજર નાંખ્યા વગર કેવળ ભૂતકાળમાં ભ્રમણ કરનાર અથવા તો ભાવિના ઉમદા સ્વપ્ના સેવનાર કોઇપણ જાતનું કાર્ય કરી શકનારજ નથી એ વાત જરાવાર પણ સ્મૃતિપટમાંથી ખસવી ન ઘટે.

## સંઘ સત્તા.

હવે તો જ્યાં ત્યાં એક ધ્વનિ સંભળાય છે કે સંઘની સંમતિ પર દિક્ષાની વાત છોડવી. અર્થાત કઇ દિક્ષા અયોગ્ય છે અને કઇ દિક્ષા રોકવા લાયક નથી એનો આખરી નિર્ણય જ્યાં પ્રવજ્યા થવાની હોય તે સ્થળનો સંઘ કરે. જરૂર આમાં સંઘનું ગૌરવ સમાયેલું છે, છતાં આજે સંઘની દશા એટલી તો છિન્ન ભિન્ન છે કે એના માથે જે ભાર મુકવામાં આવે તે યથાર્થ છે કે કેમ એ પણ જોડે વિચારી લેવું. ચતુર્વિધ સંઘના સભ્યોમાં સાધુ-સાધ્વીનો ફાળો તો અનિયત રહેવાનો. જૈન સમાજની વર્તમાન સ્થિતિ જોતાં શ્રાવિકા સમુદાયનો અલ્પ ભાગ સભ્ય તરિકેની ફરજ અદા કરી શકવાનો. એટલે સંઘના વિસ્તૃત રૂપ હેઠળ સર્વ કંઇ જવાબદારી તો શ્રાવકગણ પર આવીને અવલંબવાની. માટે તેનું બંધારણ કેવા પ્રકારનું હોવું ઘટે એ અવશ્ય વિચારણીય પ્રશ્ન છે. ઘણીએ વાર સાંભળીએ છીએ કે શેઠ વા આગેવાન અથવા તો અંધપતિ તરિકેનો હક ભોગવનાર વ્યક્તિ પાંચ પંદર પોતાના લાગતા વળગતાને એકઠા કરી સંઘના નામે ઠરાવો કરી વાળે છેં રીતસરની ન તો ખબર પહોંચાડે, ન જુદો મત ધરાવનારની દલીલ સાંભળે! આવી પોલવાળા સંઘોના વિશ્વાસે પ્રવજ્યાનો સવાલ નજ છોડી શકાય.

વળી કેટલાક શહેરોમાં તો ગચ્છ ગચ્છના ઉપાશ્રય અને એને લગતાં જુદા જુદા નામવાળા સંઘો હોય છે એનું કેમ?

આમ જરા ઉંડા ઉતરતાં સહજ સમજાશે કે સંઘ સત્તા સર્વોપરી કબુલ રાખવા માત્રથી ઇપ્સિત કાર્યની સિદ્ધિ થઇ જતી નથી. સંપ કે સંગઠનના આવેગમાં આવી જઇ કાચા પાયા પર, દીર્ઘદૃષ્ટિ દોડાવ્યા વગરનું ચણતર કરવામાં આવશે તો યાદ રાખવું કે થોડાજ કાળમાં કકડભુસ થઇ જમીનદોસ્ત થવાનું! પાછા 'એ દંડોને એ મોઇ' જેવી સ્થિતિ થવાની! માટે સંઘના હાથમાં લગામ સોંપતાં પૂર્વે એનું બંધારણ નક્કી થવાની ખાસ અગત્ય છે. સંઘના નામ માત્રથી મ્હોંમાં પાણી લાવવાના વહાણા વહી ગયાં છે.

ઉપાશ્રયના કે ખડકી મહોલ્લાના સંઘોને નામશેષ કરી પ્રભુશ્રી મહાવીરદેવનો સાચો સંઘ પુનઃ સ્થાપવો જોઇશે. વળી નાત જાતના કે સાધુ શ્રાવક આદિના ક્ષુદ્ર કલેશોને કોઇ કાળે પણ આગળ કરી સંઘનું બંધારણ નબળું પાડવાની બંધી કરવી જોઇશે. શાસન સેવાના વિશાળ પાયાપરજ ભાવિ સંઘના મંડાણ રચવાં પડશે. મત આપનાર વ્યકિત માટે વયને લાયકાતના ધોરણ નિયત કરવા પડશે. ત્યારેજ જીનકથિત સંઘના સાચા દર્શન થશે. એ પવિત્ર સંસ્થાના શીરે લાદેલી જવાબદારી અદા થવામાં પછી શંકાને સ્થાન નહીં મળે.

પણ, એ સાધના સારૂ ભૂમિકા શુદ્ધના યત્નમાં તો આજેથી લાગી જવું જોઇએ. પ્રયાસ કરતાં અસંભવિત પણ સંભવિતની કક્ષાએ જાય છે. ફક્ત એ સારૂ અંતરની તમન્ના જોઇએ!

---

( અનુસંધાન પૃ. ૩૬ ઉપરથી )

કરી તે પ્રકટ કરવાનું પણ તેમના શિરે એક પ્રધાન કાર્ય રહે છે. આ વાત પંડિતજીના ખાસ લક્ષમાં છે એની અમને ખાત્રી થઇ છે. જૈન ન્યાયના કુમુદ ચંદ્રોદય, નયચક્ર આદિ અને અપ્રકટ ગ્રંથ છે-પ્રમાણ મીમાંસાના સંપૂર્ણ સંશોધનની જરૂર છે, તે ન્યાયને પુષ્ટિ આપનાર તુલનાત્મક જૈનેતર ન્યાય ગ્રંથ–જેવા કે બૌદ્ધના હેતુબિંદુ અને તે પર વૃત્તિ આદિ ગ્રંથ બહાર પડે તો તેથી અધ્યાપક તરીકેની પ્રતિષ્ઠા વધે તેમ છે અને તે દ્વારા ભારતના વાઙ્મયમાં સારો ફાળો આપી શકાય તેમ છે. અમે પં. સુખલાલજીના અધ્યાપક કાર્યમાં સંપૂર્ણ વિજય ઇચ્છીએ છીએ.

# જૈન જગત્.

**વિરોધ:**—માંગરોળ રાજ્યના ગૌવધ અંગેના ઠરાવ નિમિત્તે, મુંબઇની જીવદયા મંળળી, મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ આદિ જૈન સંસ્થાઓએ જાહેર સભાઓ ભરી વિરોધ જાહેર કર્યો છે.

**ફરી શરૂ થશે:**—બડનેરથી જૈન પ્રભાત નામનું પત્ર ફરીથી શરૂ થશે એમ જાણવામાં આવ્યું છે.

**જાગૃતિ:**—રતલામની સ્ત્રી સમાજમાં જાગૃતિ આવી છે, તેઓની એક પ્રાથમિક સભા મળી ગયાના સમાચાર મળ્યા છે.

**જૈન પુનર્લગ્ન:**—મુંબઈમાં વસતા કચ્છી વીસા ઓશવાળ જ્ઞાતિના યુવાન શ્રી. રવજી મોરારજી લાલને (ઉ. વ. ૨૩) તેજ જ્ઞાતિની વિધવા બાઇ પાંચીબાઇ ( ઉ. વ. ૨૦ ) સાથે પુનર્લગ્ન કર્યાં છે, અને તેને અંગે એક મેળાવડો હીરાબાગના હોલમાં શ્રી. બી. એન. મહીશરીના પ્રમુખપણા નીચે થયો હતો.

**પત્રો તથા પુસ્તકોની જરૂર:**—જુન્નેરની જૈન લાયબ્રેરી માટે તથા જ્ઞાન પ્રચારક મંડળ માટે પત્રો તથા પુસ્તકોની જરૂર હોવાનું તેના મંત્રી જણાવે છે, તો સખી ગૃહસ્થો તે મોકલી આપશે એમ આશા છે.

**શિક્ષણાંક:**—'જૈન જ્યોતિ' માસિક પોતાના ત્રીજા વર્ષના પ્રારંભમાં જ્યોતિનો 'શિક્ષણાંક' તરીકે ખાસ અંક બહાર પાડવા માગે છે, અને તે માટે તે અંકને ચાર વિભાગમાં વહેંચી નાખી લગભગ ૫૩ વિષયોની ચુંટણી કરી તે માટેના લેખો માગ્યા છે.

**જૈન કોલેજ:**—શ્રી ગણેશપ્રસાદજી વર્ણી ન્યાયતીર્થની ખંત અને મહેનતથી જૈન સમાજમાં એક આદર્શ કોલેજ તુરતમાં ખુલવાની આશા રાખી શકાય છે, એ ભાઇએ ધનિકવર્ગનો સારો સહકાર મેળવ્યો છે.

**ખુલાસો માગ્યો:**—આંતરોલી (જી. ખેડા) ના આગેવાન શેઠ પોપટલાલ મનસુખલાલ પાસે ત્યાંના દહેરાસરના ગેરવહીવટ સંબંધી તથા રૂા. ૧૦૦૦) સંબંધી યોગ્ય ખુલાસો કરવા અમદાવાદથી શ્રી. બાલાભાઇ અમૃતલાલે એક પત્ર લખ્યો છે.

**સમાધાનીને પંથે:**—સંયુક્ત સંમેલન માટેની પ્રગતિ ધીમી પણ મક્કમ રીતે આગળ વધી રહ્યાના સમાચાર મળ્યા જાય છે. સમાજમાં શાંતિ ભર્યું સંગઠન સહુ કોઈ ઇચ્છે છે, અને સંમેલન માટે અનુકુળ વિચારણા થઇ રહી હોય એમ જણાય છે.

**બાળદીક્ષા!:**—ખંભાતમાં પ્રવેશ કરતાં પહેલાં ખંભાતની બાજુમાં વતરા મુકામે એક સાડા છ વર્ષના બાળકને શ્રી રામવિજયે દીક્ષા આપ્યાનું સંભળાય છે, કહેવાય છે કે બાળકની સ્થિતિ જોઇને કેશ મુંડનાર વાણંદે પણ કેશ મુંડવાની ના પાડવાથી કોઇ ભકત શ્રાવકે પોતાને હાથેજ વાણંદનું કામ પતાવી નાંખ્યું.

**સાધ્વીજી બન્યા અને ગયાં:**—કલોલ તાલુકાના વેડ નામના એક ગામની બાઇ ચંપાને સાધ્વીજી મંગળાશ્રીએ, કલોલ અને સેરીસા વચ્ચે ગુપચુપ દીક્ષાના કપડાં પહેરાવી દીધાં, આ વાતની વેડ ગામમાં ચંપાના વાલીઓને ખબર પડતાં તેઓએ ત્યાં આવી કહેવાય છે કે ચંપાના સાધ્વીજીના કપડાં ખેંચી શ્રાવિકાના પહેરાવી પોતાને ઘેર લઇ ગયા.

**પાછી આવી:**—અમદાવાદની હીરા નામની એક બાઇ કે જે પોતાના પતિના દાગીના વિગેરે લઇ, તેને છુપાવી દીક્ષા લીધી હતી, તે ૪-૫ મહિના બાદ પાછી અમદાવાદ આવી ગયાનું સંભળાય છે.

## પુસ્તક પરિચય.

**દીક્ષાધિકાર દ્વાત્રિંશિકા**—કર્તા મુનીશ્રી ન્યાયવિજય પ્ર. જૈન યુવક સંઘ વડોદરા—આ નાની ચોપડીમાં ૩૨ સંસ્કૃત છંદમાં દીક્ષાનો અધિકાર સાદી સરળ ભાષામાં સમજાવ્યો છે, ને તેનું ગુજરાતી ભાષાંતર પણ આપ્યું છે. સાધુ વેષ મહાવ્રતોથી દીપે છે, રજોહરણ એ સંયમનું બાહ્યલિંગ છે ને સંયમની સાધનાથી અંતરની રજ-મેલ કઢવાની તેની યથાર્થતા પ્રાપ્ત થાય છે, દીક્ષા પહેલાં તેને યોગ્ય અભ્યાસ, મધ્યમ વય, માતાપિતાની સંમતિ જોઇએ એ વાતની સ્પષ્ટતા કરી છે.

દીક્ષાના પ્રશ્ને આજ કાલ સમાજને હલમલાવી મૂક્યો છે તે સમયે મધ્યસ્થ દૃષ્ટિથી આગમ-પંચાંગી, અને મહાન્ પૂર્વાચાર્યોનાં પુસ્તકોમાંથી દીક્ષા સંબંધી હકીકતોનું દીક્ષા સર્વ સંગ્રહ જેવું વિશાળ પુસ્તક બહાર પડવાની જરૂર છે કે જેથી તે સંબંધે જોવા માટે બીજું કોઇ પુસ્તક શોધવા જવું ન પડે.

—તંત્રી.

## ધી કલાણચંદ નવલચંદ જવેરી જૈન પ્રાઇઝ.

## (ઇનામ રૂા૦ ૧૨૦)

મુંબાઇ યુનીવરસીટીની છેલ્લી મેટ્રીકયુલેસનની પરીક્ષામાં જૈન વિદ્યાર્થીઓમાંથી જે જૈન વિદ્યાર્થીએ વધારે માર્કસ મેળવ્યા હોય અને આગલ અભ્યાસ રાખવાનો હોય તેને ઉપલું રૂા૦ ૧૨૦ ) નું ઇનામ આપવામાં આવશે. ઉમેદવારોએ તા૦ ૩૧-૭-૩૩ સુધીમાં સીટ નંબર માર્કસ અને બીજા પર્ટીકયુલર્સ સાથે નીચેના સરનામે અરજી કરવી.

૧૩૪ ખારા કુવા<br>મુંબાઇ } **ઓ. સે. ક. ન. જવેરી જૈન પ્રાઇઝ.**

## પાઠશાળાઓને મદદ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી પાઠશાળાઓને મદદ આપવાની છે તે માટે છાપેલાં ફાર્મ મંગાવી તા. ૨૫ જુલાઇ ૧૯૩૩ સુધીમાં ઓનરરી સેક્રેટરીઓને ( ઠે૦ ૨૦, પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ ૩ ) અરજી મોકલી આપવી.

**વીરચંદ પાનાચંદ શાહ,**
**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.**
ઓનરરી સેક્રેટરીઓ.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhanji Street, Bombay 3 and Published by Mansukhlal Hiralal for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:—'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧ લી ઓગષ્ટ ૧૯૩૩. | અંક ૬ ઠ્ઠો.

વિષય સૂચિ.


| | | |
|---|---|---|
| ૧ | શરણાગતવત્સલ શિબિ રાજા ... | 'કલ્યાણ' માસીક. |
| ૨ | મુનિ સંમેલન (અગ્રલેખ) ... ... | તંત્રી. |
| ૩ | નોંધ-(૧) અમારો તીર્થ અને જ્ઞાન પ્રવાસ ... | તંત્રી. |
| | (૨) નવા તીર્થો ... ... ... | તંત્રી. |
| ૪ | અધિવેશન સુગમ કેમ બને? ... | મનસુખલાલ લાલન. |
| ૫ | સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ... | કોન્ફરન્સ ઓફીસ. |
| ૬ | શેઠ રણછોડભાઇનો પ્રવાસ ... | શ્રી. હરિલાલ માન્કર. |
| ૭ | સગીરોના હિત માટે ... ... ... | પ્રકાશક. |


# શરણાગતવત્સલ શિબિ રાજા.

શિબિ રાજાના ખોળામાં એકદા એક કબુતર આવી બેઠું, અને પાછળ તેના શિકાર માટે બાજ પક્ષીએ આવી. તે રાજા પાસેથી કબુતર માગ્યું.

રાજા—બાજ! ભયમાં પડેલા જીવોની રક્ષા કરવા કરતાં બીજો કોઇ ધર્મ ઉંચો નથી.

यन्ममास्ति शुभं किंचित्तेन जन्मनि जन्मनि ।
भवेयमहमार्त्तानां प्राणिनामार्तिनाशकः ॥
न त्वहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवम् ।
प्राणिनां दुःखतप्तानां कामये दुःखनाशनम् ॥

–મેં પૂર્વજન્મોમાં જે કંઇ પુણ્ય કરેલ હોય તેના ફલ તરીકે હું એ ઇચ્છું છું કે દુઃખ-કલેશમાં પડેલા પ્રાણીઓની પીડા હરનારો હું થાઉં. હું રાજ્ય નથી ઇચ્છતો, ન સ્વર્ગને ચાહતો તેમ મોક્ષ પણ નથી ચાહતો-હું માત્ર દુઃખથી તપેલાં પ્રાણીઓનાં દુઃખોનો નાશ ઇચ્છું છું.

બાજ—શાસ્ત્રાનુસાર કબુતર મારો આહાર છે તો તેને છોડી દ્યો.

રાજા—હું શાસ્ત્રાનુસાર કહુ છું કે સત્ય અને દયા સૌથી મોટા ધર્મ છે. જે બીજા જીવોની આત્મવત્ રક્ષા કરે છે તે પરમગતિ પામે છે. જે પોતે સમર્થ હોઈ બીજા મરાતા જીવોને બચાવતા નથી તે નરકમાં પડે છે. મારૂં રાજ્ય લઈ જા પણ કબુતર નહિ આપું.

બાજ—જો આ કબુતર પર બહુ પ્રેમ હોય તો તેના જેટલું તારૂં માંસ આપ.

રાજા—તમારી કૃપા! જેટલું માંસ મારા શરીરનું જોઇએ તે આપવા તૈયાર છું.

यदि प्राण्युपकाराय देहोऽयं नोपयुज्यते ।
ततः किमुपकारोऽस्य प्रत्युहं क्रियते वृथा ॥

–આ શરીર જો પ્રાણીના ઉપકાર અર્થે ન કામ આવે તો પ્રતિદિન તેનું પાલનપોષણ કરવું શું કામનું?-વ્યર્થ છે.

રાજા ત્રાંજવું મંગાવી શરીરનું માંસ તોળી આપવા લાગ્યો, કબુતરનું પલ્લું નમે નહિ, તેમ તેમ વધુ વધુ શરીરમાંથી કાપી માંસ કાઢતો ગયો. આખરે પ્રભુ પ્રસન્ન થયા.

परदुःखातुरा नियं सर्वभूतहिते रताः ।
नापेक्षन्ते महात्मानः स्वसुखानि महान्त्यपि ॥

–બીજાનાં દુઃખોથી આતુર, સદા સર્વ પ્રાણીઓના હિતમાં મગ્ન, એવા મહાત્માઓ પોતાનાં મહાન્ સુખોની પણ અપેક્ષા રાખતા નથી.

—'कल्याण' मासिक.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥
—श्री सिद्धसेन दिवाकर.

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

જૈન યુગ.
તા. ૧-૮-૩૩ મંગળવાર

# મુનિ સંમેલન.

'સાધુ સમાધાન' એ નામના મથાળાં નીચે 'સમય ધર્મ' પત્ર તા. ૧૬-૭-૩૩ ના અંકમાં મીમાંસા કરે છે તે પર લક્ષ રાખવું યોગ્ય છે. મુનિ-સંમેલન ભરાવાનું છે અને તેમાં શ્રી વિજયનેમિસુરિની સામેલગીરી થવાની છે. આ ચોમાસું વીત્યા બાદ અમદાવાદ કે ભોયણીમાં તે ભરાશે વગેરે હકીકત બહાર આવી છે, પણ સત્તાવાર રીતે તે બાબતની વિગત પ્રકટ થઇ નથી. આથી આમાં તથ્ય શું છે તે જણાતું નથી. તેવું સંમેલન ભરાવાની વ્યવસ્થા થનારી હોય તો તેમાં કયા મુદ્દાઓ ચર્ચાવાના છે, કયા વિવાદગ્રસ્ત પ્રશ્નોનો નિર્ણય થવાનો છે, તે વિષયે આપણે સદંતર અંધારામાં છીએ. સમાધાન શાંતિ લાવનાર હોય તો તે ઇષ્ટ છે, અને તેથી કાયમી શાંતિ ત્યારેજ થઇ શકે કે તેમ કરવામાં મૂળભૂત સિદ્ધાંતોનો ભોગ અપાતો ન હોય, અને તટસ્થતા-મધ્યસ્થતાથી ન્યાયપુરઃસર વિવાદની છણાવટ કરી નિર્ણય અપાયેલ હોય. કયા વિષયો સમાધાન માગે છે તેનો પણ અગાઉથી વિચાર થવો જોઇએ, પણ તે વાત વિશ્વસનીય સ્થળેથી આવી નથી એટલે તેના પર અનુમાન કરવાનું રહે.

ઉપર્યુક્ત પત્ર આવા અનુમાનથી પ્રશ્નો કાઢે છે ને તે સંબંધી પોતાના વિચાર આપે છે. (૧) જો શ્રીમદ્ આત્મારામજીના અનન્ય પટ્ટધરનો પ્રશ્ન હોય તો તે બાબતનું સમાધાન તે આચાર્યનો સંઘાડો કરી શકે યા જેનાં નામ વિજયવલ્લભસુરિએ આપ્યા છે તેઓ નિર્ણય કરી શકે તેમ છે. (૨) અયોગ્ય દીક્ષાનું સમાધાન એકલો સાધુસમુદાય કરે તો તેવી દીક્ષા સામે પોકાર કરનાર વર્ગને કેમ સંમત થાય? કારણ કે તે વર્ગમાં સાધુઓ ઉપરાંત શ્રાવકો આવી જાય છે. (૩) પંચાંગી માનવા ન માનવાની વાત હોય તો તેમાં શ્રીમદ્ મહાવીર પ્રભુના માર્ગથી અવિરૂદ્ધ સર્વ બાબતોમાં સર્વને શ્રદ્ધા છે એ પ્રમાણે લગભગ બધાને કબૂલ છે; છતાં તેને શાસ્ત્રીય વિષય ગણી તેની શાસ્ત્રીય રીતે છણાવટ કરવામાં વિશેષ વિવાદને સ્થાન રહેશે. (૪) વડોદરા ધારાસભામાં પસાર થયેલ દીક્ષા નિયામક પ્રબંધનો કાયદો બંધ કરાવવાની ધારણા હોય તો તે કાયદો જૈન ઉપરાંત જૈનેતરોને માટે પણ છે ને તે સંમેલનથી બંધ પડે કે અટકે તેમ નથી.

આમ જુદા જુદા અનુમાનથી ઉદ્ભવતા વિષયોનું સ્પષ્ટીકરણ છે. મુનિસંમેલનના ખરા કાર્ય પ્રદેશનો ખ્યાલ ચોક્કસ રીતે આપવા માટે જવાબદાર વ્યકિતઓએ બહાર આવી સ્પષ્ટીકરણ કરવું જોઇએ. જ્યાં સુધી તેમ નહિ થાય ત્યાં સુધી સંદિગ્ધપણામાં સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે તેમ નથી. સાધુઓમાં શાંતિ આવશે તો સમાજમાં શાંતિ આવશે અને મુનિ સમુદાયમાં અશાંતિ રહેશે ત્યાં સુધી સમાજમાં અશાંતિનું સામ્રાજ્ય રહેવાનું. હાલના અશાંત વાતાવરણનું મૂળ મુનિ મુનિઓમાં રહેલ વૈમનસ્ય છે. એકજ તપાગચ્છના સાધુ સમુદાયમાં શ્રી. આત્મારામજી, શ્રી મૂળચંદજી, શ્રી વૃદ્ધિચંદ્રજીની સંતતિરૂપના વર્ગો છે, શ્રી આત્મારામજીની સંતતિમાં પણ પક્ષો છે, વળી સાગર શાખા, વિમલ શાખા, વગેરે જુદી શાખાઓ છે. આ બધામાં એકતા-અભિન્નતા ન હોય, વિચારભેદ અને વૈમનસ્ય વર્તતાં હોય, માનાપમાન દશા ઉદ્ભવી હોય ત્યાં અશાંતિનું રાજ્ય પ્રવર્તે તે સહજ દૃષ્ટિગોચર થાય છે. શ્રી આત્મારામજીના સંઘાડાના મુનિઓનું સંમેલન વડોદરામાં થયેલું ને ઠરાવો થયેલા, તે ઠરાવો પૈકી કેટલાક ઠરાવ પર કેટલાક આક્રમણ કરી તેનાં ચુંથણાં કરે છે, તો સહજ પ્રશ્ન ઉદ્ભવે છે કે હવે ભરાનાર મુનિસંમેલનના ઠરાવોને સમગ્રપણે એકનિષ્ઠાથી માન આપવાનું કાયમપણે બધા સાધુથી કેમ બનશે?

એક તપાગચ્છ ઉપરાંત શ્વેતાંબર મૂર્ત્તિપૂજક સમાજમાં ખરતર, આંચળિક, પાયચંદ આદિ ગચ્છો વિદ્યમાન છે તે બધાને બોલાવી તે આખા શ્વે૦ મૂ૦ ગણનું મુનિસંમેલન કરવા ધાર્યું છે કે અમુક અમુકનું? એ પણ પ્રશ્નનું હમણાં નિરાકરણ કરવાની જરૂર છે.

અમારા મત પ્રમાણે આખા શ્વે૦ મૂ૦ સર્વ ગચ્છોના મુનિઓનું સંમેલન ભરવાની ખાસ આવશ્યકતા છે. હાલ નિનાયક દશા પ્રવર્તે છે, પોતપોતાને ફાવે ત્યાં ચોમાસાં કરવાની, એકલાપણે કે પોતાને પસંદ પડે તે મુનિ સાથે વિહાર કરવાની, ક્રિયા-આચાર પોતાને ગમે તે પ્રમાણે પાળવાની, ગમે તેવો ઉપદેશ દેવાની, લૌકિક જ્ઞાતિની અને શ્રાવક સંઘની વ્યવહાર વ્યવસ્થામાં ભાગ લઇ ગમે તેમ ઠરાવો કરાવવાની તેમજ કોઇ કોઇ સ્થળે તદ્દન શિથિલાચાર સેવવાની પ્રવૃત્તિ પડી ગઇ છે. તેને સબળ અને સક્રિયપણે અટકાવવાની કે તેમાં સુધારો વધારો કરવાની કે તેનું નિયમન કરવાની શકિત કે વ્યવસ્થા સાધુગણ કે શ્રાવકગણના આગેવાનોમાં રહી નથી. આવી સ્થિતિ ભવિષ્યમાં ચાલુ રહી તો પરિણામ કેવા ભયંકર આવશે તેનો વિચાર આવતાં હૃદય કંપે તેમ છે.

આ સ્થિતિ સદા માટે સદંતર નાબૂદ કરવા માટે મુનિ સંમેલનની ખાસ જરૂર છે. તેમાં સર્વે ગચ્છના મુનિઓ અને દક્ષ આગેવાનો અને શિક્ષિત શ્રાવકોનો સહકાર લેવાની જરૂર છે. ભવિષ્યનો વિચાર દીર્ઘ દૃષ્ટિથી કરી એવું તંત્ર ગોઠવવાની અગત્ય છે કે શ્રીમન્ મહાવીર પ્રભુનું શાસન અવિચ્છિન્નપણે જીવંત અને પ્રગતિમાન્ રહે. તેમાં નીચેના વિષયો માટે ખાસ નિયમો ઘડાવા જોઇએ.

(૧) મુનિઓનાં ચોમાસાં તે જે પક્ષમાં હોય તે પક્ષના આચાર્યના આદેશ પ્રમાણે નકકી થાય. વળી તેના પ્રદેશની વહેંચણી એવી રીતે થાય કે જે ક્ષેત્રમાં મુનિવિહાર તદ્દન વિરલ ઘણાં વર્ષોથી થયો છે તે ક્ષેત્રને વિસારી ન મૂકાય, અને આખા હિંદમાં આખો મુનિગણ વહેંચાઇ જઇ ઉપદેશધારા સર્વ પ્રદેશમાં સીંચતો રહે.

(૨) દરેક મુનિ દીક્ષા લે તે પહેલાં કેટલો ધાર્મિક અભ્યાસ અને ધાર્મિક આચાર જોઇએ તે નક્કી કરી તેટલું જેનામાં હોય તેનેજ દીક્ષા આપવાનો પ્રબંધ કરવો.

(૩) દીક્ષા લેનારની ઓછામાં ઓછી તેમજ વધુમાં વધુ વય, માબાપ આદિ અતલગ સ્વજનની સંમતિ, જન્મ-ક્ષેત્ર અને દીક્ષાક્ષેત્રના સંઘની સંમતિ વગેરેના નિયમો ઘડવા.

(૪) પુસ્તકાદિ ઉપકરણોની મર્યાદા.

(૫) મુનિની માલેકીના પુસ્તક ભંડારો હોવા આવશ્યક છે કે નહિ તેનો નિર્ધાર, અને તે પુસ્તક ભંડાર સર્વ મુનિગણ તેમજ વિદ્વાન્ શ્રાવક ગણને સુલભ અને ઉપયોગી નિવડે તેવી વ્યવસ્થા.

(૬) સર્વ ક્ષેત્રનાં દેવમંદિરોની પ્રતિમા પરના તેમજ બીજા લેખોનો સંગ્રહ.

(૭) સર્વ તીર્થોના પ્રામાણિક ઇતિહાસની સામગ્રીનો સંગ્રહ.

(૮) શિથિલાચારી. એકલવિહારી, સંબંધી ખાસ પગલાં ભરવાની વ્યવસ્થા.

(૯) પૂર્વાચાર્યોનાં મહાન્ ગ્રંથોના પ્રકાશન સંબંધી એક સરખો પ્રબંધ.

(૧૦) જ્યાં જ્યાં મંદિર કે ઉપાશ્રયની જરૂર હોય ત્યાં ત્યાં તેની સ્થાપના.

(૧૧) પંચાંગ શુદ્ધિ અને સંવત્સરી આદિના વિવાદ કોઇ વર્ષમાં ન થાય એવો પ્રબંધ.

(૧૨) સાધુ સાધુ વચ્ચે પડી ગયેલ વૈમનસ્ય દૂર કરવા કરાવવાની અસરકારક રીતિઓ.

(૧૩) શ્રાવક સંઘનો સહકાર અને તેમનામાં પડેલા ઝઘડાઓને દૂર કરાવી શાંતિની સ્થાપના.

(૧૪) સાંભોગિક વ્યવહાર એટલે મુનિ મુનિઓ વચ્ચે એક સાથે બેસી ભેગા ભોજન લેવાની અને એક ઉપાશ્રયમાં એક સાથે વસવાની વ્યવસ્થા.

(૧૫) અન્ય ગચ્છ કે સંપ્રદાય પ્રત્યે સહિષ્ણુતા અને આદર ભાવ અને તિરસ્કાર કે દ્વેષભાવનો નિષેધ.

(૧૬) શ્રાવકોના લગ્નાદિ સાંસારિક વ્યવહાર અને વ્યવસ્થામાં ભાગ લેવાનો આત્યંતિક ત્યાગ.

(૧૭) ગોચરી કરવાના નિયમ અને તેના આચારનું પાલન.

(૧૮) જુદાં જુદાં કાર્ય સંભાળી શકે તે માટે ખાસ નીમેલી સમિતિઓ.

(૧૯) જુદી જુદી સામાચારી પ્રવર્તે તેમાં સહિષ્ણુતા અને મુખ્ય વીતરાગ માર્ગના અનુયાયી તરીકે અરસપરસ પ્રેમ અને ધર્મવાત્સલ્ય ભાવ.

(૨૦) જૈનેતર સમાજમાં જૈન ધર્મનો પ્રચાર અને વિસ્તાર.

વગેરે વગેરે અનેક વિષય અને દૃષ્ટિથી વિચાર કરી શ્રમણ સંઘનું સંગઠન શ્રાવક સંઘના સહકારથી કરવાની નિષ્ઠાથી મુનિસંમેલન ભરાય તો સર્વ રીતે ઇષ્ટ છે, અને તેથી જૈન ધર્મનો વિજય ડંકો વગાડી શકાય તેમ છે. સ્થાનકવાસી સાધુઓએ અજમેરમાં પોતાનું સંમેલન ભરી જે જે ઠરાવો કર્યા તે પણ નજર સામે રાખી જોવા તપાસવા જોગ છે. અમે તો ઉપર જેમ જેમ ધ્યાનમાં આવતા ગયા તેમ તેમ વિષયો લખી નાંખ્યા છે, તે બધાપર ઊહાપોહ કરી યોગ્ય લાગે તો ઠરાવ કરવાના છે, યા જતા કરવાના છે. જગત્ સર્વસંગપરિત્યાગવાળા પાસેથી અદ્ભુત ત્યાગ, જ્ઞાન વૈભવ, પરમશાંતિ, શુદ્ધ વીતરાગ ભાવની અમૃત કણિકા અને દ્વેષ ભાવની અતિ મંદતા માગે છે. તે જૈન મુનિઓ પાસેથી મળો એજ અમારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના!

# નોંધ.

## અમારો તીર્થ અને જ્ઞાન પ્રવાસ—

૧૩ મી મેએ મહુવા રાત્રે પહોંચ્યા. ત્યાં શ્રી જીવંતસ્વામીનું મંદિર છે. અને પાસેજ હમણાં એક મંદિર શ્રી વિજયનેમિસુરિના પ્રેરણાથી થયેલું તેનું કામ હજુ ચાલુ છે. લગભગ આખી માંડણીને તે પરની ઇમારત બધી પૂરી થઇ છે અને તેની ઉંચાઇ ઉક્ત શ્રી જીવંત સ્વામીના મુખ્ય મંદિરની ઉંચાઇ કરતાં વધુ કરવામાં આવી છે. પહોળાઇનો વિસ્તાર ઘણો ટૂંકો છે ને તેના પ્રમાણમાં ઉંચાઇ અતિશય વધુ પડતી છે. આ નવા મંદિરનું નામ "ગુરૂ મંદિર" પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. એમ કહેવાય છે કે સંસારી અવસ્થામાં શ્રી વિજયનેમિસુરિનો જન્મ તે સ્થળે થયેલ હોઇ ત્યાં આ ગુરૂમંદિર કરવામાં આવ્યું છે અને તેમાં તેમના વિદ્યમાનપણામાં તેમની મૂર્ત્તિ પણ પ્રતિષ્ઠિત કરવામાં આવનાર છે. ઉક્ત સુરિ અમો ત્યાં પહોંચ્યા તે પહેલાં-વિહાર કરી ગયા હોવાથી તેમનાં દર્શન અને સમાગમનો લાભ ન મળ્યો. તેમજ આ મંદિરની રચનામાં રાખેલ ઉદ્દેશ વગેરેનું સ્પષ્ટીકરણ તેમની પાસેથી મેળવી શકત તે ન મેળવી શકાયું. સુભાગ્યે તેમના વિદ્વાન્ શિષ્ય શ્રી વિજયનંદનસુરિ ત્યાં વિદ્યમાન હતા તેમના દર્શનનો લાભ લઇ તે સંબંધી કેટલીક પૃચ્છાઓ કરતાં એમ ઉત્તર મળ્યો કે તે ગુરૂમંદિર ને બદલે ખરી રીતે દેવ-ગુરૂ મંદિર છે. તેમાં ગત, વર્તમાન અને અતીત ચોવીશી (૨૪ તીર્થંકર) એમ બધા મળી ૭૨ જિનો, ૨૦ વિહરમાન જિન, ૧૭૦ બીજા જિનોની મૂર્તિઓ અને તે ઉપરાંત ગૌતમસ્વામી, સુધર્માસ્વામી અને તેની પટ્ટ પરંપરામાં થયેલા આચાર્યો તથા બીજા સમર્થ આચાર્યોની મૂર્તિઓ પ્રતિષ્ઠા કરાવી પધરાવવામાં આવશે. [આમ કોઇ સ્થળે ન બન્યું તેવું અપૂર્વ અને અદ્ભુત કાર્ય—દેવ અને ગુરૂની અસંખ્ય મૂર્તિઓને એક મંદિરમાં સ્થાન આપવાનું કાર્ય મહુવામાં પોતાના જન્મ સ્થાનના સ્થળે શ્રી વિજયનેમિસૂરિના હસ્તે થનાર છે. ઇતિહાસમાં આવું ગુરૂમંદિર વીસમીસદી પહેલાં બન્યું હોય એવું જણાયું નથી.] આચાર્યોની પ્રતિષ્ઠા કરવા માટે કોઇ શાસ્ત્ર છે કે તે પ્રશ્નના ઉત્તરમાં શંત્રુજય મહાત્મ્ય જણાવવામાં આવ્યું. તેનાથી કોઇ પ્રાચીન ગ્રંથ છે તો એમ જવાબ મળ્યો કે શું શંત્રુજય માહાત્મ્ય શાસ્ત્ર નથી? મેં કહ્યું કે મારા પ્રશ્નનો આશય એવી શંકાનો નથી પણ ઐતિહાસિક દૃષ્ટિએ તેના કરતાં વધારે પ્રાચીન પુસ્તકનો પુરાવો મળે છે કે નહિ તે જાણવાનો છે: વળી શ્રી શંત્રુજય માહાત્મ્ય સંબંધી આવીએ તો તે સં. ૪૭૭ માં શ્રી ધનેશ્વરસુરિએ રચેલું મનાય છે, છતાં તેમાં વિક્રમની તેરમી સદીમાં થયેલા શ્રી કુમારપાળ રાજનો ઉલ્લેખ આવે છે તો તેને ઐતિહાસિક દ્રષ્ટિએ તે સદીથી પુર્વે રચાયલું કેમ સંભવે? આના ઉત્તરમાં જણાવવામાં આવ્યું કે પરંપરાથી પ્રાપ્ત થયેલી એ વસ્તુ રચનારે જણાવી છે. દા. ત. શ્રી ભદ્રબાહુ સ્વામીની નિર્યુક્તિમાં વજ્રસ્વામી કે જે તેમના પછી થયેલા તેમનો ઉલ્લેખ છે અને તે પરંપરાગત આવેલ છે. મેં પૂછ્યું કે કોઈ એમ કહે કે તેમને અવધિ જ્ઞાન કે મનઃ પર્યવ જ્ઞાન હોય અને તે વડે ભવિષ્યની વાત જાણી લખ્યું હોય એ બરાબર છે. ?—જેમકે ઉપદેશમાળા શ્રી મહાવીર પ્રભુના હસ્ત દીક્ષિત ધર્મદાસ ગણીની રચેલી

કહેવાય છે અને તેમાં ચંદ્રગુપ્ત, ચાણાકય વગેરે તેમના સમય પછી થયેલ વ્યક્તિઓના ઉલ્લેખ આવે છે, તેમાં પણ એ દલીલ મૂકાય છે. ત્યારે વિજયનંદનસૂરિએ જણાવ્યું કે એમ નહિ. અવધિજ્ઞાન ને મનપર્યવજ્ઞાન જંબુસ્વામીના નિર્વાણ પછી વિચ્છિન્ન થયેલ છે તેથી તેવા જ્ઞાન વડે ભવિષ્યમાં થનાર વ્યક્તિઓના પ્રસંગો શત્રુંજય માહાત્મ્યના કર્તા રજુ કરે એ સંભવતું નથી.

ગુરૂ એટલે આચાર્યની મૂર્તિ જિન મૂર્તિ પાસે તદ્દન નજીક એક સરખા પબાસનપર હોય એ યોગ્ય છે? એ સવાલના ઉત્તરમાં એક ગામનું નામ આપ્યું કે ત્યાંના મંદિરમાં એક આચાર્યની મૂર્તિ તે પ્રમાણે રાખવામાં આવી છે. (આ ગામ ને આચાર્યનાં નામ અપાયેલાં તે હું ભુલી ગયો છું.) ગુરૂ મંદર જેવું મંદિર અગાઉ થયું છે? એ સવાલના ઉત્તરમાં સૂરિજીએ જાણવામાં નથી એમ જણાવ્યું હતું, એ ઉપરાંત જીજ્ઞાસા ભાવે હું આવ્યો છું-ચર્ચા કે વાદ માટે નહિ એ વાતનો સ્પષ્ટ ફોડ કર્યા પછી બીજી કેટલીક વાતચીત થઇ હતી, કે જે વાચકોને બહુ ઉપયોગી નથી એમ ધારી અત્ર જણાવતો નથી. એક વાત જણાવું છું કે ખંભાતમાં શ્રી વિજયનેમિસૂરિનો હસ્તલિખિત પુસ્તક ભંડાર જબરદસ્ત છે, અને તેમાંના ગુજરાતી ભાષાના પ્રતિઓ જોવાનો લાભ મેં લીધો હતો. પહેલાં તો તે સૂરિની રજા વગર જોવા દેવાની ના પાડી હતી, પણ ત્યાં ને ત્યાં રહીને રક્ષકની હાજરીમાં કામ કરવાનું હતું એ સ્પષ્ટ કરવામાં આવ્યું એટલે જોવાનો લાભ મળ્યો. સૂરિજીએ જણાવ્યું કે રજા મંગાવી હત તો ખુશીથી રજા આપત અમે તો કોઇને હસ્તપ્રત આપવાની પણ ના પાડતા નથી. બાકી શ્રાવકોને ભંડાર સોંપી દેવાના તો નથીજ. મેં જણાવ્યું કે સાધુઓ તેની સાર સંભાળ બંધનાદિથી સરસ રીતે રાખી શકે છે, પણ તેમનો વિહાર તેજ સ્થળે કાયમ ન હોવાથી કાયમપણે સારસંભાળ ન લઇ શકાય. સૂરિજીનો બીજો ભંડાર અમદાવાદમાં પાંજરાપોળ પાસે છે તેમાં છાપેલાં પુસ્તકો મુખ્યત્વે છે. મેં સૂચન કર્યું કે ભંડારની પ્રતો અને પુસ્તકોની છાપેલ ટીપો-કેટલોગ બહાર પાડવા જોઇએ અને તેમાંથી જેનો ખપ તેના કોઈ ખપી સાધુ કે શ્રાવકને પડે તેને તે મળી શકે એવી વ્યવસ્થા થવી જોઇએ. તે વગર માત્ર સંગ્રહ તે સંગ્રહની નજરે યોગ્ય છે, પણ બીજી ઉપયોગિતા તેની નથી. સૂરિજીએ કહ્યું એમ સમયાનુકૂળતાએ થશે. સૂરિજી વિદ્વાન્ જણાયા, કેટલુંક સાહિત્ય તેમને કંઠસ્થ હતું, અને દ્રવ્ય ક્ષેત્ર ભાવાદિને અનુલક્ષી વિશેષ પ્રગતિ કરવા ધારે તો કરી શકે તેમ છે, એવું સામર્થ્ય તેમનામાં મને દેખાયું.

મહુવા ગામની ભીતર ઘણી ગંદકી અને અસ્વચ્છતા વર્તે છે, મુખ્ય વસ્તીમાં જૈનોની ઘણી વસ્તી છે, તેઓ પોતાની ટેવ સુધારી સ્વચ્છતાપર ધ્યાન આપે. સુધરાઇ ખાતું ગંદકી દૂર કરવાનાં સાધનો પૂરાં પાડે એ ખાસ જરૂરનું છે. અત્યારની સ્થિતિ સુધરાઇ ખાતું ચલાવી લે છે તે સ્ટેટને માટે સારૂં કહેવડાવે તેમ નથી. આ ગંદકી દૂર થાય તો મહુવા એ કાઠીયાવાડમાં ઉનાળામાં હવા ખાવાનાં સ્થળોમાં એક નામી સ્થાન લે તેમ છે. તેની હવાથી ત્યાં ઉનાળાનું નામનિશાન જણાતું નથી. નદી છે ને આસપાસ વાડી-બગીચા છે, પાસે બે ત્રણ માઇલ છેટે દરિયો છે એટલે આ બંદરની હવા ઘણી રીતે ગ્રીષ્મઋતુમાં ઠંડક અને તાજગી આપનાર છે એમાં શક નથી. અહીં એકાદ 'સેનેટેરિયમ' (આરોગ્યભવન) બાંધવામાં આવે તો બીમાર અને નાદુરસ્ત તબીયતવાળાને તે એક આશીર્વાદ સમાન થઇ પડે તેમ છે.

ગામમાં કરતાં ગામની બહાર રહેવામાં વિશેષ સ્વચ્છ હવા પાણી મળે તેમ છે, કેટલાક જૈનેતર સુશિક્ષિતનો એવો મત થયેલો કે ગામમાંજ ગુરૂમંદિર બાંધ્યું તેના કરતાં ગામની બહાર એક વિશાળ ચોક અને ફળીવાવાળું જૈન મંદિર એક વાડી સહિત બંધાયું હત તો જૈન વસ્તીને તેથી એક મહાન્ ઉપયોગી વસ્તુ સાંપડત, આ વાતમાં સત્ય છે, પણ જે વસ્તુ થઇ ગઇ તેમાં આ જાતનો ફેરફાર હવે થવો અશક્ય છે, પણ બીજા ગામવાળાઓ આ વાતપર લક્ષ આપે એ કારણે તેની નોંધ અત્ર થાય છે.

ત્યાંના શેઠ કશળચંદ સ્ટેશન સામે જૈન ધર્મશાળા બંધાવે છે, તેથી જૈન ઉતારૂઓ-યાત્રીઓ વગેરેને લાભ અને સગવડતા મળશે, તે શેઠ સાહેબે યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમ માટે યોગ્ય મકાન બાંધવા માટે સારી રકમ કાઢી છે, તો તે હવે તે માટે ખરચાઇ પાલીતાણાના યશોવિજય જૈન ગુરૂકુલ જેવા ઘાટનું વિશાળ ચોક-ફળીવાવાળું બેઠા ઘાટનું, ઉંચી પગથીવાળું અને વિદ્યાર્થીઓની દરેક સાય સગવડ પૂરી પાડનારૂં સાદુ વિદ્યાર્થીગૃહ બાંધવાની જરૂર છે.

મહુવાના મંદિરમાંની મૂર્તિઓના લેખો તથા ત્યાં યશોવૃદ્ધિ જૈન બાળાશ્રમમાંના મુનિશ્રી ગુલાબની માલેકીનો પુસ્તકભંડાર અને ત્યાંના વૃદ્ધ મુનિશ્રી તિલકવિજય અને વિજયધર્મસૂરિ લાયબ્રેરીમાંના પુસ્તક સંગ્રહની પ્રશસ્તિ વગેરેની નોંધ તેની પહેલી મુલાકાત ૧૯૩૧ ના અકટોબરમાં લીધી ત્યારે કરી લીધી હતી; એટલે આ વખતે તે સંબંધી કંઇ કરવાનું રહેતું નહોતું. અહીં દશ દિવસ રહી તેની સુંદર આબોહવાનો લાભ લીધો છે તે ભૂલી શકાય તેમ નથી. આ ગામ તે અમેરિકામાં જૈન ધર્મની સમજ આપનાર સ્વ૦ વીરચંદ રાઘવજી, જાદુઇ ખેલના પ્રોફેસર ને સ્પષ્ટ વકતા નથુ મંછાચંદ, પૌર્વાત્ય સ્કોલરોને જૈન ધર્મના રસિક બનાવામાં ભારે ફાળો આપનાર સ્વ૦ વિજયધર્મસૂરિ, વિદ્યમાન આચાર્યોમાં અગ્રણી એવા વિજયનેમિસૂરિની જન્મભૂમિ હોઇ તે એક વિશિષ્ટ સ્થાન જૈનપુરીઓમાં ભોગવે છે, ઐતિહાસિક દષ્ટિએ આ મહુવા તે પ્રાચીન મધુમતી છે કે જ્યાં જાવડશા, વસ્તુપાલ તેજપાલ, વગેરે અનેક સંઘપતિઓ આવી ગયા છે, કે જેપર એક મોટો લેખ લખી શકાય તેમ છે. અત્ર વધુ વિસ્તાર ન કરતાં ટુંકમાં કહેવાનું કે આ સ્થળ એવું છે કે એક વખત ગયા પછી બીજી વખત ત્યાં જવાનો સ્વાદ રહી જાય છે. આની યાત્રા કર્યા પછી અમારો તીર્થપ્રવાસ પૂરો થાય છે.

આખો અમારો પ્રવાસ સુખદ અને ચિરસ્મરણીય થયો છે ને તે માટે બધાં સ્થળોએ સાથે રહી મહુવાના રા ફુલચંદ ખુશાલચંદ શાહે જે અમોને સગવડતા કરી આપી છે અને પોતાના ગામમાં પોતાને ત્યાં અમારો જે આદરસત્કાર તેમણે કર્યો છે તેને માટે તેમનો ખાસ ઉપકાર છે.

**નવાં તીર્થો–**

'સમયધર્મ' જણાવે છે કે "હવે" જુદા જુદા તીર્થોમાં માલેકીની સત્તાના કજીઆઓ થઇ રહ્યા છે, તેમજ

અદાલતોમાં પૈસાનું પાણી જૈનો કરી રહ્યા છે એટલે જૂનાં તીર્થો પણ જ્યાં નિર્ભય નથી ત્યાં નવાં નવાં તીર્થો ઉભાં કરવાની ઘેલછા જૈનોએ બંધ કરવી જોઇએ. જમીનમાંથી એક પ્રતિમાજી નીકળે કે તરતજ નવું તીર્થ ઉભુંજ છે. આવી રીતે તીર્થોના નામે જુદી જુદી સત્તા નીચે લાખો રૂપિયા જૈનોના જમે છે, જે રકમનો કંઇપણ સદુપયોગ થતો જોવામાં આવતો નથી. આ પરિસ્થિતિ જો લાંબો સમય ચાલશે તો જૈનો એટલા બધા થાકી જશે કે એકે તીર્થનું રક્ષણ કરી શકશે નહિ. માટે હવે નવાં તીર્થો ઉભાં થતાં અટકાવવાંજ જોઇએ. કયું તીર્થ તકરાર વિનાનું છે? સિદ્ધગિરિ, ગિરનાર, આબુ, રાણકપુર, સંમેતશિખર, કેસરિયાજી, પાવાપુરી, મક્ષીજી, અંતરિક્ષજી વગેરે તીર્થોમાં રાજ્ય વચ્ચે ને શ્વેતાંબરી દિગંબરી વચ્ચે એક ને એક તકરાર ઉભીજ છે. જે તીર્થો આત્મકલ્યાણ માટે નિર્માણ થયેલાં તે તીર્થોથી હાલ તકરારને અંગે એક બીજાઓ વચ્ચે વૈર, વિરોધ, વૈમનસ્ય, ઉભાંજ છે. માટે ફરીથી અમો નમ્રભાવે વિનવીએ છીએ કે નવાં તીર્થો થતાં સંઘસત્તાએ અટકાવવા જોઇએ, નહિતો તીર્થ એટલે કજીઆનું સ્થાન એ ભવિષ્યમાં ગણાશે,-આ વકતવ્ય ખાસ લક્ષમાં લેવા જેવું છે. દરેક તીર્થ સંબંધી કંઇને કંઇ ઝઘડા ઉભા હોય, ને તેનો પાર આવતો ન હોય, અને બીજી બાજુ જૈનોની સ્થિતિ ક્ષીણ અને દુર્બળ થતી જાય તે વખતે જે તીર્થો હયાત હોય તેને સબળ અને શાંતિમય કરવાની પહેલી જરૂર છે, તેમજ જે બીસ્માર અને જીર્ણ શીર્ણ સ્થિતિમાં હોય તેનો ઉદ્ધાર કરવાની આવશ્યકતા છે. દા. ત. જીરાવલી પાર્શ્વનાથનું તીર્થ ઇતિહાસમાં ઘણું પ્રસિદ્ધ હતું, પણ હાલ તે ક્યાં છે તેનો પત્તો બરાબર મળતો નહોતો. હમણાં સાક્ષર મુનિશ્રી પુણ્યવિજયજીનો જ્યેષ્ટના તાજા બહાર પહેલા પ્રસિદ્ધ 'પ્રસ્થાન' પત્રમાં વિહાર-પત્ર છપાયો છે તેમાં તેમણે શોધ કરી જણાવ્યું છે કે:-

'સીરોહીથી અણાદરા આવતાં સીરોહી પહેલાં મીરપુર કરીને ગામ છે, તેમાં આપણાં ચાર મંદિરો છે. ત્રણ ખાલી પડયાં છે, ત્રણે અકબંધ મંદિરો છે. એ મંદિર તો મને એવાં લાગ્યાં છે કે ન બંધાયા પછી ગમે તે કારણે એમાં પ્રતિમાજી પધરાવવાનો સુયોગ મળી શકયોજ નથી. એક મંદિર એટલું બધું ભવ્ય, મહાન અને અજબ કોરણીવાળું છે કે જેને બંધાવવા બેસીએ તો હજારો રૂપિયા જોઇએ. એ મંદિર **જીરાવલા પાર્શ્વનાથનું** હતું. આજે એ ખાલી પડયું છે. એ મંદિરમાં એકાદ મૂર્તિ હોય તો એની સારસંભાળ થાય, અને એ મંદિર તીર્થરૂપ બન્યું રહે.'

શ્રી વિજયનેમિસૂરિએ સેરીસા તીર્થનો ઉદ્ધાર લાખો રૂ. ખર્ચાવી કર્યો, તો આ જીરાવલી પાર્શ્વનાથના મંદિરમાં લાખો નહિ, પણ થોડા હજાર રૂ. ખર્ચાવી તેમાં સુંદર પ્રતિમા પ્રતિષ્ટાવી તેનો ઉદ્ધાર કરશે એવી અમારી વિનતિ છે.

# અધિવેશન સરળ કેમ બની શકે?

આપણે ગયા અંકમાં 'કોન્ફરન્સના અધિવેશનની આવશ્યકતા' એ વિષયના લેખથી સ્પષ્ટ સમજી શકયા છીએ કે કોન્ફરન્સનું અધિવેશન નિયમિત અને ખાસ કરીને આવા કટોકટીના પ્રસંગોએ ઘણુંજ અગત્યનું છે, પરંતુ અધિવેશન ભરવા માટે કેટલીએક વખત એટલી બધી મુશ્કેલી પ્રથમ નજરે માલુમ પડે છે કે જેથી કરી તે ભરવાનો વિચાર બાજુએ મૂકી દેવાની ઘણીકવાર ફરજ પડે છે.

હવે આ મુશ્કેલીઓ શું શું છે, અને તેનો તોડ કેમ કાઢી શકાય એ ખાસ વિચારવાનું રહે છે. કોઇપણ સ્થળે અધિવેશન બોલાવવું હોય ત્યારે મુખ્યત્વે કરી ચાર પ્રકારની સરળતાની જરૂર પડે છે, જ્યાં સુધી એ ચારમાંથી એકની પણ ઉણપ હોય ત્યાં સુધી એ કાર્ય બની શકતું નથી. એ ચાર વસ્તુઓ તે નીચે પ્રમાણે છે:-(૧) ખર્ચ કરવાની અનુકૂળતા, (૨) કાર્યકરોની ખંત, ( ) પ્રસંગની અનુકૂળતા અને (૪) સંઘાર્ણીય અવિરોધ.

ઉપરોકત ચારે વસ્તુઓની જો અનુકૂળતા હોય તો અધિવેશન ભરવું એ કંઇ બહુ મુશ્કેલીભર્યું ગણી શકાય નહિ. હવે આપણે ચારે મુદ્દાની વિગતવાર તપાસ કરીએ, અને કયા સ્થળે મુશ્કેલી ઉપસ્થિત થાય છે, તે વિચારી તેનો તોડ કાઢવા પ્રયત્ન કરીએ.

(૧) ખર્ચની સાનુકૂળતા અર્થાત્ કે કોન્ફરન્સ બોલાવવા માટે જે ગામના ભાઇઓ વિચાર કરે, ત્યાં મંડપ, પ્રચારકાર્ય, વ્યવસ્થા, ભોજન પ્રબંધ, તથા મુસાફરી આદિના ખર્ચ માટે અત્યારને હિસાબે લગભગ રૂપિયા અઢીથી ત્રણ હજારની જરૂરીયાત પડે છે, આ રકમ કંઇ બહુ મોટી કહી શકાય નહિ, અને કોઇ માતબર યાને મોટાં શહેરના આગેવાન શ્રીમંતો ધારે તો એટલી રકમ તો તેઓ સહેજે ઉત્પન્ન કરી શકે, અને આપણે અત્યાર સુધી જાણી પણ શકયા છીએ કે પૈસાની અગવડથી કોન્ફરન્સની બેઠક અટકી હોય, તેવું હજુ સુધી બનવા પામ્યાના દાખલા નથી.

આટલું છતાં પણ હાલના મંદીના સમયમાં અને બેકારીના બીહામણા પંજામાં જ્યારે દેશનો મોટો ભાગ સપડાયો છે, તેવા બારીક સમયમાં એટલો પણ ખર્ચ ન થાય, અને સાદાઇથી કામ બની શકતું હોય તો તે વધારે સરળ થઇ પડે. આ માટે આપણે જો ધારીએ તો રસ્તો કાઢી શકીએ. કેટલીક જુની પ્રથાઓને તિલાંજલિ આપી મોટા ડોળ અને ભપકાઓને બાજુએ રાખી તદ્દન સાદાઇથી કામ લેવામાં આવે તો ઘણી સરળતા થઇ શકે. સ્વાગતકારિણી સમિતિ, તેના પ્રમુખો, ઉપપ્રમુખો આદિ હારમાળાઓ ન રચાય, મોટાં મોટાં આરકાંઓ અને સુશોભિત મંડપો ન કરાય, અને ઘણીકવાર બને છે તેમ આવા પ્રસંગોની સાથે નોકારશી કે સંઘ જમણના આડંબરો ન કરવામાં આવે તો કંઇ અધિવેશન પોતાનું કામ સંપુર્ણ રીતે ન બજાવી શકે તેવું છેજ નહિ. કોઇ મોટા શહેરમાં ન બને તો કોઇ તીર્થભુમિમાં માત્ર પ્રચારકાર્ય પરત્વેજ સંપૂર્ણ લક્ષ આપી તે જેમ બને તેમ મોટા પ્રમાણમાં કરી જનતાને જાગૃત કરી, અધિવેશનની બેઠક ગોઠવવામાં આવે અને માત્ર પ્રતિનિધિઓ ( કે જેઓ પણ સાચા પ્રતિનિધિઓ હોવા જોઇએ ) નીજ બેઠક ભરી સંપૂર્ણ વિચારણાઓ કરી યોગ્ય ઠરાવો કરવામાં આવે તો તે ઠરાવો એટલું મહત્વનું કાર્ય કરી શકે કે જે કાર્ય બે કે ત્રણ દિવસના ખાલી નાટકીય તમાશા રૂપ જલસાઓ ગોઠવી ઠરાવોની લાંબી હારમાળાઓ રચી શબ્દોની લડાઇ ચલાવી ન બની શકયું હોય.

વળી પ્રતિનિધિઓ માટે ભોજનની વ્યવસ્થા પણ તદ્દન સાદી અને સરળ રહેવા જોઇએ કે જેથી શાંતિપૂર્વક તેઓ પોતાના નિત્ય નિયમ પ્રમાણે ભોજન લઇ બાકીનો સઘળો સમય પોતે જે કાર્ય માટે ત્યાં આવ્યા હોય તેને સફળ બનાવવાના કાર્યમાંજ ગાળી શકે. (અપૂર્ણ)

**( લી॰ મનસુખલાલ લાલન. )**

# કૉન્ફરન્સની કાર્યવાહી કમિટીની સભા.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી કમિટીની એક સભા ગઇ તા. ૨૪ મી જુલાઇ ૧૯૩૩ સોમવારના રોજ રાતના (સ્ટાં. ટા.) ૮-૦ વાગે સંસ્થાની ઓફીસમાં મલી હતી. સભાનું પ્રમુખસ્થાન કમિટીના પ્રમુખ રાવ સાહેબ. રવજી સોજપાલે લીધા બાદ ગત બેઠકની મિનિટસ વંચાયા અને મંજૂર થયા પછી નીચે મુજબ કામકાજ સર્વાનુમતે થયું હતું.

**પંડિત સુખલાલજીને ઓનોરેરીયમ:** કાર્યવાહી સમિતિની તા. ૧૩-૨-૩૩ ની સભામાં બનારસ હિંદુ યુનિવર્સીટીમાં કોન્ફરન્સ તરફથી સ્થાપવામાં આવેલ 'જૈન ચેર'ના પ્રોફેસરના 'ઓનોરેરીયમ' અંગે થયેલ ઠરાવ સબંધે શ્રીયુત રણછોડભાઇ રાયચંદ, સકરચંદ મોતીલાલ મૂલજી, મગનલાલ મૂળચંદ શાહ તથા વાડીલાલ સાકરચંદ વોરાનો તા. ૧૫-૫-૩૩ નો પત્ર તથા જરૂરી હકીકતો રજુ થયા બાદ ચર્ચાને અંતે નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ-બનારસ હિંદુ યુનિવર્સીટી 'જૈન ચેર'ના પ્રોફેસરની નિમણુંક અંગે પંડિત સુખલાલજીની પસંદગીને સંમતિ આપનારો જે ઠરાવ અગાઉ થયો છે તે ઠરાવમાં નીચે પ્રમાણે આજની મીટીંગ ફેરફાર તથા વધારો કરે છે.

પંડિત સુખલાલજીને યુનિવર્સીટી તરફથી જે પગાર મળે તે ઉપરાંત તેમને ઓનોરેરીયમ તરીકે માસિક રૂા. ૧૫૦) આપવા માટે જે રકમો જુદા જુદા ગૃહસ્થો તરફથી આપવા માટેની હકીકતો રજુ થઇ છે તે સબંધે એમ ઠરાવવામાં આવે છે કે એવી રીતે જે રકમો આવે તે રકમો શેઠ રવજી સોજપાલ શેઠ રણછોડભાઇ રાયચંદ તથા શેઠ હરગોવિંદદાસ રામજી ને ખાતે કોન્ફરન્સ ઓફીસમાં જમા કરવી અને પંડિત સુખલાલજી મંગાવે તે મુજબ દરમાસે રૂા. ૧૫૦) એક વર્ષ સુધી તેમાંથી તેમને મોકલી આપવા. પંડિત સુખલાલજીને ઉપલી રકમ આપવા બાબતમાં કોન્ફરન્સ કોઇપણ જાતની જોખમદારી પોતા ઉપર લેતી નથી.

નીચેના ગૃહસ્થોએ આ માટે મદદ આપવા જે જે ઉદારતા દર્શાવી છે તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શેઠ રવજી સોજપાલની કું. | એક વર્ષ માટે રૂા. | ૬૦૦-૦-૦ |
| ,, હરગોવિંદદાસ રામજી | ,, | ,, ૬૦૦-૦-૦ |
| શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી<br>,, સકરચંદ મોતીલાલ મુલજી<br>,, મોહનલાલ હેમચંદ ઝવેરી<br>,, મગનલાલ મુળચંદ શાહ<br>,, લલુભાઇ કરમચંદ દલાલ | ,, | ૬૦૦-૦-૦ |
| | ઉધાર. | ૧૮૦૦-૦-૦ |

**બનારસ યુનિવર્સીટીમાં સ્કોલર શીપો:** બનારસ યુનિવર્સીટીમાં જૈન ન્યાય અને તત્વજ્ઞાન શિખતા વિદ્યાર્થીઓને 'સ્કોલર શિપો' શિષ્યવૃત્તિઓ આપવા સબંધે વિચાર કરવામાં આવતાં તે સબંધે નીચેનો ઠરાવ સર્વાનુમતે થયો હતો.

ઠરાવ-પંડિત સુખલાલજીનો તા૦ ૨૦-૭-૩૩ નો બનારસ હિંદુ યુનિવર્સીટીની 'ઓરિયેન્ટલ' તથા આર્ટસ કોલેજમાં જૈન સાહિત્ય, તર્ક અને તત્વજ્ઞાનનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને સ્કોલર શિપો આપવા માટેનો પત્ર રજુ થયો તે ઉપર વિચાર કરી કમિટી ઠરાવે છે કે આ વર્ષે ત્યાં ઉપરોક્ત અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓને વાર્ષિક વધુમાં વધુ રૂા. ૧૦૦૦) એક હજાર સુધીની સ્કોલરશિપો આપવી. આ સ્કોલર શિપો કેવી રીતે આપવી તેની યોજના કરવા માટે નીચેના ગૃહસ્થોની પેટાસમિતિ નીમવામાં આવે છે. (૧) રા. મકનજી જે. મ્હેતા, બાર, એટ-લો. (૨) રા. મોહનલાલ બી. ઝવેરી, સોલિસિટર. (૩) રા. શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી.

**૩. શ્રી કેશરીઆનાથજીના પ્રશ્નઃ** અંગે ચર્ચા થતાં શેઠ આણંદજી કલ્યાણજી સાથે થયેલ છેવટના પત્ર વ્યવહારની હકીકતો રજુ કરવામાં આવી બાદ ઠરાવવામાં આવ્યું કે.

(૧) 'શેઠ આણંદજી કલ્યાણજીની મીટીંગ નક્કી કર્યાની ખબર તેઓ તરફથી મળેથી સદરહુ મીટીંગમાં કોન્ફરન્સ તરફથી હાજરી આપવા માટે નીચે જણાવેલ સભ્યોની એક પેટા સમિતિ પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે નિમવામાં આવે છે.'

(૧) રા. સા રવજી સોજપાળ. (૨) શ્રી મકનજી જે. મ્હેતા. (૩) શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી. (૪) શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી. (૫) શ્રી. મોહનલાલ બી. ઝવેરી. (૬) શ્રી. ચિનુભાઇ લાલભાઇ. (૭) શેઠ મગનલાલ મુલચંદ શાહ. (૮) શ્રી. જમનાદાસ અમરચંદ ગાંધી.

(૨) શ્રી. આત્માનંદ જૈન મહાસભા પંજાબ તરફથી છપાયેલ વિજ્ઞપ્તિ નં. ૪ કે જેમાં શ્રી કેશરીઆનાથજી પ્રકરણ અંગે કેટલાંક જૂનાં ખતપત્રો છપાયેલાં છે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરી છપાવવા ઠરાવવામાં આવ્યું.

બાદ સભાનું કામકાજ પૂરૂં થયું હોવાથી મોડેથી સભા વિસર્જન થઇ હતી. —કોન્ફરન્સ ઓફીસ.

---

**જૈન જ્યોતિ**-હવેલીની પોળ, રાયપુર અમદાવાદ જણાવે છે કે તે માસિકનો આસો માસનો અંક **ખાસ શિક્ષણાંક** નીકળનાર છે તો તે બે પૈસાની ટીકીટ બીડી દરેક જૈન સંસ્થા મંગાવી લેશે.

**સમાજ હિતૈષી**-આ નામનું માસિક પત્ર હિંદમાં મોતી કટરા, આગ્રામાં ફુલચંદ જૈન ભાદરવા વદ ૫ થી સમાજ સુધારના ઉપાયો નિડરપણે સમાજ પાસે મુકવાના હેતુથી પ્રકાશિક કરનાર છે. વાર્ષિક લવાજમ બે રૂપિયા છે. નમુનાનો અંક મંગાવનારને મફત મળશે.

**ઉત્તીર્ણ થયા**—બનારસ હિંદુ યુનિવર્સીટીની છેલ્લી મેટલર્જી (ધાતુશાસ્ત્ર) ની પરીક્ષામાં આ વરસે પહેલવહેલા ચંદુલાલ જગજીવનદાસ શાહ, કાંતીલાલ દલસુખભાઇ શાહ અને ભાઈ છોટાલાલ કેશવલાલ એમ ત્રણ મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ પાસ થયા છે, તેમાં ભાઇ છોટાલાલ કેશવલાલ દોશી ૬૬ ટકા માર્કસ મેળવી પ્રથમ નંબરે આવેલ છે. આવા ગ્રેજ્યુએટો હિંદુસ્તાનમાં ગણ્યાગાંઠ્યા જ છે. આપણા જૈન ભાઇઓ પણ આવી દેશને અતિ ઉપયોગી લાઇનમાં જવા લાગ્યા છે તે ઇચ્છનીય છે.

ભાઈ છોટાલાલ આર્થિક સગવડતા થઇ જાય તો સ્વતંત્ર મેટલર્જીકલ વર્કસ ખોલવા ઇચ્છા ધરાવે છે. તેઓ એમની ઉચ્ચ ભાવનામાં સફળ થાઓ.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

ના

## એક સ્થાનિક મહામંત્રી શેઠ રણછોડભાઇ રાયચંદનો પ્રવાસ.

(ગતાંકથી સંપૂર્ણ.)

**ગુજરાનવાલાથી આગ્રા:** ગુજરાનવાલાથી સ્પેશીયલ ટ્રેન રવાના થઇ દીલ્હી તા૦ ૧૫-૩-૩૩ ના રોજ સવારમાં સાડા ૭ વાગે આવી પહોંચ્યા હતા. અત્રે શહેરમાં ખેરાતીલાલજીની જૈન ધર્મશાળામાં મુકામ કર્યા પછી મુકામ દરમ્યાન આપણાં જીન મંદિરોમાં સેવા પૂજા દર્શન આદિનો લાભ લીધો હતો. શહેરની અન્ય જોવા લાયક વસ્તુઓ અને સ્થાનોની મુલાકાત લીધી હતી, અત્રે જૈન બંધુઓ પૈકી માત્ર શેઠ કનુજી ગાકુમલ સિવાય કોઇને મળવા બન્યું નહિં. કેમકે સૌ પોતપોતાના ધંધામાં રાજા મહારાજાઓના મુકામો હોવાના કારણે પ્રવૃત હતા અને તેથી સભા ગોઠવવા તીવ્ર ધારણા અને પ્રયાસ છતાં બન્યુ નહિં. ત્યાંથી રવાના થયા બાદ મથુરા ગયા હતા. અત્રે જૈનોને ઉતરવા માટે ધર્મશાળા આદિ કાંઇ સ્થાન નથી. જીન મંદિર છે. મુનિરાજોને પણ ઉતરવા માટે મુસ્કેલી ઘણી પડે છે. ત્યાંથી રવાના થઇ આગ્રા તા૦ ૧૯-૩-૩૩ ના દિને સવારમાં આવી પહોંચ્યા હતા.

**આગ્રામાં જાહેર સભા:**—આગ્રા ફોર્ટ સ્ટેશને ઉતર્યા અને મુકામ સૌએ ગાડીમંજ રાખ્યો હતો. શહેરમાં દર્શન પૂજા આદિ કર્યા પછી શહેરમાં જોવા લાયક સ્થળોની મુલાકાત લીધી હતી. તા૦ ૨૦ મીના રોજ આપણાં પવિત્ર તીર્થ શ્રી સૌરીપુરની યાત્રાનો લાભ ઉઠાવ્યો હતો અને તેજ રાતના રોશન મોહલ્લાની જૈન ધર્મશાળામાં કોન્ફરન્સના પ્રચાર કાર્ય અંગે એક જાહેર સભા શ્રી ચાંદમલજી જૈન વકીલના પ્રમુખસ્થાન હેઠળ મળી હતી. તે વખતે આશરે ચારસોથી પાંચસો સ્ત્રી પુરૂષોની હાજરી જણાતી હતી, શ્રી બાબુમલજીએ સુંદર સ્વરે મંગલાચરણ ગાયું હતું. બાદ શેઠ રણછોડભાઇ રાયચંદ શેઠ જીવણલાલ કપુરજી, શેઠ ડાહ્યાભાઇ ધનજી તથા શેઠ છગનલાલ ધનજીને આગ્રાના શ્રી જૈન સંઘ તરફથી તથા શ્રી મહાવીર છાત્રાલય તરફથી માનપત્રો અર્પણ કરવામાં આવ્યાં હતાં. અને તેનો પ્રત્યુત્તર શેઠ રણછોડભાઇએ આપ્યા બાદ કોન્ફરન્સની પ્રવૃત્તિ અને તે પ્રત્યે જૈનોની ફરજ સમજાવ્યા બાદ લાલા દયાલચંદજી તથા તથા શ્રી ચાંદમલજીએ કોન્ફરન્સ સબંધે ટુંકમાં વિવેચનો રજુ કરતાં સહાનુભૂતિ દર્શાવતાં કોન્ફરન્સે કરેલ સેવાનું બ્યાન આપ્યું હતું. અને ચંદ્રપુરી (બનારસ) પાલિતાણા, આબુ વગેરે તીર્થ સ્થાનો પરત્વે બજાવેલ સેવાઓનું વર્ણન કર્યું હતું. ત્યાર બાદ શ્રી સાકરચંદ એમ. વડીઆલી તથા મી. ગાંકડે પ્રાસંગિક વિવેચનો કરતાં કોન્ફરન્સ સબંધે ઉપયોગી સર્વ માહિતી લંબાણથી પુરી પાડયા પછી પ્રમુખશ્રીએ ટુંકમાં ઉપસંહાર કરતાં કોન્ફરન્સ જૈન સમાજની એકની એક કેન્દ્રસ્થ સંસ્થા હોઇ તેને સંપૂર્ણ ટેકો આપવા તથા સુકૃત ભંડાર પ્રતિ વર્ષ મોકલી આપવા સ્થાનિક સંઘને અરજ કરી હતી.

**જયપુરમાં જૈનોની જાહેર સભા:**—આગ્રાથી અન્ય યાત્રીઓ સાથે સ્પેશીયલ ટ્રેન મારફતે તા. ૨૨ મી માર્ચના રોજ સવારમાં જેપુર આવી પહોંચતાં શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા વગેરે જૈન બંધુઓએ બેંડ સાથે સ્વાગત કર્યા પછી દિવસ પુજા સેવા દર્શનમાં ગાળ્યા બાદ રાતના શહેરમાં સ્થાનિક જૈનોની એક જાહેર સભા શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા સાહેબનાં પ્રમુખ સ્થાન હેઠળ મળી હતી. જે વખતે યાત્રી સંઘને અને શેઠ રણછોડભાઇ રાયચંદને ઘટતું માનાર્પણ થયા બાદ શેઠ રણછોડભાઇએ તેનો ઘટતો પ્રત્યુત્તર વાળ્યો હતો, તથા આજની સભાનું પ્રયોજન અને કોન્ફરન્સને લગતી હકીકતો જણાવી હતી. બાદ સાકરચંદ માણેકચંદ વડીયાલીએ શરૂઆતમાં શ્રીમાન્ ઢઢ્ઢા સાહેબની કીંમતી સેવાની પિછાણ આપતાં કોન્ફરન્સની ઉત્પત્તિ અને તે બાદ કોન્ફરન્સ દ્વારા જૈન સમાજની જે સેવા તેઓશ્રીએ અત્યાર સુધી બજાવી હતી તેનું વિસ્તારથી વિવેચન કર્યું હતું અને હાજર રહેલા બંધુઓ સમસ્ત કોન્ફરન્સ દ્વારા એકસંપી અને સંગઠ્ઠન સાધી કોમની ઉન્નતિ કરવામાં કોન્ફરન્સની સેવાઓ લેવા જણાવતાં તેની ઉપયોગિતા સમજાવી હતી. અને કોન્ફરન્સને દરેક રીતે મદદ કરવા જણાવ્યું હતું. છેવટે કિદેપુરના ઉપસ્થિત થયેલ પ્રશ્ન અંગે કેટલીક હકીકતો રજુ કરી હતી.

ત્યાર બાદ શ્રી કોન્ફરન્સના મદદનિશ મંત્રી મી. હરિલાલ માન્કરે કોન્ફરન્સની કાર્યવાહીની ટુંક રૂપરેખા આપતાં અત્યાર સુધી બજાવેલ સેવા અને કામકાજની હકીકતો જણાવી હતી, અને કેળવણી મંડળ, બનારસ યુનિવરસીટીમાં સ્થપાયેલ જૈન-ચેર વગેરે માટે ઘટતી માહીતી આપ્યા બાદ સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવી હતી અને તેમાં પ્રતિવર્ષ પોતાના ફાળો મોકલતા રહેવા ભલામણ કરી હતી. તીર્થ રક્ષાના પ્રશ્ન અંગે કોન્ફરન્સે બજાવેલ સેવાઓની કેટલીક હકીકત જાહેર કર્યા બાદ વક્તાએ જણાવ્યું હતું કે હાલમાં ઉપસ્થિત થયેલા શ્રી કેશરીઆનાથજીનાં પંડયા પ્રકરણે જે સ્વરૂપ લીધું છે, તેની માહીતી આપ્યા પછી જણાવ્યું હતું કે આ બાબતમાં કોન્ફરન્સની કમિટી પોતાથી બનતું કરી રહી છે. અત્રે તેમણે જણાવ્યું હતું કે રસ્તે ઘણે સ્થળેથી એવી સુચના મલી છે કે કોન્ફરન્સે એવો નિર્ણય બહાર પાડવો જરૂરી છે કે યાત્રા જનાર કોઇ પણ વ્યક્તિ કોઇ જાતની ભેટ-દાન પંડયા વગેરેને ન આપે તેમજ બોલી પણ ન બોલે, આ બાબતમાં કમિટી જરૂર વિચાર ચલાવશે અને યોગ્ય નિર્ણય કરશે એમ જણાવ્યું હતું.

બાદ શ્રી ધારસીલાલજી તથા સિદ્ધરાજ ઢઢ્ઢાએ ઘટતાં વિવેચનો કર્યા બાદ પ્રમુખશ્રીએ કોન્ફરન્સની સેવા તેની ઉપયોગિતા વગેરે માટે સચોટ વિવેચન કર્યું હતું અને સૌ ભાઇઓને અપીલ કરી હતી કે કોન્ફરન્સ ઉપયોગી સંસ્થા હોવાથી આપણે તેને માટે શકિતઅનુસાર સેવા કરવી જોઇએ, તે ઉપરાંત વખતો વખત તેની કાર્યવાહીથી માહિતગાર રહેવું એવી ભલામણ કરી હતી. બાદ સભા મોડેથી વિખરાઇ હતી.

**રતલામમાં મળેલી જૈનોની જાહેર સભાઓ:** જેપુરથી રવાના થઇ ઉજ્જૈન અને મક્ષીજીની યાત્રા કરી રતલામ આવી પહોંચતાં સ્થાનિક સંઘે ભારે આવકાર આપ્યો હતો. બેંડ તથા હાથી સાથે સામૈયું કર્યા બાદ શહેરમાં દર્શન પૂજા સેવા કર્યા પછી જૂદા જૂદા જૈન મંદિરોના દર્શન યાત્રાળુઓએ કર્યાં હતા. બાદ ગામના ગુજરાતી ધર્મશાળામાં શ્રી રતનલાલ સુરાણાના પ્રમુખ પદ નીચે જાહેર સભા મલી હતી જે વખતે કોન્ફરન્સના તે વિભાગના પ્રાંતિક સેક્રેટરી શ્રી અચલમલજી મોદીએ શરૂઆત કરતાં કોન્ફરન્સના જનરલ સેક્રેટરી તરીકે શેઠ રણછોડભાઇ તથા શ્રી ઘડીયાલી અને મી. ગાન્કરની ઓળખાણ આપ્યા બાદ કોન્ફરન્સની પ્રવૃત્તિ અને જરૂરીયાત સંબંધે સભા સમક્ષ ટુંકમાં વિવેચન કર્યું હતુ. બાદ શ્રી સાકરચંદ ઘડીયાલીએ વિવેચન કરતાં માલવા મેવાડના મંદિરો અને તે પ્રત્યે માલવાના જૈન સંઘની ફરજ પર ધ્યાન ખેંચ્યું હતું. અને પોતાના પગ પર ઉભા રહેતા થવા ભલામણ કરી હતી. બાદ કોન્ફરન્સની તીર્થ વિષય સેવા વિષે વિવેચન કર્યાં પછી સંગઠન સાધવા રતલામવાસીઓને ભલામણ કરી હતી અને સંગઠનદ્વારા કોન્ફરન્સે અત્યાર સુધી કેવી સેવા બજાવી છે તે જણાવ્યું હતું. આગળ ચાલતાં કેશરીયાનાથજીના પંડ્યા પ્રકરણ અંગે કેટલીક હકીકતો જાહેર કરી હતી અને એકત્ર બની તેનો સામનો કરવા અપીલ કરી હતી. શ્રી હરિલાલ માંકડે કોન્ફરન્સની ઉત્પત્તિ અને તેની પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડતાં લંબાણ વિવેચન કર્યું હતું અને માળવા મેવાડની કેળવણીના વિષયમાં પછાત દશા પર ધ્યાન ખેંચતાં સાંસારિક રૂઢીઓ દૂર કરવા ભલામણ કરી હતી. આગળ ચાલતાં અધિવેશન માળવા મેવાડમાં કરવા સૂચના કરતાં તે સબંધે કેટલીક વિગતો જણાવી હતી અને ખાસ કરી કેળવણી સંબંધે પછાત દેશમાં તેની અનિવાર્ય આવશ્યકતા હોવાનું જણાવ્યું હતું. બાદ કોન્ફરન્સની પ્રવૃત્તિઓ અને તેના પોષણ માટેની સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવતાં દર વર્ષે ફંડ એકત્રિત કરી મોકલી આપવા ભલામણ કરી હતી.

ત્યાર બાદ સ્થાનિક ગૃહસ્થોએ પ્રાસંગિક વિવેચનો કર્યા બાદ શ્રી સાકરચંદ ઘડીયાલીએ જૈન સ્પેશીયલના સંઘવતી સૌનો આભાર માન્યો હતો તથા શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરીએ સ્થાનિક કાર્ય કર્તાઓનો આભાર માનતાં કોન્ફરન્સની પ્રવૃત્તિઓમાં વિશેષ રસ લેતા થવા જણાવ્યું હતું અને કેશરીઆજીના ઉભા થએલ પ્રસંગ માટે પોતે મુંબઇ ગયેથી કમીટી સમક્ષ હકીકતો રજુ કરી ઘટતું કરવા જણાવ્યું હતું. બાદ સભા મોડેથી વિસર્જન થઇ હતી.

**વડોદરામાં જાહેર સભા:** તા૦ ૨૮-૩-૩૩ના દિને વડોદરા પહોંચતાં સુંદર સ્વાગત થયું હતું. બાદ શહેરમાં મુકામપર ઘડીયાળી પોળમાં જતાં દર્શન પૂજા સેવા આદિ થયા પછી ભોજન લઇ સૌ શહેર જોવા ગયા હતા. બાદ રાતના ઘડીયાલી પોળની ધર્મશાળામાં એક મ્હોટી સભા એકત્રિત થઇ હતી. પ્રમુખસ્થાન શ્રી જમનાદાસ ચુનીલાલ વૈદ્યે લીધું હતું. સભામાં આશરે સ્ત્રી પુરૂષો મળી બારસોથી પંદરસો માણસ એકઠાં થયાં હતાં. અમદાવાદ વગેરે આસપાસથી પણ ઘણા ભાઇઓએ હાજરી આપી હતી. શરૂઆતમાં શ્રી વાડીલાલ વૈદ્યે આવકાર આપતાં સૌનો આભાર માન્યો હતો અને ત્યાર બાદ કોન્ફરન્સ અને તેની પ્રવૃત્તિ વગેરે સબંધી લંબાણ વિવેચન કર્યું હતું. બાદ સભાજનોની ઇચ્છાથી શ્રી સાકરચંદ એમ. ઘડીયાલીએ યાત્રા અને મુસાફરીનો વિસ્તૃત અહેવાલ રજુ કર્યો હતો. શ્રી મૂલચંદ આશારામ ઝવેરીએ કોન્ફરન્સ અને સમાજની ફરજ અંગે ઘટતું વિવેચન કર્યું હતું અને સુકૃત ભંડાર ફંડની યોજના ટુંકમાં સમજાવતાં સદરહુ ફંડમાં સૌએ ફાળો આપવાની આવશ્યકતા દર્શાવી હતી. બાદ અમદાવાદના વટવા મંડળ તરફથી શ્રી મૂલચંદ ઝવેરીએ શેઠ રણછોડભાઇને માનપત્ર એનાયત કર્યું હતું. અને તેમણે તેનો ઘટતો પ્રત્યુત્તર આપ્યો હતો અને સૌનો આભાર માન્યો હતો. ત્યાર બાદ આભાર પ્રદર્શન થયા પછી પુલહાર અર્પણ થયાં હતાં, જે વખતે સંમિલિત સ્ત્રી વર્ગે ખાસ પ્રસંગે ચિત રજુ કર્યાં પછી સભા વિસર્જન થઇ હતી.

સંપૂર્ણ

## સગીરોના હિત માટે.

મુંબઇની ધારાસભા તા૦ ૭ મી ઓગષ્ટથી શરૂ થનારી બેઠકમાં ૧૮ વર્ષથી ઓછી વયના સગીરો ને માટે સંન્યાસ દીક્ષા નીયામક બીલ અમદાવાદના સભ્ય મી૦ રીસાલદાર તરફથી રજુ થનાર છે. સાંસારીક તેમજ ધાર્મીક સુધારણા માટે અત્યંત આવશ્યક અને સર્વ કોમોને બંધનકારક એવી વિગતોનો ખરડામાં સમાવેશ કરાયો છે. મી. રીસાલદાર જેઓ ધારાસભાના એક મુસ્લીમ સભ્ય છે તેમને પોતાનો ખરડો રજુ કરવાના સંબંધમાં યથાયોગ્ય પરવાનગી મળી ગઇ છે.

મી૦ રીસાલદારના ખરડાથી ખાસ કરીને હિંદુઓ, મુસ્લીમો અને જૈનોના સમજુ અને સુધારક ગણાતા વર્ગોમાં આનંદ પ્રવર્ત્યો છે. જ્યારે ખરડાના સંબંધમાં મજકુર કોમોના રૂઢીચુસ્તોમાં ભારે સનસનાટી ફેલાઇ છે. મી૦ રીસાલદારે સગીર સન્યાસ દીક્ષાના પ્રશ્નનો ખાસ અભ્યાસ કરેલો હોવાથી તેઓ મુંબઇની ધારાસભામાં આખોય પક્ષ રજુ કરી શકશે.

**જૈન દવાખાનું**—પાયધુની મુંબઇ જૈનો માટે મુંબઇમા એક આર્શીવાદ રૂપ છે. ગત જુન માસમાં દર્દીઓમાં ૫૫૧ પુરૂષ ૬૦૮ સ્ત્રી અને ૫૩૯ બાળકો મળી ૧૬૯૮ એ લાભ લીધો હતો. સરેરાશ હાજરી રોજની ૫૭ હતી. આ દવાખાનાના ફંડમાં આર્થિક તેમજ દવાની મદદ ઉદાર ભાઇ બહેનો આપશે. તેની સ્થાપના કાર્યવાહી વગેરેનો અહેવાલ મંત્રી ડા. નાનચંદ માદી પાસેથી મળી શકશે.

**આ વર્ષની સંવત્સરી ક્યારે?**—ચંડુ પંચાંગમાં ભાદરવા શુદ ૩ નો ક્ષય છે, ગુજરાતના પંચાંગમાં ભા. શુ ૬ નો ક્ષય છે આ સ્થિતિમાં એવો નિર્ણય કર્યો છે કે ભા. શુ. ૪ ને શુક્રવાર ને દિને સાંવત્સરી માનવી અને મહિનાનું ઘર તથા પંદર દિવસનું ઘર તે રીતે રાખવું આ પ્રમાણે યશોવિજય જૈન ગુરૂકુળના પંચાંગમાં ભા. શુ. ૩ ને ગુરૂ ને શુ. ૪ ને શુક્ર એમ સુધારી લવું એમ તેના મંત્રીઓ જણાવે છે.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhanji Street, Bombay 3 and Published by Mansukhlal Hiralal for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA'

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. | છુટક નકલ દોઢ આનો.

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧૬ મી ઓગષ્ટ ૧૯૩૩. | અંક ૭ મો.

વિષય સૂચિ.


| | |
|---|---|
| ૧ જીવનનું શાસ્ત્ર ... ... -'હરિજન બંધુ'માંથી | ૫ केसरीयाजी के लिये नई आज्ञाएं. -श्री. आत्मानंद सभा. |
| ૨ જૈનં જયતિ શાસનમ (અગ્રલેખ) -શ્રી ચોકસી. | ૬ જૈન જગત્ ... ... -પ્રકાશક. |
| ૩ અધિવેશન સરળ કેમ બને? -શ્રી મ. હી. લાલન. | ૭ મહારાષ્ટ્રીય જૈન કોન્ફરન્સનું ડેપ્યુટેશન -શ્રી મોતીલાલ ચુનીલાલ |
| ૪ પર્યુષણપર્વ અને આપણું કર્તવ્ય -શ્રી ચોકસી. | ૮ સુકૃત ભંડાર ફંડની અપીલ ... -કોન્ફરન્સ ઓફિસ. |


## જીવનનું શાસ્ત્ર.

કોણ જાણે શાથી આજનો જમાનો ધર્મથી ગભરાયેલો ફરે છે. ધર્મને નામે દેશો લડયા છે. ધર્મને નામે એક વર્ગે બીજા પર જોહુકમી ચલાવી છે. ધર્મને નામે જ્ઞાનનો દીપ હોલવી નાંખી અજ્ઞાન અને વહેમોનો અંધકાર અજાણ્યે તેમજ જાણ્યે ખૂબ ફેલાવવામાં આવ્યો છે. ધર્મને નામે કોઇ કોઇ વાર જીવન સારશુન્ય અને ખારૂં બનાવવામાં આવ્યું છે. ધર્મને નામે માણસની પ્રગતિ સફળતાપૂર્વક અટકાવવામાં આવી છે. શાસ્ત્રધર્મે અને રૂઢિધર્મે કાવતરૂં કરી હૃદયધર્મ, પ્રેમધર્મ, માણસાઇનો ધર્મ, અને વિશ્વમાંગલ્યનો ધર્મ એ બધાજ ઉચ્ચ ધર્મોનો ઘણીવાર ઉચ્છેદ કર્યો છે, એ સાચું છે. પણ આ બધો ઉત્પાત કરનાર ધર્મ એ ખરેખર ધર્મ નથી; પણ માણસની સંકુચિતતા, ઝનૂન અને માણસનું અજ્ઞાન છે. ધર્મ એટલી જલદ અને તેજસ્વી વસ્તુ છે કે એની શક્તિ જોઇ એને ઓઠે પોતાનું કામ કાઢવવા દરેક ક્ષુદ્ર વૃત્તિ મથે એમાં આશ્ચર્ય નથી. માનવદ્રોહી વૃત્તિઓને ધર્મ તરફથી આશ્રય મળે છે, એટલા ખાતર એ આશ્રય તોડવાથી પેલી બધી વૃત્તિઓ નષ્ટ થવાની છે અથવા ભૂખે મરવાની છે એમ માનવાનું કશું કારણ નથી. માત્ર આપણે ધર્મ જેવી કલ્યાણમય વસ્તુને ખોઈ બેસવાના. ઇશ્વર-આત્મા, પરલોક, પુનર્જન્મ વગેરે પદાર્થો વિષે આજે આપણે એકમત થઇ શકતા નથી એ કારણે એ બધાનો સમાવેશ કરનાર ધર્મ એ વસ્તુજ ત્યાજ્ય છે એમ ઘણા લોકોને થઇ જાય છે.

('હરિજન બંધુ' તા. ૩૦-૭-૩૩ માંથી)

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

—श्री सिद्धसेन दिवाकर.

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

# જૈન યુગ.

તા. ૧૫-૮-૩૩ મંગળવાર

## જૈનં જયતિ શાસનમ.

જિન શાસનનો જયકાર વર્તે છે, કિંવા જીનશાસન જયવંતુ છે એ ક્યારે કહી શકાય કે જ્યારે એના પ્રત્યેક અંગમાં તંદુરસ્તીના તેજ અને જાગ્રતિનો ઝણઝણાટ દ્રષ્ટિ-ગોચર થતાં હોય. માત્ર વાણીના ઉચ્ચારથી જયજયકાર નથી લાવી શકાતો. આજની પરિસ્થિતિમાં સખત આંદોલન આણી, જ્યાંલગી મૂળમાંથી ઘટતા ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી સાચી જયશ્રી ઘણીજ આઘી છે એમ કહેવામાં જરાપણ ખોટું નથી. આજની આપણી પ્રત્યેક ક્રિયા એ જ્ઞાન વગર-ની શુષ્ક આચરણ માત્ર છે! પંખી વિહોણા પિંજર જેવી વિષમ સ્થિતિ ટાળવાનો એક માત્ર ઉપાય એજ છે કે જ્ઞાન-દિવાકરના જ્વલંત કિરણો વિશાળ પ્રમાણમાં પથરાય. એ પાથરવા સારૂ એક પણ પ્રયત્ન આદર્યા વગરનો ન રહે. સુષુપ્ત સમાજમાં ચેતનાની જળહળતી જ્યોત પ્રગટાવવાનો આ સિવાય અન્ય માર્ગ નથીજ.

આ કાર્ય ઉપાડવા સારૂ કોન્ફરન્સ પ્રત્યે સ્નેહ ધરાવનાર પ્રત્યેક વ્યક્તિએ કંઇને કંઇ ફરજ ઉચકી લેવાનો સંકલ્પ કરવો ઘટે. એટલું અંતરમાં અવધારી લેવું કે કોન્ફરન્સ એ કોઇ બહારની વસ્તુ કે સંસ્થા નથી, પણ આપણા બધાનું સાથે મળવાથી થયેલું એક વિશાળ સ્વરૂપ માત્ર છે; એટલે આપણા કાર્યોનો કુલ સરવાળો એજ કોન્ફરન્સની મૂડી. તો પછી દરેક વ્યક્તિએ યથાશક્તિ કામ પોતીકા ક્ષેત્રમાં રહી ઉપાડી લેવુંજ જોઇએ. આજે નેત્ર સામે ધાર્મિક સામાજીક અને તેવી બીજા પ્રકારની ઘણી ઘણી બાબતો છે કે જે તરફ દ્રષ્ટિ ફેંકતાંજ કરવાનું ઘણું છે એમ હૃદય કબુલ્યા વિના રહેતુંજ નથી. અવશ્ય કામ રફતે રફતે શરૂ થાય, છતાં એના આરંભ સારૂ શુકન કે મુહૂર્ત જોતા બેસવાનું આ વિદ્યુત્વેગી યુગમાં નજ હોઇ શકે.

રચનાત્મક કાર્યની બુમ મારવાથી રચના નથી થવાની. સાચી રચના તો કાર્યના શ્રીગણેશાય કરવામાં છે. કોન્ફરન્સનું વાજીંત્ર એમાં દિશા સુચકનો ભાગ ભજવી શકે, બાકી કાર્યના ચણતર તો ભિન્ન ભિન્ન પ્રાંતીય કાર્યકરોના શીરપર અવલંબે છે.

જ્યાં જ્યાં અજ્ઞાનતા ઘર કરી બેઠેલી છે ત્યાં ત્યાં સાચુ જ્ઞાન પ્રસરાવી, એનો જડમૂળથી ધ્વંસ કરવો એ તો આવશ્યક હોઇ સતત પરિશ્રમ નોતરે તેવું કાર્ય છે. એ સારૂ પ્રત્યેક મોટા શહેરમાં સેવાભાવી બંધુઓના નાનકડા છતાં કામ કર-વાની ધગશવાળા મંડળો ઉભા કરવા જોઇએ. એ મંડળના સભ્યો રોજનો અડધો કલાક એકત્ર મળી, વિચાર વિનિમય કરી, પોતાના શહેર પુરતી એકાદી પ્રવૃત્તિ ઉપાડી લઇ, કામની શરૂઆત કરે. એમ એક પછી બીજી બેલે ને નાના પાયા પર અદરાય તો પણ જરૂર મહિનામાં એ કાર્યવાહીનો સુંદર સરવાળો સાંપડશે.

અરે કેશરીયાજી તીર્થ ચાલ્યું જાય છે! અરે ઉગતી પ્રજામાંથી ધાર્મિક સંસ્કાર નષ્ટ થતાં જાય છે ને નાસ્તિકતા વધતી ચાલી છે! અરે ધર્માદાના નાણા ઘલાઇ જાય છે! અરે આપણી વસ્તી દિનપ્રતિદિન ન્યૂન થતી આવે છે! અરે જૈનોમાં બાળ મરણનું પ્રમાણ વધુ છે! અહા! આજે પણ સમાજનો નારીવૃંદ રૂઢીની ગુલામીમાંથી છુટી શક્યો નથી! હજુ વહેમના વિચિત્ર પડળોમાં આજે પણ એ સમકિતના મૂલ્ય અંકાવે છે. અરર આર્થિક દશા ખરાબ થતી જાય છે અને બેકારીનું પ્રમાણ તો કુદકે ભુસકે વધતું જાય છે!

આ અને આવા અન્ય પ્રલાપો કરવાથી શું વળવાનું છે? ઇંગ્લીશમાં એક ઉક્તિ છે કે God helps them who help themselves અર્થાત્ ઇશ્વર પણ તેમનેજ સ્હાય કરે છે, જેઓ જાતે કામ કરવા કમર કસે છે. **उद्यमेन हि सिध्यन्ति कार्याणि** એ સુત્રને જરાપણ વિસરવું જોઇતું નથીજ. કેવલ ભુતકાળના ગૌરવને સંભારી સંભારી ગુણ ગાથા કરવાથી વર્તમાનને ગૌરવવંતો નહિ બનાવી શકાય. ગત સમયની સમૃદ્ધિ યાદ કરી, એની પ્રાપ્તિ માટેના માર્ગો ચીંધવાની અત્યારે તો જરૂર છે. દેશભરની બીજી કોમો જ્યારે પ્રગતિના ભિન્ન ભિન્ન પેંતરા ભરતી હોય તે વેળા આપણે ક્ષુદ્ર કલેશોમાં આપણુ ખમીર ચુસતા દઇશું, કિંવા અંદર અંદરના મતફેરોમાં સારૂંયે સત્વ ચુસાવા દઇશું તો માત્ર ભાઇબંધ કોમોથી પછાત રહીશું એમજ નહિં, પણ અલ્પ કાળમાં નામશેષ બની જઇશું. એ વેળા "જૈનં જયતિ શાસનમ્" એ શબ્દોચ્ચાર કરવા જેટલું પણ સામર્થ્ય આપણામાં અવશિષ્ટ નહિં રહ્યું હોય! આવું વિકરાળ ભાવિ કયા વીર સંતાનને વહાલું હોય?

માટેજ આજે બીજી બાબતોને સમેટી લઇ સંગઠનના કેંદ્ર પ્રતિ પ્રયાણ કરવા કટિબદ્ધ થાવ. મતફેરો ભલે રહે, પણ તેથી મન ફેર વા મનભેદ ન થવા દો. મતફેર હોવા એ તો ચેતનતાની નિશાની અને જૂદા વ્યક્તિત્વની છાપ છે. એથી ગભરાવાપણું ન હોય! એ મતફેરોનો સમન્વય કરી દિશાસુચન કરવાની જેનામાં શક્તિ છે એજ સાચો વીર છે. ત્યાંજ સ્યાદ્વાદની વિશિષ્ટતાની નોબત ગડગડે છે. વીરત્વના સાચા તેજ ત્યાંજ રમે છે. આપણે ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણી એ શક્તિના પાઠ પઢીશું. મતફેરો છતાં મનભેદ નહિં થવા દઇએ તો જરૂર આપણા રાહ નિષ્કંટક છે.

સમાજના વડિલોનું કે યુવક ગણનું મુખ્ય ધ્યેય એજ હોવું જોઇએ કે ભાવિપ્રજાનું એક પણ સંતાન ધાર્મિક વ્યવ-હારિક જ્ઞાન વિહોણુ નજ હોવું જોઇએ. સાધનના અભાવે કેળવણી અટકી પડી એવો સ્વર કદિ પણ કર્ણ પર ન પડવો જોઇએ. માટેજ પ્રત્યેક મોટા શહેરોમાં ધર્મના મૌલિક સિદ્ધા-ન્તો સમજાવતી પાઠશાળાઓ અને વ્યવહારિક શિક્ષણમાં

# અધિવેશન સરળ કેમ બની શકશે ?

લેખકઃ—**મ. હી. લાલન.**

( ગયા અંકથી ચાલુ. )

આ ઉપરાંત આપણે ઉપર કહી ગયા તેમ વિશાળ મંડપો કે આરકાંઓની શોભા કરવાની કોઇ જરૂરત લાગતી નથી, અજવાળી રાત્રિના ખુલ્લી હવામાં અને ખુલ્લા મેદાનમાં માત્ર બે ચાર ગેસની બત્તીઓના અજવાળામાં આપણે આપણું કામ શાંતિથી પતાવી શકીએ તેમ છે, અને વિષય વિચારિણી સમિતિ બપોરના ટાઇમમાં કોઇ સારા સ્થળની પસંગી કરી ત્યાં મલે અને પોતાનું કામ બહુજ થોડા ઠરાવો દ્વારા તુરતજ પતાવી લીએ, તો કામ શીઘ્રતા પૂર્વક અને સુંદર બની શકે.

આ ઉપર વર્ણવેલી યોજનાઓ જો અમલમાં મૂકવામાં આવે, અને એ રીતે તદ્દન નવી પદ્ધતિથી અધિવેશનની સગવડતા કરવામાં આવે, તો આપણી જે પૈસા સંબંધીની પ્રથમ નંબરની મુશ્કેલી બહુ હરકત રૂપ થાય નહિ. અને એ રીતે આપણી પ્રથમ મુશ્કેલીનો અંત આવે.

(૨) કાર્યકરોની ખંતઃ—ખરેખરી મુશ્કેલી તો આજ ઉભી થાય છે, પૈસા ખરચનારાઓ તો ઘણા પ્રસંગોએ મળી આવે છે, પરંતુ ઘણે સ્થળેથી એમજ પોકાર સંભળાય છે કે અમારે ત્યાં કાર્ય કરનારાઓ નથી, અમો એકલા શું કરી શકીએ ? ઇત્યાદિ.

આ સ્થળે જણાવવું જોઇએ કે હવે યુગ પરિવર્તન થયું છે, દેશભરના યુવાનો જાગૃત થયા છે, અને કાર્ય કરવાની તમન્ના તેઓમાં ઉધ્ભવી છે. એ તમન્નાનો લાભ જો લેવામાં આવે તો જરૂર કાર્ય કરનારાઓ એક નહિ પણ અનેક મળી આવે. સાથે સાથે એટલું પણ જણાવવું જોઇએ કે જેઓ કોન્ફરન્સના સંચાલકો છે, જેઓ ઉપર કોન્ફરન્સનું તંત્ર ચાલુ રાખવાની ફરજ લદાયેલી છે, અને જેઓ કોન્ફરન્સના એક અગત્યના અંગરૂપ છે, તેઓએ પોતાના થોડા પણ સમયનો ભોગ આપી આગળ આવી માર્ગ નિર્દેશ કરવાની જરૂર છે, તેઓમાં જો થોડું પણ કાર્ય કરવાની ધગશ ઉત્પન્ન થાય, અને તેઓ એકવાર મનપર નિશ્ચય કરે કે અમુક કાર્ય જરૂર કરવુંજ છે, તો તેઓની પાછળ તેમને અનુસરવા, અરે એટલુંજ નહિ પણ તેઓની સાથેને સાથે રહી સઘળું કાર્ય પતાવી દેવા આજનો યુવાન વર્ગ તૈયાર છે. અને જ્યારે આટલી ધગશ આપણામાં ઉત્પન્ન થાય ત્યારે પછી કદાચ સ્થાનિક કાર્ય-કર્તાઓ થોડા હોય, તેઓમાં તંત્ર ચલાવવાનું સંપૂર્ણ જ્ઞાન ભલે ન હોય, પરંતુ તેઓ આપણા ઉત્સાહ ઉપર નિર્ભય રહી કાર્યમાં ઝુકાવી શકે.

આજે આપણી પાસે આપણે અગાઉ જણાવી ગયા તેમ સુરત જિલ્લાનું આમંત્રણ ઉભું છે. સુરત શહેર મોટું અને પ્રતિષ્ઠિત છે, ત્યાં કાર્ય કરનારાઓ પણ મલી શકે તેમ છે, અને તેઓ ધારે તો ખુશીથી પોતાને આંગણે આદર સત્કાર કરી શકે તેમ છે, છતાં પણ જો કદાચ તેઓ તરફથી એમ કહેવામાં આવતું હોય કે અમારા પાસે કાર્ય કરનારાઓ નથી, તો તેઓને આ સ્થળે ખાસ જણાવવાનું કે કોન્ફરન્સના અગ્રગણ્ય કાર્યવાહકો કે જેઓ પણ તેજ જિલ્લાના છે, તેઓ થોડો પણ નિશ્ચય કરી પોતાના સમયનો ભોગ આપી આગળ આવે તો આજનો યુવાન વર્ગ તેમને સંપૂર્ણ સહાય કરી તેઓનું કામ સરળતાથી પાર પાડી આપશે એ નિઃસંશય છે.

(૩) પ્રસંગની અનુકૂળતાઃ—હવે ત્રીજી રહી પ્રસંગની અનુકૂળતા. આ બાબતમાં જણાવવાનું કે દેશના ક્ષુદ્ધ વાતા-વરણને અંગે ગયા બે વર્ષ પહેલાં કોન્ફરન્સ ભરવાનું જે અશકય લાગતું હતું, તે પ્રસંગની વિકટતા આજે ઓછી થઇ ગઇ છે, આજે કોન્ફરન્સની બેઠક ભરવામાં વાતાવરણ જરા પણ હરકતકારી હોય એમ લાગતું નથી, અને જો આવતા શિયાળામાં કોઇ વિશિષ્ટ સ્થળની પસંદગી કરી અધિવેશનની બેઠક બોલાવવાનું નક્કી કરવામાં આવે તો તે સર્વને અનુકૂળ થઇ પડે તેમ છે.

(૪) બંધારણીય અવિરોધઃ—આ પ્રશ્ન જરા મહત્વનો અને ગુંચવણવાળો છે, કારણ કે કોન્ફરન્સનું અત્યાર સુધીનું જુના ચીલા ઉપર ચાલ્યું આવતું બંધારણ કોન્ફરન્સ બોલા-વવાના કાર્યમાં ઘણી વખત આડખીલી રૂપ થઇ પડે છે. કારણ કે અત્યારે સંગઠિત સંઘ જેવી કોઇ પણ સંસ્થા કોઇ ગામમાં નજરે પડતી નથી, અને તેને અંગે વ્યવસ્થિત રીતે અને નિયમ અનુસાર અધિવેશન બોલાવવાનું અશકય થઇ પડે છે, તેથી હાલના સમય અનુસાર કોન્ફરન્સનું બંધારણ ઘણા મોટા પ્રમાણમાં ફેરફાર માગે છે, પરંતુ તે ફેરફાર તો કોન્ફરન્સની બેઠક મળે ત્યારેજ થઇ શકે તેથી, હાલ તુરત તેના ઉપર વિચાર કરી શકાય તેમ નથી. હાલ તુરત તો આટલુંજ બસ છે.

---

સાનુકૂળતા કરી આપે તેવી અન્ય પ્રકારની ઉચિત સગવડ હોવીજ જોઇએ. એનો લાભ બાળક બાળિકા સરખી રીતે લઇ શકે તેવા નિયમો ઘડાવા જોઇએ. એ વિદ્યાર્થીઓ એજ્યુ-કેશન બોર્ડની પરિક્ષામાં બેસવાજ જોઇએ.

જેમ માનસિક તંદુરસ્તી એ ઉપરોક્ત જ્ઞાનને આભારી છે તેમ કાયિક તંદુરસ્તી માટે વ્યાયામ ને કસરત પણ ફર-જીયાત ઠરાવવા જોઇએ. આ ઉપરાંત સારી લાયબ્રેરી ને ઉત્તમોત્તમ ગ્રંથોનુ પુસ્તકાલય પણ હોય તોજ તાજગી કાયમ રહી શકે. હુન્નર સબંધી શિક્ષણ આપતી સંસ્થા કે વાણિજ્ય મંદિર, શ્રાવિકાશાળા કે સુતિકાગૃહ અને વિધવાશ્રમ એ બધી વસ્તુઓ પણ આ યુગની આવશ્યકતા દર્શક તો છેજ, છતાં એના સર્જન મોટા શહેરો ને શ્રીમંતોના ધન પર અવલંબે છે.

કોન્ફરન્સ તો આ બધી વસ્તુઓ પર લક્ષ્ય ખેંચનારી સંસ્થા ગણાય. એ સબંધી નવનવી માહિતી એના વાજીંત્રમાં હોય. બાકી એ સર્વ જરૂરીયાતો પુરી પાડવા સારૂ એના પ્રતિ તાકી બેસવાનું નજ હોઇ શકે. તેથીજ પ્રત્યેક સ્થળમાં લાગણીવાળા કાર્યવાહકોના-સેવાભાવી યુવકોના-નાનકડા મંડ-ળોની જરૂર છે. એ મંડળને બોર્ડ ને વિધિવિધાન વગર ચાલી શકશે પણ કામ કરવાની ધગશ તો સદા જાગતી હોવી જોઇશે તોજ કાર્ય સિદ્ધિ થઈ શકશે. **—ચોકસી.**

---

**જૈન વિદ્યાર્થીની ફતેહઃ**—ભાવનગરના શા. રતિલાલ ઉમરશી મુંબઇ યુનિવરસીટીના છેલ્લી બી. એસ. સી. ની પરિક્ષા ફર્સ્ટ કલાસમાં પહેલે નંબરે ઉત્તીર્ણ થયાં છે. તેમને અભિનંદન આપીએ છીએ.

# પર્યુષણપર્વ ને આપણું કર્તવ્ય.

લે૦—ચોકસી.

પ્રતિવર્ષ પર્યુષણ પર્વ આવતાં છતાં આપણા જીવન પર એની કંઇ અસર ન જણાતી હોય તો, પર્વ આવ્યું તે ન આવ્યા સરખુંજ ગણાય. જીવન પર અસર થયાનું માપ કંઇ ત્રાજવાથી તોળીને કહાડવાનું નથી. સમાજના મોટા ભાગના વર્તન પરથીજ એનો તાગ નિકળી શકે. એક વાત હૃદયમાં ખાસ કોતરી રાખવાની છે અને તે એ કે એ પવિત્ર દિવસોમાં આપણે જે કંઇ તપશ્ચર્યા કરીએ કિંવા એક ચિત્તે શ્રી કલ્પસુત્રનુ શ્રવણ કરીએ, અથવાતો દ્રવ્યનો ચઢાવો બોલી સન્માર્ગે ધન ખરચ્યાનો લ્હાવો લઇએ, વા પ્રતિદિન ઉભય ટંકના પ્રતિક્રમણ ચુકીએ પણ નહિં એ સર્વનો હેતુ-કર્મ શત્રુઓ પર જય મેળવવાનો છે. કષાયાદિ દોષોને પાતળા પાડવાનો છે, અરે અત્યાર સુધીના પાપ મળને ધોવાનો છે, ટુંકમાં કહીએ તો આત્મ-શુદ્ધિ કરવાનો છે. આત્માને નિર્મળ બનાવવાના ધ્યેય માટે ઉપર વર્ણવેલા આચરણો એ તો સાધન માત્ર છે. સાધનધર્મોમાં એટલી હદે લયલીન નથી થવાનું કે જેથી સાધ્ય વસ્તુજ ભૂલી જવાય. અથવા તો સાધન ધર્મોને હદથી જયાદા મહત્વ નથી આપવાનું કે જેથી તેઓ સાધ્યરૂપ થઇ પડે. આ વસ્તુસ્થિતિ સમજાતાં, પર્વારાધનની કોઇ અનેરી દિશા દેખાશે. કરણીમાં કોઇ અનોખી ભાત પડશે-અકથ્યને અવર્ણીય આનંદનો અનુભવ થશે. જે જે ક્રિયા રસ વિના લૂખી ને શુષ્ક ભાસે છે, તેમાં ઓર આનંદ જડી આવશે. માટેજ ધ્યેય પ્રતિ જરાપણ દુર્લક્ષ્ય ન થવા દેવું ઘટે. આત્મશોધનનું કાર્ય ચક્ષુ સન્મુખ હોવુંજ જોઇએ. એ પર દ્રષ્ટિ રાખી હવે વિચારણાનો આરંભ કરીએ-(૧) માની લઇએ કે અતરવાયણા ને પારણા આવશ્યક છે, છતાં આજે થાય છે તે રીત ચલાવી લેવા જેવી છે ખરી? આજના મિષ્ટાન્નો તપમાં ને સ્વાધ્યાયમાં સ્હાયક ન બનતાં, પ્રમાદ નિદ્રાના દૂત રૂપ નથી થઇ પડતાં? વળી કેટલાક સ્થાનોમાં એ વેળા પક્ષભેદ ને વૈરવૃત્તિ કેળવાય છે. શાંતિને સ્થાને કલહ વર્તે છે; અને મુંબાઇ જેવામાં તો જે જાતનો ગોટવાડ ઉભરાય છે એ કોઇપણ જૈનને શરમાવે તેવો હોય છે. જીવદયા પ્રતિપાળનો દાવો કરનારને આ મુદ્દલ શોભતું નથી. આત્મ શુદ્ધિનો પારો અહીંજ અટકી પડે છે. જો આપણે સુક્ષ્મ જીવોની દયા પાળવીજ હોય તો ક્યાં તો આવા જમણ સદંતર બંધ કરવાં જોઇએ, નહિં તો જમણ જમતાં શીખવું જોઇએ. યાદ રાખજો કે પર્વની અન્ય કરણી જેટલુંજ આને પણ મહત્વ છે. જીવદયાનો ફાંકો ન રાખનારા અન્ય બંધુઓ આપણા કરતાં વધુ સારી રીતે ને જરાપણ છાંડ વગર જમી શકે છે. જમણ પ્રસંગનો આપણો ઘોંઘાટ-પાણીનો હદ વગરનો વ્યય અને બેસવાની પદ્ધતિ તથા જમવાની રીત અને છાંડનુ પ્રમાણ જોતાં-જો કોઇ જૈનેતરને પરિક્ષા કરવાની સોંપીએ તો પાસ થવાનું તો દૂર રહ્યું પણ એટલી ટીકા તો જરૂર તે કરે કે આ લોકો જૈનધર્મની બારાખડી પણ જાણતા નથી! હવે આપણે તપકરણીના દિનોમાં કેવો ખોરાક લેવો એ નક્કી કરવુંજ ઘટે. જમણ જમતાં ધિરજ, શાંતિ અને જરાપણ છાંડ ન થાય તેવો વિવેક શિખવોજ જોઇએ. ઘોંઘાટ-ધમાધમ કે રસવતીનો દુરૂપયોગ આપણા જેવા સુક્ષ્મની દયા ચિંતવનારાને ત્યાં સંભવીજ કેમ શકે! આટલું આપણે કરવાના પણ લઇએ તો બાકીનું સ્વયં સેવકો સુધારી શકશે. આ પણ પર્યુષણને શોભાવે તેવું કાર્ય છે. (૨) 'પર્વના દહાડા સાંકડા' એ જાણવા છતાં આ દિનોમાં વ્યાખ્યાન અને પ્રતિક્રમણ વેળા જે બોલચાલ-ગરબડ વી. થાય છે, એ હવે બંધ થવીજ જોઇએ. મોટા શહેરોમાં આ બનવું સહજ છે અને મુંબઈ જેવામાં તો ખાસ કરીને બનેજ છે. વર્ષોના ઉપદેશ પછી અને સમભાવના ઉમદા પાઠો પઢયા પછી પણ જો આટલું પણ આપણાથી સુધારાતું ન હોય તો ખચીત કહેવું જોઇએ કે આપણે હજુ પર્યુષણ શું વસ્તુ છે એ સમજયાજ નથી.

જરા યુરોપીઅનના દેવળો જુવો તો ખબર પડશે કે પ્રાર્થના વેળા ત્યાં કેવી શાન્તિ પ્રવર્તે છે. જો વખતસર આવવાનો રવૈયો પાડવામાં આવે, પાછળથી આવનારા આગળ જવાનો મોહ છોડી દે અને બેસનારા જગાના પ્રમાણમાં સંકોચાઇને બેસે તો ગીરદી ને ઘોંઘાટ ઘણા ઓછા થઇ જાય. આપણા સ્ત્રી-સમાજને પણ બે શબ્દો કહેવાના છે—તેઓએ પણ વહેલા આવવું જોઇએ. મોડા આવી આગળ જવાની ટેવ છોડવી ને બચ્ચાવાળી બ્હેનોએ ખાસ કરીને આગળ ગીરદી ન કરતાં એવા ભાગ પર બેસવું કે જેથી જરૂર પડતાં તરતજ ઉઠી જવાય. સમજી રાખવું કે આ પર્વ પાપ છોડવાનું છે, તો એ વેળા કુથલી જરાપણ ન થાય. સંભળાય તેટલું સાંભળવું પણ બીજાને અંતરાયભૂત તો હરગીજ ન બનવું.

થોડું સાંભળો કે વધુ, એકવાર પ્રતિક્રમણ કરો કે પાંચ વાર, એ બધાનો સરવાળો પોતાના જીવનમાં કેટલું ઉતાર્યું તે પરથીજ નિકળવાનો. આવા પુનિત પ્રસંગે પણ જો આપણામાંથી ક્રોધ ને રોષ ન ઘટે, વાતવાતમાં ચડભડી ઉઠાય અને જરા સંકડામણ થતાં હોહા કરી મૂકવા લાગી જઇએ તો સમજી રાખવું કે આપણે હજુ કલ્પસુત્ર શ્રવણ કરવાને લાયક નથી બન્યા, સમભાવ-સમતા ને સહન શીળતા આ પ્રસંગે નહિં કેળવાય તો બીજા કયા સમયે કેળવાશે?

આચરણમાં થોડું પણ ઉતારનાર ભલેને એકજ વાખ્યાન સાંભળે, છતાં તેમાં તેની સાર્થકતા છે. પાપથી પાછો વળનાર કે ખસુશ કરી દોષનુ સેવન કરતાં થંભી જનાર સાચેજ એક પ્રકારનુ પ્રતિક્રમણ કરી રહ્યો છે! જેમ બને તેમ 'સમતા' કેળવવાની આ પર્વમાં અગત્ય છે, તોજ પર્વ આરાધન કર્યું ગણાય. આ પર્વ દિનોમાં જરૂર આચરી દેખાડીયે. એથી સ્વપરને અવશ્ય લાભ છે.

૩ સાંવત્સરી ક્ષમાપના એ તો આ પર્વાધિરાજનું આવશ્યક અંગ છે. વર્ષભરના દોષો ને પરસ્પર ખમાવી ખંખેરી નાખવા ને અંતર નિર્મળ બનાવવા એ 'મિચ્છામિ દુક્કડમનો' હેતુ છે. આમ છતાં સમાજની સ્થિતિ વર્તી રહી છે એ જોતાં તો સહજ કહી દેવાય કે સાચી ક્ષમાપના આજે દૃષ્ટિ ગોચર નથીજ થતી. ઉદાયન કે મૃગાવતીની કથા કહેનારાજ આજે જ્યાં એ રીતે વર્તતા નથી ત્યાં પછી શ્રોતાઓને શો દોષ દેવો? જેની સાથે વૈમનસ્ય કે વિરોધ થયો હોય તેને ખમા-

વંચો એ તો આવશ્યક ધર્મ ગણાય. પ્રતિક્રમણ વેળા સકળ-સંઘને કહી દેવાથી પેલી ફરજમાંથી છટકી નથી શકાતું. કંકોત્રીઓ ભરી વાળવાથી મેલ ઘટતાં નથી. એ તો પૈસાનો દુરૂપયોગ માત્ર છે. આજે તો એ એક જાતનો વ્યવહાર બની રહ્યો છે. પણ ખરી જરૂર તો અંતર ઉજળા કરવાની છે. વૈરથી પડેલા અંતરનું પુનઃ સંધાણ કરવાની છે; જુના ખાતા બંધ કરી, નવેસરથી તેવી સ્ખલના ન બની આવે એ સારૂ સતત્ જાગ્રત રહેવાની ટેવ પાડવાની છે. આમ નથી બનતું તેથી તો આ છિન્ન ભિન્નતા દેખાય છે. એકજ ધર્મના અનુયાયીઓમાં આટલી હદે કટુતા વ્યાપી ગઇ છે. વીર ચરિત્ર કે ગણધરવાદ વાંચવા સાંભળવાથી જો આટલું પણ શકય ન બને તો પછી એ કંઠશોષ ને સમયનો દુર્વ્યય કે બીજું કંઇ!

૪ ઐકયતા. પવિત્ર પર્વ પણ આપણા કદાગ્રહ તજાવી આપણામાં સંપ ન પાથરી શકે તો પછી સાધ્ય પર લક્ષ છે એમ કહીજ શી રીતે શકાય? પાંચસો સુભટની કથા કે પ્રભુ મહાવીરની ગર્ભમાં પ્રતિજ્ઞા એ માત્ર અલંકાર પુરતા નથી. એ તો વર્તમાનના જટિલ પ્રશ્નોનો નિચોડ આણનાર કારિકાઓ છે. નિષ્પક્ષ હૃદયથી સમજીએ તોજ. કલેશને દફનાવવાની વાતો કરનારા, તપથી કાયાને ઓગાળનારા અને મુક્તિ સિવાય બીજી ચીજ પ્રતિ મટકું પણ ન મારનારા આપણે જ્યારે જુદા જુદા વરઘોડા કહાડીએ. જુદા જુદા સંઘો કરીએ ત્યારે અફસોસ સાથે કહેવું પડે કે આપણે શ્રી વીર પરમાત્માના શાસનની પ્રભાવના નથી કરતા પણ આપણા માનેલા જયના કિંવા સંચિત ધનના ગર્વના ઢોલ પીટાવીએ છીએ. સ્વધર્મી બંધુઓમાં ભેદ જોનાર માનવી કયા મુખે શાસનનો જયકાર કરવાના હતા?

જો આટલું સુધારીએ તો ઘણું કર્યા બરાબર છે. જો કે દેશકાળ જોતાં કરવાનું ઘણું છે. આપણે જેટલાં આડંબર વાહવાહ ને ભપકામાં ધર્મ જોઈ રહ્યા છીએ, તેટલાં શાંતિ સાદાઇ ને શુદ્ધતાને નથી પિછાની શકયા. ઠંડા પાણીના જીવની અનુકંપા કરનારા આપણે ભારોભાર વસ્ત્રોની હિંસા પોષી રહ્યાં છીએ. જ્ઞાનના સાધનોની આવશ્યક પ્રભાવના મૂકી દોષિત ખાંડના પતાસામાં મોહી રહ્યા છીએ. આહારના પદાર્થોના ઢગ કરી આપણે અણાહારી થવા ઇચ્છીએ છીએ એ વિલક્ષણ મોહ ઉતારવાના પ્રયાસો સેવનારા આપણે વાસણો કે તેવા અન્ય પ્રકારની ચીજોના લ્હાણા કરીએ છીએ. એ શું અજાયેબી નથી?

પર્વનુ આગમન આપણે વાજાના ગર્જારવમાં, બત્તીના પ્રકાશમાં, રંગ બેરંગી ચંદરવાના બાંધણમાં, ભક્ષ્યાભક્ષ્યનો વિવેક કર્યા વગરના જમણમાં તથા ભાતભાતના શણગારમાં નથી દાખવી રહ્યા? જ્ઞાનની અસ્મિતા કેટલી વૃદ્ધિ પામી, દૃઢ શ્રદ્ધા કેટલામાં પ્રગટી અને સંયમ યા ચારિત્રના સાચા ધરનારા કેટલા ઉપન્યા એનું કદિ માપ કહાડયું છે ખરૂં? પર્વનું આરાધન સફળ તો ત્યારેજ થયું ગણાય કે સમાજમાં શાન્તિના પૂર વહે. જ્ઞાન દિવાકરનો પ્રકાશ જોશભેર પ્રસરે. અજ્ઞાનતા ને વહેમ ઓગળી જાય.

અત્યારના વિષમ પ્રસંગે આ આશા વધુ પડતી ગણાય છતાં 'જૈનં જયતિ શાસનમ્'નો ધ્વનિ તો ત્યારેજ સંભળાવાનો.

---

# श्री केसरियाजी तीर्थ के विषय में उदयपुर स्टेटकी नई आज्ञाएं.

१–सं० १९३४ में आठ श्वेताम्बर जैन मेंबरों की कमेटी कायमकी गई थी। आज तक उसी के अनुसार कार्य होता रहा है। परन्तु अभी वर्तमान महाराना साहेब ने एक नई कमेटी कायम की है, जिस में नौ मेंबर रक्खे गये हैं। इस कमेटी में ५ मेंबर वैष्णव हैं दो दिगम्बर जैन हैं एक स्थानकवासी और एक मूर्ती पूजक है।

२–मिती वैसाख सुदी ६ को वैष्णव विधिसे ध्वजा दंड उतारा गया। उस रोज भगवान को यज्ञोपवीत (जनेऊ) पहनाया गया और कलाकंद का भोग लगाया गया। भनवान के ऊपर एक पानी का मटका भरकर रक्खा गया उस में से भगवान के अपर एक २ बूंद पानी की टपकाई गई जैसे शिवलिंग के उपर टपकाया जाता है। तत्पश्चात ध्वजा दंड उतारा गया और ध्वजा दंड की जगह पर एक बांस का ध्वजा दंड लगाया गया है। सुना जाता है कि यह नई कमेटी हमेशा कलाकंद का भोग लगाने के लिये प्रयत्न कर रही है। आशा है सावरा वदी १ से शुरु हो जायगा।

३–केशरियाजी में श्वेताम्बरी धर्मशाला है। वह उदयपुर धर्मशाला के तालुक में थी अभी कुछ दिन हुए स्टेट ने उस पर कबजा करलिया है और सुना जाता है कि उदयपुर धर्मशाला पर स्टेट कबजा करलेगी।

४–केसरियाजी के भंडार के प्रबंधकर्त्ता भी जैनी थे उनको वहां से हटा दिया है। सुना जाता है कि आजकल केसरिया जी के भंडार में आमदनी बिलकुल कम हो गई है और दिनोंदिन घटती जा रही है और खर्च बहुत होने से भंडार में घाटा पडता है इस लिये नई कमेटी ने रायदी है कि फी आदमी १। टैक्स लगाया जाय तो भंडार में घाटा नहीं पडेगा।

५–सुना जाता है कि चातुर्मास के बाद ध्वजा दंड वैष्णव विधि से चढाया जावेगा. रु. २२००० भंडार से पंडों को दे दिया गया है यह रुपया पूजन प्रक्षाल की दो वर्ष की आमदनी का जमा हुआ था।

पंडों का दिनों दिन जोर बढ रहा है। भंडार में सब काम करनेवाले जैनियों को हटा कर वैष्णवों को भरती किया जा रहा है। ऐसी घटनाएं आजकल हमारे उच्च कोटि के तीर्थ पर हो रही है तनसी सेठ आनंदजी कल्याणजी पीढी और जैन कान्फ्रन्स सोई पडी है। जब तक कुछ और नहीं होता यह हम सब यात्रियों का आवश्यक धर्म होना

# જૈન જગત્.

**પર્યુષણપર્વ સંબંધી:**—આ વર્ષના પર્યુષણપર્વ સંબંધી તેમજ સંવત્સરી પ્રતિક્રમણ સંબંધી મતભેદનો વંટોળ ઉઠ્યો છે, શ્રી વિજયવલ્લભસુરિ, શ્રી વિજયનેમિસુરિ, શ્રી વિજયેન્દ્રસુરિ, આદિ ૧૧ આચાર્યો બીજી ૧૨ ને શુક્રવારના પર્યુષણ પર્વની શરૂઆત કરી શુદ ૪ ને શુક્રવારે સંવત્સરી પ્રતિક્રમણ કરવામાં એકમત છે.

ત્યારે બીજી બાજુ શ્રી સાગરાનંદસુરિજીએ પહેલી બારસના રોજ પર્યુષણની શરૂઆત કરી શુદ ૩ ને ગુરૂવારે સંવત્સરી પ્રતિક્રમણ કરવાનો મત બહાર પાડ્યો છે.

શ્રાવણ વદ ૧૪ કલ્પસૂત્ર વાંચન કે વદ ૦)) કલ્પસૂત્ર વાંચન, એ બાબતમાં પણ મતભેદ છે.

પંચાંગીને માનનારાઓ અને તેને અનુસરવાની વાતો કરનારાઓમાં પણ આ પ્રમાણે મતભેદ પડ્યો છે.

હાલ ચર્ચાતા દરેક સવાલોમાં પંચાંગીને અંગે નિર્ણય પકડતાં કેટલા મતભેદો ઉપસ્થિત થાય છે, તેની આ એક આગાહી છે. દ્રવ્ય ક્ષેત્ર કાળને અનુસરીનેજ સર્વ નિર્ણયો કરવામાં આવે તોજ દરેક પ્રશ્નનો નિકાલ લાવી શકાય.

**ભેટ મલશે:**—ઘાટકોપરથી શા. માવજી દામજી જણાવે છે કે:—સ્વ. શ્રી વિજયધર્મસૂરિજીના વચનામૃતોની બુક અર્ધા આનાની પોસ્ટની ટીકીટ નીચેના ઠેકાણે બીડવાથી સીલકમાં હશે ત્યાં સુધી ભેટ આપવામાં આવશે. ઠે:- કિરોલ રોડ, ઘાટકોપર (જી. આઇ. પી. રેલ્વે.)

**સમાધાન માટે સંમેલન:**—સાધુ સંમેલનના કાર્ય સંબંધી શું શું પ્રયાસો થાય છે, તેના સત્તાવાર સમાચાર જૈન યુગ ઓફિસને મળતા નથી, શ્રી વિજયનેમિસૂરિને જાહેરાત કરવી પસંદ નથી, એમ કહેવાય છે, છતાં જૈન જ્યોતિ, આત્માનંદ પ્રકાશ આદિ સામયિકો તે સંબંધમાં કંઇક કંઇક પ્રકાશ ફેંકે છે, તેને માટે તેમને શું આધારો છે, તે પત્રકારો તે જણાવતા નથી. તેથી સત્ય ખોળવામાં મુશ્કેલી પડે છે, કોઇ પણ સંઘે જવાબદારી લીધી હોય એવા સમાચારો મળ્યા નથી.

છતાં એક પત્રકાર ભાવનગરના સંઘ મારફત પ્રયાસ થાય છે એમ જણાવે છે, ત્યારે બીજા પત્રકાર અમદાવાદના સંઘને આ કાર્ય સોંપાય તો સારૂં એમ પ્રગટ કરે છે.

ભાવનગરના સંઘે જેમની નિમણુંક કરી નથી એવા કેટલાક બંધુઓ પાટણ જાય છે ને ભાવનગરના સંઘને નામે સમાધાનની વિજયવલ્લભસુરિ સાથે વાતો કરે છે. વિજયવલ્લભસુરિ જણાવે છે કે ભાવનગરના સંઘના ઉચિત નિર્ણયને માન્ય રાખવામાં મને શું વાંધો હોય. સમાધાન કોને પસંદ ન હોય તે હકીકત જુદા સ્વરૂપમાં તે તે પત્રકારો પ્રગટ કરે છે. સાગરાનંદસુરિ તથા મુનિશ્રી રામવિજયજીએ શું કબુલાત આપી છે તે હકીકત પણ સ્પષ્ટ કરવામાં આવી નથી. વિજયનેમિસુરિજીના દિક્ષા સંબંધીના વિચારો જુન્નેરના કોન્ફરન્સના ઠરાવથી ઘણા વેગળા છે. એવું ભાવનગરથી છેલ્લા મળેલા સમાચાર ઉપરથી જણાય છે. ત્રાપજના તેર વર્ષના છોકરાને હાલ ભણવાને બાને દીક્ષાના હેતુથી રાખ્યો હોય તેવી કલ્પનાને સ્થાન મળે છે.

**યુવક આગેવાનોની સભા:**—મુંબઇના શ્રી જૈન યુવક સંઘ તરફથી વડોદરા મુકામે જુદા જુદા યુવક સંઘોના પ્રતિનિધિઓની એક સભા માટે આમંત્રણો પ્રસિદ્ધ થયાં છે, તે સભામાં નીચેના મુદ્દાઓ ચર્ચાશે એમ જણાય છે. યુવક સંગઠન, સમાજની પ્રગતિ માટે રચનાત્મક કાર્યક્રમ, સાધુ સંમેલન અંગે યુવકોનું કર્તવ્ય, તથા કેસરીયાજીની પરિસ્થિતિ.

આ સભા વડોદરા મુકામે ભાદરવા શુદ ૧૪ ને રોજ મળશે.

---

## ધાર્મિક પરીક્ષાઓના ઇનામો.

ગત વર્ષે ડિસેમ્બર ૧૯૩૨ માં શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાયેલી સ્વ. શેઠ **સારાભાઇ મગનભાઈ મોદી પુરૂષ વર્ગ** અને **અ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાલ સ્ત્રી વર્ગ** ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના સેન્ટરવાર નીચે મુજબ ઇનામો જાહેર થયા છે.

અમદાવાદ રૂા. ૧૪૪-૮-૦ છાણી રૂા. ૭૮ ભાવનગર રૂા. ૭૭-૪-૦ પાલીતાણા રૂા. ૬૭-૦-૦ ઇડર રૂા ૬૫-૦-૦ સુરત રૂા. ૪૯-૧૨-૦ નિપાણી રૂા. ૩૭-૦-૦ છોટી સાદડી રૂા. ૩૦-૦-૦ બોટાદ રૂા. ૨૬ મુંબઇ રૂા. ૨૫ ગુજરાનવાલા રૂા. ૨૦ પાદરા રૂા. ૧૬ મહુવા રૂા. ૧૪ ઉંઝા રૂા. ૧૦ રાજકોટ રૂા. ૬ ભરૂચ રૂા. ૬-૦-૦ સાંગલી રૂા. ૨-૪-૦ પાટણ રૂા. ૨-૪-૦. વરકાણા રૂા. ૫-૦-૦ ખેડબ્રહ્મા સે. ઇડર રૂા. ૩-૪-૦ માલવાડા રૂા. ૧-૪-૦ કુલ રૂા. ૬૮૫-૮-૦.

પ્રમાણપત્રો અને ઇનામની રકમો સેન્ટરોના વ્યવસ્થાપકો દ્વારા મોકલી આપવામાં આવી છે.

**લી. સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.**
માનદ મંત્રી.

---

## જૈન યુગના ગ્રાહકોને—
## આવતો અંક વી પી.

આ પત્રના ચાલુ ગ્રાહકો તથા અન્ય વાંચકોને નિવેદન કે આવતો તા. ૧-૯-૩૩ નો અંક અત્રેથી વી. પી. દ્વારા રવાના કરવામાં આવશે. આપ આ પત્રના ગ્રાહક તરીકેનું લવાજમ રૂા. ૨-૦-૦ બે મોકલી આપશો. યા વી. પી. મલેથી સ્વીકારી લેશો. મનીઆર્ડર દ્વારા લવાજમ મોકલવાથી વી. પી. ખર્ચ ભરવું નહિં પડે, તે તરફ ધ્યાન ખેંચીએ છીએ. આપ જો ગ્રાહક તરીકે રહેવા ન ઇચ્છતા હોતો અગાઉથી ખબર આપવા તસ્દી લેશો કે જેથી સંસ્થાને ફોકટ વી. પી. ખર્ચમાં ઉતરવું નહિં પડે.

—કોન્ફરન્સ ઓફિસ.

---

चाहिये कि किसी भी पंडे को वहां जाकर एक पाई भी न देवें। आप की महासभा पंजाब इस तरफ प्रेस के द्वारा जो कुछ आप की सेवा कर रही है आप सब को मालूम है। किसी भाई को इसके मुतालिक अधिक हाल जानने के लिये विज्ञप्ति नं० १-२-३-४ में से कोई मंगवानी हो तो दफ्तर महासभा से मंगवा सकते हो।

ता० १५-७-३३

मंत्रीः-श्री आत्मानंद जैन महासभा पंजाब.
अंबाला शहर।

# મહારાષ્ટ્રીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી કોન્ફરન્સનું પ્રચારકાર્ય કરવા માટે નિકળેલું ડેપ્યુટેશન.

કોન્ફરન્સની સમિતીએ ઠરાવ્યા મુજબ અત્રેથી શા. બાલચંદ હીરાચંદ ચાંદવડકર તથા મોતીલાલ વીરચંદ સોલાપુરવાળા તથા કીસનદાસ ભુકનદાસ માલેગામવાળા તથા રમણલાલ દામોદર માલેગામવાળાનું એક ડેપ્યુટેશન નગર જીલ્લામાં પ્રચાર કાર્ય કરવા માટે નિકળ્યું હતું.

### કોતુલ.

પ્રથમ સંગમનેર થઇને તારીખ ૨૯ જુલાઇના દીવસે સાંજે કોતુળ પોહોંચ્યા હતા. ત્યાંના જૈન ભાઇઓની એક મીટીંગ બોલાવવામાં આવી હતી તેમાં ધાર્મીક ખાતાઓના હીસાબો બાબત અને કેળવણી બાબત ખાસ વિવેચન કરવામાં આવ્યું હતું જેની ઘણી ઉંડી અસર થઇ હતી, સભાનું કાર્ય પુરૂ થયા પછી ત્યાંના એક ભાઇ તરફ પંચ ખાતાનું લેહેણું નિકળતું હતું તે બાબત આપસમાં કેટલીક બોલાચાલી થતાં એ બાબતનો નિર્ણય કરવા ત્યાંના ગૃહસ્થોએ ડેપ્યુટેશનને આગ્રહ કર્યો હતો, તે ઉપરથી ત્યાં વધુ એક દિવસ રોકાઇ તેઓનું સમાધાન કરી આપવામાં આવ્યું હતુ તે ઉપરથી ત્યાંની બીજી ગુચવણોનુ પણ નિરાકરણ થઈ જવાનો પુરતો સંભવ છે. અને ત્યાંના ભાઇઓએ તે બાબત ઘટતું કરવા ઠરાવેલું છે. ત્યાંથી ડેપ્યુટેશન અકોલા ગયું હતું.

### એક શ્રી પુજજીનુ કારસ્થાન.

અકોલામાં કેટલા એક દિવસ પેહેલાં જૈનોની પુષ્કળ વસ્તી હતી, પણ હાલમાં વસ્તી બહુજ થોડી રહી છે. ત્યાં એક શ્રી પૂજજી આવેલાં હતાં તેઓ આગળ ગામની પડતી થવાનુ શું કારણ હશે એવો સવાલ મુકતાં તે શ્રીપુજજીએ ત્યાંની ૪ ભગવાનની પ્રતિમાઓનો દોષ તેમાં રહેલો છે, અને જો તે પ્રતિમાઓ ભંડારી દેવામાં આવે તો બધો દોષ મટી ગામનું ભલું થશે એમ જણાવ્યું, પણ આમ પ્રતિમાઓ ભંડારી દેવા માટે રૂપીયા એકાવનનું ખરચ આવશે એમ જણાવી તેઆરે પ્રતિમાઓ અને રૂપીયા લેઇ તેઓ ત્યાંથી પસાર થયા હતા. બાદ ત્યાંની સ્થાનીક બાબતોમાં ચર્ચા કરી ડેપ્યુટેશન ત્યાંથી રાજુર ગયું હતું.

### રાજુર.

રાજુરમાં શ્રી સંઘની મીટીંગ બોલાવવામાં આવી હતી, ત્યાં શ્રાવકોના આસરે ૨૨ ઘર છે; એક જીનમંદીર-ઉપાશ્રય સારી સ્થીતીમાં છે, મીટીંગ આગળ ખાસ કરીને દેવ દ્રવ્ય-સાધારણ દ્રવ્ય-તીર્થ રક્ષણ અને કેળવણી વીગેરે વિષયો પર ખાસ વીવેચન કરવામાં આવ્યું હતું, જેની લોકોના મન ઉપર સારી અસર થઇ હતી અને દેરાસર વીગેરે ખાતાનાં હીસાબો બાબત સારી ચોખવટ કરવા શ્રી સંઘે આશ્વાસન આપ્યું હતું, આ સભાનું પરિણામ સારૂં થયું તે ઉપરથી ત્યાંના આગેવાન ગૃહસ્થોએ સ્ત્રીઓ માટે ખાસ મીટીંગ બોલાવવા વિનંતી કરી હતી પણ વરસાદના દીવસ અને ટુંકો સમય હોવાના લીધે ડેપ્યુટેશન સવારમાં ત્યાંથી સંગમનેર ગયું હતું.

### સંગમનેર.

સંગમનેર આવતાં ત્યાંના ભાઇઓએ ઘણાજ થોડા વખતમાં ત્યાંના બધા સ્ત્રી અને પુરૂષોની એક મીટીંગ દેરાસરમાં બોલાવી હતી, લોકોમાં ઉત્સાહ સારો જણાતો હતો ત્યાં વિષેશે કરીને તીર્થ રક્ષણ-સાર્વજનીક ખાતાના હીસાબો, કેળવણી-કોન્ફરન્સના ઠરાવો બાબત ભાષણો આપવામાં આવ્યાં હતાં સભાની અસર સારી પડી હતી. અને બપોરના ડેપ્યુટેશન અહમદનગર તરફ રવાના થયું હતું.

### અહમદનગર.

અહમદનગરમાં શ્વેતાંબર મૂર્તીપૂજક જૈનોની વસ્તી લગભગ ૫૦ ઘરની છે અને સ્થાનકવાસી ભાઇઓની વસ્તી લગભગ ૨૫૦ ઘરની છે, ત્યાં શ્વેતાંબર મંદીરો બે છે. ત્યાં એક મહાવીર સ્વયં સેવક મંડળ નામનું એક સ્થાનકવાસી અને મૂર્તીપૂજક ભાઇઓનું મિશ્ર મંડળ છે અને તે મંડળ દરેક સામાજીક અને ધાર્મીક કાર્ય ઉત્સાહથી ફીરકા ભેદ રાખ્યા વગર ખુશીથી કરે છે. એ જોઇ ઘણું સમાધાન થયું હતું, હાલમાં ત્યાં એક ગોરજી મહારાજ ચાતુર્માસ માટે રહેલા છે, તેઓના વ્યાખ્યાન વખતે એક સભા બોલાવવામાં આવી હતી જેમાં તમામ ભાઇઓ અને બ્હેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો ત્યાં ભાષણો કરી શ્રી કેસરીયાજી તીર્થ ઉપરનું ઉદેપુર દરબારનું અને પંડયાઓનું આક્રમણ-પાલીતાના તીર્થ ઉપર બેસી ગએલો જબરો કર તેમજ જુદા જુદા તીર્થોમાં થતા આક્રમણો બાબત વીવેચન કરી દીક્ષાના વિષય બાબત વડોદરા સરકારે કરેલા ઠરાવ વિષે ચર્ચા કરી હતી, તેમજ દીક્ષા બાબત મુંબઇ ધારાસભા આગળ પણ ઠરાવ આવવાનો સંભવ કેવો ઉભો થયો છે તે બાબત જણાવી હતી અને વિષેશે કરી ધાર્મીક ખાતાના હીસાબો બાબત આપણે ચોખવટ નહી રાખીશું તો મુસલમાન લોકો માટે પસાર થએલા વકફ એકટ અને મદ્રાસ સરકારે પસાર કરેલા એન્ડોર્સમેંટ એકટ વીગેરે કાયદાઓના ભોગ આપણે થવું પડશે તે સમજાવ્યું હતું, ત્યાર બાદ ધાર્મીક અને વ્યવહારીક કેળવણી બાબત પણ સારી ચરચા થઇ હતી. છેવટ કોન્ફરન્સની આવશ્યકતાના મુદા ઉપર વિશેષ વિવેચન કરવામાં આવ્યું હતું તે ઉપરથી કેટલાએક ભાઇઓએ એવી સુચના કરી હતી કે નગર જીલ્લામાં કોતુળ જેવા નાના ગામમાં અધિવેશન ભરાય તેના કરતાં

### અહમદનગરમાં કોન્ફરન્સની બેઠક

ભરવી ઘણી ઉપયોગી થઇ પડશે અને કોન્ફરન્સની બેઠક માટે તે શોભારપદ પણ જણાશે. આ ચરચા નીકળતાં ત્યાના શ્રી સંઘે ઉપરા ઉપર ૨-૩ બેઠકો ભરી અહમદનગરમાં આવતું અધિવેશન ભરવાનું સંઘના એક મતે નક્કી કરી ડેપ્યુટેશનને એ બાબત વિનંતી કરી આવતી બેઠક માટે આમંત્રણ આપ્યું હતું અને જે ડેપ્યુટેશનના આગેવાનોએ સ્વીકારવાનું કબુલ કરેલું હતું. ત્યાંના સંઘ આગળ અધિવેશન માટેનું ખરચ કેટલું કરવાની જરૂર છે તેમજ જુદા જુદા કામોની વેહેંચણી શી રીતે કરી શકાય અને બેઠકના કાર્યની બધી રૂપરેખા સમજાવવામાં આવી હતી કોન્ફરન્સની બેઠક આવતા કારતક માસમાં અગર ફાગણ માસમાં ભરાવવાનું સંઘે નકકી કર્યું હતું, લોકોમાં સારો ઉત્સાહ ફેલાયો હતો. આ રીતે નાગર જીલ્લાના પ્રવાસનું કામ યશસ્વી રીતે પુરૂં કરી કોન્ફરન્સના ઠરાવોના પ્રચારનું કામ યશસ્વી રીતે પુરૂં થયું હતું.

લેખક-મોતિલાલ ચુનીલાલ. પ્રાં. સે.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

TELEGRAMS:–
'HINDSANGHA'
'हिंदसंघ.'

૨૦ પાયધુની મુંબઇ, ૩.
પર્યૂષણ પર્વ. ૧૯૮૯.

## શ્રી જૈનસંઘ સમસ્ત યોગ્ય.

સવિનય નિવેદન કરવાનું કે સમસ્ત હિંદના જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવનારી આપણી આ જૈન મહાસભા જૈન કોન્ફરન્સ આજે વર્ષો થયાં જૈન કોમની સામાજીક, વ્યવહારિક અને ધાર્મિક પ્રગતિ સાધવાના ઇરાદાથી કાર્ય કરી રહી છે. આ સંસ્થાના અસ્તિત્વમાં આવ્યા બાદ આપણાં તીર્થો, આપણું સાહિત્ય, જીર્ણોદ્ધાર, પુસ્તકોદ્ધાર તથા નિરાશ્રિતોને મદદ આપવા અંગે ઘણું કાર્ય કરી ચુકી છે અને કરી રહી છે. આજે સમાજમાં જે જાગૃતિ અને વધતી જતી કેળવણી અને કેળવણી આપવામાં સહાયક નિવડનાર સંસ્થાઓનું વધતું જતું પ્રમાણ આપણે જોઇએ છીએ તે સંસ્થાના અનેક પ્રયાસો અને પ્રચારનું પરિણામ છે અને તેણે જૈનસમાજનાં માનસમાં અનોખું પરિવર્તન કેળવણીના વિષયમાં કર્યું છે. સંસ્થા હસ્તક સ્કોલરશિપો વિદ્યાર્થીઓને અપાય છે એટલુંજ નહિં પણ ધાર્મિક હરિફાઇની ઇનામી પરીક્ષાઓ લેવાય છે અને પાઠશાલાઓને માસિક મદદો આપવામાં આવે છે. આ સંસ્થાદ્વારા બનારસ હિંદુ યુનિવર્સીટીમાં જૈન ન્યાય અને તત્ત્વજ્ઞાનની જ્ઞાનપીઠ (જૈન ચેર) રૂા. ચાળીસ હજાર આપી સ્થાપવામાં આવી છે જેથી તે વિષયમાં અભ્યાસીને યોગ્ય શિક્ષણ મલી શકે.

**સુકૃત ભંડારી ફંડની** યોજના જે સંબંધી જૂન્નર અધિવેશનમાં થએલો ઠરાવ નીચે આપ્યો છે તે પ્રમાણે દરેક જૈન **બંધુએ અને બ્હેને ઓછામાં ઓછા ચાર આનાનો ફાળો દર વર્ષે આ સંસ્થાની ઓફીસમાં મોકલી આપવાનો છે.** આ ફંડની આવકમાંથી ખર્ચ બાદ જતાં બાકી રહેતી રકમનો અર્ધો ભાગ કેળવણીનાં કાર્યોમાં વપરાય છે અને બીજો અર્ધો ભાગ સમાજોન્નતિનાં કાર્યો અને નિભાવમાં વપરાય છે. જ્યાં સૂધી દરેક ગામના સંઘ તરફથી સારી મદદ નિયમિત મલતી ન રહે ત્યાં સુધી સંગીન કામ થઈ શકે નહિં એ સ્વાભાવિક છે, તેમજ સંસ્થાની આર્થિક હાલત સંગીન ન હોય ત્યાં સૂધી જરૂરી કાર્યો પણ હાથ ન ધરી શકાય એ પણ સ્વાભાવિક છે.

માટે ઉપરોક્ત કાર્યને પહોંચી વળવા માટે આપની આ એકની એક મહા સંસ્થાને આર્થિક પોષણ આપવું એ આપની અને સંઘ સમસ્તની પવિત્ર ફરજ સમજી આવતા પર્યુષણના પવિત્ર દિવસોમાં આપનો **સુકૃત ભંડાર** ફંડનો ફાળો અવશ્ય મોકલી આપી યથાશક્ય મદદ જરૂર કરશો. આ સંબંધે જૂન્નર અધિવેશનના ઠરાવ પર આપનું ધ્યાન ખેંચવા આ નીચે આપીએ છીએ.

"આ કોન્ફરન્સ એવો દૃઢ અભિપ્રાય ધરાવે છે કે "**શ્રી સુકૃત ભંડાર ફંડ**" ઉપર સમાજની દરેક જાતની કેળવણી અને અન્ય ખાતાઓનો આધાર છે અને તેથી દરેક જૈન બંધુ અને બ્હેનને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે દરેકે ઓછામાં ઓછા ચાર આનાનો ફાળો પ્રતિ વર્ષ સંસ્થાની ઓફીસમાં મોકલી આપવો."

"અત્યાર સુધી જે જે ગામ અને શહેરના શ્રી સંઘોએ પોતાનો ફાળો આપ્યો છે તેમને ધન્યવાદ આપે છે અને સમાજને પ્રતિવર્ષ પોતાનો ફાળો આપવા આગ્રહ કરે છે."

આ સુકૃત ભંડાર ફંડની યોજના આજ ઘણા વર્ષ થયા જૈન સમાજમાં જાણીતી છે એટલે વિશેષ માહિતીની જરૂર નથી. પ્રતિવર્ષ દરેક સ્ત્રી પુરૂષ ઓછામાં ઓછા ચાર આના સંસ્થાને મોકલી આપવા દૃઢ આગ્રહ રાખે તો આ સંસ્થા મારફતે ઘણું કાર્ય થઇ શકે તેવું છે અને એથી અમે શ્રી સંઘને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે વધારેમાં વધારે જે ફાળો આપ **સુકૃત ભંડાર ફંડમાં** મોકલી શકો તે જરૂર આવતા પવિત્ર દિવસોમાં એકત્ર કરી અમને મોકલી આપવા કૃપા કરશો.

લી૦ સંઘ સેવકો,

**શા. રણછોડભાઈ રાયચંદ ઝવેરી.**

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**

**રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.**

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhanji Street, Bombay 3 and Published by Mansukhlal Hiralal for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:—'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—**મોહનલાલ દલીચંદ દેશાઇ** બી. એ. એલએલ. બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ **રૂપીયા બે.** છુટક નકલ **સોઢ આનો.**

વર્ષ જુનું ૮ મું. નવું ૩ જું. | **તારીખ ૧ લી સપ્ટેંબર ૧૯૩૩.** | અંક ૮ મો.

**વિષય સૂચિ.**

| | | | |
|---|---|---|---|
| ૧ આ શાને માટે? ... ... | શ્રી. સુંદરલાલ કાપડીયા | ૬ આગામી મુનિસંમ્મેલન ... ... | શ્રી. 'ચી.' |
| ૨ ક્ષમાપના (અગ્રલેખ) ... | શ્રી. મ. હી લાલન | ૭ શત્રુંજયોદ્ધારક સમરસિંહ ... | શ્રી. ડાહ્યલાલ વે. મેહતા. |
| ૩ મહારાષ્ટ્ર કોન્ફરન્સનું અધિવેશન | શ્રી. મોતીલાલ ચુનીલાલ | ૮ પુસ્તક પરિચય ... ... ... | તંત્રી. |
| ૪ નોંધ ... ... ... ... | ચોકસી | ૯ જૈન જગત્ ... ... ... | પ્રકાશક. |
| ૫ જૈન એજ્યુકેશન બોર્ડ ... ... | " " | | |

—x०x—

## આ શાને માટે?

વૈદિક ધર્મ જેટલીજ સનાતનતાનો હક ભોગવનાર જૈનધર્મની આ પરિસ્થિતિ શાને માટે?

દિગન્તે પ્રસરી વિશ્વધર્મ થવાની લાયકાત ધરાવનાર ધર્મની આજ કેવી દુઃખદ સ્થિતિ!

સર્વધર્મમાન્ય અહિંસા અને સત્યના ઉન્નત સિદ્ધાન્તોના મહાન્ પ્રચારકના અનુયાયીઓની આટલી પતિત મનોદશા!

અનુપમ ધર્મ, કલા, સંસ્કાર, જ્ઞાન અને વૈભવના ચિરંતન સ્મારકો અને કીર્તિસ્તંભો સમા, ભારતના ગિરિશૃંગોને દીપાવતા તીર્થસ્થાનોનો વારસો મેળવનાર પ્રજાનું આજે ક્યાં સ્થાન છે!

જાતિભેદને અવગણી સંસ્કાર સમાનતાના ઉપદેશક મહાવિભૂતિઓના અનુયાયીઓમાં પંથેપંથ વાડેવાડા અને તડેતડ શાને?

સપ્તભંગી ન્યાય સમા વિશિષ્ટ તત્વજ્ઞાનના અભ્યાસીઓમાં સહિષ્ણુતાનો આટલો બધો અભાવ?

માન, મોહ, મત્સર ઇત્યાદિ આંતર રિપુઓનું ઉન્મૂલન કરવા કટિબદ્ધ થનાર મુમુક્ષુઓની કેવી શોચનીય અવસ્થા!

**ज्ञान क्रियाभ्याम् मोक्षः।** એ સૂત્રવાકયના ચુસ્ત ઉપાસકો અને જ્ઞાનપૂજામાં શ્રદ્ધા ધરાવતા જૈનોની જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાન દાન પ્રત્યે આટલી બધી ઉપેક્ષાનું કારણ લક્ષ્મી તરફ વધારે પડતો પક્ષપાત તો ન હોય!

'સવી જીવ કરૂં શાસન રસી' એ ભાવનાનો તારસ્વરે ઉદ્‌ઘોષ કરી, તેનીજ વિરૂદ્ધ પ્રવૃત્તિકરી, શાસનની હીલના કરવાનો કોયડો કોણ ઉકેલી શકે?

સંપ્રતિ, કુમારપાલ, વસ્તુપાલ, તેજપાલ વિમળશાહ ઇત્યાદિ સામ્રાજ્ય સ્થાપકો, શાસકો અને રક્ષકોના પુત્રોમાં પૂર્વજોના વારસા સાચવવા જેટલીય શકિતનો અભાવ?

કલિકાલસર્વજ્ઞ મહારાજાં હેમાચાર્ય અને અકબર પ્રતિબોધક હિરસુરિ સમા, જૈનધર્મનો વિજયવાવટો ફરકાવવા જીવનભર પ્રયત્નશીલ રહેનાર, યુગપ્રધાનોના સ્થાને અહમહ-મીકા' ના ઉપાસકોની, પદવી માટેની, કેવી હસનીય કુસ્તીઓ!

'શ્રેષ્ઠિન્' શબ્દથી સંબોધાતા વણિકો તે પદ માટે લાયક રહ્યાં છે ખરા?

પ્રિય જૈન બંધુ!

પ્રત્યુત્તર દઇશ કે—

**આ શાને માટે. ?**

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥
—श्री सिद्धसेन दिवाकर.

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

જૈન યુગ.
તા. ૧-૯-૩૩ શુક્રવાર

# ક્ષમાપના.

ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે,
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજઝં ન કેણઇ.
ખમાવું સર્વ જીવોને, સર્વે તે ક્ષમજો મને,
મિત્રતા સર્વ પ્રાણીથી, દ્વેષ ભાવ નહિ મને.

અહો! કેટલા ઉત્તમ વચનો, શું સુંદર ભાવના! શું મનોહર મંતવ્ય! ધન્ય છે, આ ઉત્કટ ભાવનાના સર્જક, અને તેને રગેરગ ઉતારી અન્યને એજ પ્રેરણાના અમૃત પાનાર પિતા મહાવીર ધન્ય છે તને! ઓ વિશ્વવંદ્ય ત્રિશલાનંદન! આ ઉચ્ચ ભાવનાના બીજ તેં માનવ માત્રના હૃદયમાં થોડે યા ઘણે અંશે ન ઉતાર્યાં હોત, તો માનવ માનવ મટી પિશાચ બન્યો હોત, તેમાં અન્યનું નિકંદન કાઢવાની ઝેરી વાસનાઓએ ઘર કર્યાં હોત, અને એ વાસનાઓથી લિપ્ત બની અનેક ભવ ભ્રમણનો ભાગી બન્યો હોત, પરંતુ 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એ મહાન્ નિર્ભેદ્ય પુષ્પની પરિમલ તેં સારાયે ભારત વર્ષમાં પ્રસારી, અને એ પરિમલની મનોહર સુવાસે મનુષ્ય હૃદયમાંથી ઝેરી વાસનાઓની જડ ઢીલી કરી.

પિતા મહાવીર! તારા પુત્રોએ તો એ અમૃતનાં પાન ગળથુથીમાંજ પીધાં છે, તારા પુત્રોએ ગર્ભાવાસમાં પણ એ 'સર્વ જીવ પ્રત્યે ક્ષમા' નાં અમોઘ વચનો પોતાની માતાઓ દ્વારા સુણ્યાં છે, અને જીવનમાં ઉતારવાના પ્રયાસો પણ સેવ્યા છે. પરંતુ કલિયુગના કારમા કાળમાં કહો કે વિતંડાવાદના વાતાવરણમાં કહો, એ ઉત્કટ ભાવના અંતરની ઉંડી લાગણીઓથી નહિ પણ બાહ્યાચારથીજ પ્રગટ કરાય છે, એ અમારા કમભાગ્ય છે!

આજે તારા પુત્રોએ દરવર્ષની માફક ફરી એકવાર **ખામેમિ સવ્વ જીવે**' ની ઘોષણા તારી સાક્ષીએ કરી હશે, બાહ્યાચારથી સર્વની ક્ષમા યાચવાના પ્રયત્નો પણ થયા હશે, પરંતુ 'ભાવ વિનાની ક્રિયા ફલતી નથી.' એ ન્યાયે નર્યો બાહ્યાડંબર કે બાહ્ય ક્ષમાયાચના જરા પણ અર્થસાધક નથી નીવડતી.

એ ઉચ્ચ ભાવનાને પોષવા માટે એને જીવનમાં ઉતારવા માટે જોઇએ છીએ હૃદયની વિશાળતા, અને અંતરનો આનંદ. આ બન્ને જ્યાં સુધી પરિપક્વપણે ક્રિયાની સાથે ભેળવવામાં ન આવે, ત્યાં સુધી એ પડિક્કમણું કે એ ક્ષમા યાચના કે એ પૈસાની ક્ષમા યાચનાની કંકોત્રીના કાગળો કદાપિ અંશ માત્ર પણ જીવનને એ માર્ગ તરફ લઇ જઇ શકે નહિ!

પ્રભો! આપે એ ક્ષમા યાચનાની ચાર લીટીઓમાં ભાવનાઓની જે વિશાળતા ભરી છે, સ્નેહોર્મીઓની લાગણી જે રીતે ઓતપ્રોત ગુંથી છે, અને જે રીતે એમાં માનનું મર્દન કરવામાં આવ્યું છે, એને જો અમો હીણભાગીઓ જરાપણ વર્તનમાં ઉતારીએ તો અમારૂં જીવન સફળતાઓનો અંશ પ્રાપ્ત કરી શકે એ નિઃસંશય છે.

પિતા મહાવીર! જ્યારે પાપાત્માઓને એમ લાગે છે કે અમારા પાપ અતિશય વધ્યાં છે, અમારો ઉગરવાનો એકે આરો પણ રહ્યો નથી ત્યારે પણ તેં આ પ્રાયશ્ચિતનું અમોઘ શસ્ત્ર તેઓને આપ્યું છે, અને એ પ્રાયશ્ચિતના અમોઘ શસ્ત્રવડે પોતાના દુષ્કર્મો કાપી મોક્ષને માર્ગે સંચર્યાના અનેક દાખલાઓથી તારાં શાસ્ત્રો ભરેલાં છે.

આજે અમો પણ આપના પવિત્ર ચરણોને શિરસા વંદન કરી અતિ દીનભાવે હૃદયની ઉત્કટ ભાવનાઓથી પ્રેરાઇ અમારા જીવનના પાપોને પ્રાયશ્ચિતના પવિત્ર પયથી પ્રક્ષાલી પાપમુક્ત પંથે પડવા પ્રેરાઇએ છીએ.

અમો આજે ક્ષણે ક્ષણે અમારા હૃદયમાં એ મહા મંત્રનું રમરણ કરીએ છીએ કે:—

ખમાવું સર્વ જીવોને, સર્વે તે ક્ષમજો મને,
મિત્રતા સર્વ પ્રાણીથી, દ્વેષ ભાવ નહિ મને.

—મ. હી. લાલન.

# મહારાષ્ટ્રીય જૈન શ્વેતાંબર પ્રાંતિક કોન્ફરન્સ.

## કાર્તિક માસમાં થનારૂં અધિવેશન.

અહમદનગરના શ્રી સંઘે આમંત્રણ આપવાથી કોન્ફરન્સ ઓફીસના કાર્ય કર્તાઓ ગઇ કાલે અત્રે પધારેલા હતા અને રાત્રે શ્રી સંઘની મીટીંગ બોલાવવામાં આવી હતી. તેમાં અનેક જાતના ઉહાપોહ થઇ કોન્ફરન્સ કાર્તિક માસમાં યોગ્ય સમયે ભરવાનું નક્કી થયું હતું. ત્યારબાદ આજે સવારે શ્રી સંઘોની બીજી મીટીંગ ભેગી થઇ હતી, તે વખતે કાર્તક વદ ૭-૮ ગુરૂવાર અને શુક્રવાર તારીખ ૯-૧૦ નવેમ્બર એ મુકરર કરવામાં આવ્યા હતા અને અધિવેશનનું કાર્ય ફતેહ મંદીથી પાર ઉતરે તે માટે સ્વાગત કમિટી, ભોજન કમિટી, ઉતારા કમિટી, પ્રચાર કાર્ય કમિટી, મંડપ કમિટી, સ્વયંસેવક કમિટી વધારાની સત્તા સાથે મુકરર કરવામાં આવી હતી. લોકોમાં સારો ઉત્સાહ ફેલાયો હતો અને દરેક કમિટીના કાર્ય કર્તાઓએ પૂર ઉત્સાહથી કાર્ય ઉપાડી લેવાનું કબુલ કર્યું હતું.

તા. ૨૮-૮-૩૩ લી. સેવક,

**મોતીલાલ ચુનીલાલ.**
સે. મહારાષ્ટ્રીય જૈન શ્વે કોન્ફરન્સ.

---

**સુધારો:**-આ અંકમાં "શત્રુંજયોદ્ધારક સમરસિંહના" લેખકનું ડાહ્યાલાલ વેલશી મહેતા લખાયું છે ત્યાં ડાહ્યાલાલ વેલચંદ મહેતા સમજવું. પ્રકાશક.

# નોંધ.

## પર્યુષણના વરઘોડા—

જૈન ધર્મમાં પ્રત્યેક ક્રિયા સાથે કોઇને કોઇ હેતુ જોડાયેલો હોય છેજ. મોક્ષ માર્ગના અંગભૂત જ્ઞાન દર્શન ને ચારિત્ર રૂપ ત્રિવિધ સાધનોમાંના એક યા એક કરતાં વધુનો ઉદ્યોત થતો હોય તોજ કરેલી કરણીના મૂલ્ય ગણાય છે. આ ગાપે માપતાં વરઘોડા કહાડવા કે રથયાત્રા ચઢાવવી એ દર્શન રૂપ ગુણનો વિસ્તાર કરવા બરાબર છે; પણ જ્યાંસુધી દેશકાળાનુસાર આપણી વિદ્યમાન પ્રથામાં ફેરફાર ન કરવામાં આવે ત્યાં સુધી એ હેતુ બર આવતો નથી એમ જરૂર કહી શકાય. એકજ ધર્મનો અનુયાયીઓ સાથે મળી એક સુંદર વરઘોડો ચઢાવવાને બદલે જુદા જુદા નાના મોટા વરઘોડા કહાડી નાના વર્તુળમાં વહેંચાઇ જાય એમાં જૈન શાસનનો જયકાર વર્તે છે કે એક બીજા વચ્ચે રહેલાં મતફેરનું દિગ્દર્શન થાય એ સહજ સમજાય તેવું છે. કચ્છીભાઇઓના એકજ દિને બે વરઘોડા ચઢે છતાં જુદા જુદા! એવીજ રીતે ગોડીજી ને લાલબાગના જુદા! આવા મોહ શા સારૂ? આપણો હેતુ એ દ્વારા જૈનેતરોમાં સમ્યક્ત્વની ભાવના પ્રસરાવવાનો અને એ દ્વારા જૈન દર્શનની પ્રભાવના વિસ્તારવાનો છે તેને બદલે લોકોમાં જુદીજ વાતો પ્રસરે છે! આપણા વચ્ચેના નજીવા મતફેરો જનતાની દૃષ્ટિએ મોટા પહાડ જેવા ગણાય છે! એથી તો "આ કરતાં પેલો સારો અથવા તો પેલાના સાજન કરતાં આમાં સાજન વધારે" ઇત્યાદિ સ્પર્ધાના વિષયો ઉદ્ભવે છે. કોણ કહેશે કે વરઘોડા ચઢાવવામાં આપણો હેતુ આવો છે?

## વરઘોડામાં વિવેકની જરૂર—

જૈન ધર્મના વરઘોડા બીજાનાથી જુદી છાપ પાડનારાજ હોય કેમકે એ ત્યાગ પ્રધાન દર્શન છે. પણ આજે એ વસ્તુ ભુલાઇ જવા લાગી છે. સાંબેલા શોભાવવા વસ્ત્રાલંકારનો ખપ પુરતો ઉપયોગ ઇષ્ટ ગણાય; પણ એથી આગળ વધી એ શોભાના નામે મોટરો પર ફુલોની સજાવટો કરવા માંડીયે એ તો જૈનત્વ અણછાજતુ ગણાય. તાત્વિક મુદ્દો ભુલી કેવલ સાંબેલાના આડંબરમાં અને એ સારૂ ગમે તેવા બેન્ડો આણી માત્ર ભોં ભોં કરવામાં રાચીશું તો સમજી રાખવું કે આપણે મૂળ ને છોડી ડાળને પકડવા લાગ્યા છીએ. આપણું ધ્યાન આજે તત્વ કરતાં આડંબર તરફ ઢળતું જણાય છે. શક્રેન્દ્ર સરખા જે શિબિકા ઉપાડવામાં ગૌરવ સમજતા તેને આપણે નહિંવત્ બનાવી ચળકતા રથને અતિ વધુ ગૌરવ આપી દીધું છે. ઘીની આવકના નામે આ વાતો કેટલાય ફેરફારો કરી નાંખી વરઘોડાના મૂળ પ્રસંગને વિચિત્ર બનાવી દીધો છે. ગમે તેમ વાગતી કાંસી કે કોઇ જાતના મેળ વગર લેવાતા દાંડીયા અને ધમ ધમ કરતું નગારૂં એ કઇ કળા દર્શાવે છે! એથી કુમારપાળભૂપની રથયાત્રાનો હેતુ સરે છે! રથયાત્રા ને વરઘોડાનું મિશ્રણ યુક્ત લાગે છે ખરૂં? એથી જૈનત્વની શી છાપ જૈનેતરો ઉપર પડે છે તે શું વિચારણીય નથી? સુંદર સંગીત ને વાજીંત્રો વગાડવામાં તાલબદ્ધતા હોય તોજ જનતાનું સાચુ આકર્ષણ થાય છે. ભલેને એવો યોગ ઓછો સાંપડે.

## કૉન્ફરન્સનું અધિવેશન—

શ્રી કેશરીયાજી તીર્થનો પ્રશ્ન દહાડે દહાડે ગહન બનતો જાય છે એટલે ખાસ કરી એ માટે અધિવેશન ભરવાનો પ્રસંગ ઉપલબ્ધ થાય એવો સંભવ છે. એ વેળા અત્યાર પૂર્વે અધિવેશન ભરવા સબંધમાં અને નિયમિતતા આણવા માટે તેમજ એને ઓછું ખર્ચાળ બનાવવા સારૂ જે લેખમાળાઓ પ્રગટ થઇ છે એ પરત્વે ખાસ ધ્યાન આપવા જેવું છે. જો સતત્ જાગ્રતિ ઇચ્છતા હોઇએ તો પ્રતિ વર્ષે અમુક માસમાં અધિવેશન મળવુંજ જોઇએ એવો ખાસ પ્રબંધ કરવોજ જોઇએ. ત્યારેજ કાર્ય કર્તાઓમાં કામ કરી બતાવવાનો ઉમંગ પ્રજ્વલિત રહી શકે. તોજ વર્ષ દરમીઆનના કાર્યોનું સાચું સરવૈયું કહાડી શકાય. તેથી અનુભવીઓને ખાસ ભલામણ છે કે બંધારણમાં જે કંઈ ઘટતી ફેરફારી કરવાની હોય તે તરફ ખાસ લક્ષ્ય આપે એનું અધિવેશન ભરાય ત્યારે તીર્થના પ્રશ્ન સાથે આનો પણ નિકાલ આણી ભાવિ કાર્ય સુલભ બનાવે.

## તીર્થ રક્ષક કમિટિ—

શત્રુંજય તીર્થના પ્રશ્ન વેળાજ આવી એક કમિટીની ખાસ અગત્ય જણાયેલી પણ એનુ નિરાકરણ થતાં વાત ખોરંભે પડી. આજે પાછી એ વાત બળવત્તર બનવા લાગી છે. આપણાજ બંધુઓ દિગંબર સાથના રોજના કલહ ને લઇને શ્વેતાંબર તીર્થ રક્ષક કમિટિ સ્થાપવાની ખાસ અગત્ય છે. આજે તો જૂદા જૂદા તીર્થોના વહીવટ જૂદી જૂદી રીતે જૂદા જૂદા હાથોથી થઇ રહ્યાં છે અને તેથી જેટલું બહારનાથી આપણને વેઠવું પડયું નથી તેટલું આવા આપણાજ અનભિજ્ઞ બંધુઓના હસ્તથી વેઠવું પડયું છે. વહીવટી જ્ઞાનના અભાવે ઉપરોક્ત પ્રકારની નાની કમિટિઓએ કેટલાય આપણા હક્કો પર જાણ્યે અજાણ્યે અને પોતીકા પ્રમાદ વડે કાયમને માટે લાલ લીંટા ફેરવાવી દીધા છે. આજે તેમનો દોષ સંભારવાથી બગડી સ્થિતિ સુધરવાની નથી. હવે તો ભૂલ્યા ત્યાંથી સવાર ગણી, આપણી રહી સહી તીર્થ ભૂમિઓ સબંધી અણમૂલી થાપણ સારી રીતે જળવાય તેવા દરેક યત્ન સેવવાના છે; અને તે મુરાદ બર લાવવાનો એકજ માર્ગ માત્ર પહેલી તકે તીર્થરક્ષક કમિટિની સ્થાપના કરવાનો છે. એમાં કાયદાનું જ્ઞાન ધરાવનાર પુરાતત્વના અભ્યાસી આદિ બુદ્ધિશાલી વર્ગ, શ્રીમંત વર્ગ અને સમયનો ભોગ આપી સેવા કરનાર વર્ગ દાખલ કરવા કે જેથી કાયદા-ધન અને સેવારૂપ ત્રિપુટીના સહકારમાં ખામી ન રહે. એ કમિટિ પહેલી તકે વિદ્યમાન દસ્તાવેજો-પુરાવા આદિનો સંગ્રહ કરે. નવા જુના લખાણો તપાસી તીર્થ ઇતિહાસ સંબંધી ખુટતા અંકોડા મેળવે અને એ રીતે લડતના મુદ્દાને બરાબર સંગીન બનાવે. આ સમયે આટલું પણ ન કરી શકયા તો યાદ રાખવું કે એક પછી એક પ્રત્યેક તીર્થમાં 'ધોંચ પરોણો' જેવી સ્થિતિ ઉભી થશે અને રહ્યો સહ્યો વારસો પણ ગુમાવવા વારો આવશે. માત્ર ફુરસદ વેળા કામ કરી આવવાના દહાડા વહી ગયા છે. હવે તો એવા કામ પાછળ ચોવીસ કલાકનો ભોગ આપનારા અને એવાઓને નિભાવનારાની જરૂર છે. તીર્થરક્ષણ માટે પ્રાણ પાથરનારા હતાં એમ પણ વાંચીએ છીએ તો આટલું શું આપણે માટે વધારે પડતું છે?

# એજ્યુકેશન બોર્ડ.

શ્રીમતી કોન્ફરન્સમા કેટલાક યશસ્વી કાર્યોમાં આ બોર્ડનું સ્થાન અગ્રપદ ધરાવે છે. એનું મુખ્ય કાર્ય જુદા જુદા મથકો એ યુનીવર્સીટીની માફક લેખિત પરિક્ષા લેવાનું છે. એ માટે જે ધાર્મિક અભ્યાસક્રમ નિયત કરાયેલો છે એ જરૂર પ્રશંસનીય છે. જો કે પૂર્વના અભ્યાસક્રમો કરતાં હાલનો કંઇક કઠીણ છે છતાં એટલું નિઃસંદેહ કહેવું જોઇએ કે એમાં જે જે ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને જુદી જુદી દ્રષ્ટિથી જે વિવિધતાની ગુંથણી કરવામાં આવી છે એ તરફ જ્યારે ઉંડુ લક્ષ્ય આપતાં સહજ જણાઈ આવે તેમ છે કે એ સર્વનો અભ્યાસી જૈન દર્શનનો સારો જ્ઞાતા જરૂર નિવડી શકે. વ્યવહારિક કેળવણીના ધોરણો માફક આમાં પણ સાત ધોરણો રખાયેલાં છે. વળી કેટલાકમાં પેટા વિભાગ પણ છે. ઉપરાંત નારિજાતિ માટે કેટલાક અંશે સરળતા આવશ્યક ધારી અભ્યાસક્રમમાં ઉચિત ફેરફાર પણ કરેલો છે. પાસ થનારની ઉત્તેજના અર્થે પ્રમાણપત્ર ઉપરાંત પારિતોષિકની ગોઠવણ રાખી, જૈન ધર્મનું જ્ઞાન સમાજમાં અવિશેષ ફેલાય એ હેતુથી એક પ્રકારની સુંદર ગોઠવણ યોજી છે એમ કહીએ તો અજુકતું નથી.

કોન્ફરન્સના શીરે ગમે તેમ ગુસ્સાનો ફેંકાય છતાં એ સંસ્થાનું આ એકજ કાર્ય ધર્મજ્ઞાન વિસ્તારવા અર્થે કેટલું આવશ્યક ને જરૂરી છે અને એ દ્વારા હિંદના જુદા જુદા પ્રાંતોમાં કેવા ઉમદા સંસ્કાર પાડવામાં આવ્યા છે એનો જો સરવાળો મૂકવામાં આવે તો ભાગ્યેજ એની હોડમાં જૈન સમાજની અન્ય કોઇ સંસ્થા ટકી શકે તેમ છે.

આ પરિક્ષાનો લાભ હિંદના લગભગ સિત્તેર મથકોએ લેવાય છે છતાં વસ્તીના પ્રમાણમાં એ આંક અલ્પ ગણાય. એ સંબંધમાં આંદોલન કરવાની ખાસ આવશ્યકતા છે. પ્રત્યેક જૈન, ભલે પછી વિદ્યમાન પક્ષોમાંના એકમાંનો હોય, કિંવા તટસ્થવૃત્તિ ધારી હોય,—છતાં એટલું તો ઇચ્છે કે પોતાના સંતાનમાં સ્વધર્મનું જ્ઞાન જરૂર હોવુંજ જોઇએ. આ ઇચ્છા વધારે પડતી નથીજ. સંતાનના હિતવત્સલ માબાપો તો કેમ સ્વપ્રજા ધર્મ સંબંધી જ્ઞાનમાં નિષ્ણાત બને એ અવશ્ય વાંછે અને એ સારૂં સ્વશક્તિ અનુસાર સગવડતા પણ કરી આપે. જ્યારે વ્યવહારિક કેળવણી આ ભવપુરતી હોવા છતાં એની અગત્ય માટે બે મત જેવું નથી, તો પછી આ આત્માને અતિ ઉપયોગની, અને ભવાંતરમાં પણ જે લાભદાયી છે એ માટે પ્રમાદ કેમ સેવી શકાય? 'જ્ઞાન વિના પશુ સારિખા' એ શ્રી વીરના વાકયને કેમ સ્મૃતિમાંથી ભુસી શકાય! આજે આપણે જે ક્રિયામાં નિઃસતા અનુભવીએ છીએ, વળી કેટલીક વેળા જે એમાં અજ્ઞાનતા દ્રષ્ટિગોચર થાય છે અને કોઇ કોઇ વેળા એ કરણીનો અર્થજ નથી તારવી શકાતો એનું જો કોઇપણ કારણ હોય તો તે એજ છે કે એમાં શું રહસ્ય રહેલું છે એ જ્ઞાનથી સાવ કરનાર વંચિત હોય છે. ટુંકમાં કહીએ તો સંસ્કાર બળથી વિધિ-વિધાન અસ્તિત્વ ટકાવી શકયા છે છતાં એમાં જે જ્ઞાનનો પ્રકાશ હતો એ ઉડી ગયો છે. એટલે આજે એ કરણીઓમાંની ઘણી ખરી શુષ્ક લાગે છે. વળી સમજ વગરની કરણીમાં ગતાનુગતિકતા આવે અને તે પર વહેમના પડળ વળગે એમાં નવાઇ પણ શી હોય તેથી તો 'જ્ઞાન વિના ક્રિયા કહી કાશકુશુમ ઉપમાન' અથવા તો 'જ્ઞાની શ્વાસોશ્વાસમાં કઠીણ કર્મ કરે ખેહ; પૂર્વ કોડી વર્ષો લગે અજ્ઞાને કરે તેહ' જેવા વચનો પૂર્વ પુરૂષોને વદવા પડયાં છે.

આ બધાનું તાત્પર્ય એટલુંજ છે કે જૈન સમાજે હવે કુંભકર્ણની નિદ્રાને ખંખેરી, 'જ્ઞાન' જેવા અમૂલ્ય ધન પ્રતિ સાચી ભક્તિ ખીલવવાની જરૂર છે. એ જ્ઞાન કિંવા આપણા ધર્મના મૂળભુત તત્વોનું મુદ્દાસર ભાન-આપણા દરેક સંતાનમાં ઉગવુંજ જોઇએ એવો કડક નિયમ સ્વીકૃત કરાય તો જૈન સમાજમાં એક જબરૂં પરિવર્તન નિર્માય. જ્ઞાન માટે સચોટ અભિરૂચીપ્રગટવાની જરૂર છે. યાદ રાખવું કે માત્ર ક્રિયાથી કંઇજ વળનાર નથી. જ્ઞાનપૂર્વકની કરણી અવશ્ય મુક્તિ જેવું અપૂર્વ ફળ આપવાવાળી છે. જ્ઞાની તો કહીજ રહ્યા છે કે-'પહેલું જ્ઞાન ને પછી દયા' તો પછી એજ્યુકેશન બોર્ડના અભ્યાસક્રમનો લાભ લેનાર સંખ્યા જુજ કેમ રહે? ભાગ્યેજ કોઇ શહેર જડી આવે કે જેનું નામ મથકની નામાવલિમાં ન દેખાય! ધાર્મિક અભ્યાસ વગર પરમાત્માના સુંદર તત્વોનું રહસ્ય હરગીજ નહિં સમજાય. પરિક્ષાનો અભ્યાસક્રમ મેળવી એકવાર અનુભવમાં ઉતારો એટલે સમજાશે કે જૈન ધર્મની વિશિષ્ટતા શાને આભારી છે!

—લેo ચોકસી.

## વડોદરા યુવક સંમેલન—

સ્વo વિજયધર્મસુરિની જયંતિ જેવા પ્રસંગે જુદા જુદા સમયધર્મી મંડળોના પ્રતિનિધિઓ વડોદરાના આંગણે એકત્ર થાય એ ધન્ય પ્રસંગ ગણાય. ભાવિ પ્રશ્નોના ઉકેલમાં યુવાનોએજ વિસ્તૃત ફાળો આપવાનો છે એટલે તેઓ આવા યોગો પ્રાપ્ત કરી માત્ર શાબ્દિક ચર્ચામાં સમયને ન વીતાવી દેતાં કોઇ સંગીન કાર્ય સાધે તોજ પરિશ્રમ સાર્થક્ય ગણાય. ભલે ને એ કાર્ય નાના પાયાપન્નું હોય. મોટા કાર્યોની શરૂઆત નાનેથીજ હોય છે. ઘટાદાર વૃક્ષના મૂળ તો અલ્પજ હોય છે ને? જરૂર તો આજે રચનાત્મક કાર્યની છે. જે કાર્યની પાછળ જનતાનું પીઠબળ હોય છે તેને ફળીભુત થતાં વિલંબ થતોજ નથી. સંખ્યાબંધ તરંગી ભાવનાઓમાં ઉડવા કરતાં બે પાંચ અમલી કાર્ય માટે કમર કસવામાં આવે તો એની છાપ પડયા સિવાય નજ રહે. એકદમ પાટલી પુત્ર સર કરવા જનાર ચાણુકયને વૃદ્ધ ડોસીએ આપેલી શિખામણ આજની ઘડીએ યુવકોએ પણ યાદ રાખવાની છે.

પ્રથમ આજુબાજુના પ્રદેશો સર કરતાં જઇ, બળ સંગઠીત કરવું અને પૂર્ણ સંગીનતા જણાય ત્યારેજ મુખ્ય હાથા પર હલ્લો કરવો. તોજ વિજય પ્રાપ્તિ સંભવે. યુવકો માટે આટલો ઇસારો.

—લંડન ખાતે ગઇ તા. ૩ જી એ યોર્ક શાયરની ૨૩ વર્ષની અંગ્રેજ યુવતી મીસ્સ જેસ્સીપો પારકરને ગંગાજળ અને બીજી ક્રિયાઓથી પવિત્ર કરીને હિન્દુ ધર્મમાં લેવામાં આવી છે. તેનું નામ ફેરવીને મીસ જાનકીબાઇ રાખવામાં આવ્યું છે.

—પં. જવાહરલાલજી જેલમાંથી છુટકારો થતાં લખનૌ તેમનાં માતુશ્રીની ગંભીર માંદગીને અંગે જઇ પહોંચ્યા છે. તેમના પત્નિની પણ તબીયત સારી નથી. કુમારી ઇન્દુમતિને પુનાથી તારથી બોલાવ્યા છે.

# આગામી મુનિસંમેલન.

મુનિસંમેલન કાર્યસાધક કેમ બને, તેની સમક્ષ કેવા અને કેટલા બળતા પ્રશ્નો નિકાલ યા સમાધાન માટે પડયા છે અને તેની કાર્યસાધકતા અબાધિત કેમ રહે અને તે કેમ વિકસે તેનો વિચાર આપણે કરીએ.

મુ૦ પુણ્યવિજયજીએ સાધુઓની બાંધી મૂઠી ખુલ્લી કરી નાંખી છે; રૂઢિચુસ્ત સાધુઓ જેઓ શાસ્ત્રના નામે આડંબર કરે છે, તેમજ તેમના દરેકે દરેક કૃત્ય માટે જે શાસ્ત્રનો હવાલો આપે છે તેઓ આજે ક્યાં ઉભા છે તેનું તેમણે દિગ્દર્શન કરાવ્યું છે. આપણા સાધુસંઘનું એ આછું પાતળું ચિત્ર છે.

તો ગૃહસ્થ સંઘ પણ ક્યાં ઉભો છે તેનું જરા દિગ્દર્શન કરીએ. આપણે શ્રાવકોમાંથી કેટલાક સમકિત સહિત બાર વ્રત અંગીકાર કરીએ છીએ; તેનું યથોચિત પાલન આપણે કેટલું કરી શકીએ છીએ તેટલું પરમાત્માની સાક્ષીએ આપણા અંતરને પૂછીએ. આજે આપણામાં નીતિ જેવું કાંઇ નથી, આજે આપણામાં માત્ર ક્રિયાકાંડનેજ પ્રાધાન્ય છે, આજે આપણે ધર્મના નામે દંભ કરીએ છીએ, આજે આપણામાં સામાન્ય સદ્‌ગૃહસ્થમાં જે લક્ષણો હોવાં જોઇએ તેમાંના ઘણાં આપણામાં નથી, આ વસ્તુનો સ્વીકાર કરવામાં આપણને જરાપણ શરમ નજ હોય. આવા આપણામાંથી સાધુઓ થાય છે; આપણાં નીતિનાં ધોરણ, ગ્રહસ્થાઇનાં ધોરણ આદિથીજ સાધુઓ પોતાનાં વ્રત-ચારિત્રનાં ધોરણજ માપેને? આપણા ગૃહસ્થ સંઘનું આ રેખાચિત્ર છે.

પણ આપણે ગમે તેટલા નીચા ઉતર્યાં હોઇએ તેમ છતાં જો આપણામાં પ્રમાણિકતા હોય, આપણને આપણી ત્રુટિઓનો ધર્મના નામે બચાવ કરવા ન ઇચ્છતા હોઇએ તોજ આપણે આપણી સ્થિતિથી નિરાશ થવાનું જરાપણ કારણ નથી; આપણે ભૂલ્યા ત્યાંથી ફરી ગણવાની શરૂઆત કરીએ તો આપણે જરૂર તેમાં વ્યવસ્થિતતા લાવી શકીશું.

મૂળ વાત એમ છે કે ભ૦ મહાવીરનો આદર્શ સાધુજીવન માટે અને તેમના દશ શ્રાવકનો આદર્શ ગ્રહસ્થ જીવન માટે આપણને મળ્યાં; આપણે તે બંને આદર્શ જાળવી ન શકયા. આપણે તે જાળવી ન શકયા તે આપણી નિર્બળતાને કારણેજ; પરંતુ તે નિર્બળતાનો સ્વીકાર કરવાને બદલે કાળબળના બહાને આપણી નિર્બળતાનો બચાવ કર્યો. આમ આપણે આપણી પોતાની જાત, કોમ અને જગતને છેતર્યાં; બધાની આંખે પાટા બંધાવ્યા; પરિણામ એ આવ્યું કે સાધુ અને ગ્રહસ્થ એ બંનેનાં ચારિત્રના આદર્શ એટલાં ઉતરી ગયાં છે કે દરેક પોતપોતાની મનસ્વી રીતે વર્તન કરીએ છીએ; અને એ મનસ્વી વર્તનનો બચાવ ચારિત્રના નિયમનોથી ન થઇ શકે તો છેદસૂત્રનો અને તે દ્વારા ન બની શકે તેમ હોય તો ચરિતાનુયોગમાંના અનુકૂળ દૃષ્ટાંતોનો ઉપયોગ કરી તેનો હવાલો આપી દઇએ છીએ. આટલે સુધી જવાની આપણી તૈયારી છે; આજના ગ્રહસ્થ અને સાધુસંઘના માનસનું આ પ્રતિબિમ્બ છે.

હજી પણ ભુલ્યા ત્યાંથી ફરી ગણવાની આપણી તૈયારી હોય, આપણે દંભ છોડી પ્રમાણિક બનવા ઇચ્છતા હોઇએ તો સાધુ અને ગૃહસ્થના આદર્શ ફરી રચવાની આવશ્યકતા છે; ભ૦ મહાવીર અને તેમના દશ શ્રાવક એ આપણે માટે દીવાદાંડી તુલ્ય છે, પણ નિર્બળતાના કારણે આપણે તેટલે સુધી ન પહોંચી શકીએ; એ વાતનો સ્વીકાર કરી જે સામાન્ય નીતિનિયમનો, વ્રતનાં નિયમનો, અતિચારનાં નિયમનો આપણે વસ્તુતઃ આચારમાં મૂકી જેનો અમલ કરી શકીએ તેની નવેસર રચના કરીએ; જૂનાં રૂપને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર નવાં રૂપ આપીએ. જે વસ્તુ શાસ્ત્રના પાને ચઢી હોય તે મૂળ આદર્શ ભલે રહે, પરંતુ વ્યવહાર અને આચારમાં જેનો આપણે અમલ ન કરી શકતા હોઇએ તેનો સ્વીકાર કરી તેનું રૂપાંતર કરવામાં બાધ નથી. આપણો મૂળ આદર્શ અને નવા નિયમનમાં અસંગતતા રહે ખરી, આપણું વ્રતપાલન મોળું કહેવાય ખરૂં; પરંતુ તેમાંથી દંભ અને છેતરપીંડીનો લોપ થાય તે ઇષ્ટ છે. આપણે જેવા હોઇએ તેવા પ્રયત્ન કરવામાંજ આપણી શોભા છે, પ્રમાણિકતા છે. આપણી નિર્બળતાનો આપણે શાસ્ત્રના નામે બચાવ ન કરવામાં આપણે દંભ અને છેતરપિંડીનો ત્યાગ કરી શકીએ છીએ.

આપણી મૂળ ભૂલ ક્યાં છે તે જરા જોઇએ. આપણે ધર્મ અને વ્યવહાર જુદાં માની લીધાં છે. ધર્મ એ આત્માનો મૂળ ગુણ છે; વ્યવહાર એ તેની બાહ્ય જરૂરિયાત છે. દરેકે દરેક જીવને જીવનમાં કોઇને કોઇ પ્રસંગ એવો ઉપસ્થિત થાય છે કે જ્યારે તે ધર્મની આવશ્યકતા સ્વીકારે છે અને તેનો અમલ કરવા પણ પ્રયત્ન કરે છે. આપણે ધર્મ અને વ્યવહારને જુદાં ન માની લીધાં હોત તો આપણાં જીવન અસમંજસ ન થયાં હોત. આપણે ધર્મને ધાર્મિક જગ્યાઓમાં ક્રિયાકાંડ પૂરતું જીવનમાં સ્થાન આપ્યું અને વ્યવહાર માટે સર્વ દ્વાર ખુલ્લાં રાખ્યાં, આમ આપણે સગવડિયો ધર્મ બનાવી લીધો; પરિણામ એ આવ્યું કે ધર્મી માણસ એટલે સામાન્યતઃ વ્યવહારમાં બહુજ કુશળ; જ્યારે વ્યવહારમાં સરળ માણસ ક્રિયાકાંડની થોડી ઘણી ઉપેક્ષા કરતો જણાય તો તે અધર્મી. આપણા આચાર વ્યવહારમાં, જીવન પ્રણાલીમાં આપણે ધર્મનો આમ છેદ ઉડાવી દીધો અને તેને માત્ર ધાર્મિક સ્થાનો પૂરતો અનામત રાખ્યો છે, આત્મામાં મૂળ ગુણ રૂપે ધર્મ પડેલો છે, તેને જાગ્રત રાખવા માટે વ્યવહાર પણ શુદ્ધ હોવો જોઇએ તે તરફ આપણે દુર્લક્ષ્ય રાખ્યું અને હજી પણ રાખીએ છીએ; અને તેમાંજ હજી પણ કૃતકૃત્યતા સમજીએ છીએ. આમ ભ૦ મહાવીરના દશ શ્રાવકોનાં જીવન આપણાં જીવન એ વચ્ચે મોટો અખાત આવી ગયો છે.

આપણો ભૂતકાળ ગમે તેટલો ગૌરવશાળી હોય, ભૂતકાળની અનેક સંપત્તિ ભલે આજે આપણી પાસે હોય, પરંતુ આજે આપણે ભુતકાળની મૂડી પર જીવી શકીએ તેમ રહ્યુંજ નથી. હા, કદાચ એક દશકો અને વધારેમાં વધારે એક પચ્ચીસી હજી પણ જીવી શકીએ તેની ના નથી, પરંતુ કાયમ માટે હવે તેમ રહેવાનું નથી. આ વસ્તુ સત્ય જણાતી હોય, આપણને આપણી અનેક ત્રુટિઓનું ભાન આવતું હોય, શાસ્ત્રાનુસાર કે મૂળ આદર્શ અનુસાર આપણાં જીવન વ્યવહાર નથી તેની પ્રતીતિ થતી હોય તો હવે આપણે આત્મ વંચના, કોમ વંચના, જગવંચના તજી દઇએ. આપણે વ્યવહારને પણ ધર્મમાં સ્થાન આપીએ; આપણે ચારિત્રનાં ધોરણ જરા ઉંચે

ચડાવીએ; આજે જેટલા આચાર વ્યવહાર પાળી શકીએ તેટલાની યોજના કરીએ, અને તે જૂનામાંથી હોય તો ત્યાંથી લઇએ અને કેટલાક જૂનામાં હોય તેનું પરિવર્તન કરી લઇએ. આમ કરીને તદનુસાર જીવન વ્યવહાર ચાલે તેમાં પણ દંભ ન પેસી જાય તે માટે પૂરતો પ્રબંધ કરીએ.

ઉપરની વસ્તુસ્થિતિ સાધુ અને શ્રાવક એ બંને વર્ગના માટે છે; શ્રાવકના માર્ગાનુસારીના ૨૧ ગુણ, બાર વ્રત વ્યવહારનું વર્તન આદિ નવેસર યોજીએ તો અને વ્યવહારનું ધર્મમાં સ્થાન યોજીએ તો શ્રાવકનાં નીતિ અને વ્રતનાં ધોરણ ઉચ્ચ બને અને સાધુઓ પણ આપણામાંથીજ થતા હોવાથી તેજ ક્રમે સાધુઓ પોતાનાં નિયમનો અને વ્રતોનાં ધોરણ પણ ઉચ્ચ બનાવે.

પ્રાચીન વ્યવહાર તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર માર્ગાનુસારીના એકવીશ ગુણની યોગ્યતા જોઇ બાર વ્રત અપાતાં; આજે તો આપણે કોઈ પ્રકારની લાયકાત જોયા વિના પાંચ મહાવ્રત આપવા તૈયાર છીએ. જૈન ધર્મનાં શાસ્ત્રોએ કદી પણ માનસ શાસ્ત્રને ઉંચું મૂક્યું નથી; તેનાં વ્યવહાર, નીતિ, વ્રત, મહાવ્રત, ગુણસ્થાન તહેવાર આદિનો વિચાર કરીએ તો તેનાં માનસ શાસ્ત્રનો ઉંડો અનુભવ જણાઇ આવે છે. આપણે આજે માનસ શાસ્ત્ર, આરોગ્ય શાસ્ત્ર, રાજકરણ શાસ્ત્ર અને અન્ય શાસ્ત્રોને અભરાઇ પર મૂકી માત્ર બધુંયે ધર્મમાં લાવી મૂકી ખૂબ ગોટાળો ઉભો કર્યો છે. દરેક શાસ્ત્ર પોતપોતાના સ્થાન પર રહ્યું હોત અને તેનો સમન્વય ધર્મ સાથે થયો હોત તો આપણો વિકાસ થયોજ હોત; પણ આપણે બીજાં શાસ્ત્રો અભરાઇ પર મૂકી માત્ર ધર્મના નામે દરેક વસ્તુ ચઢાવી દઇ ખૂબ ગોટાળો વહોરી લીધો છે. મનુષ્ય જીવનમાં વિકાસ કાંઇ કુદકે ને ભૂસકે થતો નથી; તેને માટે રાજમાર્ગ ડગલે ડગલે આગળ વધવાનોજ છે. કેટલાંક દ્રષ્ટાંતો એવાં પણ હોય કે જે ડગલે પગલે આગળ વધવાને બદલે કુદકા મારી પોતાનું અને પરનું કલ્યાણ કરી શક્યાં હોય; પરંતુ સામાન્ય વ્યક્તિઓ માટે તો પગથિયાંનુસાર પ્રગતિ કરવાનુંજ ધોરણ હોય.

આપણા વ્યવહારમાં આપણે નીતિપરાયણ બનીશું, આપણે ધ્યેયને નીચા ઉતારવાને બદલે આપણાં ચારિત્ર માટે આપણી નબળાઇ સ્વીકારવા તૈયાર થઇશું, આપણે જેવા છીએ તેવાજ દેખાવા ઇચ્છીશું, આટલી પ્રમાણિકતા આપણે જ્યારે સ્વીકારીશું ત્યારેજ આપણો વિકાસ શક્ય થવાનો છે.

આગામી મુનિસંમેલન સમક્ષ આ કોયડો પડેલોજ છે; તેને ફેંકી દેશે તો કાલે તે વિકરાળ સ્વરૂપે હાજર થશેજ; આજે તેનો નિકાલ કરીશું તો તેટલી શુદ્ધિ વહેલી થવી શરૂ થશે; તેની ઉપેક્ષા કરીશું તો તે વધુ કદરૂપો બનશે અને જ્યારે તે સુધારવા હાથમાં લઇશું ત્યારે અનેક વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

લિ૦ 'ચી.'

---

**નર્મદ શતાબ્દી:**—આ પ્રસંગ નિમિત્તે શ્રી. હરસીદભાઇ દીવેટીઆના પ્રમુખપણા નીચે એક ભવ્ય સભા રોયલ ઓપેરા હાઉસમાં ગુરૂવાર તા૦ ૨૪-૮-૩૩ ના રોજ મળી હતી જેમાં કવિશ્રીના જીવન ઉપર જુદા જુદા વક્તાઓએ વિવેચન કર્યાં હતાં.

# " શત્રુંજયોદ્ધારક સમરસિંહ. "

## ( એક દ્રષ્ટિપાત )

આપણી પાસે અઢળક દોલત હોય, સાધનો હોય, સત્તા હોય, છતાં તીર્થોનો ઉદ્ધાર આપણાથી થઇ શકતો નથી. તીર્થ એટલે જેના આલંબનથી આપણે ભવજળ તરી શકીએ તેને તીર્થ કહેવાય. શત્રુંજય 'એ' એવુંજ એક મહા તીર્થ છે. જૈન સમાજમાં એ સર્વોપરિ તીર્થ ગણાય છે. અનાદિ કાળથી એ તીર્થનું અસ્તિત્વ આપણે શ્રદ્ધાથી માનીએ છીએ. ભક્તિભાવથી પૂજી તેની રજ મસ્તકે ચઢાવીએ છીએ. છતાં તેના ઉદ્ધારકોના ઇતિહાસ તરફ તો આપણે અનભિજ્ઞજ અત્યાર સુધી રહ્યા છીએ: જે તીર્થને આપણે આપણા હૃદય મંદિરમાં સર્વોપરિ સ્થાન આપીએ છીએ, તેના ઉદ્ધારકોના પરિચયથી અનભિજ્ઞ રહેવું એ કૃતઘ્નતા છે. આ બાબત તરફ ઇતિહાસ પ્રેમી તેમજ વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું હોય તેમ જણાય છે. શત્રુંજયના સોળ મહાન ઉદ્ધારકો થઇ ગયા તેમાં સમરશા અથવા સમરસિંહ પંદરમા ઉદ્ધારક હતા. તેમનું જીવનચરિત્ર નોવેલના રૂપમાં રા. મકાતિએ ગુંથ્યું છે. સમરસિંહનું જીવન રા. ધીરજલાલ ટોકરશી શાહના તંત્રીત્વ નીચે પ્રગટ થતા જૈન જ્યોતિ માસિકમાં હપ્તે હપ્તે પ્રગટ થએલ છે. તેને પુસ્તક આકારે છપાવી જ્યોતિ કાર્યાલય તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. આમાં રા. મકાતિએ ખુબ જેહમત ઉઠાવી છે. ઇતિહાસના પડદા પાછળ અને ભુતકાળના ખુબ ઉંડાણમાં સર્ચલાઈટ ફેંકી સમરસિંહના જીવનના પ્રસંગોને એકત્રિત કરી રસપૂર્વક વાંચી શકાય તેવું સર્જન અતિ વિકટ છે, જીવન વિકાસ માટે અનેક પ્રસંગો સાંપડે છે, પણ એ પ્રસંગોનો સદુપયોગ તો કોઇક વિરલાજ કરે છે. સમરસિંહ તેવો વિરલ આત્મા હતો. તેનામાં યુવાનીનો તનમનાટ, કર્તવ્ય પરાયણતા અને રાષ્ટ્ર તેમજ ધર્મ માટે કુરબાની આપવાની જ્વલંત જ્યોતિ જળહળતી હતી. રા. મકાતીએ આવા એક પાત્રને બહાર લાવી જૈન સાહિત્યકારો માટે દિશા સુચન કર્યું છે, એટલુંજ નહિ પણ સાહિત્યમાં અનોખી ભાત પાડી છે. જુદાં જુદાં પ્રકરણોદ્વારા તેમાં ખુબ રંગ પૂરવામાં આવ્યો છે. સમરસિંહની દ્રઢ પ્રતિજ્ઞા, અલપખાન જેવા યવનનો મિત્રપ્રેમ તેમજ પ્રતિજ્ઞાપાલન, મૃણાલનો વ્હાલસોયો પતિપ્રેમ, પવિત્ર તીર્થનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી બ્રહ્મચારિણી રહેવાની આર્ય નારીની અડગ પ્રતિજ્ઞા, વગેરે વસ્તુ ગુંથણી, પાત્રની ખીલવણી ઠીક પ્રમાણમાં થઇ છે. ઉદ્ધારના સમય સુધી કૌમાર્યવ્રત લેનાર મૃણાલની સખી વિલાસના પાત્રને ઉગ્યું તેવુંજ આથમ્યું કરી નાખ્યું છે. તેના પાત્રને વધુ સફળ રીતે ખીલવી રા. મકાતી આધુનિક આજીવન કૌમાર્ય ઇચ્છતી જૈન બાળાઓ સામે એક સુંદર આદર્શ રજુ કરી આજીવન કૌમાર્યવ્રત એ પાશ્ચિમાત્ય નથી પણ પ્રાચિન આર્યત્વના ગૌરવરૂપ મહાનવ્રત છે એમ બતાવીને આર્યનારી કૌમાર્યવ્રત લઇ શકેજ નહિં એવા સમાજના રૂઢીચુસ્ત માનસને એક ટકોર કરી શકતે.

હરામખોર તૈયબની હરામખોરી એકધારી રીતે લેખક વર્ણવી શક્યા છે પણ આ બધાં ઐતિહાસિક પાત્રો છે. તેને તો યોગ્ય ન્યાય આપવોજ રહ્યો. લેખકની કલમ જ્યારે કસ્તુરચંદ કાકા મોંઘી શેઠાણી અને ચિ૦ મણીયા તરફ વળે છે, ત્યારે સમાજમાં પંચાણું ટકા ઘર કરી બેઠેલી

અંધ શ્રદ્ધા, મિથ્યાભિમાન, 'આગેસે ચલી આતી હય' અને હમ બડેની મનોવૃત્તિ તરફ આપણું ખાસ ધ્યાન ખેંચાય છે. છસો પચીસ વર્ષપરના સંબંધ સાથે આલેખાયલાં આ પાત્રોના પ્રેત અત્યારના સમાજમાં ઘેર ઘેર વળગી બેઠાં છે. ધર્મ શું અને અધર્મ શું ? એ નહિ સમજતાં અજ્ઞાન પત્નિ અને પુત્રને શિખામણ આપતા, અમુકજ પ્રતિમાને પોતેજ પહેલી પુજા કરે, નહિતર દેવ સમક્ષ પૂજારીને મારી નાંખવાની ધમકી આપતા, ચૌદશ કે આઠમના દિવસે કારેલાં-ને ઝોળીમાંના કેળાં તરીકે ઓળખાવી ધર્મી તરીકે ખપવાનો ડોળ કરતા, દેવગુરૂનો સદુપદેશ નહિ પણ ફક્ત પતાસાં કે શ્રીફળની પ્રભાવના પાછળ ધસડાતા, સંઘ સમુદાયમાં શાક-ભાજીની મારકેટ કરતાં વધુ ઘોંઘાટ અને અવ્યવસ્થા કરી મૂછપર વળ દેતા, નોકારશી કે જમણવારમાં 'કોના બાપની દિવાળી' કરી અઢળક એંઠવાડ કરતા અને સમતાના કારણે કરવામાં આવનારાં સામાયિકને પ્રચલિત રૂઢી માફક કરી મૂકતા અનેક વૃધ્ધોને જ્યારે વડિલ-શાહી ચલાવતા જોઇએ છીએ ત્યારે જરૂર કસ્તુરચંદ કાકાનું પ્રેત સમાજને ઘેરી રહ્યું છે એમજ લાગે. નોકારશીમાંથી સાડલાની ઓથે છોકરાઓ માટે મિષ્ટાન્ન લાવતી અને પ્રભાવનામાં પોતાના પુત્રની માંગણી કરતી સ્ત્રીઓને જોઇ મેંઘી શેઠાણી નજર સમક્ષ ખડી થઇ જાય છે. શેઠ શેઠાણીના પાત્રથી લેખકે આપ મેળે બની બેઠેલા વડિલ વર્ગનો આપણને બહુ સારો ખ્યાલ આપ્યો છે.

સંઘવી કોને કહેવાય ? સંઘવી કોણ થઈ શકે ? સંઘવીનું કર્તવ્ય શું ? વગેરે બાબતો પણ ઠીક ચર્ચવામાં આવી છે. આજના સંઘવીઓમાં અને તે વખતના સંઘવીઓમાં ઘણોજ તફાવત દૃષ્ટિગોચર થાય છે. પહેલાંના સંઘવીઓ જ્યારે સંઘ-સત્તાને સર્વોપરિ ગણતા હતા તેની આજ્ઞાને તીર્થંકરની આજ્ઞા તુલ્ય માની શિરોધાર્ય કરતા હતા, ત્યારે આજના પૈસાના જોરે બની બેઠેલા સંઘવીઓ સંઘની ખુલ્લી અવગણના કરે છે. એટલુંજ નહિ પણ તેને હાડકાનો માળખો કહેતાં પણ અચકાતા નથી. આવા સંઘવીઓને લેખકે તેમની જવાબદારીનું ભાન કરાવી સંઘવીનું બિરૂદ શૌર્યવાન હિંમતવાન અને સંઘ રક્ષકનેજ શોભે તે બતાવી આપ્યું છે. સંઘ શું છે ? અને તેમાં તે વખતે કોણ કોણ બેસતા ? વગેરે પ્રશ્નો પણ ખૂબ સારી રીતે છણવામાં આવ્યા છે એકંદર શત્રુંજયોદ્ધારક સમરસિંહમાં આજના સમાજનાં સળગતા ઘણા પ્રશ્નોનો ખુબ અચ્છો ચિતાર આપ્યો છે. આવાં પુસ્તકોદ્વારા સમાજના પ્રભાવિક ઐતિહાસિક પાત્રોને બહાર લાવવાં એ અત્યંત જરૂરી છે. આપણા સમાજમાં અનેક વિદ્વાનો છે, લેખકો છે, ઇતિહાસતત્વ મહોદધિઓ છે. તેઓ ધારે તો આવા પ્રભાવિક પુરૂષોને ભૂતકાળના પડદામાંથી બહાર લાવી. સમાજ સમક્ષ ધરી શકે.

**—ડાહ્યાલાલ વેલશી મહેતા.**

---

**યુવક પ્રતિનિધિઓની સભા**—વડોદરા મુકામે યુવક સંસ્થાઓના પ્રતિનિધિઓની જે સભા મળવાની છે, તેનું કામકાજ તા. ૨-૯-૩૩ શનીવારના રાત્રિના આઠ વાગાથી શરૂ થશે, એમ જાણવામાં આવ્યું છે. દરેક યુવક સંસ્થા-ઓએ પોતાના બબ્બે પ્રતિનિધિઓ ચુંટી મોકલવાના છે.

**જયંતિ**—શ્રી વિજયધર્મસુરિજી મહારાજની જયંતિ ભાદરવા શુદ ૧૪ તા. ૩-૯-૩૩ રવિવારના રોજ વડોદરા મુકામે ઘણાજ ઠાઠમાઠથી ઉજવવામાં આવશે.

# પુસ્તક પરિચય.

**શ્રી. શ્વે. સ્થા. શિક્ષણ પરિષદ્‌ના પ્રમુખનું ભાષણ**—પ્ર૦—ગા. ડાહ્યાલાલ મહેતા અને ડો૦ વૃજલાલ મેઘાણી મુલ્ય એક પૈસો. અજમેર મુકામે થોડા વખત પહેલાં ભરાયેલી આ પરિષદના પ્રમુખ શ્રી જિનવિજયે આપેલ વ્યાખ્યાન ઉપયોગી વિચાર આપે છે, તે મનન કરવા યોગ્ય છે. જુદા જુદા સંપ્રદાયો વચ્ચે મેળ સાંધી શકનાર વસ્તુ શિક્ષણ છે. ખરૂં જ્ઞાન એજ જૈન તપ છે. શ્રી મહાવીરના તપનો અર્થ માત્ર દેહદમન નહિ પણ પૂર્ણતાની પ્રાપ્તિના ઉદ્દેશથી યથાર્થ દૃષ્ટિ પૂર્વક આચરવાના ત્યાગના નિયમો છે. તેમાં એક બાજુ સમ્યગ જ્ઞાન, અને બીજી બાજુ સમ્યક્ ચારિત્ર છે. ક્રિયા કાંડ એટલે બાહ્ય આચાર તે સમ્યક્ ચારિત્રની ભાવનામાંથી ફુલમાંથી સુવાસની પેઠે વિના પ્રયત્ને જન્મેલ હોય તો તે અધ્યાત્મિક છે. વિદ્યા તે સમ્યગજ્ઞાન ત્યારે બને જ્યારે તે અધ્યાત્મિક થાય. સાચી વસ્તુ નિર્ભય અને નિષ્પક્ષ બની કહેનાર નીકળે ત્યારે સત્ય બહાર આવે તેમ છે. સમાજની જવાબદાર વ્યક્તિઓએ ખુશામતી વાતાવરણની મનોદશામાંથી મુક્ત થઇ વિનય અને સમભાવ સાથે સમાલોચના કરવી જોઇએ. વિદ્યા-શિક્ષણની ન્યૂનતાનો ઇતિહાસ લાંબો છે. મૂળપુરૂષની શ્રુત વિદ્યાને જૈન ભિક્ષુઓએ જેટલી વિકસાવી છે તેના કરતાં અનેક ગણી વધારે બૌદ્ધ ભિક્ષુઓ અને બ્રાહ્મણોએ વિકસાવી છે, વળી જૈન ફિર-કાઓ અને નાના મોટા ફાંટાઓનો ઇતિહાસ એટલે મોટે ભાગે નજીવાં વિધિ વિધાનો અને અકિંચિત્કર ક્રિયાઓના મતભેદોનો ઇતિહાસ. આ સાથે એ વાત સાચી છે કે હિંદમાં સામાન્ય પ્રજાના જીવનમાં નૈતિક વિકાસ આણવાની બાબતમાં જૈન ભિક્ષુગણનો સંતોષકારક ફાળો છે. અંગ્રેજી યુગ પહેલાંની કેળ-વણી તે સાધુ સંઘની કેળવણી હતી; તે યુગ આવતાં દૃષ્ટિ-કોણ-પરિસ્થિતિ બદલાયાં, શિક્ષણ માત્ર અધ્યાત્મિક ન રહ્યું. શ્રાવક સમુદાય અર્થ અને કામ માટેની વ્યાવહારિક કેળવણી લેવા દોરાયો અને અનેક સંસ્થાઓ સ્થપાઇ. આજે વસ્તુ-સ્થિતિ એ થઇ છે કે વિદ્યાર્થીઓ વધી પડ્યા છે ને તેને પહોંચી વળી શકાતું નથી, અને દાયજામાં સંપત્તિ લાવનાર કન્યાના કરતાં ભણેલી અને સંસ્કારી કન્યાને વધારે પસંદગી મળે છે.

વિદ્યાની બાબતમાં ત્યાગીઓની વર્તમાન સ્થિતિ ઉતરતી પાયરી પર છે. ત્રણે ફિરકાના પૂજ્ય ગુરૂઓમાં જે સારામાં સારા વિદ્વાન ગણી શકાય તેના કરતાં વ્યાવહારિક અને ધાર્મિક બંને વિદ્યાઓમાં તેમના ગૃહસ્થ શ્રાવક વિદ્વાનો કદાચ ચડી જાય એવા મળી આવે ખરા. શુષ્ક ક્રિયાકાંડમાંજ રાચી ભક્તિના સ્વાદમાં પોતાની ફરજ ત્યાગીઓ ચુકશે તો તેમના સ્થાન પરથી પદભ્રષ્ટ થશે. યતિવર્ગની સ્થિતિ તેનું ઉદાહરણ છે.

ચાલુ સંસ્થાઓની આર્થિક સ્થિતિ બરાબર સારી નથી. ધાર્મિક પાઠ્યક્રમની મુશ્કેલી કાંઇક છે તેનો નિકાલ કરી શકાય તેમ છે. ખરી અને મોટામાં મોટી મુશ્કેલી સારા ગુરૂ-અધ્યા-પક-શિક્ષકની છે. તેવા અધ્યાપક ઉપર આખી સંસ્થાનું મહત્વ છે. આપણા વિદ્યાર્થી પોતાનાં ધર્મનાં તત્વો, હિંદની ભાષાઓ સમજવા પરદેશ જાય એ અક્ષમ્ય છે. એવા અધ્યા-પકની પસંદગી કરી તેમની પાસે અભ્યાસ કરાવવામાં આવે

તો પરદેશ વિદ્યાર્થીને જવું ન પડે. બીજું બધી સંસ્થાઓનું નિરિક્ષણ અને નિયમ થાય તે માટે નિષ્ણાત શિક્ષિતોનું એક સંચાલક મંડળ જોઇએ. શિક્ષણ ક્રમમાં ફેરફાર થવો જોઇએ. સાધુ સાધ્વીઓ વ્યવસ્થિત ઉચ્ચતમ અને ઉપયોગી અભ્યાસ કરી શકે એમ કરવું આવશ્યક છે. પુસ્તક ભંડારો ને કેંદ્રસ્થ કરવાં ઘટે. આ સાથે ઔદ્યોગિક શિક્ષણની વ્યવસ્થા કરી તે માટે નિષ્ણાત વર્ગ પેદા કરી લેવો જોઇએ.

છેવટે રચનાત્મક કામની રૂપરેખા વ્યાખ્યાતા બતાવે છે કે આપણી પાસે જે બધાં સાધન છે તેને એક સૂત્રમાં ગોઠવી કામ લેવા માટે સેવાદલ ઉભું કરવા મહાત્માજી જેવી વ્યક્તિ ન મળે ત્યાં સુધી બે કે ત્રણ અનુભવી, કેળવેલ અને માત્ર વિદ્યા ઉપાસક ભાઇઓને ચુંટી કાઢી તેમના હસ્તક આખા સમાજનું શિક્ષણ તંત્ર સોંપી દેવું, તેને સાધુ વર્ગ સલાહ આપે, અને ઉપયોગી યોજનાઓ ઘડી કાઢી અમલમાં મૂકે કે જેથી એક વર્ગ સુંદર અધ્યાપકોનો પ્રીન્તી ફાધર અને નન જેવો ઉભો થાય ને તે દ્વારા શિક્ષણ સંસ્થાઓ ચલાવી શકાય.

આખું વ્યાખ્યાન વિચાર ઉત્પન્ન કરાવે તેવું મનનીય અને રસપ્રદ છે, તે અથથી ઇતિ સુધી ત્યાગીઓ અને ગૃહસ્થો વાંચી વિચારી જશે.

**केसरियाजी तीर्थका इतिहास** સં. —ચંદનમલ નાગોરી પ્ર. સદ્‌ગુણ પ્રસારક મિત્ર મંડળ છોટી સાદડી. કિં. બાર આના.

હમણાં કેસરિયાજી તીર્થમાં પંડયાજીએ ઝઘડો ઉત્પન્ન કર્યો છે અને ઉદયપુર રાજ્યના દિવાન સાહેબે જે વલણ લીધી છે, તે પરથી જૈનો વિરૂદ્ધનો મામલો ગંભીર બન્યો છે. તે વખતે આ પુસ્તક નીકળે છે એ અવસરોચિત છે. તેમાં મુખ્યપણે જૈન તીર્થની ઐતિહાસિક ઘટનાઓ અને હકીકતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે જે આ તીર્થ માટે સારો પ્રકાશ પાડે છે. આમાં ઓઝાજીએ રાજપૂતાનાકે ઇતિહાસમાં આ તીર્થ સંબંધી જે જણાવ્યું છે તે સર્વ જણાવ્યું હત અને તેમાં દિગંબર ભાઇઓના શિલાલેખના ઉલ્લેખ કરેલ છે તે સંબંધી અજવાળું પાડયું હત તો વધારે સારૂં થાત. અંગ્રેજી ફરાનું સંશોધન બરાબર નથી થયું. પૃ. ૫૮ પર 'શ્રીમાન્ અકબર બાદશાહને યહ દસ્તાવેજ સંવત ૧૯૩૫ મેં જૈનાચાર્યજી (હીરવિજયસૂરિ) કો લિખદી' તેમાં સંવત ૧૯૩૫ નો ખોટો ભૂલથી છપાયો છે. સંવત ૧૬૩૫ થી ૧૬૫૨ સુધીમાં કોઇ સંવત જોઇએ. એકંદરે શ્રીયુત ચંદનમલ નાગોરીએ સારો પરિશ્રમ લઇ બની શકે તેટલી હકીકત મેળવી સંગ્રહિત કરી છે તે માટે તેને અમે અભિનંદન આપીએ છીએ.

**શ્રી પ્રભુ ચરણે**—પ્ર૦—ભાયાણી હરિલાલ જીવરાજ કાપડિયા ભાવનગર પૃ. ૬૪ કિં. ચાર આના. રા. ભાયાણી એક આત્માર્થી સજ્જન છે, પોતે સ્થાનકવાસી સંપ્રદાયમાં જન્મેલા છતાં જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં ત્યાં તે સમજવાનો વ્યાજબી દાવો કરી શકે તેમ છે. આમાં શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથમાંથી રાયચંદભાઇનાં કાવ્યો, અને થોડા અધ્યાત્મકથનો ભેગા કરી છપાવ્યાં છે, તે કાવ્યો એક પુસ્તકમાં જેને જોઇતાં હોય તેને આ પુસ્તક પૂરાં પાડે છે અને છપાઇ પણ જાડા કાગળ પર સુંદર છે.

**શ્રી અધ્યાત્મ મહાવીર તથા શ્રી પર્યુષણપર્વ ક્ષમાપના**—પ્ર૦ ઉપર પ્રમાણે પૃ. ૬૪ કિં. ૭ આના. આમાં બે વસ્તુ છે. પ્રથમનો અધ્યાત્મ મહાવીરનો લેખ રા. ગોકુળદાસ નાનજી ગાંધીનો છે, તેમાં પ્રકાશકે રંગ પૂરેલ છે. રા. ગોકુળદાસના લેખો ઘણાં વર્ષો પહેલાં અધ્યાત્મને લગતા જૈન પત્રમાં આવતા અને તે વિષય પર તેમનો ઘણો પ્રેમ તે વખતમાં જણાતો. હાલમાં ઘણા વખતથી તે જુદી વ્યવહારિક પ્રવૃત્તિમાં પડી ગયા છે તેથી આધ્યાત્મિક રસવાળા લેખો તેમની પાસેથી સમાજે ગુમાવ્યા છે. આપણા પૂજ્ય મહાન્ આત્માના ચરિત્રને અધ્યાત્મિક સ્વરૂપ આપવાનો પ્રયાસ રામાયણ પરથી અધ્યાત્મ રામાયણ થયેલ છે તે આપણને વિદિત છે. આ એક નવીન અલ્પ પ્રયાસ છે, અને 'આધ્યાત્મિક અર્થપદ્ધતિરૂપ આ લેખ સૂક્ષ્મબુદ્ધિદ્વારા તેમણે દોરેલ છે' એમ પ્રકાશક જણાવે છે. બીજી વસ્તુ તે મુનિ શ્રી કાનજીસ્વામીનું વ્યાખ્યાન છે. ક્ષમાપના શી ચીજ છે? પર્યુષણને અંતે સંવત્સરિક ક્ષમાપનામાં શું રહસ્ય છે એ સૂત્રના પ્રમાણ અને પોતાના આત્માર્થયુક્ત વકતવ્યથી શ્રોતાના હૃદયમાં ઠરી જાય એ રીતે સમજાવેલ છે. મારે આ સ્વામીજીનો પરિચય થયો છે અને અનેક વ્યાખ્યાનો સાંભળવાનો લાભ મળ્યો છે તે પરથી નિઃશંક ભાવે કહી શકું કે મેં અન્યનાં પણ અનેક વ્યાખ્યાનો સાંભળ્યાં છે પણ આ વ્યાખ્યાનોની વિશિષ્ટતા એ છે કે તે આત્માર્થને ભજે છે. આ નાનો ગ્રંથ આત્માર્થી ભાઇબ્હેનોને ખાસ વાંચી વિચારી જવા જેવો છે. —તંત્રી.

## જૈન જગત્.

**પર્યુષણા પર્વની સમાપ્તિ:**—મંગલકારી શ્રી પર્યુષણા પર્વ નિર્વિઘ્ને પસાર થયાં છે, સાંવત્સરિક પ્રતિક્રમણને અંગે માત્ર શ્રી સાગરાનંદસૂરિજી શિવાય અન્ય સઘળા આચાર્યોએ શુક્રવારના રોજ પ્રતિક્રમણ કર્યું છે, જ્યારે માત્ર સાગરાનંદજીએ શુદ ૩ ને ગુરૂવારના રોજ પ્રતિક્રમણ કર્યાનું જાણવામાં આવ્યું છે.

**ચેતવણી:**—"સમય ધર્મ" તા. ૨૭-૮-૩૩ માં જણાવવામાં આવ્યું છે કે પાલીતાણામાં શ્રી શત્રુંજયના ડુંગર ઉપર શ્રી પૂજની ટુંકને નામે ઓળખાતી જગા છે, જ્યાં દહેરી તથા એકાદ બે ઓરડા છે, અને જ્યાં પાર્શ્વનાથ પ્રભુના પગલાં તથા પદ્માવતીજીના પણ પગલાં આદિ હતાં, ત્યાં હાલમાં એક હનુમાનજીની મૂર્તિ પણ બેસાડી દેવામાં આવેલ હવે તે જગા જીર્ણ થવાથી પગલાં વિગેરે બીજે સ્થળે લઇ જતાં તેની સાથે હનુમાનજીની મૂર્તિને પણ લઈ જઇ બીજે સ્થળે બેસાડવામાં આવ્યા છે. અને તેની રોજ બ્રાહ્મણ પૂજા થાય છે. વળી ત્યાં એક બાવો જે પોતાને નેમવિજયજીનો શિષ્ય જણાવે છે, તે ધામા નાંખી પડયો છે. અને તે બાવો ત્યાં શંખ વગાડે છે, મોરપીંછ લાવે છે, અને આસપાસ પોતાના ભક્તોનું ટોળું જમાવે છે, એટલુંજ નહિ પણ રાતવાસો પણ ત્યાંજ રહે છે. આણંદજી કલ્યાણજીની પેઢીએ આ બાબતની તુરત તપાસ કરી યોગ્ય પગલાં ભરવાં જોઇએ, નહિતર નાની ભુલના ભવિષ્યમાં ભયંકર પરિણામ આવશે

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhanji Street, Bombay 3 and Published by Mansukhlal Hiralal for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA.' Regd. No. B 1916.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

卐

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ ... આનો

વર્ષ જુનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧ લી નવેમ્બર ૧૯૩૩. | અંક ૯-૧૦-૧૧ અને ૧૨.

વિષય સૂચિ.


૧ નવીન વર્ષની શુભાશીષ... ... ... તંત્રી.
૨ પ્રભુ સ્તુતિ ... ... ... ... તંત્રી.
૩ મહારાષ્ટ્ર પ્રાંતિક કૉન્ફરંસ...મોહનલાલ બી. ઝવેરી.
૪ જૈન પાઠશાળાઓને મદદ... ...મંત્રી, એ. બોર્ડ.
૫ નોંધ ... ... ... ... તંત્રી.
૬ અવલોકન ... ... ... ... તંત્રી.
૭ આગામી ધાર્મિક પરીક્ષાઓ ... એ. બોર્ડ.
૮ પરિષદ્ કાર્યવાહી નોંધ... કૉન્ફરંસ ઑફિસ.
૯ મહારાષ્ટ્રીય જૈન કૉ. અધિવેશન, અહમદનગર.
૧૦ શ્રી કેશરીયાનાથજી તીર્થ ઓર મેવાડ રાજ્ય (આત્માનંદ જૈન સભા-પંજાબ).


## નવીન વર્ષની શુભાશીષ.

આખા હિન્દમાં ગયું વર્ષ જોઇયે તેવું સુખકર નિવડયું નથી-અનેક ઉપાધિ, સંકટ, મંદી, બેકારી વગેરેમાંથી હિન્દ પસાર થયું છે અને આ બેસતું વર્ષ તેથી વધારે સારૂં, સુખકારી, આરોગ્યપ્રદ, પ્રાણદાયક અને ચેતનાપ્રેરક નિવડો એમ આપણે સૌ ઇચ્છીશું.

—તંત્રી.

## પ્રભુ સ્તુતિ.

(યા ઇલાહી મિટ ન જાયે દર્દદિલ એ રાહ).

હે પ્રભુ! તારી દયાની આશ છે, તારી કરૂણામાં રહ્યો વિશ્વાસ છે,
દુઃખી ભટકે કૈં જીવો ઉદાસ છે, લાખો બંધાઇ આશમાં નિરાશ છે;
આંખો રડે છે ને મુકે વિશ્વાસ છે, શરણું બધાને એક તારૂં ખાસ છે,
ખાનદાની ના ખરી આભાસ છે, અંધારૂં ચારે પાસ ના ઉજાસ છે;
જ્યાં જ્યાં જુઓ ત્યાં મોહના અભ્યાસ છે, તારી કૃપાથી શાંતિમાં આવાસ છે.

—તંત્રી.

उदधाविव सर्वसिन्धव; समुदीणस्त्वयि नाथ ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥
—श्री सिद्धसेन दिवाकर.

અર્થ:—સાગરમાં જેમ સરિતાઓ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.


# જૈન યુગ.

તા. ૧-૧૧-૩૩ બુધવાર.


## મહારાષ્ટ્ર પ્રાંતિક કૉન્ફરન્સ.

હમણાંજ તાજેતર સમાચાર મળે છે કે પ્રસિદ્ધ વીરાંગના ચાંદબીબીના નામ સાથે જોડાયેલા અહમદનગર શહેરમાં મહારાષ્ટ્રીય જૈન પ્રાંતિક કૉન્ફરંસનું પાંચમું અધિવેશન શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢાના પ્રમુખપણે તા. ૯–૧૦ નવેમ્બર ૩૩ ના રોજ થશે. શ્રીયુત ગુલાબચંદજીની કારકીર્દિ કૉન્ફરંસ સાથે મૂળથીજ જોડાયેલી છે અને તેમણે કૉન્ફરંસને વિવિધ પરિસ્થિતિમાંથી સફળ રીતે પસાર થતી આજ દિન સુધી જોઈ છે અને તેમાં તેમનો સારો ફાલો છે એ નિર્વિવાદ છે એ જોતાં પ્રમુખપદ માટેની એમની વરણી ખાસ અનુમોદનને યોગ્ય છે, અને એમના નેતૃત્વ નીચે અધિવેશન જરૂર સફળતાને પ્રાપ્ત કરશે.

મહારાષ્ટ્રીય બંધુઓમાં છેલ્લા કેટલાંક વર્ષો થયાં ઠીક ઠીક જાગૃતિ આવી છે અને વિશેષ આવતી જાય છે. એમનો જુસ્સો ખરેખર સ્તુત્ય છે. પોતાના પ્રદેશમાં, જૈન બંધુઓમાં જોઇએ તેટલા પ્રમાણમાં ધાર્મિક તેમજ વ્યવહારિક કેળવણી નથી તે તેઓને સાલે છે અને એ ત્રુટી દૂર કરવા તેઓ પ્રયાસો યથાશક્તિ કરી રહ્યા છે. જુન્નરના ચિરસ્મરણીય શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસનાં અધિવેશન પછી તેઓએ જુન્નરમાં ધાર્મિક શિક્ષણ માટે પાઠશાળા સ્થાપી છે અને થોડા સમય બાદ તેમણે તે પાઠશાળાનો વિકાસ કરી ગુરૂકુલમાં પરિવર્તન કર્યું છે. વળી તે સ્થળે તેમણે એક પુસ્તકાલય પણ સ્થાપ્યું છે. એજ પ્રમાણે જૈન દ્રષ્ટિએ અગત્યના મહારાષ્ટ્રના કેંદ્રોમાં તેઓ અનેક પ્રયત્નો આદરી રહ્યા છે. ખરેખર જ્ઞાનારાધન માટે તેમની પ્રવૃત્તિઓ ધન્યવાદને પાત્ર છે.

કેટલાકને કદાચ ખબર ન હોય કે મહારાષ્ટ્રનાંજ જૈન બંધુઓનો મ્હોટો ભાગ અસલ ગુજરાતમાંથીજ ત્યાં જઈ વસેલો છે. તેઓ ત્યાંના વર્ષોના વસવાટ છતાં પોતાની માતૃભાષા પ્રત્યેની એકનિષ્ઠતા ભૂલ્યા નથી અને ઘરમાં તેમજ શાળાઓમાં ગુજરાતી ભાષા બોલવા તથા શિખવા હમેશ તેમને આગ્રહ રહે છે વળી ગુજરાતિઓની લાક્ષણિક વૃત્તિ જે વ્યાપાર તથા શરાફી છે તેને તેઓ મહારાષ્ટ્રમાં પણ વળગી રહ્યા છે. અને તે દ્વારા ત્યાં તેઓ સમાજમાં અગ્રગણ્યપદ ભોગવે છે.

ઘણા ઉત્સાહી બંધુઓ પાસે સાંભળ્યું છે કે જો જૈનોમાં સારૂં સંગઠન થાય તો રાજકીય ક્ષેત્રમાં પણ દેશની દ્રષ્ટિએ બહુ મહત્વનો ભાગ તેઓ ભજવી શકે. જૈનોનાં આ દિશામાં વ્યક્તિગત પ્રયાસો આ માન્યતાનું સમર્થન કરે છે.

આ રીતે મહારાષ્ટ્રીય બંધુઓ પર જૈન સમાજ ઘણી આશાઓ બાંધી શકે એમ છે તો પોતાના આ અંગને સારી રીતે અપનાવી લેવાય તો જૈન સમાજ બહુ સારૂં બળ તથા પ્રોત્સાહન મેળવી શકે.

છેવટે અહમદનગરનાં એ અધિવેશનને અંતઃકરણ પૂર્વક સફળતા ઇચ્છીશું. **—મોહનલાલ બી. ઝવેરી.**

## જૈન પાઠશાળાઓને મદદ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી પ્રતિવર્ષ જૈન પાઠશાળા-કન્યાશાળાઓને ફંડના પ્રમાણમાં મદદ અપાતી રહી છે. ગત વર્ષમાં ફંડના અભાવે તે આપી શકાઇ ન્હોતી પરંતુ તે માટે યોગ્ય સ્થળેથી મદદ મેળવવા પ્રયાસો ચાલુ હતા અને તેનાં પરિણામે **શ્રી ગોડીજી પાર્શ્વનાથજી મહારાજના જૈન શ્વે૦ દેરાસરજી** તરફથી તે કાર્ય માટે રૂા. ૨૦૦) બસોની રકમ તથા શ્રીયુત **મોહનલાલ હેમચંદ ઝવેરી** તરફથી રૂા. ૧૦૦) મળતાં અરજીઓ માંગવામાં આવી હતી.

કુલ મલી ૩૨ પાઠશાળાઓની અરજીઓ મળી હતી તે વિચારી મેનેજીંગ કમીટીની તા. ૧૩–૮–૩૩ ની સભામાં નીચેની પાઠશાળાઓને દરેકને રૂા. ૨૪)ની વાર્ષિક મદદ આપવા ઠરાવવામાં આવેલ છે.

(૧) શ્રી મુક્તિવિજયજી જૈન કન્યાશાળા, બોરસદ (૨) શ્રી મહુધા જૈન પાઠશાળા, (૩) શ્રી ધનચંદ્રસૂરિ જૈન પાઠશાળા, થરાદ (૪) શ્રી કઠોર જૈન પાઠશાળા (૫) શ્રી આમોદ જૈન શ્વે. પાઠશાળા. (૬) શ્રી જૈન શ્રાવિકા ઉદ્યોગશાળા, અમદાવાદ (૭) શ્રી મોતીવિજયજી જૈન પાઠશાળા, ધીણોજ. (૮) શ્રી ભુવનવિજયજી જૈન પાઠશાળા, દેવગાણા. (૯) શ્રી કડી જૈન પાઠશાળા. (૧૦) શ્રી વિજયનેમીસૂરિ જૈન પાઠશાળા અને કન્યાશાળા, મહુવા. (૧૧) શ્રી ટાણા જૈન પાઠશાળા. (૧૨) પંન્યાસ મણી વિજયજી જૈન પાઠશાળા સાલડી અને (૧૩) શ્રી સલુંબર પાઠશાળા (મંત્રીઓને યોગ્ય જણાયેથી).

ફંડના અભાવે ઘણી પાઠશાળાઓને મદદ આપી શકાઈ નથી. પાઠશાળાઓ ધાર્મિક જ્ઞાન પ્રચાર માટેજ હોય છે અને તેમાં આપણી કોમનાંજ બાળક-બાળિકાઓ શિખે છે. આપણી વસ્તીના પ્રમાણમાં પાઠશાળાઓ ઘણીજ ઓછી છે અને જે છે તે નજીવી મદદ પણ નહિં મળવાથી બંધ થઈ જાય છે અથવા તો સંતોષકારક રીતે પ્રગતિ કરી શકતી નથી. આપણી કોમની આ સ્થિતિ ખરેખર વિચારણીય છે. શ્રીમંતો તથા કેળવણીપ્રિય બંધુઓ જરૂર આ તરફ લક્ષ આપશે અને આ કાર્ય માટે પોતાથી બનતી મદદ મોકલી આ ઉત્તમ કાર્યને અવશ્ય ઉત્તેજન આપે એમ ઇચ્છીશું.

**—મંત્રી, એજ્યુકેશન બોર્ડ.**

# નોંધ.

## જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ.

જે ગ્રંથની આશા ઘણાં વખતથી રખાતી હતી અને જેને છાપતાં લગભગ ત્રણ ઉપરાંત વર્ષો મુદ્રણ પ્રેસે લીધાં તે ગ્રંથ થોડા દિવસમાં બંધાઇને બહાર પડનાર છે. તેમાં નિવેદન, પ્રોફેસર કેશવલાલ કામદારની લખેલી પ્રસ્તાવના, સાંકેતિક અક્ષરોની સમજ, ચિત્ર પરિચય અને વિષયાનુક્રમનાં ૧૭૬ પૃષ્ઠ ઉપરાંત બીજાં ૮૩૨ પૃષ્ઠોમાં જૈન સાહિત્યનો ઇતિહાસ આપ્યો છે અને ત્યારપછી ૧૮૮ પૃષ્ટમાં તે સંબંધીની ૨૩ અનુક્રમણિકાઓ આપી છે. પછી ૩૯ પૃષ્ટમાં શુદ્ધિ અને વૃદ્ધિ પત્રક આપેલ છે. કુલ ૧૨૫૬ પૃષ્ઠ છે. વળી સાઠેક ચિત્રો આપ્યાં છે.

આ ગ્રંથમાં આઠ વિભાગ પાડયા છે અને દરેક વિભાગમાં સાત પ્રકરણો છે એટલે કુલ છપન પ્રકરણમાં આખો ગ્રંથ વહેંચાયો છે. પ્રથમ વિભાગ શ્રીમન્ મહાવીર પ્રભુ અને તેમનાં આગમો સંબંધી છે, બીજો વિભાગ પ્રાકૃત સાહિત્યનો મધ્યકાલ અને સંસ્કૃત સાહિત્યનો ઉદયકાલ નામે છે તેમાં અશોક, સંપ્રતિ, ખારવેલ, કાલકાચાર્ય આદિની ઘટના, ઉમાસ્વાતિ, સિધ્ધસેન દિવાકર-યુગ, વિમલસૂરિ, મથુરાના સ્તૂપો અને મથુરા પરિષદ્, ગુપ્ત અને વલભી સમયના મલ્લવાદી જિનભદ્ર ક્ષમાક્ષમણ આદિ આચાર્યો અને તેમના ગ્રંથો, હરિભદ્ર યુગ, ચાવડાના સમયનાં આચાર્યો–સિધ્ધર્ષિસૂરિ આદિનો સમાવેશ થાય છે. ત્રીજા વિભાગમાં સંસ્કૃત સાહિત્યનો ઉત્કર્ષ બતાવેલ છે. વિ. સં. ૧૦૦૧થી ૧૨૩૦માં સોલંકી વંશના મુલરાજથી કર્ણના સમયનો ઇતિહાસ અને સાહિત્ય પ્રવૃત્તિ સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલનો સમય અને તે વખતમાં થયેલ સાહિત્ય પ્રવૃત્તિ, હેમયુગ, ચોથા વિભાગમાં 'ભાષા' સાહિત્યનો ઉદય, અપભ્રંશ સાહિત્ય, સોલંકીવંશ સંવત્ ૧૨૩૦થી ૧૨૯૯, વસ્તુતેજયુગ, વાઘેલાવંશનો સમય ૧૩૫૬ સુધીનો, ગુજરાતમાં મુસલમાનો, ઐતિહાસિક ઘટનાઓ અને સાહિત્ય પ્રવૃત્તિ. પાંચમાં વિભાગમાં 'ભાષા' સાહિત્યનો મધ્યકાલ સોમસુંદર યુગ, ખરતર ગચ્છીય આચાર્યોની સેવા, સોળમા શતકની ઐ૦ ઘટનાઓ, સંપ્રદાયની છિન્ન ભિન્નતા અને સાહિત્ય પ્રવૃત્તિ તથા ગૂજરાતી સાહિત્ય, છઠ્ઠા વિભાગમાં હૈરક યુગ (સં. ૧૬૦૧ થી ૧૭૦૦) 'ભાષા' સાહિત્યનો મધ્યકાલ, સત્તરમા શતકની ઘટના, સાહિત્ય પ્રવૃત્તિ,–સંસ્કૃત પ્રાકૃત અને ગૂજરાતી સાહિત્ય, સાતમાં વિભાગમાં ભાષા સાહિત્યનો અર્વાચીન કાલ (સં. ૧૭૦૧ થી ૧૭૪૩) યશોવિજય યુગ–૧૮ મા શતકની પ્રવૃત્તિ, ૧૯ અને ૨૦ મા શતકાનું સાહિત્ય, આત્મારામજી અને આઠમાં વિભાગમાં વીસમી સદી–જૈન યુગ, રાયચંદ કવિ, સાહિત્ય સંસ્થા, ધર્મ, સિધ્ધાંતો, જૈન સંઘ વ્યવસ્થા–સંસ્કૃતિ, કલાઓ, ભારતી પૂજામાં ફાળો આમ શ્રી મહાવીર સ્વામીના સમયથી સં. ૧૯૬૦ સુધીના શ્વેતામ્બર જૈનોના સાહિત્યનું કાલક્રમ બધ્ધ દિગ્દર્શન પૂર્ણ થાય છે, આ બધાં ૫૬ પ્રકરણને ૧૧૯૫ પારામાં (કંડિકામાં) વહેંચેલ છે, અને જણાવેલ હકીકતનાં પ્રમાણો ટિપ્પણીમા આપેલ છે કે જે ટિપ્પણીઓની સંખ્યા ૫૭૭ છે. આ ગ્રંથમાં ઘણાં વર્ષોથી સંગ્રહેલી સામગ્રી ભરી છે, તે પાછળ પુષ્કળ પુરૂષાર્થ સેવ્યો છે, એ હકીકત પુસ્તક હાથમાં આવશે ને વંચાશે ત્યારે સમજમાં આવશે. આનું દળ સાડા બારસો પૃષ્ટ હોવા છતાં ને તેમાં સાઠ તો ચિત્ર હોવા છતાં તેની પાકા પુંઠા સહિત કિંમત માત્ર ૭ રૂપીયા રાખવામાં આવી છે. પ્રગટ કરનાર શ્રીમતી જૈન શ્વે૦ કોન્ફરન્સ છે.

મુંબઇના ભાઇબ્હેનોને વિનતિ કે આ પુસ્તક ખપી જતાં વાર નહિ લાગે તો તેઓ સત્વર ૭ રૂપીઆની કિંમત મોકલી પોતાનાં નામો, ઠેકાણાં સહિત જૈન શ્વે૦ કોન્ફરન્સ ઓફિસ, પાયધુની, મુંબઇ નોંધાવશે એટલે તેમને ઘેર પહોંચતું કરવામાં આવશે. બહારગામના ભાઇબ્હેનોને કિંમત ઉપરાંત પોસ્ટેજ ખર્ચ અલગ આપી પોતાનાં નામો ઠેકાણાં સહિત નોંધાવવાની વિનતિ છે.

### મહાત્માજી અને બૌદ્ધ ભિક્ષુઓ.

હમણાં જાપાનના બૌદ્ધ ભિક્ષુઓએ મહાત્માજીને પ્રશ્ન પૂછયો કે હિંદમાં બૌદ્ધ ધર્મનો પુનરવતાર અમો કેમ કરી શકીએ–તેને સજીવન કેમ કરી શકાયે ? તેના જવાબમાં ગાંધીજીએ જણાવ્યું કે બૌદ્ધ ધર્મનો અર્થ ગમે તે હોય, પણ ગૌતમબુધ્ધના ઉપદેશનો અર્થ હિંદુ ધર્મમાં ઓતપ્રોત થયો છે અને તે મહાન સુધારકના ઉપદેશની પવિત્રતા હિંદભૂમિમાં સૌથી વધારે સચવાઇ છે. પોતાની જન્મભૂમિથી અન્ય દેશોમાં તો ત્યાં ગયા પછી અધ:પતન પામ્યો છે. બુદ્ધનો મુખ્ય ઉપદેશ માત્ર મનુષ્યોમાં બંધુભાવ નહિ પણ સમગ્ર જીવો સાથેનો બંધુભાવ સમાનભાવ હતો. મારા અભિપ્રાય પ્રમાણે તેણે નવો ધર્મ સ્થાપ્યો ન હતો, પણ સર્વ શ્રેષ્ઠ હિંદુ તરીકે હિંદુ ધર્મને નવીન વ્યવસ્થામાં મૂકયો હતો. હું તો તમને એ સૂચવું કે તમારે તે ઉપદેશના જ્ઞાનમાં સંસ્કૃત અને પાલી ભાષાનો અભ્યાસ કરી વધુ પૂર્તિ કરવી જોઇએ, જે ચોકઠામાં તે ઉપદેશ ભરવામાં આવ્યો હતો, અને જેમાંથી તે ઉત્પન્ન થયો હતો તે ચોકઠાના જ્ઞાન માટે સંસ્કૃતનો અભ્યાસ આવશ્યક છે, અને એ સ્પષ્ટ છે કે પાલી ભાષાનો અભ્યાસ આવશ્યક છે કારણકે મૂળ શાસ્ત્રો તે ભાષામાં સાંપડે છે. અને જ્યારે હિંદી લોકો સાથે તમારૂં પોતાનું ભાગ્ય ઘડવા તમે નિશ્ચય કર્યો છે ત્યારે તમારા ધ્યાનપર હિંદી કે હિંદુસ્થાની ભાષા શીખવાની જરૂર છે એવી મારી ભલામણ છે. છેવટે હું સૂચવું કે જે જે ધાર્મિક પુનરૂદ્ધારની જરૂર લાગે તો તે પુનરૂદ્ધાર વાણીના વિલાસથી–વક્તાબાજીથી નહિ થઇ શકે, તેમ નહિ થઇ શકે વિદ્વતાથી, પણ પોતાના જીવનમાં પવિત્રતાનો હંમેશા વધારો કરવાથી અને મહાજ્ઞાન ઉપર શ્રધ્ધાપૂર્વક અવલંબનથી તથા જીવન્ત સત્ય કે જે વિશ્વને પ્રાણ આપે છે, પ્રકાશિત કરે છે અને ટકાવી રાખે છે તે સત્યથી ધાર્મિક પુનરૂધ્ધાર થઇ શકશે." (ફ્રી પ્રેસ જર્નલ ૧૧-૧૦-૩૩.)

આ કેટલા બધા અદ્‌ભુત અનુભવની અગમ વાણી છે ! ! આપણા જૈન શ્રમણો એ આખા વકતવ્ય પરથી જૈન ધર્મના પુનરૂધ્ધાર માટે ધડો લેશે ? સંસ્કૃત, અર્ધમાગધી–પ્રાકૃત અને હિંદી એ ત્રણે ભાષાનો અભ્યાસ ઉંડાણથી કરનારા અને શ્રી મહાવીર પ્રભુના ઉપદેશને તે દ્વારા સમજી લોકમાં પ્રચાર

કરનારા અને તે ઉપદેશને પોતાના જીવનમાં ઉતારનારા અત્યારે કેટલા નિકળશે? અનેક મહાપુરૂષો જગતમાં આવે છે ને ચાલ્યા જાય છે, પણ તેમના સંદેશ સાંભળી મનન કરી પોતાના હૃદયમાં આરપાર ઉતારી તન્મયતા કરનારા વિરલ સાધુ સાધ્વીઓને ધન્યવાદ છે.

તીર્થંકરો જેવું કહેતા તેવું જીવી ગયા, અનેક પરિષહો વેઠી તપશ્ચર્યા કરી લોકકલ્યાણ કરી ગયા, અને પોતાની અગમ અનુભવી વાણી થોડીઘણી પણ વારસામાં મુકી ગયા, તેમનાં જીવન, કવન અને કથનને નજર સમીપ રાખી તેમના અનુયાયીઓ તેમના શાસનમાં થયેલી વિકૃતિઓને દૂર કરી તેમના સિદ્ધાંતો અને નિયમોને મૂલસ્વરૂપમાં પ્રકાશિત કરવા ને તેનો વિજયડંકો વગાડવા માટે સર્વ કાંઇ કરવા મરી ફીટવા બંધાયેલા છે. ક્યારે ચેતાશે? ચેતો, ચેતો, ચેતો.

### આધિપતિ અને છાપનારની જવાબદારી.

દિગંબરી આગેવાન ઇંદોરના પ્રસિદ્ધ શ્રીમંત સર હુકમીચંદ સ્વરૂપચંદે 'સ્વાધીન ભારત'ના અધિપતિ અને છાપનારના પર બદનક્ષીની ફર્યાદ માંડી હતી. તેની વિગત એવી છે કે ૨૦-૪-૩૨ ના તે પત્રમાં એક ખબર એવી પ્રકટ થઈ કે સર હુકમીચંદ પાસે ગ્વાલિયર સરકાર પાંચ કરોડ રૂ. માગે છે તેની પતાવટ કરવા તેઓ ગ્વાલિયર જનાર છે. આ ખબર ઇંદોરના ખબરપત્રીએ મોકલાવી હતી અને તે ખબર સાચી નથી એ બાબતનો ફર્યાદીના સોલિસિટર તરફથી ખુલાસો આવતાં તે અમોએ ૨-૫-૩૩ ના અંકમાં પ્રકટ કર્યો હતો એ જાતનો બચાવ હતો. તા. ૪-૧૦-૩૩ ને રોજ આનો ચુકાદો આપતા ન્યાયાધીશે જણાવ્યું કે 'વર્તમાનપત્રના અધિપતિઓએ પોતાના ખબર પત્રીઓના રીપોર્ટો છાપતી વેળા ઘણી સંભાળથી કામ લેવું જોઈએ. આ લખાણ પ્રગટ થવાથી કોઈ બીજાની સ્થિતિ કફોડી થઇ પડત, પણ સર હુકમીચંદ પોતાની લાગવગને લઈને પોતાની પ્રતિષ્ઠા જાળવી રહ્યા છે. અધિપતિ કે પ્રિંટર પોતાની જવાબદારીથી છટકી શકે નહિ તેથી બંનેને તકસીરવાર ઠરાવી દરેકને રૂ. ૧૦૦ નો દંડ કરૂં છું.'

આ રીતે સર હુકમીચંદે પોતાની બદનક્ષી પૂરવાર કરી છે તે માટે તેમને મુબારકબાદી આપીએ છીએ, અને તે પરથી દરેક પત્રના અધિપતિ અને છાપનાર ખબરપત્રીના આવેલ દરેક ખબર આંખ મીંચીને છાપવા જાય તો કાયદાની રૂએ તે બંને પૈકી એક પણ છટકી ન શકે એ બંનેએ ધ્યાનમાં લેવાનું છે. ખબરપત્રી પણ જવાબદાર છેજ. કાયદો નહિ જાણતા એવા પત્રકારનું કે પત્રના એક લેખકનું કે ખબરપત્રીનું કામ કરવા જાય છે તે આ વાત બરાબર ધ્યાનમાં રાખશે.

તંત્રી.

---

## અવલોકન.

### 'જૈન ધર્મ કે મર્મ' એ લેખમાળા.

એક વિદ્વાન કહે છે કે 'હિન્દુસ્થાન એની અનેક સંપત્તિઓમાં કોઇપણ એક સંપત્તિ માટે સવિશેષ અભિમાન રાખે છે તો તે એનું તત્ત્વજ્ઞાન છે. આપણું તત્ત્વજ્ઞાન ધર્મ સાથે સંકીર્ણ (શેળભેળ) થઈ ગયેલું છે એ સકારણ છે. એ સંકીર્ણતા દોષ નથી. ધર્મ અને તત્ત્વજ્ઞાન બન્નેનો વિષય એકજ છે. ધર્મના સત્યો તપાસવાં અને દ્રષ્ટિગોચર કરવાં એજ તત્ત્વજ્ઞાનનું કાર્ય છે. તત્ત્વજ્ઞાનનાં સત્યો ઉપર વિશ્વ ટકી (ધ્રૂ) રહ્યું છે, એ બતાવવાનું અને બતાવીને એને જીવનમાં વણવાનું કામ ધર્મનું છે અને તેથી સ્વાભાવિક રીતે બંને એક બીજા સાથે મળીને કામ કરે ત્યારેજ એમની સફળતા થાય. ધર્મની અને તત્ત્વજ્ઞાનની અસર પરસ્પર થયા વિના રહેતીજ નથી, અને નજ રહેવી જોઇએ. કોઈ આક્ષેપ એવો પણ કરે છે કે પૂર્વના તત્ત્વજ્ઞાનમાં જ્ઞાન છે તે જ્ઞાન પદ્ધતિસર કરેલો વિચાર નથી પણ માત્ર વસ્તુની 'ઝાંખી' છે. આના ઉત્તરમાં જણાવવાનું કે જ્ઞાન એ એક જીવન્ત પદાર્થ હોઇ એને સ્વચ્છંદે વિલસવાનો અધિકાર છે, અને એ પ્રમાણે એ વિલસે છેજ; બલ્કે વિશ્વનાં પરમ અને ચરમ સત્યો જેટલાં પદ્ધતિસર વિચાર વડે નહિ, તેટલાં દિવ્ય દર્શનમાં પ્રકટ થયાં છે.'

પૂર્વના દ્રષ્ટાઓએ વિશ્વ, આત્મા પરમાત્મા ઇત્યાદિ વિષયો પરત્વે વિચાર કરી તેમાં દિવ્ય દ્રષ્ટિ ફેંકી જે વસ્તુ સ્વરૂપ દર્શાવતાં સત્યો પ્રકાશિત કર્યાં છે તે અમુક પધ્ધતિ પર રચાયેલાં હોય છે અને તેને 'દર્શન' એ નામ ખાસ આપવામાં આવેલ છે.

ભારતવર્ષના દૃષ્ટાઓએ સ્થાપેલાં દર્શનોમાં બે મુખ્ય શ્રેણી જોવામાં આવે છે. એક બ્રાહ્મણ દર્શનો, અને બીજાં શ્રમણ દર્શનો એકમાં ક્રિયાકાંડ સાથે જ્ઞાનકાંડનો મેળ છે, બીજામાં ત્યાગમાર્ગ સાથે જ્ઞાનનું મિશ્રણ છે. બ્રાહ્મણ દર્શનોમાં ગણાતાં છ દર્શનો સંબંધી ઘણું કહેવાઈ ગયું છે. શ્રમણ દર્શનો તે જૈન અને બૌધ્ધ-તે પૈકી બૌદ્ધ દર્શન સંબંધે આખા જગતમાં ઘણું સાહિત્ય બહાર પડયું છે, જ્યારે જૈન દર્શન સંબંધે ખુદ હિન્દમાં જેવો જોઇએ તેવો ખ્યાલ તેનો આવી શકે એ બતાવનારૂં સાહિત્ય બહાર પડયું નથી ને હિંદબહાર તો અતિ અલ્પ પ્રકટ થયેલ છે. સામાન્ય રીતે જોઇએ તો બીજાં દર્શનો સંબંધી જગત જેટલું માહિતગાર છે તેટલું માહિતગાર જૈન દર્શન સંબંધી નથી એ સત્ય હકીકત છે.

આમ થવાનું કારણ મુખ્યપણે એ લાગે છે કે બીજાં દર્શનોમાં જેવા અને જેટલા વિચારકો પાકયા છે તેવા અને તેટલા વિચારકો જૈન દર્શનના અનુયાયી વર્ગમાં થયેલા નથી. તે વર્ગનો મોટો ભાગ વેપારી છે તેથી વણિગ્વૃત્તિની સાથે પાંડિત્ય ભરેલો સ્વાધ્યાય બંધ બેસે નહિ એ સ્વાભાવિક છે. દીર્ઘતપસ્વી શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરના પ્રરૂપેલ ત્યાગ અને જ્ઞાનમાર્ગના ગૃહસ્થ વારસોને તે મહાવીરની ફીલસુફી દુર્ઘટ

અને દુર્ગમ્યનીવડી છે, અને ત્યાગી વારસો પૈકી બહુ થોડા તેને સંપૂર્ણ રીતે સમજી શકયા છે. જેઓ સમજી શકયા છે તેઓ પોતાની યથાશકિત અને યથાબુદ્ધિ ગ્રંથો, ટીકાઓ વગેરે લખી ગયા છે; તેમાં પણ ઉંડા ઉતરી સમજવા જેટલી કુશાગ્ર બુદ્ધિ અને વિચારશીલતા ભાગ્યેજ આપણામાં જોવામાં આવે છે.

દુઃખનો વિષય તો એ છે કે સમજ્યા વગર જે પૂર્વના પુરૂષોએ લખ્યું તેમાં કાનો માત્રાનો જરાપણ ફેરફાર કર્યા વગર તે સર્વ રીતે નિઃશંક સત્ય માનવું અને તેમાં જરાય શંકા કરવી એ મહાપાપ છે એવો અંધશ્રધ્ધાલુ વર્ગ એટલો બધો મોટો છે કે તેમાં કોઇ વિચારવાન્ દીવો લઈ વિચારની એક સરખી અખંડ અને અબાધ્ય કિરણમાળાથી સમજાવા માગે તો તેને હડધૂત કરી પોતે તો સાંભળતા કે જોતા નથી, પણ બીજાને પણ સાંભળવા કે જોવા દેતા નથી. પૂર્વના પુરૂષોમાં પણ મતભેદ હતો, તેઓ પૈકી કેટલાક ખુદ આદ્યપ્રરૂપકના વક્તવ્યથી જરા ભિન્ન માર્ગે ગયા હતા, એવું દાખલા દલીલથી બતાવવામાં આવે તો તે પણ એ અંધશ્રદ્ધાલુને મુંઝવી નાંખે છે અને તે વર્ગ પોકારે છે કે 'અમારે એ પ્રકાશ જોતો નથી, અમારાથી દૂર રહો, અને અમારામા આવશો તો અમે તમોને ધિક્કારી અમારા વાડામાંથી બહિષ્કૃત કરશું.'

વિચારકોને વાડા હોતા નથી, વાડા એ તો બંધન છે, બંધનથી મુક્તિ મેળવવી એ દરેક દર્શન કે તત્વજ્ઞાનનું લક્ષણ છે, તેવા બંધનથી મુકત્ત રહી સત્યની શોધમાં શુધ્ધ નિષ્ઠાથી કરેલી વિચાર ધારાના પરિણામે જે શોધ માલમ પડે તે મેળવવા માટે પુરૂષાર્થ કરનાર વિચારકો ગણ્યા ગાંઠ્યા છે અને તે પૈકી તે અન્વેષણના પરિણામે જે સત્ય સાંપડે તે લોકસમક્ષ રજુ કરવાની હિંમત ધરાવનારા અને લોકવિરોધથી જે ખમવું પડે તે ખમવાની તાકાત ધરાવનારા તો ભાગ્યેજ અતિ અતિ વિરલ છે, આવા અતિ વિરલ મહા પુરૂષને અનેકશઃ વંદન સહિત ધન્યવાદ છે.

'શ્રીમદ્ રાજચંદ્ર'માં પ્રકાસ્યું છે કે (૧) જ્યાં સુધી લૌકિક અભિનિવેશ, એટલે દ્રવ્યાદિ લોભ, તૃષ્ણા, દૈહિક માન, કુળ, જાતિ આદિ સંબંધી મોહ કે વિશેષત્વ માનવું હોય, તે વાત ન છોડવી હોય, પોતાની બુદ્ધિએ-સ્વેચ્છાએ અમુક ગચ્છાદિનો આગ્રહ રાખવો હોય ત્યાં સુધી જીવને અપૂર્વ ગુણ કેમ ઉત્પન્ન થાય ? તેનો વિચાર સુગમ છે. (૨) એ અભિનિવેશ આડા આવી ઉભા રહેતા હોવાથી જીવ-મિથ્યાત્વ' નો ત્યાગ કરી શકતો નથી. તે આ પ્રમાણે લૌકિક અને શાસ્ત્રિય ક્રમે કરીને સત્સમાગમ યોગે જીવ જો તે અભિનિવેશ છોડે, તો 'મિથ્યાત્વ' નો ત્યાગ થાય છે; એમ વારંવાર જ્ઞાની પુરૂષોએ શાસ્ત્રાદિ દ્વારા ઉપદેસ્યુ છતાં જીવ તે છોડવા પ્રત્યે ઉપેક્ષિત શા માટે થાય છે? તે વાત વિચારવા યોગ્ય છે. (૩) આત્માર્થ શિવાય, શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે, તે સર્વ 'શાસ્ત્રિય અભિનિવેશ' છે. આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે, અને તે પણ સ્વચ્છંદ રહિત પુરૂષને; એટલો લક્ષ રાખી સત્શાસ્ત્ર વિચારાય તો તે શાસ્ત્રિય અભિનિવેશ' ગણવા યોગ્ય નથી. (૪) દિગમ્બર અને શ્વેતામ્બર એવા બે ભેદ જિનદર્શનમાં મુખ્ય છે. મતદ્રષ્ટિથી તેમાં મોટો અંતર જોવામાં આવે છે. તત્વદ્રષ્ટિથી તેવો વિશેષ ભેદ જિનદર્શનમાં મુખ્યપણે પરોક્ષ છે, જે પરોક્ષ કાર્યભૂત થઇ શકે તેવા છે તેમાં તેવો ભેદ નથી; માટે બન્ને સંપ્રદાયમાં ઉત્પન્ન થતા ગુણવાન પુરૂષો સમ્યક્ દ્રષ્ટિથી જુએ છે, અને જેમ તત્વપ્રતીતિનો અંતરાય ઓછો થાય તેમ પ્રવર્તે છે.

આટલો પ્રસ્તાવ ધ્યાનમાં રાખી 'જૈન ધર્મકા મર્મ' એ પરની લેખમાળા દરેક સુજ્ઞ વાંચકે તપાસવાની અને મનન કરવાની છે. તેનો આરંભ પાક્ષિક 'જૈન જગત'ના ૧-૧-૩૨ ના અંકથી થયો અને હાલ ૧-૧૦-૩૩ ના અંકમાં તેની સંખ્યા ૩૪ ની થઈ છે. આ ૩૪ લેખોમાં શ્રીમન્ મહાવીર પ્રભુના સમયની સ્થિતિ, તેમના શાશનમાં પડેલા ભેદ વગેરેની પ્રાથમિક ઐતિહાસિક તેમજ તાત્વિક ગવેષણા કરીને પછી તે ભગવાનના મૂલગત સિદ્ધાંતો અને તે પર પછીના આચાર્યોનો વિસ્તાર વગેરેમાં દિગંબર અને શ્વેતાંબર જૈન ગ્રંથોના આધારે તર્કદ્રષ્ટિથી ચર્ચામાં લેખક ઉતર્યા છે.

લેખક મહાશય પોતે દિગંબર જૈન જન્મથી હોવાથી તેમણે દિગંબર આચાર્યોના અનેક ગ્રંથોનો અભ્યાસ પ્રથમ કરી લીધો હતો; શ્વેતાંબર જૈનો શ્રી મહાવીર પ્રણીત અંગો—આગમો આચારંગ આદિ માને છે અને તેનું સંકલન વખતોવખત થયેલું તેથી કંઇ થયેલું તે જાળવી રહ્યા છે, પરંતુ દિગંબર જૈનો તે આગમોને શ્રી મહાવીર પ્રણીત આગમો તરીકે કે તેના એક અપુર્ણ વિભાગ તરીકે પણ સ્વીકારતા નથી એ ખેદની વાત છે. લેખકે આ અંગોસૂત્રોમાં વીરવાણી અચૂક છે તે સમજી તે અને શ્વેતાંબર આચાર્યોના ગ્રંથો પૈકી ઘણાનો અભ્યાસ કર્યો. શાસ્ત્ર એટલે દિગંબર અને શ્વેતાંબર બંને આમ્નાયમાં મહા પુરૂષોએ રચેલાં પુસ્તકો, એમ લેખકે સ્વીકાર્યું છે અને તેમાંથી સત્યાન્વેષણ તર્કની કસોટી પર કરવાનો ભગિરથ પ્રયત્ન સેવ્યો છે.

વિશેષમાં લેખક જણાવે છે કે 'સબ ધર્મોકી અપેક્ષા મુઝે જૈન ધર્મ અધિક પ્યારા હૈ; મેરે હૃદયમેં અન્ય મહા પુરૂષોંકી અપેક્ષા ભગવાન મહાવીરકો અધિક સ્થાન હૈ। પરન્તુ મૈં ઇસ ભક્તિ ઔર પ્રેમકો અન્યાયમેં પરિણત નહીં કરના ચાહતા કયોં કિ ઐસા કરકે મૈં જૈનત્વકી નિંદાકા કારણ હો જાઉંગા' (૧-૩-૩૩ નું જૈન જગત.)

આખી લેખમાળામાં અનેક જટિલ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે અને સાથે સાથે અનેક સામાજિક ધાર્મિક વિષયોની જન ધર્મના સિદ્ધાંતોની દ્રષ્ટિએ મીમાસાં કરવાની તક લેવામાં આવી છે. તે બધામાં ઉંડા ઉતરી નિર્ણય આવવા જેટલી ધીરજ અને શક્તિ દરેક વાંચકમાં હોય એમ લાગતું નથી. દરેક વિચારશીલ વાચકને પણ લેખકનું વકતવ્ય પચાવવાનો પૂરતો અવકાશ આ વ્યવસાયપુર્ણ જમાનામાં હોય એ સંભવ નથી. છતાં જૈન ધર્મના મર્મ સમજવાની તલપ ધરાવનારને આખી લેખમાળાના દરેક શબ્દનું શાંતિ અને ધીરજથી મનન કર્યાં વગર ચાલે તેમ નથી.

હું પણ આખી લેખમાળા વાંચી મનન કરી શકયો નથી. જેટલું વાંચ્યું વિચાર્યું છે તે પરથી કેટલેક સ્થાને એમ લાગ્યું છે કે તે સંપુર્ણ રીતે સમજવા અન્ય ગ્રંથો કે સિદ્ધાંતોનો અભ્યાસ કરવો આવશ્યક છે અને (૨) કેટલુંક તો ચમકાવનારૂં, અમુક માન્યતાને આઘાત આપનારૂં, ક્રાંતિકારી અને વિસ્મયકારક લાગે છે, (૩) કેટલાકમાં સંપુર્ણ સંમતિ આપી શકાતી નથી અને મતભેદ રહે છે.

આ છતાં સર્વલેખોની ભાષા, દલીલ, પ્રમાણ વગેરે નજરમાં રાખતાં જણાય છે કે લેખકમાં આવેશ નથી, સ્વચ્છંદ નથી, અવિચાર નથી, ઉતાવળ નથી, સાથે સ્વાર્થ, સાંપ્રદાયિક મોહ, પુર્વગ્રહ કે વ્યુદ્ગ્રાહિત વિચારણા દેખાતાં નથી. આટલી વાતો જ્યારે ન હોય ત્યારે સત્યની ખોજ કરવા જતાં નગ્ન સત્ય, સંપુર્ણ સત્યની પ્રાપ્તિ થઇ શકે. ઘણાં વર્ષોથી કરેલો શાસ્ત્ર ગ્રંથોનો પરિચય, તર્ક અને ન્યાયના શાસ્ત્રનો અભ્યાસ, ન્યાયબુદ્ધિ અને સમન્વય શક્તિ, લેખકમાં જોવામાં આવે છે અને તેના પરિણામે લેખક પોતાના નિર્ણયાત્મક વિચારો જનતા સમક્ષ મૂકે છે અને હવે પછી મૂકવાના છે. તે વિચારોમાં સર્વે સંમત થાય એમ કાંઇ નથી, તેમજ તેમાં બધા અસંમત થાય એમ પણ નથી. પુર્વગ્રહથી સ્વીકારેલા સિદ્ધાંતથી વિરોધી-ક્રાંતિકારી નિર્ણય આવે ત્યારે કોઇ પોતે વિચારવાન્ હોય તે છતાં ચમકી જાય છે-થંભી જાય છે. તે ચમકાર ને સ્થંભન પછી વિચારમંથન અને મનન પ્રજ્ઞાના બળે કરી તે પોતાનો નિર્ણય કરે છે. આવો નિર્ણય કર્યા પછી લેખકને વિચારવાનો પોતાની સંમતિ સંપુર્ણ અંશે કે અમુક અંશે આપે યા તદ્દન અસંમતિ આપે પણ તે વિચારવાનો જે લેખક આટલો બધો શ્રમ લઇશૃંખલા બધ્ધ દલીલો એક પછી એક ગ્રંથોનાં પ્રમાણ સહિત આપે તેને તો અચૂક સાદર વધાવે અને અનેકશઃ ધન્યવાદ આપે; અને પોતાના વિચારોમાં પરિવર્તન થાય તો તેને ક્રાંતિ ગણી અનિષ્ટ ન ગણે વિચાર ક્રાંતિ વગર સત્યાન્વેષણ નથી, સત્ય વગર ધર્મ નથી, ધર્મ વગર મુક્તિ નથી.

જૈન સમાજમાં વિચારકો છે અને તેને માન આપનાર વિચારવાનો પણ છે, તેમાં આ લેખક એટલે પંડિત દરબારીલાલ તો કોઈ અનેરો વિચારક છે, ભાત પાડે તેવો પ્રતિભાશાલી અને તલસ્પર્શી મીમાંસક છે, નિર્ભિક અને સૌમ્ય લેખક છે. તેમનું વક્તવ્ય સાંભળવું, વાંચવું વિચારવું અને તેનું મનન કરવું અને તેમાંથી સારભૂત લાગે તો તે ગ્રહણ કરવું એવું આપણું-દરેકનું કર્ત્તવ્ય છે. એટલું આપણે ન કરી શકીએ, તો મૌન ધરવું અને નાહકનો કોલાહલ ન કરવો એ યોગ્ય માર્ગ છે.

સાક્ષર શ્રી ન્યાયતીર્થ દરબારીલાલ ન્યાયશાસ્ત્રી, પંડિત, લેખક છે, તે ઉપરાંત કવિ પણ છે. તેમના લેખોથી હું તેમનો ઉગ્ર પ્રશંસક બન્યો છું (પણ હાજીહા નહિ). મારૂં મસ્તક તેના જ્ઞાનાદિ ઓજસ્વીગુણો અને સાત્વિક, નિરભિમાની હૃદય પાસે નમે છે. તેઓ નિરૂપાધિમય જીવન ગાળે, દીર્ઘાયુષ્ય ભોગવે તથા જૈન ધર્મના મર્મનો આવિષ્કાર, અને સાથે સાથે સમાજની-દેશની સેવા વિશેષ વિશેષ કરે, એ પ્રાર્થના કરી વિરમું છું.

તંત્રી.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ ધાર્મિક અને પ્રાકૃત તથા અ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાળ સ્ત્રીવર્ગ ધાર્મિક હરિફાઇની ઇનામી પરીક્ષાઓ.

ઉપરોક્ત પરીક્ષાઓ બોર્ડના જુદા જુદા સેન્ટરોમાં આવતી તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૩૩; મિતિ પોષ શુદ ૧૫ સં. ૧૯૯૦ રવિવારના રોજ બપોરના સ્ટા. ટા. ૧ થી ૪ સુધીમાં લેવામાં આવશે. જૈન છાત્રાલયો, ગુરૂકુલો, ધાર્મિક પાઠશાળા, કન્યાશાળાઓ આદિ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ આ પરીક્ષાઓમાં બેસે એ જરૂરનું છે. સેન્ટર ઉઘાડવા સંબંધે તથા અભ્યાસક્રમ, ફાર્મ આદિની વિગતો માટે નીચેના સિરનામે પત્રવ્યવહાર કરવો.

લી૦ સેવક,

જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ,<br>૨૦, પાયધુની,<br>મુંબઇ, નં. ૩.

**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી,**<br>માનદ મંત્રી.

## પરિષદ્ કાર્યવાહી નોંધ.

શ્રી જૈન શ્વે૦ કોન્ફરંસની કાર્યવાહી સમિતિની એક સભા ગત તા. ૨૨-૯-૩૩ શુક્રવારના રોજ શ્રીયુત બાબુ-સાહેબ **રાયકુમારસિંહજી**ના પ્રમુખસ્થાને મળી હતી. ગત મિટિંગની મિનીટ પાસ થયા બાદ:

(૧) "જૈન યુગના તંત્રી તરીકેનું તા. ૨૯-૮-૩૩ નું શ્રીયુત મોહનલાલ દલીચંદનું રાજીનામું રજુ થતાં નીચે મુજબ ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો.

જૈન યુગના તંત્રી તરીકેનું તા. ૨૯-૮-૩૩ નું શ્રીયુત મોહનલાલ દ. દેશાઇનું રાજીનામું આવ્યું છે તે આજની સભા સ્વીકારતી નથી અને તેમને તેમના હોદ્દા પર કાયમ રાખે છે."

(૨) જૈન યુગના પબ્લીશર (પ્રકાશક) તરીકે મી. માણેકલાલ ડી. મોદીની નિમણુંક કરવામાં આવી તથા તે પત્ર બીજા પ્રેસમાં છપાવવા સંબંધેની ગોઠવણ કરવા મંત્રીઓને સત્તા આપવામાં આવી.

(૩) શ્રી મહાવીર સ્વામી અને ગૌતમ સ્વામીનાં ચિત્રો વાલી જાપાનીઝ ટાઇલ્સ અત્રે વેચાણ માટે આવેલ હોઇ તે સંબંધે જાપાનીઝ કોન્સિલને કૉન્ફરંસ ઑફિસ તરફથી લખાયેલ પત્ર આદિ હકીકતો રજુ થતાં તેની નોંધ લેવામાં આવી હતી.

(૪) સંસ્થાના ઉપદેશક મી. વાડીલાલ સાંકલચંદ શાહ પાસે બાકી લ્હેણા રહેતા રૂપીઆ ૯૮-૦-૩ સંબંધે તેના તરફથી સંતોષકારક ખુલાસો મળતો ન હોવાથી તે રકમ સેક્રેટરીઓને યોગ્ય લાગે ત્યારે માંડી વાળવા ઠરાવ્યું.

(૫) બનારસ હિંદુ યુનિવર્સીટીમાં જૈન તત્ત્વજ્ઞાન, સાહિત્ય વગેરે શિખતા વિદ્યાર્થીઓને સ્કૉલરશિપો આપવા સંબંધે નિમાયેલ પેટા સમિતિનો રીપોર્ટ રજુ કરવામાં આવ્યો તે મંજુર રાખી અરજીપત્રક તથા સ્કૉલરશિપના નિયમો આદિ ઘડવા માટે મજકુર પેટા સમિતિ ચાલુ રાખવા ઠરાવ્યું તથા તેમાં શ્રીયુત મોહનલાલ દ. દેશાઇને Co-opt કરવા ઠરાવ્યું.

સમય અધિક થઇ જવાથી કાર્યક્રમ પરની અન્ય વિગત મુલતવી રાખી પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

**જૈન સેન્ટ્રલ કોઓપરેટિવ બેંક સ્કીમ**—સહકારી પદ્ધતિ પર જૈન સેંટ્રલ બેંક માટેની યોજના તૈયાર થઈ ચુકી છે તે ધી બૉમ્બે પ્રાવિન્શિયલ કોઓપરેટિવ બેંકના મેનેજીંગ ડાયરેકટર શ્રીયુત વી. એલ. મહેતાએ તપાસી છે અને ટુંક સમયમાં સમિતિ સમક્ષ વિચારણાર્થે રજુ થશે.

**શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ-પ્રાઇઝ**—આ સંસ્થા તરફથી દર વર્ષે મેટ્રિકયુલેશનની પરીક્ષામાં પાસ થનાર જૈન શ્વે૦ મૂ૦ વિદ્યાર્થીઓને રૂા. ૪૦-૪૦ ના બે ઇનામો ફંડના ઉદ્દેશાનુસાર અપાય છે. આ વર્ષે તે માટે ૧૨ વિદ્યાર્થીઓની અરજીઓ મલી હતી તેમાંથી એક સ્કૉલરશિપ-પ્રાઇઝ સુરતના રહેવાસી અને કુલે સૌથી વધારે માર્ક મેળવનાર તરીકે મી. શાંતિચંદ કેશરીચંદ ઝવેરી (મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ) ને આપવા ઠરાવ્યું છે, તેમના માર્ક ૩૮૪ છે. બીજી સ્કૉ૦ સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થયાર જૈન તરીકે મી. કાંતીલાલ લ્હેરચંદ શાહ (પડી ગુંદીનો પાડો, પાટણ) ને, જેઓએ સંસ્કૃતમાં ૮૪ માર્ક મેળવેલા છે તેમને આપવામાં આવી છે.

## શ્રી મહારાષ્ટ્રીય જૈન શ્વેતાંબર કૉન્ફરંસ. ૫ મું અધિવેશન.

શ્રી મહારાષ્ટ્રીય જૈન શ્વે૦ કૉન્ફરંસનું ૫ મું અધિવેશન અહમદનગરમાં આગામી તા. ૯-૧૦ નવેમ્બર, ૧૯૩૩ ગુરૂવાર, શુક્રવાર, મિતિ કાર્તિક વદ ૭-૮ ના રોજ કૉન્ફરંસના અગ્રણી શેઠ શ્રી **ગુલાબચંદજી ઢઢા,** એમ. એ., ના પ્રમુખપણાં હેઠળ થશે આ પ્રસંગે શ્રી મહિલા પરિષદ્ પણ ભરવામાં આવશે.

[અહેમદનગર દોંડ-મનમાડ લાઇન પર છે. પ્રતિનિધિની ફી રૂા. ૨) રાખવામાં આવી છે. સ્ત્રીઓ પાસેથી ફી લેવામાં આવશે નહિ. પ્રતિનિધિઓનાં નામો તા. ૩-૧૧-૩૩ સુધીમાં મોકલાવા જોઇએ.

સ્વાગતાધ્યક્ષ, **મ. પ્રા. પરિષદ્.**

## જૈન યુગના વાંચકોને.

આ પત્ર પ્રથમ જે પ્રેસમાં છપાવવામાં આવતું હતું. સદરહુ પ્રેસ પાસેથી બીજા પેપરમાં ગેરકાયદેસર હકીકતો છાપવા બદલ જામીનગીરી માંગવામાં આવતાં પ્રેસ બંધ થવાથી આ પત્ર અન્યત્ર છપાવવા ગોઠવણ કરતાં નિયમસર પ્રકાશન થઇ શકયું નથી. આગુધારેલા આ વિલંબ માટે વાંચક વર્ગ દરગુજર કરશે.

## સ્વીકાર.

શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ, પાલીતાણા-હેડ ઑફિસ, મુંબઇ તરફથી સં. ૧૯૯૦ ના સાલનું કાર્તકી પંચાગ શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ, પાલીતાણા-હેડ ઑફિસ મુંબઇ તરફથી સં. ૧૯૯૦ ના સાલનું પંચાગ.

---

શ્રીમતી લેખવતી જૈન પંજાબની ધારા સભામાં બહુમતિએ સભાસદ ચુંટાયા છે.

વડોદરામાં જૈન મહિલા સમાજની સ્થાપના થઇ છે.

દિગંબર જૈન મહાસભાનું અધિવેશન બ્યાવર ખાતે તા. ૧૩ મી થી મળનાર છે.

રાષ્ટ્ર નેતાવીર વીર વિઠ્ઠલભાઇ પટેલનું ન્યાન (સ્વીટઝરલેંડ) ખાતે ખેદજનક અવસાન નિપજ્યું છે અને તેઓનું સબ તા. ૯ મી નવેમ્બરે મુંબઇ આવી પુગનાર છે, જે વખતની તેમની સ્મશાન યાત્રાને માટે તૈયારીઓ ચાલી રહી છે. એક ખાસ કમીટી તે માટે નીમવામાં આવી છે અને તેણે ૫૦૦૦ વાલંટિયરો માંગ્યા છે.

---

कमीशन द्वारा विशेष जांच कराके भी वोही फैसला सवंत् १९८७ में बहाल रखा तो फिर बताईये दो वर्ष बाद ही संवत् १९८६ में ऐसी कौनसी भयंकर परस्थिति पैदा हो गई थी? कौन सा राज्य डामा डोल हो रहा था? कौनसी अशान्ति फैल गई थी जो बिला मौजूदगी जैनों के ईकतरफा इन्तजामिया ऑर्डर निकाल कर व्यर्थ अशान्ति और असन्तोष की लहर मेवाड़ी जैनों में ही नहीं समस्त भारत के जैनों में फैला कर बड़ा भारी आन्दोलन खड़ा कर दिया।

यही तो अधिकारीयों की करामात है. ना मालुम क्या २ उल्टी सीधी बात समजा कर पुराने फेंसलो पर पानी फेर कर एक प्रकार का मेवाड़ आरडीनेन्स जारी करके शान्तमई प्रजा में अशान्ती की आग चारों तर्फ भडका दी।

तभी तो संसार में मशहूर हो गया है कि आज कल उदयपुर राज्य की बागडोर अधिकारियों कें हाथ में है।

अब हम उन फैसलों का भी दिग दर्शन कराना चाहते हैं जिनका उल्लेख ऊपर कर चुके है सम्पूर्ण फैसलों की नकलें तो स्टेट अपनी कमजोरी छिपाने वास्ते देती ही नहीं तो भी जितना सारांश हम मालुम कर सकें है पाठकों की जान कारी वास्ते मये किंचित घटनाओं के विवेचन करते हैं। जिस से मेवाड़ी न्याय का नमूना भी भली प्रकार समझ में आसके कि धर्म रक्षक कहाने वाले राज्य में आज दिन न्याय के नाम पर कितना घोर अन्याय किया जाता है।

(अपूर्ण) आत्मानंद जैन सभा-पंजाब (पत्रिका ६)

# श्री केसरियानाथजी तीर्थ और मेवाड़ राज्य.

आश्चर्य है कि मेवाडाधीश महाराणा उदयपुरको अधिकारियों ने ऐसा घेरा है कि प्रजा से मिलने ही नहीं दिया जाता! जहां दूसेर राजे महाराजे अमीर गरीब सब से बिना रोक टोक मिलने का समय रोजाना निश्चित रखते हैं उन का दुखडा अपने कानों सुनना पहिला फर्ज ख्याल करते हैं यहां तक कि प्रजा की सच्ची दशा जानने वास्ते भेष बदल कर नगर में घूमते हैं अन्याय से पीडित हुये मनुष्यों को न्याय दिलाने का शीघ्र प्रबंध करते हैं। वहां महाराणा उदयपुर को इन सब बातों से प्रथक रखा जाता है कारण ऐसा करने से अधिकारियों की पोल खुल जाती है और वो अपना मन चाहा नहीं कर सकते जिसका ताजा उदाहरण अभी हाल में श्री केसरिया जी तीर्थ के बारे में मिल चुका है।

यह तीर्थ जैन श्वेताम्बर समाज की मिलकीयत है मुगल सम्राट् और प्राचीन महाराणाओं के पट्टे परवाने उक्त तीर्थ के बारे में इन्हीं लोगों को हक में मिले हुवे है परन्तु अधिकारी वर्ग पण्डों की खातिर इन सब पर पानी फेरकर मन चाही करने को तैयार हो गया हैं और पंडों की पीठ कर उन्हें नौकर से मालिक बनाना चाहता है इतना ही नहीं पर व उक्त तीर्थ को जैन समाज से छीन कर वैष्णव तीर्थ बनाने पर उतारू हो गया है जिसकी सिद्धि वास्ते कई आज्ञा ऐ स्टेट से ऐसी निकल गई है कि जिसके कारण तमाम हिन्दुस्तान के जैनों को महान दुख होकर बड़ा जबरदस्त आन्दोलन खड़ा हो गया है उसको शान्त करने वास्ते समस्त भारत के श्वेताम्बर जैनियो की तरफ़ से एक डेपूटेशन महाराणा साहिब से मिल कर शान्तमई निपटारा कराना चाहता था जिस के लिये सेठ आनन्द जी कल्याण जी अहमदाबाद वालों ने तार चिट्ठी देकर मिलने का समय भी मांगा पर खेद है कि डेपूटेशन को मिलने का समय ही नहीं दिया गया बड़े राजे महाराजे और वाइसराय तक किसी भी जाति के आगेवानों से मिलने में संकोच नहीं करते पर उदय पुर का तो न्याय ही निराला है कितनी जबरदस्त कमजोरी कि न्याय संगत उतर देना भीं कठिन हो गया उत्तर देना तो मिलने वाले के हाथ में होता है चाहे जैसा देवे पर मिलने से भागना भी कोई बहादुरी है।

यह बातें साफ़ जाहिर करती है कि स्टेट के पास कोई न्याय संगत उत्तर नहीं है केवल अधिकारी वर्ग अपनी मन चाही करने वास्ते किसी गुप्त षड़यन्त्र में लगा है इसी वास्ते प्रजा की सच्ची आवाज महाराणा के कानों तक नहीं पहुंचने देता यही कारण है कि इने गिने मनुष्यों की ही वहां तक पहुंच है सर्व साधारण अपना दुखड़ा महाराणा के सामने सुना सकें ऐसा मौका ही नहीं आने देते न कोई ऐसा प्रबंध है।

यदि किसी को कुछ महारणा को मालूम कराना हो तो वो इन्हीं में से किसी के द्वारा मालुम कराता है जिसको दरबार तक पहुँच हो अब सुनाने वाले की मरजी रही सुनावे या न सुनावे बढा कर सुनावे या घटा कर सब काम दूसेर के भरोसे पर है असली शद्ध टौन और लहजा तो अदा ही नहीं हो सकता तो बताईये, प्रजा को न्याय कैसे मिले अधिकारी वर्ग को भय किसका रहा फस्ट किलास पावर स्टेट है बृटिश गवरमेंन्ट तो वार वार बीच में बोलती ही नहीं और महाराणा को एक प्रकार दूसरी दुनिया में रखा जाता है प्रजा की सची दशा का उन को ज्ञान ही नहीं होने दिया जाता अपने मन माफिक चाहे जेसा महाराणा को उलटा सीधा समझा कर हुकम करवाते हैं वा कर देते हैं जैसा कि उक्त तीर्थ पर पूजन प्रक्षाल की आय बाबत खुद महाराणा के फैसलों ठुकरा कर उन्हीं के विरुद्ध महाराणा से ही हुकम जारी करा दिया कहिये महाराणा साहिब के पहिले फैसलों की क्या कदर रही लोग कहते हैं कि यह राजाओं के फैसले हैं या पनवाड़ी के पान जो हमेशा बदलते ही रहते हैं.

ज़रा गौर का मुकाम हैं कि जब महाराणा साहिब ने बड़ी जांच पड़ताल और फरीकैन का सबूत देखने के बाद अपने दोनों दीवानों की राय लेकर संवत् १९७९ में फैसला दिया और उसके विरुद्ध निगरानी होने पर फिर

( अनुसंधान पृष्ट ७१ पर ).

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

卐

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રીઃ—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧૫ મી નવેમ્બર ૧૯૩૩. | અંક ૧૩.

વિષય સૂચિ


| | | |
|---|---|---|
| ૧. | સમાજ ક્લેશ દૂર કરો ... | શ્રી ગુલાબચંદ ઢઢ્ઢા. |
| ૨ | જૈન સમાજનું વર્તમાન ચિત્ર, | શ્રી મોહનલાલ ચોકશી. |
| ૩ | અવલોકન ... ... ... | ... તંત્રી. |
| ૪ | નોંધ... ... ... ... | ... તંત્રી. |
| ૫. | મહારાષ્ટ્રીય જૈન પરિષદ્ અહેવાલ... | અહમદનગર. |
| ૬ | શ્રી સ્થાનકવાસી કૉન્ફરંસ ... કૉન્ફરંસ ઑફિસ. સાથે થયેલ પત્ર વ્યવહાર ... | ,, ,, |
| ૭ | સુરતના સંઘપતિનો પત્ર ... | ,, ,, |
| ૮ | વીર વિઠ્ઠલભાઇના અવસાન સંબંધ ઠરાવ... | ,, ,, |


## समाज क्लेश दूर करो.

" कहणात मशहूर है कि "जैसा खावे अन्न, वैसा होवे मन्न". हमारे मुनिराजोंका निरभा हमारे अन्न पर होता है. अगर हमारा अन्न शुद्ध न्यायोपार्जित द्रव्य का है तथा विना क्लेश का है तो उन महात्माओं की आत्माको भी शान्ति प्राप्त होकर उच्च श्रेणीपर चढने के अधिकारी होवेंगे. अगर हम आपस में मैत्रीभाव रखने वाले हें, क्लेष सें दूर भागनेवाले हें, सब जींवों को शासनके रसिया बनाने की उत्कंठा वाले हें तो जो साधू महात्मा पुन्योदय से हमारे अंदर से त्यागी वैरागी होकर साधू होवेंगे उनका प्रचार शान्तमय होगा. लेकिन इस वक्त हम जो हमारे पहीले श्रेणी अथवा पहीले वर्ग के महात्माओं का प्रायः करके वर्ताव देखते हें तो हमको खेद उत्पन्न हुवे बगर नहीं रहता. जिन महात्माओं के मुखारविंदसे चन्द्रमाके जैसी शीतल वाणी निकलना चाहीये उनके मुखारविंद से प्रचण्ड सूर्य की ताप मुवाफिक वाणी के प्रहार हो छापों के द्वारा एक दूसरे पर बोछाड़ की जावें, सूत्रों का अर्थ एक दूसरे से खिलाफ किये जावें, इस वक्त मारवाडी भाद्रवावद ०)) को सूर्य ग्रहण के समय उसही भगवान महावीरके शासन में होते हुवे उन्हीं शास्त्रों को मानते हुए जुदी जुदी प्रकारसे बांचनाका समय मुकर्रर किया जावे, इस विषय पर छापा द्वारा चैलेंज बाजीका बाजार गरम होवे, कोई भादवा सुद ६ को तोडे ओर ४ को सम्वत्सरी करे, कोई ४ के पहीलेकी तीथी को तोड कर एक दिन पहिले ही सम्वत्सरी कर लेवे, कोई अबलाओं को रोती हुई निराधार रखकर उनके भरण-पोषण करने वालों को उनसे उड़ाकर उनको जन्मभर के लिये दुखी कर देवे, कोई विना विचारे कमसिन बच्चे को धर्म का मर्म जाने बगर वक्त बेवख्त छुपे छुपाये मूंड भेवे जिसका अखीर परिणाम शोक जनक हो, किसी को इन कारखाईयों के सबबसे कोर्टों मे जाना पडे, जहां पंच महाव्रत को हानी पहुंचे इत्यादि बहुतसा वर्ताव एसा प्रचलित हे कि जिससे हमारी समाज छिन्न भिन्न हो रही है. इस तरफ अगर ध्यान जल्दी से जल्दी नहीं दिया जावेगा तो न मालुम हमारी हस्ती कहां तक कायम रह सकेगी. लेकिन इन बातों का दोष हमारे ही उपर लगाया जा सकता है कि हमारा अन्न खाने से हमारे पहली श्रेणी के जेष्ट भ्राताओं का एसा वर्ताव होने लगा हैं. "

**श्री गुलाबचंदजी ढढ्ढा,** एम्. ए.

प्रमुख, महाराष्ट्रीय जैन श्वे. कॉन्फरंस, अहमदनगर अधिवेशन के भाषण पर से उध्दृत

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।
न च तासु भवान् प्रदर्श्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:—સાગરમાં જેમ સરિતાઓ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—श्री सिद्धसेन दिवाकर.


# જૈન યુગ.

તા. ૧૫-૧૧-૩૩ બુધવાર.


# જૈન સમાજનું વર્તમાન ચિત્ર.

શત્રુંજય યાત્રાત્યાગ પ્રસંગે જૈન સમાજમાં જેવું સંગઠન હતું તેવું આજે નથી એ તો સૌ કોઇ કબૂલે તેમ છે. આમ થવાનાં કારણો એક કરતાં વધુ છે અને એ સબંધમાં પણ ઊહાપોહ ઓછો નથી થયો! એ પરથી જે તારતમ્ય નીકળે છે તે એ છે કે જૈન સમાજની દશા ત્રિદોષના દરદી જેવી છે. દરદ સુધારવામાં જેટલો વિલંબ વધુ લાગશે, તેટલું જોખમ વધવાનું છે, અને દરદ અસાધ્યતાની કોટિમાં જવાનો પણ ભય ખરોજ. સમાજ હિતેચ્છુઓ આવી પરિસ્થિતિ ચલાવી લેવાનું વ્યાજબી નજ લેખી શકે, તેથીજ સુધારણા સબંધે ઇલાજ ગોતવા. વિચારવા અને અમલમાં મૂકવા એ આવશ્યક ધર્મ ગણાય.

વાત્ત પિત્ત ને કફનું પ્રમાણ જ્યારે મર્યાદા છોડી વિકળતા ધારે ત્યારે દેહની દશા વિષમ થઇ પડે. ચિકિત્સકો એને ત્રિદોષ તરીકે ઓળખે. આમ વાતાદિ જરૂરના તો છેજ છતાં એ પ્રમાણસર હોય તોજ. હવે એ ઉદાહરણથી સમાજનો વિચાર કરીએ. એમાં એક વર્ગ તે રૂઢિપોષક, બીજો તે સુધારક અને એ ઉભયની વચગાળે રહેતો વર્ગ તે મધ્યસ્થ. જો દરેક વર્ગ અન્યને જરા પણ ક્ષતિ પહોંચાડ્યા સિવાય પોતાપણું જાળવી રાખે તો સમાજ ત્રિદોષના ભયથી મુક્ત છે. વળી સંયોગો અનુસાર પ્રમાણમાં પરિવર્તન થતું રહે તો સ્વાસ્થ્ય સુધરે, સમાજ રૂપી કાયા તંદુરસ્ત બને. વાંધો માત્ર એ પ્રત્યેક તત્ત્વની વિકૃતિ થવામાં સમાયલો છે. જૈન સમાજ આજે જે દુઃખદ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહેલ છે તેનાં કારણો એ વિકૃતિનેજ આભારી છે. જો આ વાત જલદીથી સમજાય અને સમધારણતા આણવા કોશીશ થાય તો સમાજ નજર સામે ડોળા ફાડી રહેલ ભયંકર ભયમાંથી અવશ્ય ઉગરી જાય.

રૂઢિ એ ફેંકી દેવા જેવી વસ્તુ નથી; એટલે તેના પોષકો ખોટું કરે છે એમ તો નજ કહેવાય. પણ એમાં લાભાલાભનો કાંટો દ્રષ્ટિ સમક્ષ રાખવોજ જોઇએ. રૂઢિ, રિવાજ યા પરંપરાના નામે અંધશ્રદ્ધા પોષવી કે અજ્ઞાનતામાં આથડવું એ જરાપણ વ્યાજબી નથી. સાધ્ય ધ્રુવના તારા સમ અવિચળ રહેતું હોય તો સાધન બદલાય કિંવા સાધનાનાં વિધાન ભિન્ન નિર્માય તેથી રંચમાત્ર મુંઝાવું ન ઘટે. વળી એમ પણ ન મનાવું જોઇએ કે અમો જે રીતે રૂઢિને વળગી રહ્યા છીએ તેજ રીતે બીજાએ વળગવું જોઇએ. એમ માનવું એ સ્યાદ્વાદની શૈલી પર મસીનો કુચડો ફેરવવા જેવું છે. કાર્ય સિદ્ધિમાં લક્ષ્ય સંધાન હોય તો એ બધી ભિન્નતા ખડી થાયજ નહિં. આ સ્થિતિનો વર્ગ ફાયદાકારક છે.

આજે તો હૃદયની વિશાળતાને સ્થાને ગદ્ધાપૂછ પકડ્યા જેવી સ્થિતિ વર્તે છે. આજનો રૂઢિપોષક કૂપમંડુકના જગત જેમ પોતાના હાજીયા સમુદાય બહાર જોવામાં પણ પાપ સમજે છે. રૂઢિના પોષણમાંજ સર્વ કંઇ માની બેઠો છે! પ્રજ્ઞારૂપ કાંટો વાપરવાની તસ્દીજ લેતો નથી એટલે એ વિના વપરાયે બુઠ્ઠો બની ગયો છે! આનું પરિણામ એ આવ્યું છે કે લાભાલાભ જોવાની વૃત્તિજ એનામાં રહી નથી. પોતીકા નાના વર્તુલ સિવાય સર્વત્ર એને અધર્મ પથરાયેલો જણાય છે! અકલ્યાણ વર્તી રહ્યાની એને આગાહી થઇ રહી છે! તેથી તો એ વાત વાતમાં લાલ આંખ કરી બેસે છે, ઝનુન ને ધર્માંધતા જેવા દોષોને એ ગુણ તરિકે પકડી બેસે છે. એ રીતે ઉપયોગી થવાને બદલે હાનિકર્તા બની બેસે છે.

સુધારણા પણ આવશ્યક વસ્તુ છે, માટેજ સુધારક વર્ગની પણ જરૂર ગણાય. રખે એમ સમજી લેવાય કે સુધારો કરવાથી મૂળ વસ્તુ મારી જાય છે. પલટાતાં દેશકાળમાં જરૂરી ફેરફારો કરવામાં ન આવે તો મૂળસ્વરૂપ કદરૂપું બની જાય છે. આમ બને એ તો કોઇપણ ઇષ્ટ ન માને માટે તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, જોવા પરત્વે જ્ઞાનીપુરૂષોએ ખાસ ભાર મૂક્યો છે. એમાં રહેલી દીર્ઘદર્શિતા વિચારતાં એ મહાપુરૂષોની બુદ્ધિમત્તા માટે બહુ માન પેદા થાય છે. આમ સુધારણા એ જરૂરતું કાર્ય ગણાય. આમ છતાં એને પણ મર્યાદાનાં બંધન તો ખરાંજ. સુધારણા એ પર્યાયોના પલટાવા જેવી હોવી જોઇએ. પરિવર્તનથી મૂળ પદાર્થ સાવ નષ્ટ ન થાય પણ નવિનરૂપે પોતાનું પૂર્વનું સત્ય જાળવીને દેખાવ દેનાર બનવો ઘટે. જો એનાં મૂળીઆંજ ઉખડી જાય વા તદ્દન કોઇ નવો લેબાસ ધારે તો પછી એ સુધારો રહી શકેજ શી રીતે?

આજે સુધારક વર્ગમાં જેને ખાસ ક્રાન્તિકારી કહેવામાં આવે છે અથવા તો જે ઉદ્દામ પ્રકારનો સુધારક ગણાય છે તેની દશામાં અને ઉપરોક્ત વિચારણામાં ઘણું અંતર છે. સુધારકનો આશય જે રૂઢિઓમાં કાળબળથી અજ્ઞાનતાનાં પડળ છવાયાં હોય છે તે દુર કરવાનો હોય છે, જ્યાં જ્યાં વહેમ, અંધશ્રધ્ધા અને ગાડરીઆવૃત્તિ વ્યાપી રહી છે ત્યાં ત્યાં જ્ઞાનરશ્મિ ફેંકી નવજ્યોત પ્રગટાવવાનો અને એ રીતે સમાજમાં તાજગી આણી ઉલ્લાસ પ્રસારવાનો, રસજ્ઞતા પેદા કરી કાયરતા ખંખેરી કહાડવાનો છે. પણ અફસોસની વાત એટલીજ કે આ આશયથી પગલાં માંડનાર વર્ગ, ઉક્ત રૂઢિપોષકના સંસર્ગમાં આવતાં, મૂળ ધ્યેયથી વેગળો જઇ જાણે કોઇ સમરભૂમિ પર ન આવી ઉભો હોય તેમ યોદ્ધાની વીરતા ધારણ કરી લે છે ને ક્રાન્તિકારી બને છે. એ પણ પેલા વર્ગ માફક ભાન ભુલે છે. સુધારવાને સ્થાને તોડવાના કામમાં મંડી પડે છે. હવે એનું ધ્યેય, સામે ઉપસ્થિત થયેલ વર્ગ પણ પોતામાંનોજ એક છે અને પ્રેમભાવે તેનું લક્ષ આકર્ષી વર્તમાન સ્થિતિને અનુકુળ કરવાનું પોતે માથે લીધું છે, એ કાયમ ન રહેતાં બદલાઇ જાય છે ને માત્ર એક ઝંખના વર્તી રહે છે કે ક્યારે

(અનુસંધાન પૃષ્ટ ૭૫).

# અવલોકન.

**ભગવાન મહાવીરની ધર્મકથાઓ**—(નાય ધમ્મ કહા) શ્રી પુંજાભાઇ જૈન ગ્રંથમાલા નં. ૩ અનુવાદક અધ્યાપક બેચરદાસ દોશી પ્ર૦ ગૂજરાતી વિદ્યાપીઠ, અમદાવાદ (કિં. એક રૂ.) જ્ઞાત ધર્મકથાનો અર્થ એ છે કે જ્ઞાત એટલે ઉદાહરણો છે તે પહેલા શ્રુતસ્કંધમાં છે ને ધર્મકથાઓ બીજામાં છે–ઉદાહરણ અને ધર્મકથાના સંગ્રહ રૂપે આ સૂત્ર છે. જ્ઞાતપુત્ર એટલે મહાવીરે કહેલી ધર્મકથા એ પણ અર્થ થઈ શકે. (જુઓ ટિપ્પણ પૃષ્ઠ ૧૭૯). આ સૂત્ર છઠું અંગ છે ને તે અભયદેવસૂરિની ટીકા સહિત આગમોદય સમિતિ નં. ૨૫ માં પ્રકટ થયેલ છે; તેમજ તે મૂળ અને તેના ગૂજરાતીમાં અર્થ વિવેચન સહિત જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રકટ થયેલ છે. પરંતુ સર્વ પાઠાંતર, આવશ્યક શબ્દોનો કોશ ટિપ્પણીઓ અને મૂળના શુદ્ધ પાઠ સહિત સૂત્રો પ્રસિદ્ધ થયેલ ન હોવાથી તે શ્રી પૂંજાભાઇ જૈન ગ્રંથમાલામાં યથાકાળે પ્રકાશિત કરવાની યોજના થઇ ગઇ છે. આ અનુવાદ બધા સંપ્રદાયવાલાઓ સારી રીતે વાંચી શકે એ જાતનો પ્રયત્ન છે, તેટલા માટે નગરાદિનાં લાંબાં વર્ણકો ન આપતાં કથાને અનુસરી ખાસ આવશ્યક ટુંકા વર્ણન આપી રસમાં ક્ષતિ ન થાય એવા સરલ પ્રવાહમાં, છતાં મૂળ વસ્તુમાં કયાંય ફેરફાર કર્યા વગર, કથાઓ રજુ કરવાનું કૌશલ અનુવાદકે બતાવ્યું છે, એ ઉપરાંત દરેક કથાના અધ્યયનો પર ઉપયોગી ટિપ્પણો આપ્યાં છે તેમાંથી ઐતિહાસિક આદિ ખાદ્ય મળી આવે છે, અને છેવટે કોશ આપેલ છે. આમાં અનુવાદકે વિશિષ્ટ શ્રમ લીધો છે. પ્રસ્તાવના તરીકે વિશાલ અભ્યાસી પ્રખર વિદ્વાન કાકા કાલેલકરે 'દ્રષ્ટિ અને બોધ' એ નામનો ૨૮ પૃષ્ઠનો સુંદર અને ગૂઢ રહસ્યનું દર્શન કરાવતો લેખ પ્રકટ થયો છે. અનુવાદકને મૂળને બાધા લાવ્યા વગર કથાને રસભરી પદ્ધતિમાં મૂકવા માટે ધન્યવાદ ઘટે છે. દરેક ધાર્મિક નરનારીએ આ પુસ્તક વાંચવા વિચારવા યોગ્ય છે.

**ભગવાન મહાવીરના દશ ઉપાસકો**—(ઉવાસગ દસાઓ) શ્રી પૂંજાભાઇ જૈન ગ્રંથમાલા નં૦ ૪ અનુ૦ અધ્યાપક બેચરદાસ દોશી, પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ કિં૦ આઠ આના. જ્ઞાતા ધર્મકથા પેઠે ઉવાસગ દસાઓમાં વર્ણવેલા આનંદાદિ દશ ઉપાસકો–શ્રાવકો શ્રી મહાવીર પ્રભુના થયા છે તેનાં ચરિત્રોની રૂપરેખા આમાં આપવામાં આવી છે. તે પર ટિપાણો અને કોશ પણ આપેલ છે તેથી પુસ્તકના મહત્ત્વમાં વધારો થયો છે, આ ચારિત્ર પુસ્તક દરેક શ્રાવક શ્રાવિકા વાંચી તે પરથી પોતાનું ચારિત્ર વ્રતવાળું, નિર્મળું, મોક્ષગામી બનાવે એમ ઇચ્છીશું. હવે અનુવાદકે ઉત્તરાધ્યયન સૂત્રનો અનુવાદ આજ શૈલી પર કરવાનું હાથમાં લીધું છે અને એજ પ્રમાણે બીજા અનુવાદો તૈયાર કર્યા પછી મૂળ પાઠ, પાઠાંતર, આવશ્યક ટિપ્પણીઓ અને શબ્દકોશ સાથે મૂળમાત્ર પણ પ્રકાશિત કરવા પ્રત્યે તે મહાશય લક્ષ આપતા રહે છે એ જાણી આનંદ થાય છે, આ મહાભારત કાર્યમાં તેમને સંપૂર્ણ ફત્તેહ મળો એમ ઇચ્છીશું.

**શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર**—ગૂ૦ અનુવાદ કરનાર મુનિશ્રી છોટાલાલજી પ્ર૦ શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલય લીંબડી [કિં. દશ આના] શ્રી મહાવીર પ્રરૂપિત વાણી સૂત્રો–આગમોમાં અર્ધમાગધી ભાષામાં ગણધરોએ ગુંથેલી છે, તે તે ભાષાથી અજ્ઞાત એવા જનસમૂહને સમજવી મુશ્કેલ હોઇ ચાલુ વર્તમાન દેશી ભાષામાં તેના અનુવાદરૂપે બહાર પડે એમ ઘણા ઇચ્છે છે. જૈન ધર્મ પ્રસારક સભાએ ઉત્તરાધ્યયનસૂત્ર, વિપાક સૂત્ર અને જ્ઞાતા ધર્મકથા સૂત્રનાં મૂળ સહિત સરલ અનુવાદ બહાર પાડયા છે તે ખાસ સંગ્રહવા લાયક છે અને તે માટે તે સભાને ધન્યવાદ ઘટે છે. તેજ રીતે મૂલ સહિત આ અનુવાદ બહાર પડયો હોત તો વધુ યોગ્ય થાત, કારણકે તેમ થતાં આર્ષ વાણીનો મૂળ સ્વાદ ઘણા લઇ શકત. પંડિત બહેચરદાસે અનોખી શૈલીમાં શ્રી ઉપાસક દશાંગ અને જ્ઞાતાસૂત્રના સાર રૂપે ભગવાન મહાવીરના દશ ઉપાસકો અને ભગવાન મહાવીરની ધર્મ કથાઓ એ નામથી લખી ગુર્જરરત્ન કાર્યાલય અને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા પ્રગટ કર્યા છે અને છેવટે ખાસ સબ્દો ને વિષય પર ટીકા આપી છે, અને તેથી પણ મળનો થોડોઘણો આસ્વાદ ગૂર્જર સમાજ મેળવી શકે તેમ છે.

આ સૂત્રમાં પાંચ આસ્રવનાં પાંચ અને સંવરનાં પાંચ એમ દશ અધ્યયન છે. હિંસા, મૃષા, ચૌર્ય, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ આસ્રવ એટલે કર્મ આવવાનાં દ્વાર છે, અને તેના પ્રતિપક્ષી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તે પાંચ સંવર એટલે કર્મ અટકાવવાનાં દ્વાર છે. આ દશે અધ્યયનો વાંચી મનન કરવા યોગ્ય છે કે જેથી અનુવાદક મુનિશ્રીએ સુંદર પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે કર્મક્ષય થાય. 'સુખદુ:ખનો કર્તા અને ભોક્તા આત્મા પોતેજ છે, કરેલાં કર્મો ભોગવ્યા સિવાય આત્માને મોક્ષ નથી, ક્રિયાએ બંધ નથી પણ પરિણામે બંધ છે, તે પરિણામે બધાતાં શુભાશુભ

---

(પૃષ્ટ ૭૪ થી ચાલુ)

એને પરાસ્ત કરૂં ? બસ, વસ્તુ આખી બદલાઇ જાય છે વહેમનાં જાળાં તોડવા અને અજ્ઞાનતાનાં થરો ઉખેડવા કટિબદ્ધ થનાર વર્ગ કોઇ અટલ સંમોહમાં લિપ્ત બની મૂળ વસ્તુ પર શસ્ત્ર પ્રહાર કરવા મંડી પડે છે. પછી એથી સમાજ શરીરને શી હાનિ પુગે છે એ જોવા જેટલી ફુરસદ લેવાતી નથીજ. કથાનકમાં આવતા બે પત્નિના પતિ જેવી દશા સમાજની થઇ પડે છે. જેમ એક પત્નિ માથું પકડી ઉપર ખેંચે, ને બીજી પગ ઝાલી નીચે ધકેલે તેમ સમાજનો મધ્યસ્થ વર્ગ અંતિમ કાંઠે ઉભેલા રૂઢિપોષક ને ઉદ્દામ સુધારક વર્ગો વચ્ચે ભીંસાય છે. આ સાઠમારીમાં જે સાહિત્ય જન્મે છે એની નોંધ લેવાનું પ્રયોજન છે ખરૂં ? એનો તો છેલ્લાં કેટલા વર્ષોનો અનુભવ છે.

મધ્યસ્થ વર્ગ નથી તો જુના વિચારનાનો પલ્લો ત્યજી શકતો કે નથી તો નવિનોને સંપૂર્ણ સહકાર આપી શકતો. એને તો ઉભયના સંગમથી સરજાતા નવીન સ્વરૂપના અભિલાપ છે. પણ એ માટે આ ઉભયની સાઠમારી થવા દેવી એ શું ઉચિત છે ? અગરતો બંનેને છેડે રાખી કોઇ નવોજ માર્ગ ચીંધવો વ્યાજબી છે ? આજે તો આ પ્રશ્નોમાં તે ગુંચવાયેલો છે, છતાં રસ્તો કહાડવો પણ તેનાજ હાથમાં છે.

—મોહનલાલ ચોકસી.

કર્મ આત્માને ભોગવવાનાં હોય છે; પણ તેમાં કરે તે ભોગવે એમ એકાંતે કહી દુર ખસી જવાનું ને તેથી હૃદયની શુષ્કતા વધારવાનું નથી, પણ બીજા તે કર્મ કરતાં અટકે, ભોગવતાં સમભાવ રાખે એમ પ્રયત્ન પણ કરવાના છે, પરિણામ કરનાર મનની નિર્મળતા પોતાની કરવાની અને પરની કરાવવાની જરૂર છે કારણકે એક મનને જીતતાં પાંચ ઇંદ્રિયને જીતાય છે, અને તે જીતવા માટે–કર્મનાં આવરણ દુર કરવા માટે કર્મનું સ્વરૂપ જાણવું ઘટે. શ્રી વીર પ્રભુએ આ સૂત્રમાં કર્મબંધનો કેવી રીતે નિબિડ અને શિથિલ બંધાય છે, આત્મા કઇ રીતે કર્મના આવરણોથી વધુને વધુ આવરાય છે અને એ આવરણો કઇ રીતે દુર કરી શકાય છે વગેરે વિસ્તારપૂર્વક કથ્યું છે.'

અનુવાદ અક્ષરસઃ ને બદલે છુટું અને ટીકાની સહાયથી અર્થ પૂરતા શબ્દોથી કર્યું છે ને તે માટે મુનિશ્રીએ પૂરો શ્રમ લીધો છે એ જોઇ શકાય છે. તેને સુવાચ્ય કરવામાં પ્રસિદ્ધ લેખક રા. ચુનિલાલ વર્ધમાન શાહનો ફાળો છે મૂળ સૂત્રોને લઇ તેના દરેક શબ્દનું ભાષાંતર કરી તે શબ્દનો અર્થ સમજાવવા ઉમેરેલ શબ્દોને કૌંસમાં મુકયા હત અને દરેક સૂત્રનો નંબર મુકયો હત તો તે યોગ્ય હતું.

આ સૂત્ર પર સાક્ષર મુનિશ્રી પુણ્યવિજયજીએ પ્રસ્તાવના લખી હત તો અનેરો પ્રકાશ પડત; પણ તે અવકાશાભાવે ન બન્યું તે માટે ખેદ, છતાં તેના અભાવે આ સૂત્ર પર કેટલાંક વર્ષ પહેલાં એક બંગાલી મહાશયે અંગરેજીમાં એક મોટો નિબંધ લખ્યો હતો અને તે જૈન ગેઝેટ નામના અંગ્રેજી માસિકમાં છપાયો હતો અને તેનો ગુજરાતી અનુવાદ મેં કર્યો હતો તે 'બુદ્ધિપ્રભા' નામના માસિકમાં છપાયો હતો તે જો પ્રસ્તાવના તરીકે મુકવામાં આવ્યો હત તો વધારે ઉચિત થાત. પણ તે સબંધી અનુવાદક કે પ્રકાશકને ખબર ન હોય ને તેના કારણે એમ બન્યું હોય એ સંભવિત છે. બીજી આવૃત્તિમાં તે પ્રકટ થશે એમ ઇચ્છીશું.

પ્રશ્ન વ્યાકરણ એ નામ કેમ પડયું, તેમાં તેના નામ પ્રમાણે શું વિષયો હોવા જોઇએ, નંદી સૂત્ર વગેરેમાં ૧૧ અંગની જે વાત આવે છે તેમાં તેના કયા વિષયો જણાવેલા છે, હાલમાં તે વિષયો કેમ નથી, અને જુદાજ વિષયો કેમ છે એ સંબંધી ઊહાપોહ પ્રસ્તાવનામાં કરવા યોગ્ય હતો. જોકે આસ્રવ અને સંવર સંબંધીના હાલમાં જણાતાં દશે અધ્યયનો વીરપ્રભુની વાણી તરીકે ગણવા યોગ્ય છે, અને તેમ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના વખતે તેમાં લેખબદ્ધ થયાં હશે, છતાં ઐતહાસિક દ્રષ્ટિએ અને વ્યુત્પત્તિની દ્રષ્ટિએ તે સૂત્રની મૂળ વસ્તુ આદિનો વિચાર કરવો અપેક્ષિત છે. બીજી આવૃત્તિમાં સાક્ષરશ્રી પુણ્યવિજયજી આ સંબંધી પ્રકાશ પાડતી પ્રસ્તાવના પૂરી પાડશે એમ ઇચ્છીશું. આ અનુવાદ કરવામાં સંપ્રદાય મોહ કે બીજાં અંતરાયોથી અનુવાદક મુનિશ્રી મુકત રહ્યા હોય એમ લાગે છે અને તે માટે તેમને ધન્યવાદ સૌ કોઇ આપે.

'જેઓ ધીરમતિવાળા છે, બુદ્ધિવાળા છે, દ્રષ્ટિવિષ સર્પના ઉગ્ર તેજ જેવા તેજ-પ્રભાવ યુક્ત છે, નિશ્ચય તથા પુરૂષકારથી પર્યાપ્ત એવી પરિપૂર્ણમતિવાળા છે, નિત્ય સ્વાધ્યાય-ધ્યાનાદિ કરનારા છે, સતત ધર્મ ધ્યાનને આચરનારા છે, પાંચ મહાવ્રતરૂપ ચારિત્રે કરી યુક્ત છે, (પાંચ) સમિતિમાં પ્રવર્તે છે, પાપને શમાવ્યાં છે, છકાય રૂપી જગતના વલ્લભ વાત્સલ્યકારી છે, સદા અપ્રમત્ત છે, તેઓએ અને તેમના સરખા બીજા અનેક અહિંસા ભગવતીનું પાલન કર્યું છે, (પૃ. ૯૨) એવા મહાવ્રત ધારી સાધુઓ બનવા માટે મુખ્યપણે આ સૂત્ર છે અને તેવા સાધુઓ આ સૂત્રના મનનના પરિણામે આ જગતૂમાં વિશેષ પ્રગટો અને તેમના સદુપદેશથી અણુવ્રતધારી શ્રાવકો અસંખ્ય થાઓ એ હૃદયેચ્છા સહિત આ અવલોકન આટલેથી પુરૂં કરૂં છું.

**નિર્ગ્રન્થ-પ્રવચન**—સંગ્રાહક અને અનુવાદક મુનિશ્રી ચૌથમલજી પ્ર૦ જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ, રતલામ પૃ૦ ૨૭૨+૭૨ [કિંમત આઠ આના] પરમ નિર્ગ્રન્થ શ્રમણ ભગવાન્ મહાવીરની વાણીના પ્રતિનિધિરૂપ સૂત્રો પૈકી અમુકમાંથી ગાથાઓનું દોહન કરી તેને ૧૮ અધ્યાયમાં વિભક્ત કરી તે મૂળ ગાથા તેનો હિંદીમાં અન્વયાર્થ અને ભાવાર્થ આપવામાં સંગ્રાહક મહાશયે સારો પરિશ્રમ સેવ્યો છે, વીતરાગતા વગર મોક્ષ નથી, અને વીતરાગ તે સાચો ઉપદેશ કથનાર છે તેવા શ્રી મહાવીર ખેદજ્ઞ-ક્ષેત્રજ્ઞ, કુશલ-આત્મજ્ઞ, મહર્ષિ, અનંતજ્ઞાની, અનંતદર્શી, યશોધની હતા. તેમની વાણીમાં અનેક ગુઢ રહસ્યો ભર્યાં છે તે સમજવા જ્ઞાની પુરૂષનો આશ્રય હોય તો ઓર આનંદ આવે છે. 'જ્ઞાની પુરૂષને મળીને જે આત્મભાવે સ્વચ્છંદપણે કામનાએ કરી–રસે કરી–જ્ઞાનીના વચનની ઉપેક્ષા કરી–અનુપયોગ પરિણામી થઇ સંસારને ભજે છે–તે પુરૂષ તીર્થંકરના માર્ગથી બહાર છે–એમ કહેવાનો તિર્થંકરનો આશય છે! માટે આત્મા સમજવા અર્થે શાસ્ત્ર વચનો ઉપકારી છે અને તે પણ સ્વચ્છંદ રહિત થઇને, એટલો લક્ષ રાખી સત્શાસ્ત્ર વિચારવા ઘટે. જે એકને જાણે છે તે સર્વને જાણે છે ને જે સર્વને જાણે છે તે એકને જાણે છે' એ શ્રી મહાવીર પ્રભુનું મહદ વાકય આ સંગ્રહમાં નથી કારણકે તે ગાથાબદ્ધ નથી, પણ તે એમ જણાવે છે કે 'હે મુમુક્ષ' એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઇચ્છાથી તું નિવૃત્ત અને એક નિજસ્વરૂપને વિષે દ્રષ્ટિ દેત કે જે દ્રષ્ટિથી સમસ્તસૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્ત્વસ્વરૂપ એવાં સત્શાસ્ત્રમાં કહેલા માર્ગનું પણ આ તત્ત્વ છે એમ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે.'

આમાં અધ્યાયની સંખ્યા ૧૮ ની રાખી છે તો તે શ્રી ભગવદ્ગીતાના અધ્યાય ૧૮ છે તે પરથી હશે કે જેથી આને શ્રી મહાવીર ગીતા કહી શકાય. પણ તે ભ૦ ગીતામાં જે પ્રકારે દરેક અધ્યયનાં નામ છે ને તે નામ પ્રમાણે તેમાં વિષયબદ્ધ શ્લોકો છે તે પ્રમાણે આમાં અધ્યાયને નામ આપી તે નામ પ્રમાણે ગાથની સંકળના કરી હત, અને તેમ કરવામાં મુખ્યત્વે ઉત્તરાધ્યયન સૂત્રની અને થોડાં બીજા સૂત્રની ગાથાઓ લીધી છે પણ સંપૂર્ણ બધાં સૂત્રોમાંથી વિષયવાર ગાથાઓનું દોહન કરી વિષયવાર સંકલન કર્યું હત તો ઉત્તમ થાત.

ભાવાર્થમાં અંગ્રેજી શબ્દો, વાકયખંડો વાપર્યાં છે તે અપ્રસ્તુત છે તેનું પ્રયોજન માત્ર એ જણાય છે કે ભાવાર્થ લખનાર અંગ્રેજી જાણે છે. વળી દરેક ગાથાનો અર્થ અને ભાવાર્થ

# નોંધ.

**લાડવા શ્રીમાળી વણિક અને સંઘ**—જૈન સંઘમાં સર્વ જિનાનુયાયીઓ પછી તેમાં ગમે તે જ્ઞાતિ જાતિને હોય, પાટીદાર, પટવા, ભાવસાર કે વણિક જ્ઞાતિને હોય તેને એક સરખું સ્થાન છે. લાડુઆ એ શબ્દનું 'મોદકીય' એવું સંસ્કૃત ભાષાંતર કરનાર એક વિદ્વાન્ મુનિ અને હાલના એક સૂરિએ અન્યાય કર્યો હતો. તે શબ્દ 'લાટ' દેશના—લાટીય એમ સૂચવે છે. એવા ઇતિહાસ છે કે "ચાવડા અને સોલંકી વંશના ગૂજરાતના રાજાના પ્રતાપથી રાજ્યની ઉન્નતિ શિખરે ચડી લોકોમાં વૈભવ અને સુખ વધ્યે જતાં હતાં. આથી અન્ય પ્રદેશોમાંથી આવી પાટણની વસ્તી ભરાતી ગઇ. સં. ૧૧૭૫ માં શ્રીમાલમાં દુકાળ પડયો હતો તેથી ત્યારપછી સં. ૧૨૦૦ ની લગભગમાં શ્રીમાલ નગરની ઘણી વસ્તી ગૂજરાતમાં આવી, જોકે એ પહેલાં પણ કર્ણદેવના વખતમાં લાટ (લાડ, ભરૂચ પાસેના) દેશમાં શ્રીમાળીઓ આવતા થયા હતા. સિદ્ધરાજ જયસિંહે સોરઠના સુબા તરીકે શ્રીમાળી સજ્જન મંત્રીને નીમ્યો હતો, એથી શ્રીમાળીઓને સોરઠમાં (કાઠીયાવાડમાં) વસવાટ કરવાને બહુ અનુકૂળ સંધિ મળી હતી. ત્યારથી શ્રીમાલ દેશથી—નગરથી આવેલ સર્વ શ્રીમાળીઓએ આવી સૌરાષ્ટ્રમાં પોતાની વસ્તી વધારી. લાટ દેશ કે જે સં. ૧૧૦૦ ની લગભગમાં ગૂજરાત સાથે જોડાયો, તેમાં કર્ણદેવના વખતથી અને ખાસ કરી સિદ્ધરાજ અને કુમારપાળના સમયમાં દંડનાયક તરીકે શ્રીમાળી જૈન વાણીઆજ નીમાઇને આવતા. સં. ૧૧૯૩ માં પ્રાકૃત મુનિસુવ્રત ચરિત્ર રચનાર શ્રીચંદ્રસૂરિ પોતાની પૂર્વ અવસ્થામાં લાટ દેશની મંત્રિમુદ્રા શોભાવતા હતા, આમ લાટમાં જૈન શ્રીમાળીઓ થયા તે લાડ અને લાડવા વાણીઆ કહેવાયા. (જુઓ મારો "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" પારા ૩૦૮).

લાડવા કે લાડુઆ તે શ્રીમાળી વાણીઆની એક પ્રાંતિક ભેદે શાખા હતી. તેમની જ્ઞાતિ નાની છે ને તેને હલકી પાડવા કેટલાક શ્રાવકો તેને સો દોઢસો વર્ષમાં થયેલા નવા શ્રાવકો અને નવી જ્ઞાતિ કહે છે. અને એ જ્ઞાતિની ઉત્પત્તિ માટે તરેહવાર જોડકણું કાઢી બતાવે છે. એ જ્ઞાતિ જૂની છે અને મૂળ શ્રીમાળી વાણિયા જ્ઞાતિ છે એમ બતાવનારા ઘણા પ્રતિમા લેખો મળી આવે છે, દાખલા તરીકે એક લેખ એવો છે કેઃ—

"સંવત્ ૧૬૮૩ વર્ષે ફાગણ વદિ ૪ શનૌ સાહિ શ્રી સલેમ (જહાંગીર) રાજ્યે કયરવાડા વાસ્તવ્ય લાડુઆ શ્રીમાલી જ્ઞાતીય સં૦ મેઘ ભા૦ ઇંદ્રાણી સુત સં. ઠાકર નામ્ના સ્વપિતૃકારિત પ્રતિષ્ઠાયાં શ્રી ધર્મનાથબિંબં સ્વશ્રેયસે કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રી ત૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિ પટ્ટાલંકાર ભ૦ શ્રી વિજયદેવસૂરિ તથા શ્રી વિજયતિલકસૂરિ પટ્ટાલંકાર ભ૦ શ્રી વિજયાણંદસૂરિભિઃ"

આ લાડુઆ જ્ઞાતિ ઠીક પ્રમાણમાં સુરત ભરૂચમાં વિદ્યમાન છે. તેને સુરતના જૈન સંઘમાં દાખલ ઘણાં વર્ષોથી નહિ કરેલ. તેથી તે જ્ઞાતિ શ્રીમાલી વણિકમાં અરસપરસ લગ્ન વ્યવહાર કરી શકતી નહિ. વળી તે જૈન ધર્મ પાળતાં છતાં સંઘની બહાર હોઇ તેને કચવાટ રહેવાનું ભારે કારણ હતું. આ સ્થિતિ દુર કરવાને ઘણા પ્રયત્ન થયા. સ્વ. સાક્ષર શ્રી મણિલાલ બકોરભાઇ વ્યાસે શ્રીમાળી વણિક જ્ઞાતિ સબંધી ઘણી હકીકતો લેખો આદિ સંગ્રહિત કરી એક પુસ્તક લખ્યું હતું તે પ્રગટ થયું છે ને તે પરથી ઐતિહાસિક પ્રકાશ પડે છે. સુરતના નગરશેઠ અને સંઘપતિશ્રીને અનેક અરજીઓ ગઇ હતી; પણ તેનો સંતોષકારક નિર્ણય થયો નહિ, છતાં લાડવા શ્રીમાલી જ્ઞાતિ બંધુઓએ ઘણી ધીરજ રાખી સહન કર્યું અને પ્રયત્ન જારી રાખ્યા. હમણાં થોડાક માસ પહેલાં એ સવાલ સુરતના સંઘ પાસે આવ્યો તે વખતે આપણી કૉન્ફરન્સ ઑફિસ અને અન્ય સ્થળેથી તાર તે સંઘ પ્રત્યે તે જ્ઞાતિને સંઘમાં લેવાની સંમતિ આપનારા ગયા હતા. તે વાત મુલતવી રહી હતી. હમણાં તાર અને સુરતના સંઘપતિના પત્રથી ખબર મળે છે કે તે જ્ઞાતિને સંઘમાં લેવામાં આવેલ છે એ જાણી અમોને ઘણો હર્ષ થાય છે. આવું સંગઠન કરવા માટે સુરતના સંઘ તથા સંઘપતિ નગર શેઠને અમે હૃદયપૂર્વક ધન્યવાદ આપીએ છીએ, આવા સંગઠનના પ્રયત્નો સર્વે નગરના સંઘો કરશે એમ ઇચ્છીશું. નમો તત્થસ્સ.

**સાદડીના જૈનોમાં વૈમનસ્ય**—સાદડીમાં દેરાવાસી અને સ્થાનકવાસી વચ્ચે ઘણાં વર્ષોથી વૈમનસ્ય રહ્યાં કરે છે તેમાં એક ભાગનો સંપૂર્ણ દોષ હોય અને બીજા ભાગનો કંઇપણ દોષ ન હોય એ વાત સ્વીકારી ન શકાય. બે હાથે તાલી પડે એ ન્યાયે બંનેનો દોષ કંઇને કંઇ પ્રમાણમાં હોઇ શકે અને તેથી રૂડાં ફલ ન આવે માટે બંને તરફનાં દોષોમાં ઉંડા ઉતરી મતભેદને લીધે થયેલ હૃદયભેદ દુર થવો જોઇએ. લીંબડી એ કાઠીયાવાડમાં સ્થાનકવાસીનુ કેન્દ્ર ગણાય છે, તેમ સાદડી મારવાડ—ગોડવાડમાં તેઓનું કેન્દ્ર થયું હોય એમ લાગે છે.

ઇતિહાસ જોતાં એમ કહેવાય છે કે ઉદયપુરના પ્રસિદ્ધ મહારાણા પ્રતાપસિંહના પ્રધાન મંત્રી ભામાશાહનું નામ દેશપ્રસિદ્ધ છે. તે ભામાશાહ જૈન ઓશવાલ હતા અને તેના ભાઇ તારાચંદ ગોડવાડના હાકેમ બન્યા ને સાદડીમાં રહી લુંકા પક્ષમાં ગયો ને જોકે સાથે મૂર્ત્તિપૂજા સાચવી રાખી, પરંતુ

---

કરતાં હે ઇંદ્રભૂતિ હે ગૌતમ, હે આર્ય એ શબ્દો મૂકયા કરવા એ ઠીક નથી.

'શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં કહીએ તો 'જિનાગામ છે તે ઉપશમ સ્વરૂપ છે. ઉપશમ સ્વરૂપ એવા પુરૂષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં ઉપદેશ્યાં છે તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઇ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું, તો તે જિનાગામનું શ્રવણ, વાંચન નિષ્ફળરૂપ છે, અને ઉત્તરાધ્યયન અ૦ ૩૬ ગા૦ ૨૫૮ માં કહ્યું છે કે 'જે જિન વચનમાં અનુરકત છે, જે જિનવચનને ભાવથી કહે છે—માને છે તે નિર્મલ અને અસંકિલષ્ટ થઇ અલ્પસંસારી થાય છે' આ વાત સર્વ કોઇ ધ્યાનમાં રાખશે.

[મુનિશ્રી ચૌથમલજી સ્થાનકાસી સંપ્રદાયમાં એક પ્રસિદ્ધ પંડિત ગણાય છે અને તેમણે નિગ્રંથ પ્રવચનનો સંગ્રહ કરી અર્થ—ભાવાર્થ લખવામાં ને તે પ્રકટ કરાવવામાં શ્રમ લીધો છે તે સ્તુતિપાત્ર છે. બીજા જૈન સંપ્રદાયવાળાઓ અને અન્ય ધર્મીઓ પણ બરાબર સમજી શકે તેમ કરવામાં કાળજી રાખી છે તે વિશેષ આદરણીય છે. સર્વ ધર્મવાળા આ ગ્રંથ વાંચી આત્મહિત લાભ ઉઠાવશે ] તંત્રી.

મૂર્તિપૂજામાં પુષ્પાદિથી થતી પૂજામાં અનુચિત હિંસા છે એમ જણાવી પોતાની સત્તાથી અનેકને લુંકાગચ્છમાં લાવી જે ન ભળ્યા તેવા મૂર્તિપુજકો પર તેણે ઘણા જુલમ કર્યા તેના મરણબાદ સાદડીમાં વાવ છે ત્યાં તેની તથા તેની સ્ત્રી આદિની મૂર્તિની પ્રતિષ્ઠા સં. ૧૬૪૮ વૈ. વદ ૯ કરાવાઇ છે ને ત્યાં હજુ સુધી લુંકાવાળા તે મૂર્તિઓની કેશરચંદનાદિથી પૂજા કરે છે (જુઓ રત્ન પ્રભાકર જ્ઞાન પુષ્પમાલા નં. ૯ માં શ્રી જૈન શ્વે૦ મૂ૦ ગોડવાડ ઔર સાદડી–લુંકા મતિયો કે મતભેદકા દિગ્દર્શન નામની ચોપડી; ઓઝાજીનો રાજપૂતાનેકા ઇતિહાસ ખંડ ૩ પૃ૦ ૭૪૩, હિંદી માસિક સરસ્વતી પુ૦ ૧૮ પૃ૦ ૯૭) એટલે આ વાત સત્ય હોય તો સત્તરમા સૈકાના મધ્યથી સાધુમાર્ગી અને મંદીરમાર્ગી વચ્ચે કલહ ચાલે છે. પછી બંને પક્ષનું થાળે પડતાં બન્નેમાં લગ્નાદિ વ્યવહાર કરવારૂપે શાંતિ અને સહકાર ઘણાં વર્ષો થયાં રહ્યાં હશે ને છેલ્લાં કેટલાંક વર્ષથી મામલો વિપરીત થયો અને તે વ્યવહાર બંધ થયો એ અતિ ખેદની વાત છે. રોટી વ્યવહાર ત્યાં બેટીવ્યવહાર ઉચિત છે, બંને પક્ષોમાં લગ્નાદિ વ્યવહાર હોય તો બંને વચ્ચે પ્રેમભાવ–સ્વજન ભાવ–બંધુભાવ કાયમ રહે એ ન્યાયે જ્યાં જ્યાં એકાંગી ઘોળ, વાડ અને પંચાયતી થયેલ છે ત્યાં ત્યાં એ સર્વ અનાદરણીય છે અને તે જેમ જલદી તૂટે યા તોડી શકાય તેમ કરવાની જરૂર છે.

સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સનું ગયા એપ્રિલમાં અજમેર નવમું અધિવેશન મળેલું તે વખતે છઠ્ઠો પ્રસ્તાવ નીચે પ્રમાણે થયો હતો કે જે અધિવેશનમાં આપણી કૉન્ફરન્સના પિતા શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા સાહેબે વ્યક્તિગત હાજરી આપી હતી:—

"એકતાના આ યુગમાં સાદડી (મારવાડ)ના સ્થા૦ ભાઇઓનો અઢાર વર્ષથી શ્વે૦ મૂ૦ ભાઇઓએ જે બહિષ્કાર કર્યો છે તે પર મુંબઇ કૉન્ફરન્સના પ્રસ્તાવ અનુસાર શ્વે૦ મૂ૦ કૉન્ફરન્સને આ કૉન્ફરન્સ તરફથી પત્ર મોકલ્યો હતો તેનો ઉત્તર ન મળવાથી બિકાનેર કૉન્ફરન્સની વખતે ફરી પત્ર મોકલ્યો હતો. તથાપિ તેણે મૌનજ રાખ્યું તે માટે આ કૉન્ફરન્સ તેના આ વ્યવહાર પર અત્યંત અસંતોષ પ્રકટ કરે છે અને વળી તેને પુનઃ વિનંતિ કરે છે કે તે આ બહિષ્કાર દૂર કરવાના સક્ષ પ્રયાસ કરે અને એકતા વિષયક પોતાની કોન્ફરન્સમાં કરેલા પ્રસ્તાવોનો સાચો પરિચય આપે. પ્ર૦ શ્રી નથમલજી ચોરડીઆ. અ૦ ચિમનસિંહજી લોઢા.

**નોટઃ**—આ કોન્ફરન્સ ખુશીથી એ નોંધ કરે છે કે શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢાની સૂચના અનુસાર સાદડીના બંને પક્ષોની સમાધાની માટે બંને પક્ષોના ચાર ચાર અને એક મધ્યસ્થ, એમ નવ સભ્યોના પંચ નિયત કરી જે નિર્ણય આવે તે બંને પક્ષોએ માન્ય કરાવવાનું ઠરાવવામાં આવે છે. અમારા તરફથી ચાર નામ નીચે લખ્યાં છે. ૧ શ્રી દુર્લભજી ઝવેરી. ૨ શ્રી નથમલજી ચોરડીઆ, ૩ રા. સા. મોતીલાલજી મુથા અને ૪ શ્રી કુંદનમલજી ફિરોદિયા. મધ્યસ્થ પં૦ પ્યારેકિશનજી ભૂતપૂર્વ જાબુવા દિવાન. મૂર્તિપૂજક જૈનો તરફથી ચાર નામ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા પાસેથી લઇ કોન્ફરન્સ ઓફિસમાં મંગાવી લેવાં, કે જેથી કાર્યારંભ થઇ શકે."

આમ તે પ્રસ્તાવ હિંદીમાં કરવામાં આવ્યો હતો એમ મુંબઇ સ્થા૦ કોન્ફરન્સ ઓફિસ ૧૩ મી જુલાઈ ૩૩ના પત્રથી તેની નકલ મોકલી જણાવે છે. આ સંબંધે ઢઢ્ઢાજી સાહેબનું ધ્યાન ખેંચતાં તેમણે જણાવ્યું હતું કે અજમેર અધિવેશનમાં લાગણી તીવ્ર હતી તેથી લવાદીથી તે કાર્યનો નિકાલ કરવા સૂચના તેમણે કરી હતી કે બંનેની કોન્ફરન્સ ઓફિસના હાથમાં તે વાત મૂકવી અને તે તે કોન્ફરન્સ દ્વારા લવાદોની બોર્ડ પર આખી વાત મુકવી અને એમ બને તો બંને કોન્ફરન્સની ઓફિસ જે સેવા કરે તે ઉપરાંત આપસમાં પતાવટ માટે મારી સેવા હું યથાશકિત આપવા તૈયાર છું. જે પ્રસ્તાવની નકલ છે તેમાં ઉપર પ્રમાણે ફેરફાર કરવાની જરૂર રહે છે વગેરે વગેરે.

મુંબઇ સ્થા૦ કો૦ નો ૧૩–૭–૩૩ નો પત્ર પણ કહે છે કે મૂ૦ ભાઈઓ તરફથી પંચનાં નામો ઢઢ્ઢાજીએ તમો મૂ૦ કો૦ ની સાથે તેમજ સ્થાનિક સાદડી સંઘની સાથે નિમંત્રણા કરી આપવાનાં હતાં એમ અજમેરની પરિષદ્‌માં બન્યું હતું, અને ઢઢ્ઢાજીને લખતાં મૂ૦ કો૦ ઓફિસ નામો મોકલે એમ તેઓ જણાવે છે માટે નામો મોકલાવો.

મૂ૦ કો૦ ઓફિસે ઢઢ્ઢા સાહેબ તથા સાદડીના સંભાવિત ગ્રહસ્થો સાથે નિમંત્રણા કરતાં ઘણી વાત બહાર આવી. તેનો ઈતિહાસ લાંબો છે પણ ટૂંકામાં હકીકત એવી છે કે સાદડીમાં લગભગ આઠસો ઓસવાલ કુટુંબો છે તેમાં મૂ૦ નો મોટો ભાગ છે. બંને પક્ષના આંતરિક કલહો કંઇક હોવાજ જોઇએ કે જેના પરિણામે જ્ઞાતિમાં કલહ દાખલ કરવામાં આવ્યો. અને મૂર્તિપૂજકોએ સ્થાનકવાસી ભાઇઓ સાથે કન્યાની આપ લે કરવી નહિ એમ ઠરાવ કર્યો. લગભગ ૩૦ વર્ષ ઉપર ઢઢ્ઢાજીએ ઘાણેરાવમાં પોતાના લગ્ન સમયે સાદડીમાં રાતના ઉજાગરા કરી ઘણી મહેનત પતાવટ કરવા માટે કરી હતી પણ દુર્ભાગ્યે તે થઇ ન શકી. સાદડીમાં મૂ૦ કોન્ફરન્સ સને ૧૯૧૯ માં મળી ત્યારે પણ પ્રયત્ન થયા પણ કંઈ પરિણામ ન આવ્યું. એમ કહેવાય છે કે સાદડીના મૂ૦ ભાઇઓએ ગોડવાડનાં ૨૭ ગામોનાં મૂ૦ પંચોને વરકાણા નોંતરી ઉપરનો ઠરાવ કર્યો. આથી લઘુ પ્રમાણવાળા સ્થા૦ ભાઇઓને ભારે મુંઝવણ પડે તે સ્વાભાવીક છે. અને તેથી તેઓ પોતાની કોન્ફરન્સ પાસે ફર્યાદ લઇ જાય પણ અજમેર કોન્ફરન્સ ભરાઈ તે પહેલાં અમદાવાદના પ્રસિદ્ધ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ સાદડી જઇ બંને પક્ષના આગેવાનોની સલાહ લઇ ફેંસલો આપ્યો હતો આ વાતની ખબર ઢઢ્ઢાસાહેબને હતી નહિ અને સાદડીના સ્થા૦ ભાઇઓ તરફથી તેવી વાત તેને મળી શકી નહિ. અને તે હકીકતની ખબર હત તો જે પ્રમાણે સૂચના પોતે કરી છે તેમાં ઘણો ફેરફાર થાત.

મૂ૦ કોન્ફરન્સને અમુક પ્રાંતના પ્રદેશના, નગરના કે ગામના સ્થાનિક ઝઘડાઓનો ભારે અનુભવ થયો છે અને તે અનુભવને પરિણામે તેણે પોતાની હસ્તીના મળમાં

(અનુસંધાન પૃષ્ટ ૮૦).

## અહમદનગર ખાતે

# શ્વેતાંબર જૈન પ્રાંતિક પરિષદ નું

## શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢાના પ્રમુખપણા હેઠળ થયેલ પાંચમું અધિવેશન.

અહમદનગર. તા. ૧૨-૧૧-૩૩.

અત્રે મહારાષ્ટ્રના જૈનોની એક પ્રાંતિક પરિષદ્ તા. ૯-૧૦-૧૧ ના દિનોએ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા. એમ. એ. ના પ્રમુખસ્થાન નીચે મલી હતી. પ્રમુખ અત્રે તા. ૮ મી ના રોજ આવી પુગતાં તેમને ભારે માન આપવામાં આવ્યું હતું. તા. ૯ મીએ બેઠકની શરૂઆત હોવાથી આખા પ્રાન્તમાંથી નરનારીઓની સારી સંખ્યા ઉપરાંત આગેવાનો વગેરેએ મ્હોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ બેઠક દરમ્યાન જૈન કોમના અગ્રેસરો મુંબઇથી આવનાર છે એમ જાણી લોકોને વધારે પ્રોત્સાહન મલ્યું હતું. આ બેઠકના દિવસો દરમ્યાન. કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ રણછોડભાઇ રાયચંદ, શેઠ સકરચંદ મોતીલાલ મુળજી શ્રી મોતીચંદ ગિ. કાપડીયા સોલીસીટર, શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી, ડો. ત્રિભોવનદાસ લહેરચંદ, મૂલચંદ સજમલજી, ફુલચંદ શામજી વગેરેએ અનુકૂળતા મુજબ હાજરી આપી હતી.



શ્રીયુત ગુલાબચંદજી ઢઢા, એમ એ.
પ્રમુખ–મહારાષ્ટ્રીય જૈન શ્વે૦ કોન્ફરંસ.

પ્રથમ દિવસે કામકાજ એ વાગતાં બાગડે થીએટરમાં પ્રમુખશ્રીની પધરામણી બાદ બાલાઓ તથા વિદ્યાર્થીઓએ મંગળાચરણ તથા સંગીત રજુ કર્યા પછી સ્વાગતાધ્યક્ષ શેઠ લાલચંદ પૂનમચંદ મુથા એ આવકાર આપનારૂં ભાષણ હિંદીમાં રજુ કરતાં સ્વાગત કર્યું હતું અને શરૂઆતમાં કોન્ફરન્સની પ્રવૃત્તિથી કોમને શું ફાયદા થયા છે અને તેની જરૂરીઆત શા કારણે છે તે જણાવ્યા બાદ અહમદનગરનો ઇતિહાસ રજુ કર્યા પછી, પ્રાંત ( છોટી મારવાડ ) નો જૈન ઇતિહાસ, અને મરાઠા શાહીનું વર્ણન કર્યા પછી મહારાષ્ટ્રમાં જૈન એસોસીએશન ની આવશ્યકતા હોવાનું, જૈન બેંક, શિક્ષણિક પ્રબંધ, શુદ્ધિ અને સંગઠનની આવશ્યકતા જણાવી ઘટતું વિવેચન કર્યું હતું. બાદ કેશરીયાજી તીર્થ સબંધે થોડી હકીકત અને આજે ઉપસ્થિત થયેલ પ્રશ્ન અંગે પોતાના વિચારો પ્રદર્શિત કર્યા હતા. અંતમાં કોમની ઉન્નતિ અને ધર્મ સબંધે વિવેચન કર્યા પછી પ્રમુખ સાહેબની ચુંટણી કરવા સૂચના કરી હતી.

ત્યારપછી શ્રી. બાલચંદ હીરાચંદે શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢા (વરાયલા પ્રમુખ) સાહેબની પ્રમુખસ્થાને નિયુક્તિ માટે તેમની ઓલખાણ સમાજમાં તેમનું સ્થાન વગેરે હકીકતો રજુ કરી દરખાસ્ત કરી હતી જેને શ્રી કુંદનમલ ફીરોદીયા વકીલ, અહમદનગર, શ્રી બાબુલાલ નાનચંદ પૂના, શ્રી મોતીલાલ વીરચંદ શોલાપુર, શ્રી રાજારામ મીયાચંદ કરાડ, શ્રી પોપટલાલ રામચંદ શાહ પૂના વગેરેએ અનુમોદન આપ્યા બાદ પ્રમુખસાહેબને સ્વાગતપ્રમુખે હાર પહેરાવ્યો હતો.

બાદ બહારગામથી આવેલા ફતેહ ઇચ્છનારા સંદેશાઓ સેક્રેટરીએ વાંચી સંભલાવ્યા હતા. અને મંડલાચાર્ય શ્રી નેમિચંદ્ર સૂરિએ બેઠકનું કામકાજ સફળ થાય એ બદલ આશિર્વાદ જનક સંક્ષિપ્ત વિવેચન કર્યું હતું.

ત્યારપછી પ્રમુખ શ્રી ગુલાબચંદ ઢઢ્ઢા એમ. એ. એમણે પોતાનું વક્તવ્ય રજુ કરતાં અહમદનગર વિભાગ 'છોટી મારવાડમાં' વસતા જૈનોને આબરૂ જમાવી સુધારક વૃત્તિવાળા હોવા બદલ અભિનંદન આપ્યું અને આવા અધિવેશનમાં પ્રાંતિક આગેવાનની નિમણુંક પ્રમુખ સ્થાને થવાની જરૂર સમજાવ્યા બાદ કોન્ફરન્સે શું કર્યું તેની જરૂર શા માટે છે વગેરે સમજાવ્યા બાદ આપણી વર્તમાન અને ભૂતકાલીન દશાનું ચિત્ર આપ્યા પછી સ્થાનકવાસી અને મૂર્તિપૂજકોની કોન્ફરન્સો એક સાથે મલે તો એક બીજાને સામાન્ય સામાજીક બાબતો પર નિર્ણયો કરવામાં આવે તો સંગઠન વધે પ્રેમ અને મૈત્રી વધે એમ જણાવ્યું હતું. ત્યાર પછી હાનીકારક રિવાજો, અન્ય ધર્મનાં વ્રત પાલન, જૈન બેંક, એકય, શુદ્ધિ અને સંગઠન, વિદ્યા પ્રચાર વસ્તી ગણતરીની આવશ્યકતા, જૈન કોલેજ. રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર, સ્વદેશી વ્રત પાલન ધાર્મિક રિવાજો મા ક્રાન્તિ તથા શ્રી કેશરીઆ નાથજીના ઉપસ્થિત થયેલ પ્રશ્ન વગેરે વિષયો ચર્ચા હતા અને એક લાખ નિરાશ્રિતો ને કામે લગાડવા માટે દેરાસરોમાં તેમની ગોઠવણ થાય તો એ ગુંચવાડા ભર્યાં પ્રશ્નનો સાગે નિર્ણય આવે વગેરે મુદ્દાઓ પર સારો પ્રકાસ પાડયો હતો.

ત્યાર પછી સબજેક્ટસ કમિટીની ગોઠવણ જાહેર થયા પછી સંમેલન વિસર્જન થયું હતું. (પાછલ વાંચો).

બીજા અને ત્રીજા દિવસોની બેઠકોમાં કુલ્લે પંદર ઠરાવો રજુ થયા રતાં. આ ઉપરાંત ઉમેદપુર બાલાશ્રમ અને શ્રી મહાવીર વિદ્યાલય અંગે પણ કેટલીક હકીકતો રજુ થઇ હતી.

---

અનુસંધાન પાનું ૭૮

કુઠારાઘાત ન થાય, સમસ્ત હિંદના સંઘની એકતામાં અંતરાય ન આવે અને સર્વને પોતાનામાં સ્થાન મળે તે માટે ડહાપણ વાપરી નીચે પ્રણાણે ઠરાવ કર્યો છે કેઃ– 'ન્યાતના સંઘના, મહાજનના અને પંચના તકરારી વિવાદ-ગ્રસ્ત વિષયો સીધી કે આડકતરી રીતે કોન્ફરન્સ હાથ ધરી શકશે નહિ'

આવી જાતનો ઠરાવ સ્થા૦ કોન્ફરન્સને કાલાનુક્રમે કરવો પડે એમ મનુષ્ય સ્વભાવને લઇને અમને લાગે છે. અત્યારસુધી તેને કડવો અનુભવ થયો નથી એ સારૂં છે અને સાદડીના પ્રશ્ન અંગે તેને એવો અનુભવ ન કરવો પડે અને તે પ્રશ્નને સાંગોપાંગ શાંતિથી અને સમાધાનીથી પાર ઉતારે એમ અમે હૃદયપૂર્વક ઇચ્છીએ છીએ અને સાથે સાદડી તથા ગોડવાડનાં મૂર્તિપૂજક આગેવાનો તથા ભાઇઓને ખાસ આગ્રહ કરીએ છીએ કે થએલા ચુકાદાઓ ફેસલાઓ થઈ ગયા છતાં પણ સ્થા૦ ભાઇઓમાં વૈમનસ્ય રહી જતું હોય તો તે દૂર કરી સર્વેને અપનાવવા તથા બંને પક્ષમાં સલાહસંપ અને એકતા જાળવવા જેટલી ઉદારતા અને વિશાળતા તેઓ બતાવે.

આંતરિક વ્યક્તિગત કલહમાં ઈર્ષ્યાની અગ્નિ હોય છે ને તેને ધર્મના સંઘ અને સમૂહગત જ્ઞાતિનો ટેકો મળે છે ત્યારે કલુષિત વાતાવરણ વધતું જાય છે અને પરિણામ ભયંકર આવે છે. આ કારણે અમુક પ્રદેશના કલહનો વિષય બહુ નાજુક બને છે અને તેને બહુ કુશલતાથી હાથ ધરવામાં ન આવે તો વાત વધુ વિફરે છે અને એકતાના પ્રયાસ કરતાં ભિન્નતા–છિન્નભિન્નતા જામે છે. આવા પ્રશ્નોને હાથ ધરવામાં સૌમ્યતાનો ઉપયોગ વાણી અને કૃતિમાં હોવોજ જોઇએ. બંને પક્ષો અને બંને કોન્ફરન્સના કાર્યકર્તાઓ અને ખાસ કરી સ્થા. કો. ના સંચાલકો અમારા વકતવ્યપર ખાસ લક્ષ રાખશે.

સં. ૧૯૭૨ મા એક કિતાબ પ્રતિમા નકલ નીરોપણ સ્થા૦ તરફથી નીકળી તેમાં તીર્થો વિરૂદ્ધ ખરાબ લખ્યું હતું. તેથી મંદિરમાર્ગીઓને દુઃખ થાય તે સહજ છે. તે માટે કહેવામા આવતાં માન્યું નહિ. તેજ વર્ષના પોષ વદ અમાસને રોજ ગોડવાડ ભેગી કરી સ્થા૦ ભાઈઓને ખુલાસો કરવા બોલાવ્યા અને માન્યું નહી, તેથી તે લોકોનો વહેવાર બંધ કર્યો. તેજ વર્ષના અસાડ માસમાં સાદરીવાળાને અલગ રાખી સ્થા૦ ભાઇઓએ અર્ધી ગોડવાડ ભેગી કરી ખુલાસો લીધો તે ખુલાસો પણ તેમણે મંજુર આજ સુધી કર્યો નથી. તે બાદ ફરી ગોડવાડ સ્થા૦ ભાઇઓએ ભેગી કરી. બાદમાં ગોડવાડની સંમતિથી પાંચ જણા નીમી એક ગોડવાડ તરફનો, બે મંદિરમાર્ગી સાદરીના ને બે સ્થાનકવાસી સાદરીના–કુલ પાંચજણા ખંભાત શ્રી વિજય નેમિ સૂરિને મળવા ફેંસલાની સંમતિ સારૂ ગયા હતા તે ફેંસલો કરવાનો અમલ થયો નથી.

સં૦ ૧૯૮૯ ના ફા૦ શુ૦ ૧૫ રોજ શેઠ આણંદજી કલ્યાણજી ના પ્રેસિડેન્ટ સાહેબ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ રાણકપુર જીર્ણોદ્ધાર જોવા આવતાં સ્થા૦ ભાઇઓએ ત્યાં જઈ સાદરી આવી નીકાલ કરવા આગ્રહ કરતાં પરિણામે મંદિરમાર્ગીઓ ભેગા કર્યાં અને તેમના હાથે જે ફેંસલો થયેલો તે ગોડવાડ ભેગી કરી તે ફેંસલો અમલમાં લાવવાનો હતો ત્યારે સ્થા૦ ગોડવાડ ભેગી કરવા ગયા–ચાર ગામના લોકો સાદરી આવ્યા અને દરેક હકીકતથી વાકેફ થયા પછી ગોડવાડના મુખ્ય સ્થાન વરકાણે ભેગા થઇ ફેંસલો કરી શકાય એમ તેમણે જણાવ્યું. આ રીતે વરકાણામાં ગોડવાડ ભેગી કરવામાં આવે યા ત્યાં ભેગી થાય ત્યારે ફેંસલો થઈ શકે અને તે આખા ગોડવાડને લાગુ પડી શકે. આ હકીકત અજમેર સ્થા૦ કો૦ ના પ્રસિડંટ સાહેબ રા. હેમચંદભાઈ, બાબુ સુગનચંદજી વગેરે હમણાં સાદરી પધાર્યા હતા ત્યારે તેમને ઉપલી હકીકતથી વાકેફ કરવામાં આવ્યા છે.

ઉપલી હકીકત શ્વે૦ કો૦ ઓફિસે કરેલા પત્ર વ્યવહાર ના પરિણામે મળી છે તેના સાર રૂપે આવી છે. વળી હમણાં યોગનિષ્ઠ શાંતમૂર્તિ શ્રીમદ્ શાંતિવિજય મહારાજે બંને પક્ષોને નિવેડો કરવા બંનેના આગેવાનોને બાહ્મણવાડા બોલાવ્યા હતા. મંદિર માર્ગીઓએ તેઓ શ્રી જે ચુકાદો આપે તે પ્રમાણે વર્તવા તૈયાર છે એમ જણાવ્યું, પછી બોલાવેલા સાધુમાર્ગી ભાઇઓએ તે પ્રત્યે રૂચિ બતાવી, પણ વાત તેમની કોન્ફરન્સમાં ગઇ છે તો તેને પૂછી કહીશું એમ જણાવ્યું અને પછી કહેવરાવ્યું કે કોન્ફરન્સે વાત ઉપાડી છે તેથી કોન્ફરન્સજ તેનો નિકાલ પોતાની પદ્ધતિ દ્વારા લાવશે. એટલે ઉક્ત મુનિશ્રીના પ્રયત્ન અટકી પડ્યા. ઢઢાસાહેબ અને હેમચંદભાઇ બંને અજમેર સ્ટેશને મળ્યા હતા ત્યારે થયેલ વાતચીતના પરિણામે ઉક્ત મુનિશ્રીના પ્રયત્ન થયા હતા. વળી બંને કોન્ફરન્સ ઓફિસ વચ્ચે ચાલતા પત્ર વ્યવહારનું છેવટનું પરિણામ આવે તે પહેલાં અને મૂ૦ કો૦ ઓફિસ બધી હકીકત મેળવી છેવટનો પત્ર લખવાની સ્થિતિમાં આવે તે પહેલાં જેપુરમાં સ્થા૦ કોન્ફરન્સની જનરલ મીટીંગ મળે છે ને ત્યાં જે ઠરાવ પસાર થાય છે તેની નકલ ૧૧–૧૨–૩૩ ના પત્રથી મુંબઇ સ્થા૦ કો૦ ઓ૦ મોકલી આપે છે તેમાં ત્રણ ભાગ છે ને તે પૈકી બીજો ભાગ એ છે કે

> "સાદડીના મંદિરમાર્ગી ભાઇઓની તરફથી સાધુમાર્ગી ભાઇઓના પ્રત્યે ૧૯ વર્ષથી અનુચિત વ્યવહાર થઇ રહયો છે તેને બંધ કરવા એવં સન્માન પૂર્ણ નિકાલ કરવાને માટે આ કોન્ફરન્સની તરફથી શ્રી મૂ૦ કો૦ સાથે પત્ર વ્યવહાર કરવા છતાં તેના તરફથી કોઈ સંતોષકારક ઉત્તર પ્રાપ્ત થયો નહિ. આ માટે આ કમિટી ખેદ પ્રગટ કરે છે અને દિલગીરી સાથ જાહેર કરવું પડે છે કે અગર હજુ પણ વરકાણાજીમાં સં. ૧૯૯૦ પોષ વદી ૧૦ (ગુ૦ માગશર વદ ૧૦) ના થનારા મેળા વખતે ગોઠવાડ પ્રાંતના મંદિરમાર્ગી ભાઈઓ સાથે મૂર્તિપૂજક કોન્ફરન્સના નેતા મળીને તેમના અનુચિત વ્યવહારને બંધ નહિ કરાવી આપે તો આ કોન્ફરન્સને પણ આ સંબંધમાં ગંભીરતાપૂર્વક વિચાર કરવો પડશે."

આવી ચેલેંજ કરવામાં બહુ ઉતાવળ અને અસંયમ જોવામાં આવે છે. સામાન્ય લોકોમાં લાગણીવશ આવેશ થઈ આવે પણ નેતાઓએ નિરાવેશ રહેવું ઘટે. તેમણે પણ લાગણી વશ થઈ આવો ઠરાવ કર્યો હોય તો તે માટે અમો તો તેઓને પણ ક્ષંતવ્ય ગણીએ છીએ.

( અનુસંધાન પૃષ્ઠ ૮૧ ઉપર )

# સ્થાનકવાસી જૈન કોન્ફરન્સને લખાયેલા જરૂરી પત્રો.

*30th Sept. 33.*

*To,*

**THE RESIDENT GENERAL SECRETARY,**
**SHRI SWETAMBER STHANAKWASI JAIN CONFERENCE,**
188, Argyle Road, Dana Bunder, BOMBAY.

DEAR SIR,

**RE: Sadri Jains.**

With further reference to your letter dated the 30th August 1933 and in continuation of our letter No. 471 of 19th Aug. 33, we have the pleasure to inform you that our Mr. Dhadda and your Mr. Hemchandbhai had met together at the Ajmer Station when the latter was going to Udaipur and as a result of the conversation held there some representatives of the Samvegi Sect of Sadri were called for discussion at Bamanwad & now some representatives of the Sthanakwasi sect of Sadri have been called there for discussion.

You know the rupture is about 20 years old during which time the Godwad Punchas had met at Varkana and awards had been given more than once but without any effect. One award was given so late as the last Fagun Sudi 15, only about a month and a half before the Sthanakwasi Conference held its session at Ajmer. It does not seem clear to us as to how, when the award was given, the resolution was brought in the Session and how Mr. Dhadda, had he any knowledge of the award, would have proposed for a Panchayat ? However in order that the matter may be brought to an end, we are trying our utmost to have it done as soon as possible and on hearing further in the matter we will write to you again.

Yours faithfully,
**Sd/. Mohanlal B. Javery.**
**Resident General Secretary.**

*15th November 33.*

*To,*

**THE RESIDENT GENERAL SECRETARY,**
**SHRI STHANAKWASI SWETAMBER JAIN CONFERENCE,**
BOMBAY.

DEAR SIR,

**Ref: Sadri Jains.**

After receipt of copies of resolution No. 7 with your letter dated 11th October 1933, we communicated with Mr. Gulabchandji Dhadda and have also interviewed some of the local Sadri leaders.

The matter was also considered by the working committee of this conference in its last two meetings held on 5th and 14th Instant respectively. The considered opinion of our working committee is that the matter is a local matter of Sadri and Godwad and having regard to the constitution of our conference copy whereof is sent herewith ( vide section II of the constitution entitled scope–Karya Vistar), it is regretted that this office cannot directly or indirectly intervene in such matters.

From the facts gathered from the local Sadri leaders interviewed by us it appears surprising that your conference took no notice

---

આ બધી હકીકત શ્વે. મૂ૦ કો૦ ની વર્કીંગ કમિટી પાસે મૂકવામાં આવી અને તેપર પુખ્ત વિચાર કરવામાં આવ્યો. તા૦ ૧૪ નવેમ્બરની છેવટની સભામાં ઢઢાસાહેબ હાજર હતા અને તેમને પ્રમુખ સ્થાન અપાયું હતું. તેમણે બધી હકીકત નિવેદિત કરી હતી. આખરે કોન્ફરન્સનો કાર્યવિસ્તાર છે તે પર સભાનું લક્ષ કેન્દ્રિત થતાં આવા પ્રાદેશિક પ્રશ્નમાં કોન્ફરન્સ પડી નજ શકે, છતાં સલાહ સંપ અને પ્રેમભાવ બંને પક્ષો વચ્ચે રહે તે માટે સાદડીના મૂ૦ ભાઇઓના આગેવાનોને સલાહ આપતા રહેવામાં ચુકવું ન જોઇએ એવો અતિ શાંત અને સ્નેહ ભર્યા વાતાવરણમાં સર્વાનુમતે અભિપ્રાય થયો હતો. અને સભામાં ચાલેલ ઊહાપોહને ધ્યાનમાં રાખી એ પ્રમાણે મહામંત્રીઓએ સ્થા૦ કો૦ ઓફિસને લખી જણાવવા ઠરાવ થયો હતો અને તે અનુસાર પત્ર લખી મોકલવામાં આવનાર છે. જે પ્રદેશમાં ઝઘડો થયો હોય તે પ્રદેશના આગેવાનો તેનો નિકાલ લાવી શકે અને તે લાવવામાં અંતરાયભૂત જે જે કારણો, આંદોલનો, વિરોધી પ્રચાર કાર્ય વગેરે હોય તે અટકવાં જોઇએ, ને વાતાવરણ સાફ કરવું જોઇએ. સહાનુભૂતિ ધરાવતા અન્ય પ્રદેશના આગેવાનોએ સમભાવ જાળવી ઝઘડાના થયેલા કે થનારા નિકાલને ટેકો આપવો ઘટે એ તેમનું કર્તવ્ય છે. આ પ્રશ્નનો બંને પક્ષોને સંતોષ રહે અને બંને વચ્ચે રહેલ વૈમનસ્ય જલદી દૂર થાય એમ અમે હૃદય પૂર્વક ઇચ્છીએ છીએ સ્થા૦ કોન્ફરન્સના સંચાલકો પ્રેમભાવથી ઉપરની હકીકત ધ્યાનમાં રાખશે અને એવું એકપણ કાર્ય કરવામાં ઉતાવળ નહિ કરે કે જેથી ચાલુ સ્થિતિની વિષમતામાં વધારો થાય. સૌને સન્મતિ પ્રાપ્ત થાય એજ છેવટનું વિજ્ઞાપન.

તંત્રી.

of the awards passed in the matters in dispute which were actually accepted by both the parties, the same having been indicated by the respective signatures of both the parties. The last of such awards was made by Seth Kasturbhai Lalbhai of Ahmedabad and accepted only a month and a half prior to the date of the Ajmer sessions of your conference

We are also asked by the local Sadri leaders to point out that no man from Sadri belonging to this section fully knowing the facts and circumstances of the dispute was present at your sessions who could throw light on the subject.

Syt. Dhaddaji tells us that nobody informed him of the said awards already made in the past. We are further informed by him that he himself and Shrimad Shantivijayji of Mount Abu made sincere efforts to put an end to this dispute but the local Sthanakvasi leaders called for the purpose refused to do anything and simply referred them to your President Mr. Hemchandbhai.

You will appreciate that unless local leaders of your section co-operate, the dispute cannot be settled by any person singly howsoever eminent he may be.

It is regrettable that while sincere efforts were being made to bring about a final settlement your General committee so hastily passed the resolution under acknowledgment.

Having regard to the above facts we can only suggest that either the parties should be advised to abide by the awards already passed or if the local leaders concerned so desire the matters may be reconsidered in a friendly manner in the ensuing mela at Varkana on Posh Vad 10th (Marwadi).

We have also advised the local Sadri leaders interviewed by us to exert their best influence to put an end to this old dispute and we think if the local leaders of your section cooperate in the same spirit, the matters will be finally settled.

Yours faithfully,

**Sd/. Mohanlal B. Jhavery.**

Resident G. Secretary.

## લાડુઆ શ્રીમાલી જ્ઞાતિ સંબંધે

# સુરતના નગરશેઠનો પત્ર.

નગરશેઠ હાઉસ નાણાવટ,

સુરત, તા. ૧૧-૧૧-૩૩

મહેરબાન શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના સેક્રેટરી સાહેબ,

મુ૰ મુંબઇ.

સુરતથી લી. સંઘપતિ બાબુભાઇ ગુલાબભાઇ નગરશેઠના જયજીનેંદ્ર વાંચશો.

વિશેષમાં લખવાનું કે શ્રીલાડુઆ શ્રીમાળી ભાઇઓને સંઘમાં લેવા બાબતનો તમારો તાર તા ૭મી જુનને રોજ આવેલો તે પહોંચ્યો હતો, તેના જવાબમાં લખવાનું કે તમારો તાર સંઘમાં રજુ કરવામાં આવ્યો હતો. અને તા. ૯-૧૧-૩૩ને રોજ તે બાબતમાં શ્રીસંઘ મળેલો અને તેમને શ્રીસુરતના શ્રીસંઘમાં દાખલ કરવામાં આવ્યો છે. તે આપને જાણવા ખાતર લખ્યું છે.

સહી **Babubhai G. Nagarsheth.**

શ્રીનગરશેઠ & સંઘપતિ, સુરત.

ઉપરોક્ત સમાચાર શેઠ શ્રી દલીચંદ વીરચંદ, સુરતના તા. ૯ નવેમ્બરના તાર દ્વારા અમોને મળ્યા હતા.

શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલિસિટરે તા. ૭-૬-૩૩ના દિને શ્રીલાડુઆ શ્રીમાળી બંધુઓને શ્રીસંઘમાં દાખલ કરવાનો આગ્રહ કરવાનો તાર પોતા તરફથી કર્યો હતો અને તેમને પણ ઉપર મુજબનો જવાબ તા. ૧૧-૧૧-૩૩ ના પત્રથી મળ્યો છે.

---

## વીર વિઠલભાઇ જે. પટેલના અવસાન બદલ ઠરાવ.

અખિલ હિંદ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની તા. ૫-૧૧-૩૩ ના રોજ રાવસાહેબ શા. રવજી સોજપાળના પ્રમુખપણા હેઠળ મલેલી સભાએ વીર વિઠલભાઈ જે. પટેલના સ્વર્ગવાસ બદલ નીચેનો ઠરાવ પસાર કર્યો છેઃ-

"રાજ્યના એક અડંગ રાજદ્વારી નેતા વીર વિઠ્ઠલભાઇ પટેલ કે જેઓએ ધારાસભાના પ્રમુખ સ્થાનેથી તેમજ અન્યરીતે હિંદની મહાન સેવાઓ બજાવી છે તેમના ગ્લેંન (સ્વીટ્ઝરલેંડ) ખાતે થયેલ શોકજનક અવસાન બદલ શ્રી જૈન શ્વેતાંમ્બર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતીની આજે મલેલી સભા અંતઃકરણ પૂર્વક દિલગીરી પ્રદર્શિત કરે છે તેમના આત્માને શાંતિ ઇચ્છે છે."

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રીઃ—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧ લી ડીસેમ્બર ૧૯૩૩. | અંક ૧૪.

વિષય સૂચિ.


| | |
|---|---|
| ૧ જાગ્યા ત્યારથી સવાર ... શ્રી મોહનલાલ ચોકશી. | ૪ અવલોકન ... ... ... ... તંત્રી. |
| ૨ જૈન એ. બોર્ડ વાર્ષિક પારિતોષિકોત્સવ ... બોર્ડ. | ૫ ધાર્મિક કેળવણીની મહત્તા......શ્રી મોહનલાલ ઝવેરી. |
| ૩ નોંધ... ... ... ... ... તંત્રી. | ૬ શ્રી ગુલાબચંદ ઢઢાનું વ્યાખ્યાન ... ... તંત્રી. |


જૈન યુગ.

તા. ૧-૧૨-૩૩ શુક્રવાર.

## જાગ્યા ત્યારથી સવાર.

એક તરફ જ્યારે નિરાશાનાં વાદળો ઘેરો નાંખી માનવી હૃદયને એટલી હદે આચ્છાદિત કરી રહ્યાં છે કે ચક્ષુ સામે જીવન મરણના પ્રશ્નો ઉપસ્થિત થયાં છતાં, જરા આંખ ઉઘાડવાની વૃત્તિ સરખી ઉદ્‌ભવતી નથી, ત્યારે બીજી બાજુ એજ માનવીઓના થોડા ભાગઓ અજબ ઉત્સાહથી પ્રતિ-વર્ષના રવૈયા મુજબ પરિષદરૂપે મળે છે અને સમાજ સંબંધી કેટલાંય સવાલોનો ઉકેલ આણવા પ્રયાસ સેવે છે. કાંતો એ મહારાષ્ટ્રવાસીઓના તેજથી કિંવા રાજેશ્વર શિવાજીની જન્મભૂમિમાં રહેલ કોઇ અનેરા ખમીરથી, નિરાશા ડાકિની ત્યાં પ્રવેશી શકતી નથી એતો નિશ્ચિત વાત છે.

એક દ્રષ્ટિએ આ યુગ કેવલ ઠરાવો કરવાનો કે ઠાઠમાઠથી પરિષદ મંડપો ગોઠવવાનો નથી એ વાત જરૂર સાચી છે. એમાં જે પરિશ્રમ લેવાય છે ને જે ધન ખરચાય છે તે એથી વધુ અગત્યના રચનાત્મક કાર્યોમાં વપરાય તો એનાં ફળ મળતાં વાર ન જ લાગે. પણ એમ કરવામાં, એ ખાતર ફકીરી લેનારા થોડા વિરલાઓની ખાસ આવશ્યકતા રહે છે. જેને માત્ર વાતો કરવી છે ને મુખથી ઉચ્ચારવું છે કે આ બધા સમારંભો નિરર્થક છે, સમયનો દુરૂપયોગ કરવા જેવા છે પણ જાતે કરવું કંઇજ નથી, તેને એટલું પ્રેમભાવે કહીએ કે—એમ વદવામાં જરૂર ભૂલ થાય છે. આપણી સમાજમાં જ્યાં હજુ અજ્ઞાનતાનાં ગાઢ પડળ છે, વહેમનાં તો વાદળ છવાયાં છે ને રૂઢિ રાક્ષસી ગલચી પકડી બેઠી છે, વળી ધર્મ ઝનુન દંડો ઉગામી મેદાને ખડું થયું છે ત્યાં ફકીરી લેનારા શોધ્યા જડતા પણ નથી, તો પછી રચનાત્મક કાર્ય પાછળ લાગી જનારા, અરે એમાંજ જીવનશ્રેય માનનારા પ્રગટાવવા શી રીતે?

તેથી જૈન સમાજ માટે હજુ કોન્ફરન્સ પરિષદ આદિના નિયમિત અધિવેશનોની અને દેશ કાળને અનુરૂપ ઠરાવોની અગત્ય છે. કહેવતમાં તો એમ છે કે 'કુવામાં હોય તો અવાડામાં આવે' પણ આજે તેથી ઉલટું જણાય છે. કુવારૂપી કોન્ફરન્સ માંડ બે પાંચ વર્ષે સુષુપ્ત દશામાંથી સફાળી જાગી ઉઠે છે જ્યારે અવાડા રૂપ પ્રાંતિક પરિષદો જો કે ગુજરાત કાઠીયાવાડમાં તો નહિજ—મહારાષ્ટ્ર પંજાબમાં તો જાગૃત દશા અનુભવે છે. એનું અનુકરણ કરવાનો સમય વડા મથકને અને એ રીતે બૃહત ગુજરાતને આવ્યો છે. 'બાળકની પાસેથી પણ હિતની વાત ગ્રહણ કરવી' એ ન્યાયે હવે તો કોન્ફરન્સ દેવીએ—ખરી રીતે કહીએ તો આપણે આળસ મરડી ઉભા થવાની આવશ્યકતા છે.

ચેતનાનાં માપ હરતી ફરતી કે નાચતી કુદતી વ્યક્તિ પરથી કહાડી શકાય છે, ટુંટીયુંવાળી પડેલી કે નિદ્રાના અંકમાં નસકોરાં ઘઘરાવતી વ્યકિતને ભાગ્યેજ કોઇ ચેતના-વંતી વ્યકિત તરીકે પસંદ કરે!

'પ્રતિવર્ષે કોન્ફરન્સનું અધિવેશન ભરવુંજ જોઇએ એવો દૃઢ નિશ્ચય આવ્યો નથી, ત્યાં સુધી જે સુષુપ્તિનો રોગ લાગુ પડયો છે તે દૂર થવાનો નથીજ. અને જ્યાં સુધી આ રોગ જડમુળથી ઉખડી ન જાય ત્યાં સુધી કોન્ફરન્સ તંત્રમાં તાજગી આવે એવો સંભવ રજ માત્ર દ્રષ્ટિગોચર થતો નથી. જ્યાં નિભાવ માટેમાર્ગો વિચારવા પડે ત્યાંઅન્ય કઇ પ્રગતિ સધાય?

સારામાં સારૂં બંધારણ હોય પણ તેથી કંઇ સંસ્થાની જીવંત દશા ન આંકી શકાય, કાર્ય કરતી પ્રજામાં ચેતન પ્રસરાવતી સંસ્થાજ જીવંતની કક્ષામાં આવી શકે, ઠરાવોની સંખ્યા થોડી હોય તો પણ ચાલી શકે. પ્રતિનિધીઓ ઓછા આવે તેથી પણ વાંધો ન ગણાય. મોટા મંડપને બદલે એકાદ ધર્મશાળાનુ ચોગાન હોય અને ધમધમતા શહેર ને બદલે અધિવેશન ભરનાર માત્ર એકાદી નાનકડી તીર્થભૂમિ હોય તેથી મુંઝાવાપણું નથી. જે મુખ્ય વાત ડંખે છે તે તો એજ છે કે આ બધામાં નિયમિતતા કે જે અગત્યનો ભાગ ભજવે છે તે નથી. એક વર્ષની કાર્યવાહીનો ઉત્સાહી કાર્યકરોનો રીપોર્ટ જ્યાં લગી દર વર્ષે રીતસર લેનાર તંત્ર ન હોય ત્યાં સુધી કાર્યમાં રસ જન્મેજ શી રીતે?

કેટલાંય વર્ષોના વાણાં વાયાં પછી માંડ જુન્નેરમાં આપણે મળ્યાં. શિવાજીની જન્મભુમિ જોતાં જોમ પ્રગટયો પણ ખરો. છતાં બાર માસ પછી માસના અંકો વધતાંજ જોસનો ઓટ થવા માંડયો. બંધારણ ક્રમે દોડી આવ્યું અને વિદ્યાલયમાં અખિલ મહા સમિતિ મળી. એ ટાણે ભાવિ પરત્વે અધિવેશન સંબંધે કંઇ કંઇ મનોરથ ઘડાયા. પણ એ વાતને આજે કેટલો સમય થયો છે તે ઉલ્લેખવાની અગત્ય છે? ડીસેમ્બર આવે છે ને જરૂર બંધારણ બોલશે, સુરત સંતાશે ને પાલનપુર પગલાં ધીમા પાડશે તેતો ચાલી શકશે પણ બે વર્ષે અધિવેશન અને તેમ ન બની શકે તો અખિલ મહાસમિતિ બોલાવવીજ જોઇએ એ કાનુનને કેમ સંતોષિશું! ફરી પાછા વિદ્યાલયના બારણા ઠોકીશું ને?

આ સ્થિતિ શું કોઇના હૃદયને દુઃખકર નથી જણાતી? બીજાં કામો ભલે અગત્યનાં હોય છતાં એ સર્વમાં અતિ જરૂરનુ તો અધિવેશનને નિયમિત કરવાનુ મને લાગે છે.

સ્ટેન્ડીંગ કમિટિના પ્રત્યેક કાર્યકરને મારી નમ્ર ભાવે વિનંતિ છે કે આ મહત્વની બાબત પર જરૂર વિચાર કરી, એમાં કઇ રીતે સુધારણા કરવાથી ગતિમાં નિયમીતતા આવી શકે એનો માર્ગ કહાડે.

જાગ્રત અવસ્થાવાળાને માટે 'જૈન યુગ' છે, સુષુપ્તો માટેનો યુગનો ક્યારનોયે વહી ગયો છે; તો પછી 'જૈન યુગ' પ્રેરણા આપે તે કેવા પ્રકારની હોઈ શકે? ઉંઘવાની–કે જાગવાની? જો વાત ગળે ઉતરે તો જાગ્યા ત્યાંથી સવાર ગણી નક્કી કરી નાંખવું કે, 'જૈન શ્વે૦ કોન્ફરન્સનું અધિવેશન પ્રતિ વર્ષે અમુક માસમાં ભરાશેજ. જે માસનો સમય નક્કી કરાય તેમાં તારિખો ફેરવવી ઘટે તો ફેરવવી પણ માસ તો એજ કાયમ રખાય, એ દરમીઆન અધિવેશન ભરાયજ જેટલા પ્રતિનિધિઓ આવે તેટલાથી કામ ચાલે સમાજના મોટા ભાગને ઉપયોગી થઈ પડે તેવાજ ઠરાવો હાથ ધરાય. કેવલ ચર્ચાસ્પદ હોયને જેના પરથી સમાજમાં ભાગલા પડે ને માત્ર ઠરાવો કાગળ પર રહે એવાને હાલ તો અભરાઇ પર ચડાવાય, જો આટલું પણ નિયમિત થશે તો જરૂર બે ત્રણ વર્ષમાં કોઈ અનેરી તાજગી સમાજમાં આવી લાગશે. વળી અધિવેશન ઓછા ખર્ચમાં ભરી શકાય તેવા ઇલાજો શોધી પ્રાંતવાર અવાર નવાર ફરતું ભરાતું રહે તેવો પ્રબંધ કરવામાં આવે તો એથી પણ હાલ જે નિરાશા પથરાયેલી છે એમાં ઉષાના કિરણો પ્રસરે.

જાગૃતિના આ યુગમાં, નિંદ્રા આળસ અગર એને જે કંઇ કહેવાય તે–ખંખેરી ઉભા થવાની જરૂર છે.

**— મોહનલાલ ચોકસી.**

---

# શ્રીજૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

---

## વાર્ષિક પારિતોષિકોત્સવ.

---

શ્રીજૈન શ્વે૦ કોન્ફરન્સ હસ્તકના એજ્યુકેશન બોર્ડ તરફથી ગત વર્ષમાં લેવાયેલી 'શેઠ સારાભાઈ મગનભાઈ મોદી પુરૂષવર્ગ ધર્મિક અને પ્રાકૃત તથા અ. સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાળ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓમાં ફતેહમંદ નિવડેલ વિદ્યાર્થીઓને ઈનામો તથા પ્રમાણપત્રો આપવાનો એક મેલાવડો રવિવાર તા. ૧૯-૧૧-૩૩ ના રોજ સ્ટાં. ટા. ૩–૩૦ વાગે મુંબઈ માંગરોળ જૈન સભાના હોલમાં શ્રીયુત શેઠ **અમૃતલાલ કાલીદાસના** પ્રમુખપણા હેઠળ કરવામાં આવ્યો હતો. જે સમયે સમાજના અનેક આગેવાન ગૃહસ્થોની હાજરી ખાસ ધ્યાન ખેંચનારી હતી.

પ્રારંભમાં સંસ્થાના એક મંત્રી શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશીએ સંસ્થા તરફથી ગત વર્ષમાં બજાવવામાં આવેલ કામકાજનો રિપોર્ટ રજુ કરતાં બોર્ડની ઉત્પત્તિ, સમાજની અત્યારની કેળવણી વિષયક સ્થિતિ આદિ તરફ લક્ષ ખેંચી ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન પ્રચારાર્થે આજે છેલ્લાં ૨૫ વર્ષથી જે પ્રયાસો બોર્ડ કરી રહેલ છે તે સંબંધે હકીકતો રજુ કરી હતી. ધાર્મિક પરીક્ષાઓ માટે બોર્ડ તરફથી નિર્ણિત થયેલ અભ્યાસક્રમ અને તેમાં ગોઠવાયેલ ધોરણો આદિ સર્વ પાઠશાળાને અનુકૂલ આવે તે રીતે યોજવામાં આવેલ છે. તેની પરીક્ષામાં હાલ લગભગ ૧૦૦૦ થી ૧૨૦૦ વિદ્યાર્થીઓ બેસે છે; તેના ઇનામા માટે અત્યાર સુધી સ્વ. શેઠ સારાભાઈ મગનભાઈ મોદી તરફથી ૫ વર્ષમાં રૂા. ૨૫૦૦ મળ્યાં હતા. તેઓશ્રીનાં સ્વર્ગવાસ પછી તેમના ધર્મપત્નિ શ્રી ચંપાબ્હેન સારાભાઈ તરફથી ગયા વર્ષે રૂા. ૫૦૦ મળયા હતા અને આવતી પરીક્ષાઓ (૧૯૩૩ ડીસેમ્બરની) માટે પણ રૂા. ૫૦૦ ની રકમ આપવા તે બ્હેને ઉદારતા દર્શાવી છે. સ્ત્રીવર્ગના ઇનામો માટે વાર્ષિક રૂા. ૫૦૦ શેઠ મેઘજી સોજપાળ તરફથી મળે છે.

( અનુસંધાન પૃષ્ટ ૯૦ પર )

# નોંધ.

**સંન્યાસ-દીક્ષા નિયામક નિબંધ**—આ નામનો કાયદો વડોદરા માટે પસાર થાય તે પહેલાં તેની સામે એક પક્ષના તારો અને પ્રોટેસ્ટો ન્યાયમંત્રી પાસે ગયા, કમિશન બેઠું, જુબાનીઓ આરાધક અને વિરાધક પક્ષકારોની લેવાઇ. કમિશનરોનો રીપોર્ટ લખાયો. તે પરથી તેનો ખરડો ધારાસભામાં રજુ થયો અને પસાર થયો. ગાયકવાડ સરકાર શ્રીમંત સર સયાજીરાવની છેલ્લી મંજુરી મળવી બાકી હતી તે મળી ગઇ અને હવે તેણે પાકા કાયદાનું રૂપ વડોદરા રાજ્યમાં લીધું છે તો તેની બધી કલમો ધ્યાનમાં લઇ સગીરને દીક્ષા આપનારા સાધુ કે શ્રાવક ભાઇ વર્તશે કે જેથી તે કાયદાના ભંગથી સહન કરવાની શિક્ષા વ્હોરવી ન પડે.

જોકે આ કાયદો જૈન તેમજ જૈનેતર સર્વેને માટે લાગુ પડે છે પણ સામાન્યરીતે જૈનોમાં છેલ્લાં થોડાં વર્ષોમાં દીક્ષા સંબંધી ભારે કોલાહલ, મત ભેદ, પ્રચાર કાર્ય, કોર્ટના ઝઘડા, મુનિઓપર ફોજદારીઓ વગેરે પ્રકરણ એટલું બધું વધી ગયું કે જેથી તે સંબંધી કાયદાદ્વારા નિયમન થાય તો યોગ્ય થશે એમ વડોદરાના રાજ્યકારભારીઓને લાગતાં (જો કે પહેલાં વડોદરા ધારાસભાના એક સભાસદે તે સંબંધી ખરડો લાવવાનું મંગલાચરણ કરેલું) આ નિબંધની ઉત્પત્તિ થઇ છે. આ કાયદાની પ્રસ્તાવનામાં એ ખાસ જણાવ્યું છે કેઃ—

'વિશેષે કરી જૈન કોમમાં કુમળી વયનાં બાળકોને કેટલાક સાધુ છુપી રીતે પણ દીક્ષા આપી દે છે અને કલહ, ઝગડા, ટંટા, ફીસાદ ફરીઆદો વિગેરે થવાનું જોવામાં આવ્યું છે. દીક્ષા આપવામાં જે ખામીઓ જણાઇ છે તે દૂર કરવામાં ન આવે તો પ્રજાની માનસિક અને નૈતિક ઉન્નતિ ઉપર ખરાબ અસર થવાનો સંભવ છે. પરિચ્છેદ એક તથા બેમાં જણાવેલાં કારણોને લીધે અઢાર વર્ષની હેઠળનાં અજ્ઞાન બાળકોના રક્ષણાર્થે આ નિબંધ અમલમાં મુકવામાં આવ્યો છે.'

આ સમાજ સુધારાના અનેક કાયદા પૈકીનો એક છે. તેને કેવળ ધાર્મિક કહેવો એ યોગ્ય નથી. સમાજમાંથી દીક્ષા લેનાર હોય છે ને તે દીક્ષા લીધા પછી ધર્મ સમાજમાં પ્રવેશ કરે છે. દીક્ષા લીધા પહેલાં તો તે સમાજનો છે, અને તે વય, બુધ્ધિ, વૃત્તિ આદિથી દીક્ષિત થવાની લાયકાત ધરાવે તોજ ધર્મસમાજમાં પેસી સમાજનું શ્રેય કરી શકે. અત્ર વયનાં અઢાર વર્ષ પૂરાં થયે સગીર મટી જવાય છે, તો ત્યાં સુધી દીક્ષા કે સંન્યાસ આપી કે લઇ ન શકાય. કારતક ૧૯૯૦ ના પ્રસ્થાનમાં 'વડોદરા રાજ્યમાં સમાજ સુધારાના કાયદા'એ નામના લેખમાં રા. ચીમનલાલ ડોકટરે આ કાયદાને સમાજ સુધારાના કાયદા પૈકીનો એક ગણાવી જણાવ્યું છે કે 'એ અમલમાં આવશે તો બાળ દીક્ષા ઉપર અંકુશ મુકાશે અને નસાડી ભગાડી જનાર સાધુઓને ચેતતા રહેવું પડશે.'

---

**રેલ્વે દ્વારા તીર્થ યાત્રાના સંઘ**—કલકત્તાની જૈન શ્વે૦ કૉન્ફરન્સના પ્રમુખ શેઠ ખેતશી ખીઅશીએ શત્રુંજય તીર્થની યાત્રાનો સંઘ મુંબઇથી રેલ્વે દ્વારા કાઢયો હતો. તેની પહેલાં કોઇએ કાઢયો હોય તો અમોને ખબર નથી. ત્યાર પછી ઘણા એવા સંઘો નીકળ્યા અને હમણાં રેલ્વે કંપનીઓ સ્પેશ્યલ ટ્રેનની સસ્તા દરે આખા પ્રવાસ ક્રમની સગવડ કરી આપતી હોવાથી આવા સંઘો ઘણા નીકળતા જોવામાં આવે છે.

જ્યારે રેલ્વેનું સાધન નહિ હતું, ત્યારે તીર્થયાત્રા કરવી એ બહુ મુસ્કેલ હતું અને ગરીબ લોકો તો તેથી વંચિત રહેતા. તે માટે શ્રીમંત ધર્મપ્રેમી સજ્જનો સંઘપતિ બની બધી જાતનો બંદોબસ્ત સામગ્રી, વાહન, ચોકીદાર વગેરેનો કરી હજારો માણસોને સાથે લઇ જઇને યાત્રા કરાવવાનું પુણ્ય હાંસલ કરતા. જ્યારથી રેલ્વે આદિનાં સાધન થઇ ગયાં ત્યારથી તેનો લાભ લઇ સસ્તામાં અને સુખ સગવડથી તીર્થયાત્રા કરવા કરાવવાનું બની શકે તેમ હતું, પરંતુ અગાઉથી જે પ્રથા પડી ગઇ હોય તે પ્રથા બદલવા માટે ઘણો કાળ જોઇએ છે, તે પ્રમાણે રેલ્વેદ્વારા સંઘ લઇ જવાનું બહુતો છેલ્લાં વીશેક વર્ષથી બહુજ ધીમું ધીમું થયું છે.

પગે ચાલી યાત્રા કરવાના સંઘથી રસ્તામાં મુકામ નાંખવા, કુદરતનું સૌંદર્ય જોતા જવું, માર્ગમાં આવતાં ગામો અને શહેરોના સઘોની મેમાનગિરી ચાખવી ને તેમના પરિચયમાં આવી ત્યાંની સીદાતી સંસ્થા કે જરૂરી સંસ્થા માટે સંઘપતિ કંઇ કરી જાય એ વગેરે સ્થિતિથી ઘણા લાભ હતા. વળી સાધુ સાધ્વી પણ તે સંઘ સાથે જઇ શકતા એ એક મોટો લાભ હતો. રેલ્વેદ્વારા કઢાતા સંઘમાં પાદવિહાર કરવાનું વ્રત જેમને છે એવા સાધુસાધ્વી આવી શકતા નથી, એટલે તે સંઘ શ્રાવકશ્રાવિકાનો માત્ર થઇ શકે છે. થોડા દ્રવ્યથી, ટુંક વખતમાં અને બધી સામાન્ય સગવડથી રેલ્વેદ્વારા તીર્થયાત્રા કરવા ઉપરાંત મોટાં મોટાં જોવા લાયક શહેરોની મુલાકાત લઇ શકાય છે અને એકલા જવાથી જે ખર્ચ થાય તે કરતાં વધારે ઓછા ખર્ચનો ફાળો આપી એક ભાઇ કે બહેન તીર્થયાત્રા કરી શકે છે. આમાં હવે એક સંઘપતિ બધું ખર્ચ આપે એમ હોવાને બદલે ફાળે પડતું જે અમુક આવે તેનો હિસાબ કરી લેવામાં આવે છે. આવા સંઘની જવાબદારી લેનારે તેના હિસાબ બરાબર સાચા રાખવા કે રખાવવા જોઇએ, અને જો આખરે બચત થઇ હોય તો બધાને ફાળા પડતી પાછી આપવી જોઇએ, અગર તો બધાની સંમતિ લઇ સારે માર્ગે તેને ખરચવી જોઇએ, એકંદરે ચાલુ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને અનુસરી આવા સંઘો ઉત્તેજનીય અને આદરણીય છે.

**મળી આવતી પ્રતિમાઓ**—અલિરાજપુર સ્ટેટમાં ખેતરમાં ખાદતાં ૧૪ જૈન પ્રતિમાઓ મળી છે એમ કહેવામાં આવે છે, અને તે સંબંધે છાપામાં લાંબા લાંબા લેખ આવે છે, પણ મુખ્ય વસ્તુ તે પ્રતિમાના પૂરા લેખો જોઇએ તે સંબંધી કંઇપણ વિગત આવતી નથી. અમુક સ્થળે જમીનમાંથી એક પ્રતિમા નીકળે એટલે ત્યાં એક મોટું દેરાસર બંધાવવાની તજવીજ થાય છે અને તે માટે ખૂબ પ્રચાર થયા પછી તેમાં તેવું દેરાસર બની જાય છે ને તે એક નવું તીર્થ થાય છે. આ પ્રથા જૂની નજરે ઠીક હશે પણ બીજા દૃષ્ટિબિંદુથી સર્વથા ઉત્તેજનીય નથી. તે સ્થળ પાસે જૈનોની વસ્તી હોય તો તેમનું દેરાસર પણ ત્યાં હોયજ, અને તેવા દેરાસરમાં નીકળેલી પ્રતિમાને પુનઃ પ્રતિષ્ઠા કરી સ્થાપિત કરવી વધારે ઉચત છે. જો તેવા સ્થળ પાસે જૈનોની થોડી વસ્તી હોય, અને તેમનું દેરાસર ન હોય તો એક નાનું દેરાસર કરાવી તેમાં તેની પ્રતિષ્ઠા કરાવવી

(અનુસંધાન પૃષ્ટ ૮૬)

# અવલોકન.

<u>જૈન જ્યોતિ-શિક્ષણાંક</u>—અત્યાર સુધીમાં શિક્ષણ એટલે કેળવણી સંબંધી કોઇપણ જૈન પત્રનો ખાસ અંક નીકળ્યો નથી. 'જૈન જ્યોતિ' માસિકે પહેલ કરી તેવો અંક કાઢયો છે, તે માટે અભિનંદન. તેમાં સમસ્ત જૈન સમાજમાં ધાર્મિક અને વ્યાવહારિક એ બંને પ્રકારની શિક્ષણ સંબંધી વિદ્વાન લેખકોના વિશિષ્ટ પ્રકાશ પાડનારા લેખો મેળવવાની આશા રાખી હતી તે બરાબર પાર પડી નથી. એવા ઘણાએ સારા સારા તલસ્પર્શી વિદ્વાનો છે કે જેના લેખો આમાં જોવામાં આવતા નથી; છતાં તંત્રીએ મહેનત ઘણી લઇને અને તેટલા લેખો એકત્રિત કરી સમાજ પાસે ધર્યા છે, તે પૈકી સાક્ષર મુનિશ્રી કલ્યાણવિજયજીનો જૈન શિક્ષણ સંસ્થાઓની સાથે સાધુઓનો સંબંધ, મુનિશ્રી પુણ્યવિજયનો જૈન સાધુ સંસ્થા અને શિક્ષણ, મુનિશ્રી ન્યાયવિજયજીનો આદર્શ જૈન ગુરૂકુળ અને શ્રીયુત તુરખીયાનો જૈન ગુરૂકુળો—એ લેખ ખાસ વાંચવા યોગ્ય છે. મુનિશ્રી કલ્યાણવિજયે તો 'શાલાવાસ' નામનો અર્થગંભીર શબ્દ ઉપજાવ્યો તે પર જે નિર્ભીકતાથી લખ્યું છે તે સામાન્યતઃ હાલના લેખકોમાં દેખાતી નથી. સાધુઓ શ્રાવક-સંસ્થા સાથેનો સંબંધ છોડે એજ વાસ્તવિક છે. શિવપુરી, વરકાણા અને સોનગઢની સંસ્થાઓ તેનો ધડો લે તો સારૂં. શ્રાવકો કે શ્રાવક સંસ્થા સાથેનો અનલગ સંબંધ પરિગ્રહ છે, ગ્રંથિ છે, શિથિલાચાર પોષક છે. મુનિ વિદ્યાવિજયે જૈન સંસ્થાઓમાં અપાતા ધાર્મિક શિક્ષણના અભ્યાસમાં સામાન્ય સૂચનાઓ કરી છે.

આ ઉપરાંત શિક્ષણ સંસ્થાને લગતા કેટલાક લેખો છે અને તેવી સંસ્થાઓની નામાવલિ પણ પ્રગટ કરવામાં આવી છે. તંત્રીના લેખો વિચારણીય છે.

ધાર્મિક શિક્ષણ માતૃભાષામાં આપવું ઘટે, મૂળ શાસ્ત્ર-ભાષાનું—અર્ધ માગધી ભાષાનું જ્ઞાન હોવું ઘટે, ધાર્મિક શિક્ષકો તાલીમ પામેલા જોઇએ અને તેનો અભ્યાસક્રમ તે સર્વ ધ્યાનમાં રાખી ઘડાવો જોઇએ, સર્વ ધાર્મિક શાળાઓ પર દેખરેખ રાખનાર પરીક્ષક અને તે માટેનું એક ખાતું આખી જૈન સમાજ માટે હોય તો ધાર્મિક શિક્ષણની શમસ્યાના પ્રશ્નનું સંતોષકારક સમાધાન થઇ શકે અને શિક્ષણમાં જબરી પ્રગતિ દેશહિતને બાધા આવ્યા વગર થઇ શકે.

તંત્રીશ્રીએ જે મહેનત લઇ આ દળદાર અંક શિક્ષણ સંબંધી બહાર પાડવામાં ફત્તેહ મેળવી છે તે માટે અમે તેમને ધન્યવાદ આપીએ છીએ.

<u>આબૂ</u>—સચિત્ર પ્રથમ ભાગ, લે૦ મુનિશ્રી જયંતવિજય પ્ર૦ કલ્યાણજી પરમાનંદજીની પેઢી દેલવાડા આબૂ. [કિં. અઢી રૂા.]

આ પુસ્તક લેખકે પ્રથમ ગુજરાતીમાં રચ્યું કે જે યશોવિજય ગ્રંથમાલામાં સં. ૧૯૮૫માં પ્રકટ થયુ હતું અને જેનું અવલોકન અમે જૈન યુગ માસિકના સં. ૧૯૮૬ના અષાઢ-શ્રાવણના સંયુકત અંકમાં પૃ. ૫૦૧ મે પ્રગટ કર્યું છે. તેમાં અમે બીજો ભાગ પ્રકટ થવાની વહેલી અને પહેલી આશા રાખી હતી, કે જેની અંદર બધા ઐતિહાસિક પ્રમાણો આપવાની લેખકે ઉમેદ બતાવી હતી, પણ તે બહાર ન પડતાં ગુજરાતી પ્રથમ ભાગની હિંદી આવૃત્તિ સં. ૧૯૯૦માં બહાર પડે છે, તે પણ એક રીતે ઠીક છે કે જેથી હિંદી ભાષા જાણતી જનતાને આબૂ તીર્થ સંબંધી જાણવા જેવી બધી બીના પૂરી પડે છે. વળી આ આવૃતિ પ્રકટ કરનાર એ તીર્થનો વહીવટ કરતીજ પેઢી છે એ જાણી અમને ઘણો આનંદ થાય છે. દરેક તીર્થના સંબંધમાં બધી ઐતિહાસિક વિગતો સચિત્ર અને સ પ્રમાણ એક પુસ્તકારે તેના વહીવટ કરનાર બહાર પાડે અને મૂળ પ્રમાણોનાં સાધનો એકત્રિત કરી રાખે તો તીર્થ સંબંધી ઝગડા ઉત્પન્ન થતાં તે શોધવા જવું પડે છે તેમ ન થાય. શેઠ આણંદજી કલ્યાણજી કે જે મોટાં મોટાં તીર્થો તથા બીજાં તીર્થોનો વહીવટ કરે છે તેને આવી અપીલો જાહેર પત્રોદ્વારા ઘણી કરાઇ ગઇ છે પણ તે વ્યર્થજ નીવડી છે. રાણકપુર તીર્થની મરામત તે કરે છે તે લાખો રૂા. ખર્ચે છે ને ખર્ચાવે છે છતાં તેના સંબંધી સંપૂર્ણ અને વિસ્તૃત હકીકત પ્રકટ કરવાનું સૂજતું નથી. પ્રસ્તુત વાત પર આવતાં અમે આબૂના વહીવટદારને ધન્યવાદ આપીએ છીએ અને આબૂ સંબંધી સર્વ હકીકતો હજુ બહાર આવવાની છે તે પણ લેખક મહાશયાદિ પાસે જે એકત્રિત હોય તથા બીજી એકત્રિત કરાય તે સર્વ પ્રકટ કરવામાં તીર્થદ્રવ્યનો સદુપયોગ કરશે.

'બીજું બીજા ભાગમાં વિશેષ ફોટાઓ અપાય તો સારૂં' એમ અમે ગુજરાતી પ્રથમ ભાગની સમાલોચનામાં જણાવ્યું હતું—તે સૂચનાનો અમલ આ હિંદી પ્રથમ ભાગમાંજ ચુમોતેર જેટલાં ચિત્રો આપી કરવામાં આવેલો જોઇ લેખક અને પ્રકાશક બંનેને અભિનંદિએ છીએ. સામાન્ય રીતે આબૂ તીર્થ સંબંધી એક સુંદર માર્ગદર્શક ગ્રંથ—ભોમીઓ (ગાઇડ) આ પુસ્તક પુરો પાડે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. કિંમત વધુ પડતી લાગે છે તો ઓછી કરી જનતાને વધુ લાભ અપાશે એમ ઇચ્છશું.

આ પુસ્તકની એક બીજી વિશિષ્ટતા એ છે કે જૈન સ્થળો ઉપરાંત જૈનેતર જાણવા યોગ્ય સ્થળો સંબંધી પણ હકીકત આપવામાં કસર કરી નથી. એનું અનુકરણ બીજાં તીર્થોના સંબંધી બહાર પડતા ગ્રંથના લેખકો કરે. એમ અમારી ભલામણ છે.

તંત્રી.

---

(અનુસંધાન પૃષ્ઠ ૮૫ થાલુ)

ઘટે. અને જરાએ વસ્તી ન હોય તો નજીકમાં નજીક જે શહેર હોય તેના દેરાસરમાં તેની પ્રતિષ્ઠા કરાવવી વધુ યોગ્ય છે.

નવીન દેરાસર કરાવવા કરતાં જીર્ણોદ્ધાર કરાવવામાં વધારે લાભ અને પુણ્ય છે. જો કે જીર્ણોદ્ધારમાં પણ વિવેક દષ્ટિની જરૂર રહે છેજ અને જે બિસ્માર હાલતમાં હોય તેનું સમારકામ કરાવી અવશેષને વધુ કાયમ દશામાં રાખવા માટે પ્રથમ ખર્ચ કરવો જોઇએ, છતાં નવીન દેરાસર કરવા કરાવવા પ્રત્યે લક્ષ અપાય, અને જૂનાની સાર સંભાળ ન લેવાય એથી એકંદરે સમાજને વિશેષ લાભ નથી.

આ અમારૂં કથન અલિરાજપુરને ખાસ ઉદ્દેશી નથી. તેનું તો ઉદાહરણ આપ્યું છે. બાકી ત્યાં શું સ્થિતિ છે, એની અમને કંઇ ખબર નથી. ત્યાંની સ્થિતિ જાણી જે કરવા યોગ્ય હોય તે કરવું ઘટે.

તંત્રી

# ધાર્મિક કેળવણીની મહત્તા

( જૈન એજ્યુકેશન બોર્ડના તા. ૧૯-૧૧-૩૩ રોજે થયેલ ઈનામી મેળાવડાના પ્રસંગે અપાયેલું વ્યાખ્યાન. )

વ્યાખ્યાતાઃ-**શ્રી મોહનલાલ બી. ઝવેરી** B. A. LL. B. સોલિસીટર.

આજનો આપણો વિષય 'ધાર્મિક કેળવણીની મહત્તા' એ છે. એ વિષયને અંગે ધર્મ એટલે શું ? એ જાણવાની પહેલી આવશ્યકતા રહે છે. ધર્મ જુદે જુદે સ્થળે જુદા જુદા અર્થમાં વપરાય છે. આપણામાં સ્વાભાવિક રીતે ધર્મનો અર્થ પુણ્ય એવો કરવામાં આવે છે. અને પુણ્ય કરનારને ધર્મી અને પાપ કરનાર તે અધર્મી એ અર્થમાં ધર્મી અને અધર્મી શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. ખરી રીતે જોતાં ધર્મનો અર્થ એટલો સંકુચિત નથી અને ખરેખરો અર્થ તો "આત્માનો સ્વભાવ" એ છે. કહ્યું છે કેઃ—'વથ્થુ સહાવો ધમ્મો' અર્થાત્ વસ્તુનો સ્વભાવ એ ધર્મ. વળી ધર્મ શબ્દ સદાચાર, સદનુષ્ઠાન એ અર્થમાં પણ વપરાય છે. એની વ્યાખ્યા "વીતરાગ પ્રણીત વચનાનુસાર મન, વચન કાયાનો શુદ્ધ વ્યાપાર" એમ પણ કરવામાં આવે છે. એજ અર્થ હરિભદ્રસૂરિ કૃત 'ધર્મબિન્દુ'-માં આમ બતાવ્યો છે.

वचनाद्यदनुष्ठानम विरुद्धाद्यथोदितम् ॥
मैत्र्यादि भाव संयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥

તેમણે વળી ધર્મને ત્રણે પુરૂષાર્થનો સાધક જણાવ્યો છે.

"धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्व कामदः ॥
धर्मः एवापवर्गस्य पारम्पर्येण साधकः ॥

ઘણું ખરૂં આપણા શાસ્ત્રોમાં ધર્મ શબ્દનો આવોજ અર્થ કરવામાં આવે છે. એટલે કાર્યાકાર્યના વિધિ નિષેધ-રૂપ ઉપદેશને ધર્મ કહેવામાં આવે છે. તત્વજ્ઞાનના અથવા દ્રવ્યાનુયોગના ગ્રંથોમાં વસ્તુના યથાર્થ સ્વરૂપને ધર્મ કહે છે, અને પ્રમાણદ્વારા તેનો નિર્ણય કરવામાં આવે છે. કાવ્ય કથા સાહિત્ય ગ્રંથો ધર્મ પ્રધાન હોય તો ધર્મ-વૃત્તિને ચૈતન્ય અર્પી આનન્દ અનુભવાવે છે. ધર્મની વ્યુત્પત્તિ આ પ્રમાણે કરવામાં આવે છે,

दुर्गति प्रपतज्जंतु धारणाद्धर्म उच्यते ।
धत्ते चैतान् शुभे स्थाने तस्माद्धर्म इति स्मृतः ॥

અધ્યાત્મ શાસ્ત્રોમાં આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમવું તેને ધર્માચરણ કહે છે. વિભાવ એટલે પૌદ્ગલિક જડ પ્રત્યેની પરિણતિ રોકી આત્માનાં સ્વભાવમાં થતી પરિણતિ એજ ધર્માચરણ છે એમ તે શાસ્ત્રોમાં સિદ્ધ કરવામાં આવેલ છે.

આવી રીતે ધર્મના વિવિધ અર્થો કરવામાં આવ્યા છે. પણ એનો મુખ્ય અર્થ તો 'આત્માનો સ્વભાવ' એજ છે. અત્રે વિચારવાનું ઉપસ્થિત એ થાય છે કે ધર્મનો આમ અર્થ કરવામાં આવે તો શારીરિક તેમજ માનસિક ધર્મોનો શેમાં શમાવેશ થઈ શકશે. પ્રશ્ન વાજબી છે. જો આપણે શરીર અને મનથી તદ્દન પૃથક્ એવા આત્માનોજ વિચાર કરવાનો હોય તો કેવળ આત્મધર્મ પૂરતો ગણાય. પરંતુ એવા આત્માઓ તો સિદ્ધાત્માઓજ હોય છે અને તેઓ સિદ્ધ હોઇ કૃતકૃત્ય હોઇ, મુક્ત હોઈ, તેમને કંઇ કરવાનું રહેતુંજ નથી. તેથી આપણે સામાન્ય સાધક જીવોની દૃષ્ટિએ એ પ્રશ્નને વિચારવાનો છે.

આગળ બતાવ્યું તેમ શ્રીમદ્ હરિભદ્રસૂરિએ ધર્મને ત્રણે પુરૂષાર્થનો સાધક જણાવ્યો છે તેથી સંસારી આત્માની દૃષ્ટિએ વિચારતાં આત્મધર્મ મુખ્ય રાખી શારીરિક તથા માનસિક ધર્મોને ગૌણ કરી પ્રવર્તવું એજ ખરૂં ધર્મસાધન છે. આવાજ આશયથી અન્યત્ર કહેવામાં આવ્યું છે કે **'शरीरमाद्यं खलु धर्म साधनम्'** અર્થાત સ્વસ્થ શરીર અને શુદ્ધ ચિત્તની આત્મ ધર્મ પામવા માટે અત્યંત ઉપયોગિતા છે. આ રીતે **શારીરિક, માનસિક અને આત્મિક શુદ્ધ પ્રવૃત્તિઓ** ધર્મ હોઇ ત્રણેના શાસ્ત્ર જાણ-વાની જરૂર ઉભી થાય છે; જેથી ત્રણેના વ્યાપારની એક બીજા ઉપરની અસરો તથા આઘાત તથા પ્રત્યાઘાતના પ્રકાર સમજી શકાય, અને તેમના પરસ્પરના સંઘર્ષણથી થતી અવનવી પરિસ્થિતિઓ સમજી શકાય. આ સર્વ સારી રીતે સમજે, જાણે એ ખરો ધર્મશાસ્ત્રી. આવો ધર્મ-શાસ્ત્રી અધિકારીને ઓળખી શકે અને તે તે અધિકારીને યોગ્ય ભિન્ન ભિન્ન ઉપદેશપદ્ધતિથી ધર્મજ્ઞાન આપી શકે, તથા વિદ્યાર્થીના હૃદયમાં તેને પરિણમાવી શકે.

ધર્મ સાધનમાં અનુભવજ્ઞાન મુખ્ય હોઇ શરીરધર્મ મનોધર્મ તથા આત્મધર્મને પ્રધાનતા આપવાથી યોગ-માર્ગમાં પણ નીચે પ્રમાણેના પ્રકારો થયા છેઃ—

હઠયોગ-એ શરીર ધર્મ પ્રધાન છે. મંત્રયોગ તથા લયયોગ એ મનોધર્મ પ્રધાન છે. અને રાજયોગ એ આત્મધર્મ પ્રધાન છે. એ પ્રકારોમાં ઊંડા ઉતરવું અત્રે અસ્થાને છે. જિજ્ઞાસુએ એ વિષય શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્ર અને શ્રીમદ્ શુભચંદ્રાચાર્ય કૃત જ્ઞાનાર્ણવ ગ્રંથમાંથી જોઈ લેવા.

આપણા શાસ્ત્રોમાં દર્શાવેલા પાંચ પ્રકારના આચા-રોનો પણ આ ધર્મમાંજ સમાવેશ થાય છે.

હવે અત્રે વિચારીશું કે સદાચાર અથવા ધર્માનુષ્ઠાન સંબંધી જ્ઞાન મેળવવા તથા આચરવાની રૂચિ સાંસારિક તેમજ આધ્યાત્મિક બન્ને પ્રકારના અભિલાષોથી થાય તો ખરેખરૂં ધર્માચરણ કોને કહી શકાય. ધન, પ્રતિષ્ઠા કે સાંસારિક વાસના માટે થતાં અનુષ્ઠાનો ખરી રીતે ધાર્મિક નથી કારણ કે તે ધ્યેયની પ્રાપ્તિ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ માટે સાધનભૂત થતાં નથી, પરંતુ સંસાર વૃદ્ધિમાંજ કારણભૂત થાય છે. મોક્ષ પ્રાપ્તિના ઉદ્દેશથી થતાં ધર્માચરણોજ ખરી રીતે ધર્માનુષ્ઠાન છે. અત્રે એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે આધ્યાત્મિક અનુષ્ઠાન માટે પણ શારિરીક તથા માનસિક સ્વાસ્થ્યના પરિપાલન માટેના નિયમો સહાયરૂપ હોવાથી તે પણ ધર્માચરણજ છે.

આ રીતે આપ સર્વે ધર્મ અથવા ધર્માચરણ કેટલા ઉપયોગી છે એ સમજી શક્યા હશો, તેથીજ તેનું શિક્ષણ યોગ્ય શિક્ષકો દ્વારા અપાય એ ઇષ્ટ છે. એ શિક્ષકોમાં

(અનુસંધાન પૃષ્ઠ ૮૮)

# શ્રીમાન્ ગુલાબચંદજી ઢઢાનું મનનીય વ્યાખ્યાન.

[અહમદનગરની મહારાષ્ટ્ર જૈન કૉન્ફરન્સની પાંચમી બેઠકમાં પ્રમુખપદે ઢઢા સાહેબે જે હિંદીમાં વ્યાખ્યાન પ્રારંભમાં આપ્યું હતું તે છપાઇ બહાર પડ્યું નથી તેથી જનતા તેનો લાભ વ્યાપકપણે લઇ શકે તેમ નથી. અમો તેના સાર ભાગને અત્ર થોડી નોંધ સહિત આપશું.]

મહારાષ્ટ્રમાં જઈ વસેલા જૈન ભાઇઓને 'છોટી મારવાડ' કહી સર્વેને મૂળ મારવાડી જણાવી તે પ્રાંતમાં તેઓ આગળ વધ્યા છે તે માટે ધન્યવાદ આપી પોતાને પ્રમુખ નીમવાને બદલે સ્થાનીય યોગ્ય નેતા પર પસંદગી પડી હત તો વધારે લાભકારી છે, કારણ કે દૂર રહેનાર પ્રમુખ બીજા અધિવેશન સુધી કામ કરવામાં મદદ આપી શકે નહિ ને તેથી ધાર્યું કામ સફળ ન થાય. આપણી કૉન્ફરન્સ મહાદેવીના કાર્યમાં જો કંઇ કમી રહી છે તો તેનું કારણ એક આ પણ છે કે પ્રમુખ અને વ્યવસ્થાપક સમિતિનો સહયોગ મળી શક્યો નહિ.

**પ્રભાવકો**—દરેક ધર્મ તથા કોમ કે સમાજનો ટકાવ તેના નેતા પર છે, એમ કહી જૈન ધર્મના પૂર્વના પ્રભાવક પુરૂષો અને સ્ત્રીઓ વગેરેની નામાવલિ આપી છેવટે વિદ્યમાનમાં 'હાલમાં શાંત મૂર્તિ શ્રીશાંતિવિજયજી કે જેમણે લાખો મનુષ્યને માંસ મદિરાનો ત્યાગ કરાવ્યો છે, જે યોગમાં પ્રવીણ છે અને જેનો પ્રભાવ મોટા મોટા રાજા મહારાજા શેઠ શાહુકાર, હિંદુ, મુસલમાન, ઇસાઇ, પારસી અને મોટા મોટા પદ ધરાવનાર મંત્રીઓ આદિ પર પર પડેલો છે, એમ મુનિશ્રી શાંતિવિજયજીને વર્ણવેલ છે. [જૈન જ્યોતિવાલાએ આ મુનિ માટે જે વિરોધી વક્તવ્ય એક અંકમાં કર્યું છે તે શા હેતુથી યા કઇ વિશ્વનીય બાતમી પરથી કર્યું હશે તે તે જાણે પણ ઢઢા સાહેબે તો પોતાના ગાઢ અને સાક્ષાત્ પરિચયને પરિણામે લખ્યું છે એની અમને ખાત્રી છે) એ ઉપરાંત પૂજ્યશ્રી આત્મારામજીના ઉપકાર સંભારી હાલના વિજયવલ્લભસૂરિ ને તેના શિષ્યે કેળવણી માટે મુંબઇ, ગુજરાનવાલા, વરકાણા, ઉમેદપુરનાં વિદ્યાલયોની સ્થાપનામાં અગ્રભાગ લીધો છે તે કથેલ છે. બચપણથી સારૂં શિક્ષણ અપાય તો પરિણામ ઘણું સારૂં આવે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૮૭ થી ચાલુ)

આગળ કહ્યું તેમ ધર્મશાસ્ત્રોનાં જ્ઞાન ઉપરાંત માનસશાસ્ત્ર તેમજ સ્વાસ્થ્ય શાસ્ત્રના જ્ઞાનની પણ અપેક્ષા રહે છે તોજ ધાર્મિક શિક્ષણ સફળતા સાથે આપી શકાય. પ્રિ૦ ધ્રુવ કહે છે કે "ધર્મના ઉપદેષ્ટા પુરૂષો તો સાદું જીવન ગાળતા અને પ્રતિ દિને પોતાનો ધાર્મિક અનુભવ વધારે ઉચ્ચ ગંભીર અને વિશાળ કરતા જતા એવા પરોપકારી વિદ્વાન સજ્જનો જોઇએ."

આ રીતે ધાર્મિક શિક્ષણ સર્વ શિક્ષણના પ્રાણભૂત છે. કારણ કે તે પરંપરાએ અંતિમ પુરૂષાર્થને પ્રાપ્ત કરાવે છે.

(અપૂર્ણ)

પછી હાલના **સમાજ કલહ** સંબંધી જણાવે છે કે 'આ વખત આપણી સમાજમાં જે કલેશ ફેલાયો છે તે પર નજર નાંખતાં અમને ઘણો ભારે ખેદ ઉત્પન્ન થાય છે. ભગવાન મહાવીરનું શાસન પહેલાં તો શ્વેતાંબર દિગંબર બે ફિરકા થવાથી કમજોર થયું પૂજા વગેરેના રીવાજમાં મતભેદ હોવાથી તીર્થ-સ્થાનો પર કલેશ પેદા થઈ આપસમાં ઝગડા પેદા થયા—એક બીજાના મુકાબલામાં કોર્ટોમાં જઇ લાખો બલ્કે કરોડોનું પાણી કર્યું અને અંતે બંનેને પસ્તાવું પડે છે. પૂરી જીત કોઇની નથી થતી અને કદિ જીતે તોયે તે કેના મુકાબલામાં? આ જ બલ, પરાક્રમ, શક્તિ તથા દ્રવ્ય જો જૈન ધર્મની ઉન્નતિમાં બંને સામેલ થઇ લગાવે તો સહુની આત્માને અપૂર્વ શાંતિ પ્રાપ્ત થાય. આ જ બલ બંને મળી જો આપણા વિરોધીઓનો મુકાબલો કરવામાં વપરાય તો તેમની આત્મા સુધારતાં કેટલું પુણ્ય બંધાય. જ્યાં સુધી બને ત્યાં સુધી એક બીજા સાથે પ્રીતિ વધે, એક બીજાને દેખી આંખ ઠંડી થાય એવા રસ્તા શોધીને આપસમાં છુટા થયેલા ભાઈ ફરી એક થઇ જાય એવી તદબીરો વિચારવી જોઇએ. હું આગળ આ પર વિસ્તારથી કહીશ. શ્વે૦ દિ૦ ના ઝગડાની સાથે સાથ શ્વે૦ સંપ્રદાય પર નજર નાંખતાં અમારા પગમાંજ આગ લાગી છે એમ જણાય છે. પહેલાં તો ચોરાશી ગચ્છોમાં થોડા ગચ્છ રહી ગયા છે, તેમાં મતભેદ, વળી મંદિરમાર્ગી સંવેગી તથા સફેદપોષ યતિવર્ગ અને ઢુંઢીઆ, બાવીસ ટોલા યા સ્થાનકવાસી યા સાધુમાર્ગી અને તેરાપંથીના પોતપોતાની માન્યતાના ઝગડા, કે જેના કારણે શહેરે શહેર ગામેગામ તડા, વિભાગ, ફિરકાબંદી વગેરે દેખાય છે—આ પ્રકારે શ્વે૦ સંપ્રદાયની તાકાત એક મોટી નદીના પાણીનું જોર નાની નાની નહેરોમાં વહેંચાઈ જતાં બિલકુલ કમ થઈ જાય છે તેમ ઘણી કમજોર થઈ છે. આનો ઈલાજ જલદી જલદી લેવાની જરૂર છે.

મશહૂર કહેવત છે કે 'જૈસા ખાવે અન્ન, વૈસા હોવે મન્ન'—આ સંબંધી ફકરો ગત અંકના મુખપૃષ્ઠે મૂક્યો છે એટલે પુનઃ ઉલ્લેખતા નથી.

**સંગઠનમાં ત્રુટીઓ**—બીજી બાજુ આજકાલ ઓસવાલ પોરવાડ આદિના જાતિ સંમેલનો થવાથી કૉન્ફરન્સ મહાદેવીનું સંગઠન તૂટતું જાય છે અને પરિણામ એ આવે છે કે વરસાદમાં જેમ નકામી લીલોતરી થાય છે તેમ આ સંમેલન છત્રધારી બની જલદી વિલાયમાન થઈ જાય છે અને તેથી સમાજને પૂરો ધક્કો પહોંચે છે.

આનો માર્ગ એમ લાગે છે કે એક બાજુ શ્વે૦ મૂ૦ કૉન્ફરન્સ અને સ્થા૦ કૉન્ફરન્સ છે, બીજી બાજુ મારવાડમાં સંવેગી ઢુંઢીઆ અને તેરા પંથીની પંચાયત એકજ છે. તો જે કામ પંચાયતી હોય તે ત્રણે ફીરકાવાળાએ સામેલ રહી કરવું અને તેમાં ઓસવાલ, પોરવાડ શ્રીમાલ સર્વ આવી જાય કારણ કે બધાના રીતિરીવાજ એક જેવા છે. ઓસવાલો કે પોરવાલોના સંમેલનો અલાયદા અલાયદા હોવાથી એક કામ માટે ખર્ચ અને મહેનતનો બોજો સમાજપર બમણો પડી જાય છે. વળી શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ તથા સ્થા૦ કૉન્ફરન્સમાં વ્યવહારિક ઠરાવો તો એક સરખા હોય છે, જ્યારે ભિન્નતા માત્ર ધાર્મિક ઠરાવોમાં હોઈ શકે છે તો ભિન્ન ભિન્ન બંને કૉન્ફરન્સની હયાતી રાખીને તે બંનેની બેઠક એકજ જગ્યાએ એકજ વખતે સામેલગીરીમાં એ રીતે થઇ શકે છે કે જે

સ્થાનથી કૉન્ફરન્સના અધિવેશનનું આમંત્રણ આવે ત્યાંની કુલ પંચાયત કે જેમાં ઓસવાલાદિ તેમજ સંવેગી આદિ પણ સામેલ છે તેના તરફથી પણ નિમંત્રણ આપવામાં આવે અને બંને કૉન્ફરન્સ પહેલાં પ્રથમના બે દિવસ સાથે બેસી પોતાની સામાજિક વ્યવસ્થામાં જે સુધારા વધારા કરવા હોય તે પર વિચાર કરે; ને તે પછી તેજ જગ્યાએ બંને કૉન્ફરન્સની એકેક ધર્મકાર્યના વિચાર માટે જુદી જુદી એક કે બે દિવસ માટે ભરે આમ કરવાથી કુલ શ્વે૦ સમાજનું સંગઠન ઠીક રીતે થઈ એક પ્લેટ ફોર્મપર બધાનું મળવું થવાથી વૈરી ભાવ તથા સમાજનું બળ અને પરાક્રમ કંઈ ગણું વધુ થઇને ઓછા ખરચે અને ઓછી મહેનતે આ બેઠકો આનંદપૂર્વક ભરી શકાશે અને જ્યારે પોતાનું સંગઠન ઠીક થઈ જાય, પછી દિગંબર સમાજ સાથે સંગઠન કરવાનો વિચાર કરવામાં આવે કે જેથી કુલ જૈન સમાજમાં એકત્ર બલ થતાં ક્ષેત્ર વિશાલ થાય.

(આ સૂચના ઘણી સુંદર છે અને જો તે કાર્યમાં ઉતારવામાં આવે તો સમસ્ત સમાજનું સંગઠન ઉત્તમ થઇ શકે અને ધાર્યા સુધારા કરી અન્ય જાતિ કરતાં પણ વધુ પ્રગતિ હાંસલ થઈ શકે).

**કૉન્ફરન્સના લાભ**—પછી ફલોધીથી સ્થાપના થઈ જૈન શ્વે૦ કૉન્ફરન્સ કેમ આગળ વધી તે બતાવી તેની મહત્તા જણાવી છે કે જે સમયથી તે કાયમ થઇ ત્યારથી સમાજમાં અનેકાનેક વિચારપરિવર્તન, આંદોલન અને વિચારક્રાંતિ થઈ રહેલ છે. સૌથી મોટો લાભ ભારતમાં જુદા જુદા પ્રાંતોના સ્વધર્મીઓનું સંગઠન, અને પ્રેમભાવની વૃધ્ધિ થઈ, ને સાથે સાથે કેળવણી, તીર્થરક્ષા; ધાર્મિક ખાતાઓની હિસાબ તપાસણી, અનેક કુરીતિઓમાં સુધારો વગેરેનાં જગ્યાએ જગ્યાએ આંદોલન થતાં રહ્યાં કે જેથી કેટલાયે સુધારા સમાજમાં થઈ ચુકયા છે અને થતાં જાય છે.

**દીક્ષા પ્રકરણ**—થી સમાજમાં ઘણો વિકલ્પ પેદા થતો રહ્યો છે. દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવની મરજાદા એવી બાંધવામાં આવી છે કે જો તે પર નજર રાખી શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવામાં આવે તો કોઇ વિકલ્પ પેદા થઇ શકતો નથી, હોળીના દિનોમાં તે સમયના પ્રભાવે આપસમાં કીચડ. ધૂળ, રાખથી ખેલો ખેલાય છે, કાજળને તેલમાં મેળવી આપસમાં એક બીજાનાં મોં સારી રીતે કાળા રંગવામાં પોતાની ચતુરાઇનો નમૂનો બતાવાય છે, પણ જ્યારે તે સમયનો અંત આવે છે ત્યારે તેખેલાડી ન્હાઇ ધોઇ ઉજ્વલ વસ્ત્ર ધારણ કરી એક બીજાને પ્રેમ ભાવે મળે છે આ દીક્ષા પ્રકરણની અવધિ પણ સમાપ્ત થઇ જાય તો એ ખેલના ખેલાડી આપસમાં મળી ઘણી વાતોના નિર્ણય પ્રેમપૂર્વક કરી શકે છે, આમાં કોઇના હઠ કદાગ્રહ કાર્ય સિદ્ધિ કરી શકે નહિ આપણા મુનિરાજોની કુલ સંખ્યા મોટે ભાગે ગુજરાત કાઠિયાવાડમાં છે અને અમદાવાદ તેની રાજધાની છે તથા શ્રીઆણંદજી કલ્યાણજીના વહીવટ કર્તા પ્રતિનિધિઓનું પણ સ્થાન તે છે. મારા ખ્યાલમાં આ સહુ અતિથિ મહાત્માઓને અમદાવાદમાં પધારવાની વિનંતી કરીને તેમનું સંમેલન કરવામાં આવે અને તે દ્વારા આ પ્રકરણનું સમાધાન થઇ શકે તો સારૂં છે.

કૉન્ફરન્સના પ્રભાવથી જનતામાં જાગૃતિ થઇ છે. ૩૦ વર્ષમાં કેટલીયે પાઠશાળાઓ, વિદ્યાલય, લાયબ્રેરી, બોર્ડીંગ, ગુરૂકુળ બાલાશ્રમ, અનાથાલય, કન્યાશાલા, શ્રાવિકાશ્રમ સ્થપાયેલ છે. ધાર્મિક પરીક્ષા, સ્કોલરશિપ, ઇનામ વગેરે જારી થયેલ છે. આ પરથી જણાશે કે સમાજ નીંદમાં પડી નથી પણ જાગૃત થઇ છે.

કેટલાયે વિઘ્નસંતોષી પોતાનું નુકશાન કરી બીજાને અપશુકન કરે છે. કૉન્ફરન્સની જાહોજલાલીની ઇર્ષા ઉત્પન્ન થતાં કામમાં વિઘ્ન નાંખવામાં આવ્યાં. દીક્ષા પ્રકરણનો વિદ્રોહ સમાજમાં ચલાવ્યો તે વખતે કૉન્ફરન્સ કોઇ પણ સ્થળે ભરવાનું સંભવિત થતું નહિ. તે વખતે મહારાષ્ટ્રે જુન્નેરમાં બોલાવી પ્રેમ પ્રકટ કરી સંગઠન શકિતનો પરિચય આપ્યો તે મહારાષ્ટ્ર અને કૉન્ફરન્સના ઇતિહાસમાં અમર સ્થાન ભોગવશે. મહારાષ્ટ્રે સમાજમાં જે નવજીવન રેડયું છે તે વાત કદી ભૂલાશે નહિ. એ ઉપરાંત પ્રાંતિક કૉન્ફરન્સ ભરે છે એ માટે મહારાષ્ટ્રને ધન્યવાદ છે.

પ્રાય: કૉન્ફરન્સે નીચેના વિષયો પર વિચાર કર્યો છે વિદ્યા પ્રચાર, પુસ્તકોદ્ધાર, નિરાશ્રિતાશ્રય, જીવદયા, વસ્તીપત્રક, હાનિકારક રિવાજ, જીર્ણ મંદિરોધ્ધાર, ધાર્મિક તથા શુભ ખાતાઓનો હિસાબ, જૈન તહેવાર, જૈન કૉલેજ, જૈન બેંક, સુકૃતભંડાર ફંડ વગેરે કે જે તેના રીપોર્ટો પરથી જણાશે.

**વિદ્યા પ્રચાર**—આપણી સમાજમાં સંખ્યાના પ્રમાણમાં ઉંચી કેળવણી કમ છે, એટલુંજ નહિ પણ ઘણા એવા છે કે શુદ્ધ માતૃભાષામાં લખી કે બોલી શકે તેમ નથી. પહેલાં એવો ખ્યાલ હતો કે વહી ખાતું લખતાં આવડે, સરવાળાના હિસાબ આવડે. તાર વાંચી લેતાં આવડે, એટલે બધી વિદ્યા આવડી. આવા વિચારથી સમાજ કે ધર્મનું કલ્યાણ ન થાય. હવે તો દરેક પ્રકારની કેળવણી, દરેક તરેહના હુન્નર ઉદ્યોગ જ્યાં સુધી આપણી સમાજ હાંસલ નહિ કરે ત્યાં સુધી ઉચ્ચા શ્રેણીપર પહોંચવાની અધિકારી બની નહિ શકે. પેટ સૌ પ્રાણી ભરે છે મનુષ્ય દેહનો સાર છે કે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત કરવાભાગ્યશાલી થાય. આજકાલ ધર્મની રુચી નવશિક્ષીતોમાં ઓછી જોવામાં આવે છે તેનું કારણ એ છે કે બચપણથીજ ધર્મ–શિક્ષણનો અભાવ હોય છે અને જે પ્રકારે ધર્મતત્ત્વને સમજવા માગે છે તે પ્રકારે સામગ્રી તેમને મળતી નથી. વિદ્યાપ્રચાર પ્રત્યે પૂરતું ધ્યાન દેવાની જરૂર છે.

**પુસ્તકોધ્ધાર**—પુસ્તકોને ભંડારોમાં કીડા ખાતા હોય છે તેમનો-પુસ્તક ભંડારનો ઉદ્ધાર કરવો ઘટે આ પછી નિરાશ્રિતોને આશ્રય આપવા પર, જીવદયા આદિપર થોડું ઘણું કહી જણાવ્યું છે. **જીર્ણોદ્ધાર** સંબંધી કહેતાં જણાવ્યું છે કે કયાંક કયાંક એવું જોવામાં આવે છે કે મંદિરના પૈસા ભભકામાં લગાવવામાં આવે છે અને કયાંક કયાં મંદિર ખંડેર થઇ જાય છે છતાં તેનો સાધારણ ઉધ્ધાર થતો નથી એ આશ્ચર્યની વાત છે. તહેવારના સંબંધમાં ત્રણે સંપ્રદાયોને શ્રી મહાવીર જન્મ દિવસ સંમત છે તે દિવસને જાહેર તહેવાર કરવા માટે ખાસ પ્રયત્ન થવા જોઇએ.

**શુધ્ધિ સંગઠન**—જૈન ધર્મ તો વિશ્વ ધર્મ છે. તેને માનનારા પાળનારા જૈન સમાજના સર્વે હકોના હકદાર કેમ ન ગણવામાં આવે? અને તેની સાથે સામાજિક તથા ધાર્મિક સર્વ વ્યવહાર પ્રચલિત કેમ ન કરવામાં આવે? એ પર ધ્યાન આપી કોઇ રસ્તો આ સમાજની વૃદ્ધિનો કાઢવો ઘટે છે.

**રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર**—આપણી સમાજમાં જેના આચાર વિચાર અને ધર્મ સમાન છે ત્યાં બેટીવ્યવહાર બંધ થવાથી સમાજને હાનિ પહોંચે છે અને એવા અયોગ્ય જાતિ અભિમાનથી સંઘટન અટકી પડે છે. ઘોળ અને તડોનો હવે સમય નથી. અગર આપ નહિ ચેતો તો જમાનો પોતાનું કામ કરી લેશે તેમાં આપણી મહત્તા શું રહેશે?

**સ્વદેશી ચીજો**—કપડાં અને દરેક વસ્તુ વાપરવી એ દરેકનો ધર્મ છે. અહિંસા ધર્મ માનનાર જૈનો તો જે ચીજોમાં હિંસા થાય તેનો ત્યાગ કરે. તેમજ પોતાની માતૃભૂમિમાં પૈસો રાખવાનો ધર્મ સમજે.

**તીર્થોના ઝગડામાં**- હાલ કેશરીઆજી તીર્થની સ્થિતિ વિચારવા જેવી છે. બીજા તીર્થોમાં જે ઝગડા ચાલે છે તે તો આપણા આપસી ઝગડા હતા જેમાં બંને પક્ષો જૈન ધર્મના મોટા ફિરકા હતા અને જેમણે આપસની લડાઇમાં જૈન સમાજના લાખો રૂપીઆ બરબાદ કરી નાખ્યાં. હજુ પણ અગર આપસમાં સમજૂતી થઇ જાય તો આપણી જાતને ભાગ્યશાળી માનીશું. પાલીતાણામાં શ્રી સિદ્ધાચલજીનો ઝગડો ત્યાંના રાજા સાથે હતા કે જેનું સમાધાન તો થયું પરંતુ હમણાં એવી અફવા છે અને તે સાચી છે કે આટલી મોટી રકમ દર સાલ જૈન સમાજ તરફથી રાજાને દેવી એ ભારી પડી ગયું છે. આ ઉપરાંત બીજા કેટલાક નાના નાના મામલામાં આપસમાં અંતર જોવામાં આવે છે. કેશરીઆજીના મામલામાં શાંતિપૂર્વક ફેંસલો લેવાની જરૂર છે. નાથદ્વારાનું પ્રકરણ તો મારા ખ્યાલથી આપણા પ્રકરણથી વધારે ખતરનાક અને નાજુક હતું પરંતુ વૈષ્ણવ આગેવાન નેતાઓએ સમજદારીથી કામ લીધું તો તેનો નિકાલ ઘણો જલદી થઇ ગયો; એજ રીતે આપણી સમાજના આગેવાન નેતાઓની ફરજ છે કે આ કટોકટીના સમયમાં કાનોપર હાથ લગાડી ચુપ બેસી રહેવાનું નથી અને વ્યકિતગત હુમલા કરવાની કોઇને તક દેવાની નથી. એ માટે સ્પેશ્યલ સેશન ભરી વિચાર પૂર્વક રસ્તો કાઢવાની જરૂર છે,

આટલી સૂચના કરીને મહાન્ સંસ્થા કોન્ફરન્સનું અધિવેશન બોલાવવાની જરૂર છે. સાદાઇ પર કમર બાંધી કામ લેવાથી કોઇ પ્રકારની બાધા આવવાની નથી દર વર્ષ અધિવેશન હોવાથી લોકોમાં જાગ્રતિ આવે છે-સુધારા પ્રત્યે, શિક્ષા પ્રત્યે એમ દરેક પ્રકારની ઉન્નતિ કરવાથી લોકોનો પ્રેમ વધે છે. દરેક પ્રકારની તરક્કી થાય છે.

ઠરાવોને કાગજ પર રાખીને વિખરાવાનો સમય નથી. દરેક વર્ષ કુલ વિષયો ન લેતાં અગર એક એક વિષય પર પણ આપ દઢ રહી તેનો અમલ કુલ સમુદાયમાં કરશો તો કંઇ કામ કરી બતાવસો એમ એક એક કામને દર સાલ કરતા રહીએ તો એક જુગમાં એટલે બાર વર્ષમાં તો આપણી સમાજ કાયા પલટ કરશે. ૐ શાંન્તિ: શાંન્તિ: શાંન્તિ: (૭-૧૧-૩૩ અહમદનગર.)

(અનુસંધાન પૃષ્ઠ ૮૪ થી ચાલુ)

આ ઇનામો માટે સ્થાયી ફંડ જેવી યોજના થાય એ વધુ ઇષ્ટ છે. પાઠશાળાઓને મદદ તથા વિદ્યાર્થીઓને સ્કોલરશિપો ફંડના અભાવે આપવામાં મુશ્કેલી નડે છે. પાઠ્ય પુસ્તકો છપાવવા દાનવીર શ્રીમંતોનું ધ્યાન ખેંચી આ બોર્ડના કાર્ય માટે સહાય આપવા અપીલ કરી હતી. બાદ શ્રી મોહનલાલ બી ઝવેરીએ "ધાર્મિક કેળવણીની મહત્તા" એ વિષય પર ભાષણ કર્યું હતું (જે અન્યત્ર છપાયેલ છે).

શ્રી મોહનલાલ દ. દેસાઇએ જણાવ્યું કે બોર્ડ જે કાર્યો કરે છે તે દરેક રીતે ઉત્તેજનને પાત્ર છે. ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાનના પ્રચાર માટે સારા ફંડની આવશ્યકતા રહે છે. બોર્ડની આર્થિક સ્થિતિ નબળી છે. માત્ર રૂા. ૪૦૦૦, ૪૫૦૦ કે જે રકમ આજીવન સભ્યોનાં લવાજમ જેટલીજ છે તેનાં વ્યાજથી આ સંસ્થા સારી રીતે નજ નભાવી શકાય એ દેખીતું છે. આપણી સંસ્થાઓના મોટા ભાગનું ભંડોળ ટુંકું હોય છે—આ સ્થિતિ કયાં સુધી સંસ્થાઓને ટકાવી શકશે? દાનવીર શ્રીમંતોએ આ તરફ લક્ષ આપવાની જરૂર છે. સમાજમાં જે કલહ છે તેમાં સમ્યક શિક્ષણનો અભાવ એ કારણ છે. તે કલહ દૂર કરવા શિક્ષણનો પ્રચાર એ એક રામબાણ ઇલાજ છે.

ત્યારપછી પંડિત દરબારી લાલજી આદિએ પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં. બાદ પ્રમુશ્રીએ પાસ થએલ વિદ્યાર્થી ભાઈ-બ્હેનોને ઇનામો તથા પ્રમાણપત્રો આપ્યાં હતાં.

પ્રમુખશ્રી અમૃતલાલ કાલીદાસે બોર્ડની સ્થિતિ તરફ જૈન સમાજનું લક્ષ ખેંચ્યું હતું અને તે સુધારવા દરેક જૈને મદદ કરવા જણાવ્યું હતું. આ માટે દર વર્ષે ૨૫ રૂા. માત્ર બે વર્ષ સુધી આપનારા બસો ભાઇઓ સુખેથી મેળવી શકાય તો મંત્રીઓએ એવી યોજના તૈયાર કરવા સૂચવ્યું હતું, અને તે માટે પોતાથી બનતી મદદ કરવા ખાત્રી આપી હતી. બાદ તેઓએ સમાજમાં વ્યાપી રહેલ કુસંપને દૂર કરવા કેળવણી પ્રચારની આવશ્યકતા જણાવી હતી. માહ-ફાગણ માસમાં મુનિ સંમેલન ભરાવાનું છે અને તે સમાજમાંનો કલેશ દુર કરવાનો મહા પ્રયાસ છે એમ કહેવામાં આવે છે. આપણે ત્યાં સુધી થોભી જઇશું અને ઇચ્છીશું કે ધારેલી મુરાદ પાર પડે. જો કે ચિન્હ એવા લાગે છે કે હૃદય પલટો અને શાંતિની તમન્ના સર્વત્ર વ્યાપ્ત થઇ હોય એવું લાગતું નથી છતાં આપણું વર્તન એવું જારી રાખવું જોઇએ કે કોઇ રીતે અશાંતિમાં રંચમાત્ર પણ આપણો હિસ્સો હોય નહિ.

બાદ પ્રમુખશ્રીનો આભાર માનતાં શ્રીમોતીચંદ ગિ૦ કાપડીઆએ જણાવ્યું હતું કે ઓલ ઈંડીઆ કોંગ્રેસ કમિટી મેળવાતી નથી એનું કારણ મને એમ લાગે છે કે મેળવવાથી તે હાંસીનું પાત્ર ન બને એની કાળજી છે. મુનિ સંમેલન ભરાઇ અસરકારક કામ કરી આખા જૈન સમાજમાં સુલેહ ફેલાવશે તો તે સાર્થક થશે, પછી સભા વિસર્જન થઇ હતી.

—[illegible]

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.